આચાર્યશ્રી કે.સી. મહેતા
શતાબ્દીપર્વ
૧૯૨૩-૨૦૨૩



# કેમે ના લોપાય સ્મરણથી..

આચાર્ય કુંજવિહારી મહેતાની ઓફિસમાં એક તદ્દન ચિથરેહાલ વૃદ્ધ આવીને બેઠો છે. એની જુવાન એવી પત્ની એને પજવે છે, ઘરમાંથી કાઢી મુકવાની ધમકી આપે છે, ખાવાનું આપતી નથી વગેરે. પણ તેમાં એમટીબી કોલેજનો પ્રિન્સિપાલ શું કરે? પ્રિન્સિપાલ તો કઈ ન કરે; ન કરી શકે. આ કઈ કોલેજનો પ્રશ્ન નથી પણ વ્યક્તિ કુંજવિહારી ઘણું કરી શકે એણે ઘણું આ ડોસા માટે, એની પત્ની માટે કર્યું છે. ડોસો એક જમાનામાં કોલેજમાં દાણા ચણા વેચતો હતો. તેની પત્નીને આ ભલા સાહેબે નોકરી અપાવી, ડોસાને ઘરનું ઘર મેળવી આપવામાં મદદ કરી. હવે પેલી બાઈ જો એને પજવે છે તો 'શાએબ' એને બોલાવશે, સમજાવશે, એમની લાક્ષણિક કરડાકીથી ડારશે, ધમકાવશે અને બધું તોફાન શાંત થઈ જશે એવી પ્રતીતિ સાથે પેલો ડોસો બહાર જાય છે.

કુંજવિહારી મહેતા હજી તો પ્રાતઃ કર્મથી માંડ પરવાર્યા છે. મુલાકાતીઓ કિસમકિસમની રાવ ફરિયાદો, ભલામણ ચિટ્ઠીઓ, વિનંતીઓ વગેરે લઈને આવવા શરૂ થઈ ગયા છે. એટલામાં કોલેજમાંથી બે પટાવાળાભાઈઓ બેબાકળા આવીને કહે છે. ‘‘સાહેબ દોલતનું હોસ્પિટલમાં અવસાન થયું છે અને બિલ ન ભરી શકવાને કારણે હોસ્પિટલવાળા શબ સોંપવાની ના પાડે છે. શું કરીએ? બીજા હજાર કામ પડતાં મૂકીને કુંજવિહારી મહેતા આ માનવતાના કામમાં લાગી પડે છે. ટેલિફોનથી જે કઈ કરવાનું છે તે કરીને પછી મૃત પટાવાળાના કુટુંબીઓને હિંમત અને આશ્વાસન આપવા એ તરત પોહચેં છે હોસ્પિટલ. સાયકલ પર સવાર થઈને એ દોડતા પહોંચે હોસ્પિટલ - પટાવાળાના સ્વજન બનીને.

સોસાયટીના ડ્રાયવર વાસુદેવની પત્નીનું એકાએક અવસાન થાય છે. કોલેજની ઓફિસમાં કોઈક ખબર લઈને આવે છે. એટલે ઉપડે છે મિશન હોસ્પિટલમાં. ત્યાં એમના માટે મૂંઝવણ ભરેલું દ્રશ્ય સર્જાય છે. વાસુદેવ, એના પુત્રો, પુત્રીઓ - બધાં વ્યાકુળ થઈને જાણે આશ્રય શોધતાં હોય તેમ એમને વળગી પડે છે. ડોક્ટરો, નર્સો, દર્દીઓ બધાં પટાવાળાઓને આટલો સ્નેહ કરનાર ને એમનો સ્નેહ પામનાર આ વિરલ 'સાહેબ' ને જોઈ જ રહે છે.

કટોકટી દરમ્યાન પ્રાધ્યાપક અરવિંદ જોશીની કોઈ અકળ કારણોસર ધરપકડ થઈ. કુંજવિહારી મહેતાની રાજકીય લાગવગ નહિવત, પણ એ તો મંડી પડ્યા. બીજાઓ જેમની વગ હતી તે પણ મંડી પડ્યા. પંદર દિવસ પુરા થાય તે પહેલા એમની મુક્તિનો હુકમ છૂટે નહિ તો મામલો ગૂંચવાય. હુકમ છૂટ્યો. કલેકટર ઓફિસમાં ફોનથી ખબર આવ્યા, ત્યાંથી કોલેજમાં મહેતા સાહેબને ખબર મળ્યા. એપ્રિલ-મે ની ધોમધખતી બપોરે પેલી જૂની હર્ક્યુલસ સાયકલ પર સવાર થઈ એમટીબી કોલેજનો પ્રિન્સિપાલ છેક રાંદેર રોડ પર આવેલા પ્રા. અરવિંદભાઈના ઘરે મોઢામોઢ સમાચાર આપવા જાય છે. આટલા બધા પટાવાળાઓમાંથી કોઈ મારફત ચિટ્ઠી મોકલી શક્યા હોત. ટેલિફોન કરી શક્યા હોત. પણ પ્રિન્સ્પિાલને એક લાલચ છે. પોતાના સહકાર્યકરના કુટુંબીઓને જાતે સમાચાર આપીને એમના હર્ષપ્રફુલ્લિત ચહેરા જોવાની, એમના હર્ષમાં ભાગીદાર થવાની.

## આચાર્યશ્રી કે. સી. મહેતા શતાબ્દીપર્વ સમિતિ

- **અધ્યક્ષ :** ડૉ. બી. એ. પરીખ
- **મંત્રીઓ :** નરેશ કાપડિયા - આસિમ બક્ષી
- **સંયોજકો :**
- **કાર્યક્રમ સમિતિઃ** કપિલદેવ શુક્લ
- **નાણાં સમિતિ :** રાજન ભટ્ટ
- **સભ્યો :**

(૧) શ્રી રાજેશ દેસાઈ : અધ્યક્ષ, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી
(૨) શ્રી ભરત શાહ : ઉપાધ્યક્ષ, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી
(૩) શ્રી આશિષ વકીલ : ઉપાધ્યક્ષ, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી
(૪) શ્રી બી. કે. ભટ્ટ
(૫) ડૉ. મુકેશ પટેલ
(૬) ડૉ. ભાવનાબહેન ચાંપાનેરી
(૭) ડૉ. પૃથુલ દેસાઈ
(૮) ડૉ. પારૂલ શુક્લ
(૯) શ્રી બકુલેશ દેસાઈ
(૧૦) શ્રી કદીર પીરઝાદા
(૧૧) ડૉ. વિજય શાસ્ત્રી
(૧૨) ડૉ. કેતન શેલત
(૧૩) શ્રી એસ. એ. રાવલ
(૧૪) શ્રી સુનીલ ભૂખણવાલા
(૧૫) શ્રી નૈષધ દેસાઈ
(૧૬ શ્રી રવીન્દ્ર પારેખ
(૧૭) શ્રી બકુલ ટેલર
(૧૮) હર્ષ મહેતા
(૧૯) ડૉ. સ્વાતિ મહેતા
(૨૦) કશ્યપ મહેતા
(૨૧) શરદ દેસાઈ

આચાર્યશ્રી કે.સી. મહેતા શતાબ્દીપર્વ ૧૯૨૩-૨૦૨૩

# કેમે ના લોપાય સ્મરણથી...

કુંજવિહારી મહેતા


- **પહેલી આવૃત્તિ**

  તા. ૨૯-૦૬-૨૦૨૩, ગુરુવાર (દેવશયની એકાદશી)

  વિક્રમ સંવત ૨૦૭૯, અષાઢ સુદ અગિયારસ

- **પ્રત :** ૫૦૦
- **મૂલ્ય** - અમૂલ્ય
- **કલાઆવરણ**

  સંદીપ કાપડિયા, સુરત

- **લે-આઉટ - ટાઈપસેટિંગ અને મુદ્રક**

  સમીર કંસારા - શ્રી ડિઝાઈન

  ૧૩/૯૬, બેઠી કૉલોની, ઉધના દરવાજા, સુરત

- **પ્રકાશક**

  આચાર્ય કે. સી. મહેતા શતાબ્દી પર્વ સમિતિ

  સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી

  એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ,

  અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫૦૦૧

## ▪ અર્પણ ▪

**તમારું તમારા ચરણે...**

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ■ | પ્રાસ્તાવિક | ડૉ. કિરીટ ડુમસિયા | ૭ |
| ૧ | કુંજવિહારી મહેતા- મારા વડીલ બંધુ | ડૉ. બી. એ. પરીખ | ૧૩ |
| ૨ | આચાર્ય કુંજવિહારી મહેતા | ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | ૨૩ |
| ૩ | કે. સી. | ડૉ. આર. કે. દેસાઈ | ૨૭ |
| ૪ | મારા સંનિષ્ઠ મિત્ર | ઉશનસ્ | ૩૩ |
| ૫ | એક ગુરુના વિદ્યાર્થી ને સાથી | ડૉ. જયંત પાઠક | ૩૭ |
| ૬ | એમની એ અખબારી કટારનો શબ્દશઃ ધાક હતો | ભગવતીકુમાર શર્મા | ૪૧ |
| ૭ | કે. સી. એક મિત્રની નજરે | ચંદ્રકાન્ત પંડ્યા | ૪૭ |
| ૮ | સલામ, મહેતા સાહેબ | ચંદ્રકાન્ત પુરોહિત | ૫૧ |
| ૯ | કુંજવિહારીભાઈ દક્ષ તથા માનવતા પૂર્ણ વહીવટદાર | રમણ પાઠક | ૫૫ |
| ૧૦ | સામાન્ય છતાં અસામાન્ય માનવી | ડૉ. રમેશ ઓઝા | ૫૯ |
| ૧૧ | કે. સી. - અ પેન પિક્ચર | Dr. Vimal S Navalkar | ૬૩ |
| ૧૨ | આચાર્ય કુંજવિહારી મહેતા-એક શક્તિપ્રદ સ્મરણ | સિતાંશુ યશશ્ચન્દ્ર | ૬૭ |
| ૧૩ | એક પ્રાણવાન ઊર્જાસભર વ્યક્તિત્વ | હિમાંશી શેલત | ૬૯ |
| ૧૪ | મીણ માટીનો માનવી | વિજય શાસ્ત્રી | ૭૩ |
| ૧૫ | આચાર્યશ્રી કુંજવિહારી મહેતા | રવીન્દ્ર પારેખ | ૭૭ |
| ૧૬ | મારા મહેતા સાહેબ | શરીફા વીજળીવાળા | ૮૫ |
| ૧૭ | સદ્ભાવ સભર મહેતા સાહેબ | દક્ષા વ્યાસ | ૯૧ |
| ૧૮ | અમારા મહેતા સાહેબ | બકુલેશ દેસાઈ | ૯૫ |
| ૧૯ | મહેતા સાહેબ અમારા અધ્યાપક-આચાર્ય | સંધ્યા ભટ્ટ | ૯૯ |
| ૨૦ | મહેતા સાહેબ- મારા માર્ગદર્શક | કદીર પીરઝાદા | ૧૦૩ |
| ૨૧ | સ્મિત અને સ્નેહનો સરવાળો | જયપ્રકાશ ઉ મહેતા | ૧૦૫ |
| ૨૨ | પૂજ્ય કે.સી. મહેતાસાહેબ | પીયૂષ ભટ્ટ | ૧૦૯ |
| ૨૩ | એક સ્મરણ | આશિત ગાંધી | ૧૧૫ |
| ૨૪ | અમારા કુંજ કાકા | કેતન શેલત | ૧૧૭ |
| ૨૫ | બહુમુખી પ્રતિભા ધરાવતું વ્યક્તિત્વ | પ્રદીપ મહેતા | ૧૨૧ |
| ૨૬ | કુંજવિહારી મહેતા જેનું સ્મરણ ગુણવર્ધન | મહેશભાઈ ટી. નાયક | ૧૨૫ |
| ૨૭ | સ્વસ્થ અને શાંત શ્રોતા | સૂર્યકાન્ત શાહ | ૧૨૭ |
| ૨૮ | સત્યના સાથી - માણસ પારખુ મહેતા સાહેબ | શંકરલાલ રાવલ | ૧૩૧ |
| ૨૯ | વિરલ વ્યક્તિત્વ | રાજેશ એસ દેસાઈ | ૧૩૫ |
| ૩૦ | સ્મરણ કુંજમાં વિહાર | રાજન ભટ્ટ | ૧૩૭ |
| ૩૧ | વહીવટ અને શિક્ષણનો સુમેળ | નરેશ કાપડીયા | ૧૪૧ |
| ૩૨ | એમ. ટી. બી. કૉલેજ કર્મભૂમિ | ભાવના ચાંપાનેરી | ૧૪૫ |
| ૩૩ | સૌના હૃદયકુંજમાં વિહાર કરનાર મહેતાસાહેબ | જયા હલાટવાલા | ૧૪૮ |
| ૩૪ | પૂજ્ય શ્રી મહેતા સાહેબ ગુરુદેવના સ્મરણમાં | સરોજ મિસ્ત્રી-તિજોરીવાળા | ૧૫૦ |
| ૩૫ | ગત સમય કેરા સ્મરણમાં | સ્વાતિ મહેતા | ૧૫૨ |
| ૩૬ | મંત્રો જપું છું પિતૃ જાપના | કશ્યપ મહેતા | ૧૫૬ |

# પ્રાસ્તાવિક

**ડૉ. કિરીટ ડુમસિયા**
પ્રમુખ - સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી

પૂજ્ય મહેતાસાહેબનું આ જન્મ શતાબ્દીવર્ષ છે. તે નિમિત્તે આ સ્મૃતિગ્રંથ પ્રગટ કરીને એમની સ્મૃતિઓને વાગોળવાનો આ એક અવસર છે. મહેતાસાહેબની જન્મભૂમિ નવસારી, પણ કર્મભૂમિ સુરત. તેમના પિતાશ્રી ચુનીલાલ મહેતા તલાટી હતા. ખૂબ યુવાન વયે મહેતાસાહેબે પિતાની છત્રછાયા ગુમાવી (૧૯૪૪) - માતા કપિલાબહેન ખૂબ જ ધાર્મિક વૃત્તિનાં.

મહેતાસાહેબના જીવનનાં મુખ્ય ચાર પાસાં હતાં : (૧) પ્રાધ્યાપક / પ્રિન્સિપાલ તરીકે (૨) સા. એ. સોસાયટીના સેક્રેટરી તરીકે (૩) 'ગુજરાતમિત્ર'ના કટારલેખક તરીકે (૪) સમાજસેવક તરીકે.

મારી એમની સાથેની પ્રથમ મુલાકાત આકસ્મિક રીતે થઈ. ઘણાં વર્ષો પહેલાંની વાત છે, જ્યારે હું મસ્કતિ હૉસ્પિટલમાં પીડિયાટ્રિક ડિપાર્ટમેન્ટમાં રેસિડન્ટ ડૉક્ટર તરીકે ફરજ બજાવતો હતો. એક દિવસ સાંજના સમયે મહેતાસાહેબ મારા પીડિયાટ્રિક વૉર્ડમાં આવ્યા. મહેતાસાહેબ મને ઓળખે નહિ, પણ હું એમને બરાબર ઓળખું. એટલે હું તુરંત તેમની પાસે દોડી ગયો અને પૂછ્યું કે 'સાહેબ, કેમ આવવાનું થયું? મહેતાસાહેબે કહ્યું કે 'અમારી સાર્વ. એજ્યુ. સોસાયટીના એક સેવકભાઈનો દીકરો અહીં દાખલ થયો છે તેની ભાળ કાઢવા આવ્યો છું.' હું તેમને તે બાળક પાસે લઈ ગયો. તે બાળક સાથે તેમણે પ્રેમથી વાતો કરી અને પછી મને કહ્યું કે 'જે કંઈ દવા વગેરે મંગાવવાની હોય તો મને કહેજો, હું પૈસા આપી દઈશ. પણ તેને સારો કરી દેજો.' આ છે આપણા મહેતાસાહેબ! નીચલા વર્ગના લોકો માટે એમને ખૂબ જ સહાનુભૂતિ અને હંમેશાં તેમને સહાયરૂપ થવાનો પ્રયત્ન કરતા. જો કે કોઈ પણ મુશ્કેલીમાં આવી પડેલી વ્યક્તિને સહાય કરવી એ એમના જીવવનું મુખ્ય લક્ષ્ય હતું. તેથી જ તેઓ સૌના પ્રિય હતા.

૧૯૭૧ - ૭૨ની સાલમાં હું ડૉ. આર. કે. દેસાઈ સાહેબને ત્યાં એમના આસિસ્ટન્ટ તરીકે કામ કરતો હતો. મહેતાસાહેબ સોસાયટીના કામકાજ અંગે ડૉ. આર. કે. સાહેબને ત્યાં એમના કન્સલ્ટિંગ રૂમ પર અવારનવાર આવતા તેથી મારે તેમને અવારનવાર મળવાનું થતું. તેમના કરતાં વયમાં હું ઘણો નાનો, છતાં મારી સાથે ખૂબ પ્રેમપૂર્વક વાતો કરતા.

હું સાયન્સ કૉલેજનો વિદ્યાર્થી, તેથી પ્રાધ્યાપક તરીકે મને એમનો કોઈ પ્રત્યક્ષ અનુભવ નહિ. પણ એમના જ વિદ્યાર્થીઓ મને કહેતા કે તેમનું અધ્યાપન કાર્ય ઉત્કૃષ્ટ કોટિનું હતું. પણ વિદ્યાર્થીઓમાં શિસ્તના તેઓ ખૂબ જ આગ્રહી હતા. કોઈ પણ શિક્ષણ શિસ્ત વિના અધૂરું છે એવું તેઓ માનતા. ગમે તેવા તોફાની વિદ્યાર્થીઓ એમને જોઈને આઘાપાછા થઈ જતા એટલો એમનો કડપ હતો. પણ સાથે વિદ્યાર્થીઓ પ્રત્યે તેમને ખૂબ જ પ્રેમ અને સ્નેહ હતો. આમ શિસ્ત અને સ્નેહનો તેમનામાં સમન્વય હતો. તેથી આજે પણ એમના વિદ્યાર્થીઓ તેમને ખૂબ પ્રેમ અને આદરથી યાદ કરે છે.

હું ૧૯૮૨માં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની વ્યવસ્થાપક કમિટીમાં જોડાયો, ત્યારે મહેતાસાહેબને નજીકથી જાણવાની - સમજવાની મને તક સાંપડી. તેઓ ૧૯૬૧માં સોસાયટીના સેક્રેટરી બન્યા (સાથે પ્રિન્સિપાલનો હોદ્દો ચાલુ જ હતો). સમયબદ્ધતા અને નિયમિતતા એમની જ! એક પણ દિવસ રજા નહિ કે આ પદનો તેમને અહંકાર પણ નહિ. એમ. ટી. બી. કૉલેજના પ્રિન્સિપાલ અને સોસાયટીના સેક્રેટરી હોવા છતાં મેં તેમને સાઇકલ પર જતા-આવતા જોયા છે. સોસાયટીની બધી જ ફાઈલોનો ખૂબ જ ઝીણવટપૂર્વક અભ્યાસ કરી નિર્ણય લેતા. તેમના લીધેલા નિર્ણયમાં ઘણી પરિપક્વતા હતી. મૅનેજિંગ કમિટીના કોઈ પણ સભ્ય મીટિંગમાં કોઈ પ્રશ્ન પૂછે તો તેઓ વિનયપૂર્વક વિગતવાર જવાબ આપતા. તેઓ અવારનવાર સોસાયટી સંચાલિત શાળાઓમાં વિઝિટ કરતા, અને ત્યાંના પ્રશ્નો પણ શક્ય હોય તેટલી ત્વરાથી હલ કરતા. શાળા - કૉલેજોના આચાર્ય તરફથી આવતા સૂચનો પણ તેઓ આવકારતા. તેમના બહોળા અનુભવને કારણે સોસાયટીના અધ્યક્ષ - ઉપાધ્યક્ષોને પણ યોગ્ય માર્ગદર્શન આપતા. ૧૯૬૧થી સોસાયટીના સેક્રેટરી તરીકેનો કાર્યભાર તેમના મૃત્યુપર્યંત સુપેરે સંભાળ્યો. અદ્‌ભુત, કાર્યદક્ષતા, નિષ્ઠા, નિયમિતતા અને સમયબદ્ધતાના તેમના ગુણો આ સમય દરમિયાન મેં નિહાળ્યા છે. સત્યને વળગી રહેવું અને કંઈ જ ખોટું કાર્ય ન કરવું એ એમની પાસેથી શીખવાનું છે. વક્તા તરીકે પણ તેઓ મુદ્દાસર સ્પષ્ટ વાતો કરતા. તેમની વાણીનો સ્રોત અસ્ખલિત રીતે વહેતો.

હું બાલાજી ગર્લ્સ સ્કૂલમાં સ્થાનિક વહીવટી કમિટીનો અધ્યક્ષ હતો તે સમયનો એક પ્રસંગ યાદ આવે છે. એક દિવસ આ શાળાના પ્રાથમિક વિભાગના

હેડક્લાર્ક શ્રી ખુશાલભાઈ પટેલ સવારે સાતેક વાગ્યે મારા ઘરે આવ્યા. મેં તેમને આવકાર આપીને બેસાડ્યા. તેમણે એક પત્ર મારા હાથમાં આપ્યો. તેમની આંખોમાંથી આંસુઓ વહેતા હતા. એ પત્ર બાલાજી ગર્લ્સ સ્કૂલમાંથી તેમની અન્ય શાળામાં ટ્રાન્સફર અંગેનો હતો. રડતાં રડતાં તેમણે મને જણાવ્યું કે 'સાહેબ વર્ષોથી હું મૉર્નિંગ શિફ્ટમાં કામ કરું છું. નિવૃત્ત થવાને હવે મને બે – ત્રણ વર્ષ બાકી છે. આ ટ્રાન્સફરથી મારી બપોરની પાળી થઈ જશે જેનાથી મારા ઘરનું તંત્ર ખોરવાઈ જશે.' મને એમનું દુઃખ સાંભળી દયા આવી. તેથી મેં તેમને કહ્યું કે 'ભલે, હું મહેતાસાહેબને વાત કરીશ.' તે જ દિવસે સાંજે હું મહેતાસાહેબને તેમની ઑફિસમાં મળ્યો અને બધી વાત કરી. પંદરેક દિવસમાં જ ફરીથી મહેતાસાહેબે ખુશાલભાઈને બાલાજી ગર્લ્સ સ્કૂલમાં મૉર્નિંગ શિફ્ટમાં ટ્રાન્સફર કરી આપી. આ હતા આપણા મહેતાસાહેબ. જેઓ કોઈ પણ કર્મચારીની મુશ્કેલી દૂર કરવા હંમેશ તત્પર રહેતા. નિઃશંકપણે લખી શકાય કે સોસાયટીના સેક્રેટરી તરીકે તેમણે સોસાયટીની અદ્‌ભુત સેવા કરી છે. તેથી જ જસ્ટીસ ડી. એ. દેસાઈ સાહેબે તેમના મૃત્યુ બાદ યોજાયેલી શોકસભામાં કહ્યું હતું કે ''છેલ્લાં ૩૩ વર્ષનો સોસાયટીનો ઇતિહાસ અનિવાર્યપણે કુંજવિહારી મહેતાની જીવનકથારૂપ બનવાનો છે!''

હવે હું વાત કરીશ તેમની કટારલેખક તરીકેની કારકિર્દીની. 'ગુજરાતમિત્ર'માં તેમની ''શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'' દર મંગળવારે પ્રકટ થતી કૉલમ ખૂબ જ લોકપ્રિય બની હતી. સુરતના અને દ. ગુ.ના શિક્ષિત વર્ગમાંથી ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે જે તેમની આ કૉલમ વિશે અજાણ હોય. શિક્ષણ જગતની અનેક સારી-નરસી વાતો તેમાં તેઓ લખતા. શાળાઓ, કૉલેજો તથા યુનિવર્સિટીના વિવિધ મુદ્દાઓ પર વિભાગવાર ચર્ચાઓ તેઓ આ કૉલમમાં કરતા. સાથે શિક્ષકો અને અધ્યાપકો વિશેની વાતો પણ તેમાં આવરી લેતા. સુરત, દક્ષિણ ગુજરાત કે ગુજરાતની અનેક શૈક્ષણિક અને સામાજિક સમસ્યાઓ વિશે તેઓ વિગતવાર લખતા. ક્યારેક તેમના આ લખાણને કારણે વિવાદોમાં પણ ઘસડાયા હતા. મને યાદ છે કે એક વખત તેમણે શિક્ષણ કથળતું જાય છે અને કેવી પીએચ.ડી.ની ડિગ્રી તો એક રૂપિયે ડઝનના ભાવે મળે છે એવું તેમની કૉલમમાં લખ્યું હતું. ત્યારબાદ તેમણે આ અંગે ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. કૉલમિસ્ટ તરીકેનો તેમનો મુખ્ય ગુણ નીડરતા હતો. ભગવતીકુમાર શર્માએ કહ્યું કે ''એમની વિચાર સમૃદ્ધિમાં જનહિતની ઊંડી નિસબત, મિશનરીની ધગશ અને નિષ્ઠા, જે તે મુદ્દાની બારીકીની માહિતીસભર સૂઝ, તેનું વિશદ આકલન અને રચનાત્મક અભિગમ ઇત્યાદિ પ્રમુખ વાનાં હતા.'' તેઓ વધુમાં કહે છે કે 'ગુજરાતમિત્ર'માં પ્રગટ થનારી એમની મૅટર અચૂક

શુક્ર કે શનિવારે મળી જ જાય. મહેતાસાહેબ ક્યારેય એમની કટાર લખવામાં ગુટલી મારી ગયા હોય, મૅટર મોકલવામાં મોડા પડ્યા હોય એવું એક પણ વાર બન્યું નથી. 'ગુજરાતમિત્ર' અને 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ, પરસ્પરના પર્યાય બની ગયાં હતાં.' આ કૉલમ સુરત શહેર માટે એક દીવાદાંડી હતી તેના દ્વારા શહેરના લોકોને સાચી દિશા મળતી હતી.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેમના ગુરુ. આ ગુરુ - શિષ્યનો સંબંધ ઉત્કૃષ્ટ કક્ષાનો હતો. પછી તો મહેતાસાહેબ અને ત્રિવેદી સાહેબનો ગુરુ - શિષ્યનો સંબંધ પિતા - પુત્ર જેવો થઈ ગયો હતો. મહેતાસાહેબ ત્રિવેદીસાહેબની પુષ્કળ કાળજી રાખતા અને ઝીણામાં ઝીણી વિગતોનું ધ્યાન આપતા. ત્રિવેદીસાહેબના મૃત્યુપર્યંત તેમણે આ પ્રેમભાવ અને સેવાભાવ જાળવી રાખ્યો હતો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ તેમના લેખમાં લખ્યું છે કે "વિદ્યાર્થી સહજતા, સ્ફૂર્તિ, ચપળતા, સૂઝ, ધીરતા, આયોજનશક્તિ તથા વહીવટી કુશળતામાં આચાર્ય કુંજવિહારી મહેતાની બરોબરી કરી શકે એવા અન્ય નિપુણ વિદ્વાનો દક્ષિણ ગુજરાતમાં બહુ ઓછા હશે."

મહેતાસાહેબને તેમની માતા કપિલાબહેન પ્રત્યે પણ ખૂબ જ લગાવ. તેઓ મૂળ નવસારીના, પંડ્યા ખડકીમાં તેમનું ઘર. કપિલાબહેન નવસારી છોડવા માંગતા નહોતાં તેથી તેમણે પણ નવસારી ન જ છોડ્યું. તેઓ ૧૯૬૭માં મૃત્યુ પામ્યાં. પછી જ મહેતાસાહેબ કુટુંબ સાથે સુરતમાં સ્થાયી થવા માટે આવ્યા.

તેમના પુત્ર કશ્યપભાઈ લખે છે કે "તેમણે પ્રારબ્ધ નહીં, પણ પુરુષાર્થ જ મહાન છે એવું શીખવ્યું હતું. કડક શિસ્તના આગ્રહી અને કૉલેજમાં ભારે કડપ હોવા છતાં એક પિતા તરીકે તેઓ અત્યંત પ્રેમાળ, ઋજુતા અને સંવેદનશીલતા એ એમના વ્યક્તિત્વનું ઉમદા પાસું અમે અનુભવ્યું છે." તેમને નીચલા વર્ગ માટે અને દુઃખીજનો માટે ખૂબ જ સહાયરૂપ થવાનો પ્રયત્ન જીવનભર કર્યો હતો. આ કારણે જ "શિશુ સહાય ટ્રસ્ટ"ની સ્થાપના તેમના દ્વારા થઈ હતી.

તેમની દીકરી સ્વાતિબહેન પણ કહે છે કે 'આજે અમે જે કંઈ છીએ તે અમારા પપ્પાજીને લીધે જ છીએ.' તેઓ વધુમાં કહે છે કે 'જો કોઈ કામ ઉતાવળે કરું, પપ્પાજીના શબ્દોમાં કહું તો લબેદિયા (વેઠ) રીતે કરું તો પપ્પાજીનો ઠપકો સાંભળવો પડતો. દરેક કામ ચોકસાઈથી જ કરવાનો જ તેમનો આગ્રહ હતો.'

મહેતાસાહેબ નિત્યયુક્ત (હંમેશાં લોકો સાથે જોડાયેલા), નિત્યસ્તિષ્ઠ (સાત્ત્વિક વિચારસરણીવાળા), નિત્ય કર્મઠ, નિત્યપ્રવૃત્ત અને નિષ્ઠાવાન વ્યક્તિ હતા. જે કંઈ કાર્ય કર્યું, પછી તે પ્રાધ્યાપક / પ્રિન્સિપાલ તરીકે હોય, સોસાયટીના સેક્રેટરી તરીકે હોય કે કટારલેખક તરીકે હોય - પણ તે કાર્યમાં તેઓ તેમનું લોહી રેડી દેતા હતા. તે કાર્યમાં તેમનું હૃદય તેઓ નીચોવી દેતા હતા. આવી વિરલ છતાં

સરલ અને સુલભ વ્યક્તિ સાથે મારે ઘનિષ્ટ સંબંધ હતો એમાં હું મારું સૌભાગ્ય સમજું છું!

પૂજ્ય મહાત્મા ગાંધી પ્રત્યે તેમને અનહદ આદર અને પ્રેમ હતો. જોગાનુજોગ બન્યું પણ એવું કે પૂ. બાપુની મૃત્યુ તારીખ ૩૦મી જાન્યુઆરી જ એમણે એમના દેહત્યાગ માટે પસંદ કરી!

મહેતાસાહેબના વિદ્યાર્થીઓ અને પ્રશંસકો દ્વારા શતાબ્દીપર્વની ઉજવણીના ભાગરૂપે આ સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવાનું કાર્ય એમનાં કાર્યોને સાચી શબ્દાંજલિ બની રહેશે અને એમની સ્મૃતિઓ ચિરંજીવ બનીને આવનારી પેઢીઓને માટે માર્ગદર્શક અને પ્રેરણાદાયી બની રહેશે. સ્મૃતિગ્રંથનું શીર્ષક **''કેમે ના લોપાય સ્મરણથી...''** એક યથાર્થ અને અતિ સુંદર છે. આવી વ્યક્તિઓ ચિરંજીવ બની રહે એ સ્વાભાવિક છે અને એ સ્મરણથી કેમે ના લોપાય... અસ્તુ।



આચાર્ય તરીકેની નિમણૂક ૧૯૭૦

## ૧

# કુંજવિહારી મહેતા - મારા વડીલ બંધુ

**ડૉ. બી. એ. પરીખ**
નિવૃત્ત આચાર્ય, એમ.ટી.બી. કૉલેજ, અઠવાલાઈન્સ, સુરત.
નિવૃત્ત કુલપતિ, વીર નર્મદ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

ડો. ભાનુપ્રસાદ પરીખ એમ. ટી. બી. કોલેજમાં માનસશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાયા, તે જ કોલેજમાં આચાર્ય બન્યા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પણ બન્યા. ડો. પરીખ એક ઉત્તમ અધ્યાપક તથા કુશળ વહીવટકર્તા તરીકે ખ્યાતિ પામ્યા. એમની કાર્યદક્ષતાનો વિદ્યાજગતને સુપેરે પરિચય છે. સત્યશોધક સભાના પ્રમુખ, માનસશાસ્ત્ર તથા રેશનાલિઝમના વિષય ઉપર તેમને ગહન ચિંતન કર્યું છે અને અનેક પુસ્તકો લખ્યાં છે. મહેતાસાહેબને વડીલ બંધુ માનનાર પરીખ સાહેબ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પૂર્વ પ્રમુખ પણ રહી ચૂક્યા છે. મહેતાસાહેબ સાથે વર્ષો સુધી કામ કરનાર ડો. પરીખસાહેબે કે.સી. મહેતા શતાબ્દી પર્વ સમિતિના પ્રમુખ બનવાની વાત હોંશે હોંશે સ્વીકારી.

૧૯૫૪ જૂન માસમાં હું એમ.એ. મનોવિજ્ઞાન સાથે પાસ થયો અને તરત જ, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલીઅબાડા ખાતે (જામનગર નજીક) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે નિમણૂક મળી. એક વર્ષ ત્યાં સેવા આપ્યા પછી જૂન ૧૯૫૫ થી મને સાર્વજનિક સોસાયટી સંચાલિત એમ. ટી. બી. કૉલેજમાં અધ્યાપક તરીકે નિમણૂક મળી. મારું ગામ ઉમરેઠ ડાકોર નજીક ખેડા જિલ્લામાં, એટલે અમારો સંબંધ અમદાવાદ, વડોદરા સાથે વધારે. સુરતથી પરિચિત તો ખરા, પણ સુરત અમારા માટે તે સમયે દૂર કહેવાય. અમારા ગામનાં કેટલાંક કુટુંબો ધંધા વ્યવસાય અર્થે સુરતમાં સ્થાયી થયેલાં તેની મને જાણ. વળી અમે કુટુંબ સાથે ત્રણેકવાર હજીરા હવાફેર માટે આવેલાં ત્યારે હજીરા બસમાં જવાનું તે તો સુરતની અંદર તાપી નદીની સામે પાર થઈને જ જવાય એટલે સુરતની તાપી નદી, હોપ પુલ, જોયેલાં. વળી ગામના કોઈ વિદ્યાર્થીને અમદાવાદ કે વડોદરા કૉલેજમાં પ્રવેશ ન મળે તો ત્રીજી પસંદગી સુરત કૉલેજ. એટલે કેટલાક

સુરત કૉલેજમાં ભણેલાને હું ઓળખું. વળી એમ.ટી.બી.માં અધ્યાપકશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેમ જ 'પ્રતાપ'વૃત્તપત્રના તંત્રી શ્રી કાલીદાસ શેલત ઉમરેઠના, એટલે અમે ઉમેરઠવાસીઓને સુરત સાવ અજાણ્યું ન લાગે. પરંતુ મારે હવે નોકરી અર્થે સુરત આવવાનું તે એક મિત્ર થકી સુરત નાણાવટમાં મારો પહેલો વસવાટ. મારી ૨૩ વર્ષ ૬ માસની ઉંમરે હું સુરત આવ્યો. I came, I saw and I was conquered. આજે મારા સુરતમાં ૬૭ વર્ષના વસવાટ પછી હું મારું ગામ, ઘર વગેરે ભૂલીને કાયમી સુરતવાસી, સુરતી બની રહ્યો છું. મારા પુત્રો પણ સુરતમાં સ્થાયી થયા છે. તે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, એમ. ટી. બી. કૉલેજ અને કુંજવિહારી મહેતા જેવા સાથી વડીલ અધ્યાપકો તેમ જ સુરતી મિજાજ અને સુરતી વાતાવરણના કારણે.

૨૧ જૂન ૧૯૫૫ના દિવસે ૧૧ વાગે મેં એમ.ટી.બી. કૉલેજના અધ્યાપક ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે આનંદ અને આશ્ચર્ય વચ્ચે ડૉ. આર. આઈ. પટેલ અને પ્રો. કે. સી. મહેતા જેવા સિનિયર અધ્યાપકો અમને પ્રેમથી આવકાર આપવા અને સ્વાગત કરવા હાજર હતા. આ બંને અધ્યાપકો વયમાં મોટા અને વડીલ જેવા. બે ત્રણ દિવસ પછી વર્ગ શિક્ષણ કાર્ય શરૂ થયું. મારો પ્રથમ તાસ ૧૧-૧૫ કલાકે ઇન્ટર આર્ટ્સનો વર્ગ, ખંડ નં. ૧૧ અને આ છોકરડા જેવા નવા અધ્યાપકને પોંખવા વર્ગમાં ખીચોખીચ હાજરી. ઇન્ટરના વર્ગ સિવાયના પણ વિદ્યાર્થીઓ હશે. ૪૫ મિનિટનો વર્ગ તો મેં સરળતાથી વિદ્યાર્થીઓના કોઈ તોફાન, અડપલાં વગર અદ્‌ભુત શાંતિથી પૂરો કર્યો. અધ્યાપક ખંડમાં પાછો આવ્યો ત્યાં મારી કામગીરીનો અહેવાલ સિનિયર અધ્યાપકોને મળી ગયો હતો. બે એક કલાક પછી કે. સી. મહેતાસાહેબ મારી પાસે આવ્યા અને કહે કે 'તમે આજની પ્રથમ પરીક્ષામાં પૂરા પાસ થયા છો. વિદ્યાર્થીઓ તમારા સડસડાટ પ્રવચનથી અભિભૂત, ખુશ થયા છે.' બે માસમાં તો હું વર્ગખંડ, અધ્યાપકખંડ, કૉલેજ, મારા નાણાવટ નિવાસ વગેરે તમામ સ્થળોએ સરસ રીતે ગોઠવાતો જતો હતો. કોણ જાણે કેવો ઋણાનુબંધ હશે કે મહેતાસાહેબ અને મારી વચ્ચે લાગણીસભર સંબંધો બંધાતા જતા હતા. કદાચ આ ઘટનામાં પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પણ એક માધ્યમ ખરા. કારણ હું કોઈકવાર શ્રી વિષ્ણુપ્રસાદને ત્યાં જતો ત્યારે મહેતાસાહેબનો અચૂક મેળાપ ત્યાં થતો. એક દિવસ નાણાવટ બજારમાં મને મહેતાસાહેબ સહકુટુંબ લીલાબહેન, સ્વાતિ અને કશ્યપ સાથે મળી ગયા. મેં તેમને મારા નાણાવટ ઘેર આવવા આમંત્રણ આપ્યું અને તેઓ સૌ તરત જ મારા ઘરે ત્રીજા માળે આવ્યાં. મને ઘણો આનંદ થયો. જેમ જેમ દિવસો પસાર થતા હતા તેમ તેમ મને સુરત, સાર્વજનિક સોસાયટી, એમ.ટી.બી. કૉલેજ, વત્સલ હૃદયી આચાર્ય કાલીદાસ દેસાઈ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડૉ. આર. આઈ. પટેલ, જે. ટી. પરીખ

જેવા વિદ્વાન અધ્યાપકો અને મહેતાસાહેબ જેવા અમારી સાથે ભળી જતા અને હૂંફ આપતા કેટલાક અધ્યાપકોથી સંપન્ન વિદ્યાકીય વાતાવરણવાળી કૉલેજ, સોસાયટીમાં મને અજાણ્યું, ઘરથી અલગ દૂર લાગતું ન હતું. અમદાવાદ જવાનો મોહ ઘટતો જતો હતો.

૧૯૫૯માં મને સુરતમાં ચાર વર્ષ અને મારા શૈક્ષણિક અનુભવના પાંચ વર્ષ પૂરાં થાય. એ સમયમાં લેક્ચરર અધ્યાપક પાંચ વર્ષના અનુભવ પછી તે પ્રોફેસર તરીકે બઢતી પામવાને લાયક બનતો. પરંતુ એમ. ટી. બી. કૉલેજમાં મનોવિજ્ઞાન મુખ્ય વિષય તરીકે શીખવાતો ન હતો, એટલે અહીં મનોવિજ્ઞાનમાં પ્રોફેસર નીમવાની જરૂર ન હતી. મને લાગતું હતું કે અહીં સુરતમાં મને મારા વિષયમાં આગળ વધવાની તક નથી એટલે મારે અમદાવાદમાં કોઈ કૉલેજ શોધવી પડે. આવી વાતો મારે કૉમન રૂમમાં અન્ય અધ્યાપકો સાથે થતી. મહેતાસાહેબ પણ આ વાત જાણે, તેમણે મને કહ્યું, 'આપણે આચાર્ય કે. એલ. દેસાઈને મળીએ અને કૉલેજમાં મનોવિજ્ઞાનનો મુખ્ય વિષય શરૂ કરવા વિનંતી કરીએ.' અમે આચાર્ય કે. એલ. દેસાઈને મળ્યા અને તેમણે કહ્યું કે 'આવતા વર્ષથી મનોવિજ્ઞાન મુખ્ય વિષય શરૂ કરવાની દરખાસ્ત યુનિવર્સિટીને કરીએ અને તમને પ્રોફેસર તરીકે બઢતી આપીશું.' મેં કહ્યું 'મને એક વર્ષ રાહ જોવાનો કોઈ વાંધો નથી. મને અહીં સુરતમાં કાયમ થવાનું ગમશે.' ૧૯૬૦થી એમ. ટી. બી. કૉલેજમાં મનોવિજ્ઞાન મુખ્ય વિષય તરીકે શરૂ કરવામાં આવ્યો અને મને લેક્ચરરમાંથી પ્રોફેસર તરીકે નિમણૂક આપવામાં આવી. તે સમયે મહેતાસાહેબ સાર્વજનિક સોસાયટીના વૉલન્ટિયર બોર્ડના સભ્ય હતા. તેમણે મને ૧૯૬૦માં સૂચન કર્યું કે 'તમે હવે અહીં જ સ્થાયી થવા માંગો છો તો તમે સોસાયટી વૉલન્ટિયર બોર્ડના સભ્ય બની જાઓ. ૨૦ વર્ષની સેવા આપવાનો કરાર હોય છે અને નિવૃત્ત થયા પછી પેન્શન મળે.' મેં કહ્યું 'મને કરારનો કોઈ વાંધો નથી અને પેન્શનની હાલ કોઈ લાલચ પણ નથી. પરંતુ વૉલન્ટિયર સભ્ય તરીકે સોસાયટીની શાળા-કૉલેજોના વહીવટી તંત્રમાં સામેલ થવાની તક મળે છે એ મોટો લાભ અને આકર્ષણ છે...અને મહેતાસાહેબના સૂચન અને ભલામણથી હું ૧૯૬૦થી સાર્વજનિક સોસાયટીમાં વૉલન્ટિયર સભ્ય બન્યો અને વહીવટીતંત્રમાં સામેલ થયો.'

હાલના આચાર્ય કે. એલ. દેસાઈ ૧૯૬૨ જૂનથી નિવૃત્ત થવાના હતા. તેમના પછી ઉપાચાર્ય પ્રો. જે. ટી. પરીખ આચાર્ય બનવાના; આ પ્રો. જે. ટી. પરીખ કૉલેજની બૉયૂઝ તેમ જ ગર્લ્સ હોસ્ટેલોના વૉર્ડન હતા. તેઓ આચાર્ય બને ત્યારે નવા વૉર્ડન નીમવાની પરિસ્થિતિ ઊભી થાય. કૉલેજ સંચાલકોએ તે સમયમાં સિનિયર અધ્યાપક ડૉ. આર. આઈ. પટેલ, કે. સી. મહેતા તેમ જ બીજાઓને હોસ્ટેલ વૉર્ડન બનવા કહ્યું. કોઈને હોસ્ટેલ વૉર્ડન બનવામાં રસ ન

હતો. મહેતાસાહેબે સૂચન કર્યું અને ડૉ. આર. આઈ. પટેલ સાહેબે સૂર પુરાવ્યો કે આ પ્રો. પરીખને હોસ્ટેલોના વૉર્ડન તરીકે કામગીરી સોંપો. તે યુવાન છે, ઉત્સાહી છે અને કામગરા પણ છે. મને વૉર્ડન બનાવવાની દરખાસ્ત આવી. મને તો જાણે ખુલ્લા મોઢામાં ફળ આવી પડ્યું. મને વધારે કામ કરવાનો કોઈ ભાર ન હતો. વળી મારા અભ્યાસનાં છ વર્ષ હૉસ્ટેલમાં જ રહ્યો હતો એટલે મને હૉસ્ટેલ કેમ ચાલે, કેમ ચલાવવી તેની જાણ હતી. સૌથી મોટું આકર્ષણ તે વૉર્ડન તરીકે કૉલેજ કૅમ્પસમાં રહેવા માટે બંગલો મળે અને ૧૯૬૧ જુલાઈથી હું નાણાવટ છોડી કૅમ્પસમાં રહેવા આવ્યો અને ૬૦ વિદ્યાર્થીઓ અને ૮૦ વિદ્યાર્થિનીઓ એમ બે હૉસ્ટેલો સાચવવાની મારી જવાબદારી અને કામગીરી વધી. વળી ૧૯૫૭ થી હું એન. એસ. સી. ઑફિસર પણ હતો. પીએચ.ડી. પણ કરતો હતો. ૧૯૬૧ થી નવસારી મનોવિજ્ઞાન અનુસ્નાતક કેન્દ્રમાં મુલાકાતી અધ્યાપક તરીકે દર શનિવાર કે રવિવાર મારે જવાનું થતું અને સાથે ગુજરાતી ભાષામાં તર્કશાસ્ત્ર, મનોવિજ્ઞાનનાં પુસ્તકો પણ લખતો. આ તમામ કામગીરીઓ હું સુપેરે કરી શકતો હતો ચિંતા કે કામના ભાર વગર તેનું એક કારણ કે મને મહેતાસાહેબ જેવા વડીલ મિત્રની હૂંફ હતી.

હવે તો હું એમ.ટી.બી. અને સોસાયટી પરિવારનો એક અંતર્ગત જવાબદાર સભ્ય બની રહ્યો હતો. ૧૯૬૮માં એમ.ટી.બી. કૉલેજની સ્થાપનાને ૫૦ વર્ષ થતાં હતાં અને કૉલેજે સુવર્ણ જયંતી ઊજવવાનું નક્કી કર્યું. ૧૯૬૭-૬૮નું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ. આ ઉજવણી માટે સમિતિ રચવામાં આવી. આચાર્ય જે. ટી. પરીખ સમિતિ પ્રમુખ, ઉપાચાર્ય પ્રો. કે. સી. મહેતા ઉપપ્રમુખ અને ડૉ. બી. એ. પરીખ મંત્રી. હું થોડા સંકોચ સાથે કહું કે આ ઉજવણીમાં વર્ષ દરમિયાન જે જે કાર્યક્રમો કર્યા, એક જશવંત ઠાકરનું નાટક 'નટરાજ' ભજવ્યું, નાણાં એકત્રિત કર્યાં, ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિ કાર્યક્રમો કર્યાં; આ તમામમાં મારો તો મહત્તમ ફાળો. આ બધું હું સુપેરે કરી શક્યો કારણ મને મારી સાથે મહેતાસાહેબ જેવા હિતેચ્છુનો ટેકો અને પીઠબળ હતાં. ૧૯૭૦માં આચાર્ય પરીખ નિવૃત્ત થયા અને કે. સી. મહેતાસાહેબને આચાર્ય તરીકે નિમણૂક આપી. આ આચાર્યે પોતાની સહાયમાં ઉપાચાર્યની ભલામણ કરવાની હોય અને આ ડૉ. બી. એ. પરીખ મહેતાસાહેબ માટે સ્વાભાવિક પસંદગી હતી અને ૧૯૭૦થી મને કૉલેજનો ઉપાચાર્ય બનાવવામાં આવ્યો.

૧૯૬૨માં પ્રો. જે. ટી. પરીખ આચાર્ય બન્યા ત્યારે તેઓ સાર્વજનિક સોસાયટીના સેક્રેટરી પણ હતા. તે આચાર્ય બન્યા એટલે સેક્રેટરી તરીકે મહેતાસાહેબને નીમવામાં આવ્યા. ૧૯૭૦ જૂનથી મહેતાસાહેબ આચાર્ય બનવાના એટલે હવે સોસાયટી સેક્રેટરી તરીકે બીજા અધ્યાપકને નીમવાના હોય.

જાન્યુઆરી ૧૯૭૦ના પ્રજાસત્તાક દિને ધ્વજવંદન કાર્યક્રમ પૂરો થયા પછી મહેતાસાહેબ અને હું એમ બે સાથે હતા ત્યારે મને તેમણે સૂચન કર્યું કે ‘હવે જૂન માસથી તમે સોસાયટીના સેક્રેટરી બનજો.’ મેં કહ્યું કે ‘મારે અત્યારથી વહીવટમાં પડવું નથી. મારે મારી વિદ્યાકીય કારકિર્દી આગળ વિકસાવવાની છે અને હજુ મારી ઉંમર તો ૩૫-૩૭ વર્ષ છે.’ મહેતાસાહેબે કહ્યું કે ‘જો બીજા કોઈ સેક્રેટરી બનશે તો સોસાયટી વહીવટ ઘણો ખોરવાઈ જશે.’ મેં કહ્યું કે ‘હું વિચારીશ, હજુ તો છ માસ છે.’ જોગાનુજોગ કે. સી. મહેતા આચાર્ય બન્યા ત્યારે સોસાયટીના ચૅરમેન તરીકે ડૉ. આર. કે. દેસાઈ આવ્યા. તેમણે મહેતાસાહેબને જ સેક્રેટરી તરીકે ચાલુ રહેવા આગ્રહ કર્યો અને મહેતાસાહેબ સોસાયટી સેક્રેટરી તરીકે ચાલુ રહ્યા, તે તેમની જિંદગીના છેલ્લા શ્વાસ સુધી.

અને હવે મને મારી મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે ગુજરાત તેમજ રાષ્ટ્રીય ક્ષેત્રે આગળ જવાનો મારી કારકિર્દી અને પ્રતિષ્ઠા વિકસાવવાનો માર્ગ ખુલ્લો થઈ ગયો અને ધીમે ધીમે રાષ્ટ્રીય ક્ષેત્રે મનોવિજ્ઞાનના વિદ્વાન અધ્યાપક તરીકે મારી પ્રતિષ્ઠા વધતી અને વિકસતી જતી હતી. મને શિક્ષણવિદ્ તરીકે ઉચ્ચ કક્ષાએ પરીક્ષક તરીકે, વિદ્યાકીય કાર્યક્રમોમાં નિષ્ણાત મહેમાન વક્તા તરીકે અનેક યુનિવર્સિટીઓ, કૉલેજો તરફથી આમંત્રણો મળતાં થયાં. મહેતાસાહેબના સમયમાં એમ. ટી. બી. કૉલેજને ગુજરાત રાજ્યની ઉત્તમ આર્ટ્સ કૉલેજ તરીકે અવૉર્ડ મળ્યો હતો. ૧૯૭૮માં એમ. ટી. બી. કૉલેજના ૬૦ વર્ષ પૂરાં થાય. મહેતાસાહેબે નક્કી કર્યું કે ૬૦ વર્ષે હીરક મહોત્સવ ઊજવીએ અને આ મહોત્સવ સમિતિનો કાર્યભાર તો ડૉ. પરીખને જ સોંપાય અને મહેતાસાહેબે મને આ ઉજવણીમાં સેક્રેટરી બનાવ્યો. મેં આ મહોત્સવ નિમિત્તે વિદ્યાર્થી સેક્રેટરી નૈષધ દેસાઈ અને બીજા સાથીઓ સાથે મળી ઉજવણી કરવા માટે રૂા. ૭ લાખ ઉઘરાવ્યા હતા જે રકમ પછી લેડી કીકાભાઈ પ્રેમચંદ લાઇબ્રેરીના મકાન વિસ્તરણ કરવા માટે સહાયરૂપ બન્યા. આચાર્ય હોવાની સાથે મહેતાસાહેબ માટે સોસાયટીના વહીવટની પણ કામગીરી અને જવાબદારી હતી એટલે કૉલેજનાં ઘણાં કામોની સંપૂર્ણ જવાબદારી મહેતાસાહેબે ઉપાચાર્ય તરીકે મને સોંપી હતી. તેમને મારી કાર્યદક્ષતા, પ્રામાણિકતા અને નિષ્ઠામાં પૂરો વિશ્વાસ હતો અને મને જે કામ સોંપ્યાં હોય તે કામોમાં કદી પૂછપરછ નહીં, દખલ નહીં અને આ કામોની સંપૂર્ણ જવાબદારી મારી. હું જે કામો કરતો હતો તેમાં લીધેલા નિર્ણયો વિશે કદી તેમણે કોઈ ટિપ્પણી કરી નથી કે તે ઉલટાવ્યા કે બદલ્યા નથી. કોઈ પૂછે તો કહે, ‘પરીખ સાહેબને મળો.’

એક બે કિસ્સા જાણવા જરૂરી છે. એક વખત કૉલેજની આંતરિક કસોટીમાં નાપાસ થયેલી એક વિદ્યાર્થિનીનો કેસ લઈને મહેતાસાહેબના પરમ મિત્ર તેમની

પાસે આવ્યા અને વિનંતી કરી કે આ છોકરી જે આંતરિક કસોટીમાં નાપાસ થાય છે તેને પાસ કરો; તેની જિંદગીનો પ્રશ્ન છે. મહેતાસાહેબે પોતાના આ મિત્રને કહ્યું કે ‘તમે પરીખ સાહેબને જ મળો. પરીક્ષાનું તમામ કામ તેઓ સંભાળે છે.’ આ મિત્ર પછી મારી પાસે આવ્યા અને મેં તેમની કથની સાંભળી અને તે છોકરીના ભવિષ્યને ધ્યાનમાં લઈ જરૂરી કાર્યવાહી કરી. મહેતાસાહેબની કોઈ ભલામણ કે આગ્રહ નહીં કે તમે મારા મિત્રનું કામ કરી આપો.

બીજો એક કિસ્સો. વૉર્ડન તરીકે આગળના વર્ષમાં હોસ્ટેલમાં રહી ગયેલી એક વિદ્યાર્થિનીને બીજા વર્ષે હોસ્ટેલ પ્રવેશ ન આપ્યો. ઘણા બધાની લાગવગ તેના વાલીએ ચલાવી છતાં મેં પ્રવેશ આપ્યો નહીં, છેવટે વાલી ચૅરમૅન ડૉ. આર. કે. દેસાઈ પાસે ગયા. ડૉ. દેસાઈએ મહેતાસાહેબને ચિઠ્ઠી લખી. મહેતાસાહેબે મને તે બતાવી. મેં કહ્યું કે ‘તમે આચાર્ય છો, ડૉ. દેસાઈ ચૅરમૅન છે. મારે તો તમારા વતી કામ કરવાનું છે. તમે આદેશ કરો હું પ્રવેશ આપી દઈશ. હું પોતે આ વિદ્યાર્થિનીને હોસ્ટેલ પ્રવેશ આપવાના મતનો નથી. તમે આચાર્ય તરીકે કે ચૅરમૅન આ ચિઠ્ઠી ઉપર સહી કરી મને પ્રવેશ આપવાનો આદેશ કરો.’ મહેતાસાહેબ કહે ‘હું આચાર્ય તરીકે તમારા કામમાં અને નિર્ણયમાં દખલ કરવા માગતો નથી.’ તેમણે ચૅરમૅન ડૉ. દેસાઈને સમગ્ર બાબત જણાવી. ડૉ. દેસાઈ પણ કહે કે ‘ચૅરમૅન તરીકે હું તમારા વહીવટમાં – નિર્ણયોમાં કોઈ દખલ કરવા માંગતો નથી. તમે જે નિર્ણય લીધો હોય તે સમજી વિચારીને જ લીધો હોય અને તે બધા બરાબર જ હોય. પણ હું કેવળ વિનંતી કરું કે આ છોકરીનું ભવિષ્ય રોળાઈ જશે, એ ધ્યાનમાં રાખી કંઈ કરો, મહેતાસાહેબે મને કહ્યું કે ‘ડૉ. દેસાઈ ચૅરમૅન તરીકે કોઈ આદેશ આપતા નથી, પણ માનવીય મુદ્દા ઉપર આ છોકરીને પ્રવેશ અપાય તેવી તેમની ઈચ્છા છે.’ મને પણ લાગ્યું કે જ્યાં આપણું ગૌરવ જળવાય, નિર્ણયોને માન આપે તેવા વડીલ સંચાલકો હોય ત્યાં મારે પણ હઠ ન રાખવી જોઈએ અને તે છોકરીને મેં ચેતવણી સાથે હોસ્ટેલ પ્રવેશ આપ્યો.

મહેતાસાહેબ કૉલેજ તેમ જ સોસાયટી વહીવટમાં શિસ્ત અને નિયમના પૂરા આગ્રહી એટલે વિદ્યાર્થીઓ તેમ જ કર્મચારીઓને તે કડક લાગે. વળી શિસ્તની વાત કરતા હોય ત્યારે તેમની આંખો મોટી કરીને સામે તાકીને વાતો કરે એટલે સામેની વ્યક્તિ થોડી ગભરાય અને અંકુશમાં રહે. પણ આ વહીવટી પ્રસંગો સિવાય અન્ય તમામ રીતે મહેતાસાહેબ પ્રેમ, કરુણા અને માનવતાથી ભરપૂર. એવા ઘણા કિસ્સા છે કે તેમણે સામે ચાલીને અધ્યાપકો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓને અરે! જે કોઈ મદદ માગવા આવે તેને મદદ કરી છે, તેમની મુશ્કેલીઓ ટાળી છે.

મહેતાસાહેબ પૂરા કુટુંબવત્સલ અને માતૃભક્ત. તેમની નોકરી તો સુરતમાં

પણ માતાની સગવડ સાચવવા કુટુંબ રહે નવસારીમાં. દર શનિ,રવિ મહેતાસાહેબ નવસારીમાં હોય. મારે અનુસ્નાતક વર્ગ લેવા રવિવારે નવસારી જવાનું થાય ત્યારે તે અચૂક મને તેમના નિવાસ જે કૉલેજની નજીકની શેરીમાં જ હતો ત્યાં આવવા આગ્રહ કરે. બે એક વાર તેઓ મને કૉલેજમાં મળવા આવ્યા અને તેમના ઘરે લઈ ગયા હતા. તેમની માતા સાથે મારી ઓળખાણ કરાવી અને જમ્યો પણ ખરો, અને એમણે માતા વિશે ઘણી વાતો કરી. તેમની આ માતૃભક્તિ પ્રત્યક્ષ જોઈને ખરેખર મને તેમના માટે વધારે માન ઊપજ્યું.

તે સમયમાં કેવળ લૅન્ડલાઈન ટેલિફોન અને તે કેવળ કૉલેજમાં અને આચાર્યને ત્યાં. મારે કોઈ અર્જન્ટ ફોન કરવાના હોય તો કૅમ્પસમાં સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. સી. એમ. દેસાઈને ત્યાં જવું પડે. મહેતાસાહેબને ત્યાં પણ ફોન. ૧૯૭૪ના ૧૩ ફેબ્રુઆરીએ મારા પિતા જેઓ તે સમયે વડોદરા નજીક 'ઇન્ડિયન પેટ્રોકેમિકલ કંપની'માં કામ કરતા હતા તેમને અચાનક હાર્ટએટૅક આવ્યો અને અવસાન પામ્યા તેના ખબર ફોનથી સાંજે આઠ વાગે મહેતાસાહેબને તેમ જ ડૉ. સી. એમ. દેસાઈને આપ્યા અને મહેતાસાહેબ જાતે દોડતા આવ્યા, અમને જાણ કરી અને કહ્યું કે તમે તાત્કાલિક પ્રથમ મળતી ટ્રેનમાં વડોદરા જાઓ અને એક અધ્યાપકને બોલાવી તેને અમે ટ્રેનમાં બેસીએ ત્યાં સુધી અમારી સાથે રહેવા અને સાચવવા સૂચના આપી.

૨૩ જુલાઈ ૧૯૮૩માં મહેતાસાહેબને ૬૦ વર્ષ પૂરાં થાય અને તેથી ૧લી ઑગસ્ટથી તે નિવૃત્ત થયા અને ૧લી ઑગસ્ટ ૧૯૮૩થી હું એમ. ટી. બી. કૉલેજનો આઠમો આચાર્ય બન્યો.

મારી આચાર્ય તરીકેની નિમણૂકનો કિસ્સો પણ જણાવવા જેવો છે. આગળના વર્ષોમાં કૉલેજ આચાર્યની પસંદગી કરવાની સંપૂર્ણ સત્તા કૉલેજ સંચાલકોને હતી. પણ વચગાળાના વર્ષોમાં ગુજરાત સરકારે નીતિ બદલી અને કૉલેજ આચાર્યની નિમણૂક પણ અરજીઓ મંગાવી નિયમાનુસાર કમિટી દ્વારા ઉમેદવારોના ઇન્ટર્વ્યૂ લેવાય પછી આ કમિટી ભલામણ કરે. મહેતાસાહેબ ઑગસ્ટ માસથી નિવૃત્ત થવાના એટલે મે ૧૯૮૩ માસમાં વિધિસર ઇન્ટર્વ્યૂ ગોઠવાયા. આ પસંદગી સમિતિ સમક્ષ હું ઉપસ્થિત થયો. હું એક જ ઉમેદવાર હતો. પછી એક કમિટી સભ્ય કહે કે એક જ ઉમેદવાર છે, માટે ફરી જાહેરાત આપો અને ફરી ઇન્ટર્વ્યૂ ગોઠવો. મહેતાસાહેબ સેક્રેટરી તરીકે આ કમિટીમાં હાજર હતા. તેમણે આ કમિટી સભ્યોને કહ્યું કે, 'આ પરીખ સાહેબને આખું ગુજરાત ઓળખે છે. તેઓ સૌ જાણે છે કે, એમ. ટી. બી.માં હવે ડૉ. બી. એ. પરીખને જ આચાર્ય બનાવવાના છે. માટે ફરી જાહેરાત આપવામાં પણ કોઈ બીજા ઉમેદવાર અરજી કરશે જ નહીં અને અમારે આ ડૉ. પરીખને જ પ્રિન્સિપાલ બનાવવાના છે, માટે

આજે જ તેમની પસંદગી કરો અને ઇન્ટર્વ્યૂ કમિટી આ વાત માની ગઈ અને મારી કૉલેજ આચાર્ય તરીકે પસંદગી કરી. સમિતિએ નિર્ણય લીધો અને અહેવાલ બનાવ્યો. સભા પૂરી થઈ કે તરત જ મહેતાસાહેબ કૉલેજમાં જ મારા નિવાસસ્થાને આવ્યા અને મને અભિનંદન આપી આખી વિગત જણાવી. ૧ ઑગસ્ટ ૧૯૮૩થી હું એમ. ટી. બી. કૉલેજનો મહેતાસાહેબનો અનુગામી આઠમો આચાર્ય બન્યો.

આચાર્ય બન્યા પછી મેં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટમાં રસ લેવા માંડ્યો. હું અત્યાર સુધી તો મનોવિજ્ઞાન અભ્યાસ સમિતિનો ચૅરમૅન હતો અને તે રૂએ વિનિયન વિદ્યાશાખાનો સભ્ય પણ હતો. આગળના વર્ષોમાં બે વાર ચૂંટણી લડી હું ઍકેડેમિક કાઉન્સિલનો સભ્ય બની ચૂક્યો હતો. હવે આચાર્ય તરીકે સેનેટ મેમ્બર બન્યો. ૧૯૮૫માં યુનિવર્સિટી અધિકાર મંડળોની નવરચના માટે ચૂંટણી થવાની હતી. આ ચૂંટણીમાં મેં ઝંપલાવ્યું. હું વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ચૂંટાયો અને તે રીતે ઍકેડેમિક કાઉન્સિલનો સભ્ય બન્યો અને ત્યાંથી આગળ ઉચ્ચતમ તંત્ર સિન્ડીકેટમાં ચૂંટાયો. આ જ સમયે ૧૯૮૫, મે માસથી યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે પ્રો. મુકુંદ ત્રિવેદી આવ્યા. આ મુકુંદ ત્રિવેદી ૧૯૫૨-૫૪ના વર્ષોમાં ગુજરાત કૉલેજ હોસ્ટેલમાં મારાથી ચાર વર્ષ જુનિયર અને ત્યારથી મારે તેમની ઓળખાણ થઈ હતી. પછી આ મુકુંદ ત્રિવેદી ૧૯૬૦થી ૧૯૬૬ એમ. ટી. બી.માં અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે આવી ગયા હતા. હવે ૨૦ વર્ષ પછી સુરતમાં આવ્યા કુલપતિ તરીકે. આ જ સમયે નવરચના પામેલી સિન્ડીકેટના ૧૨ સભ્યોમાં મારા સિવાય કોઈ પણ સભ્યને મુકુંદ ત્રિવેદી ઓળખે નહીં એટલે યુનિવર્સિટી વહીવટમાં દરેક બાબતમાં તેઓ મને પૂછે અને મારી જ સલાહ અને સૂચના પ્રમાણે નિર્ણયો લે. વળી હું તો ૩૦ વર્ષથી સુરતમાં હતો. યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ, અધ્યાપકો મને સારી રીતે ઓળખે એટલે મને કામ કરવા અને કામ કઢાવવામાં કોઈ તકલીફ પડે નહીં. આમ ૧૯૮૫થી ૧૯૮૮ અને બીજી વાર ૧૯૮૮ થી ૧૯૯૧ એમ છ વર્ષ હું સિન્ડીકેટ સભ્ય રહ્યો અને યુનિવર્સિટી વહીવટનો ખાસ્સો જાણકાર નિષ્ણાત બની રહ્યો. ૧૯૯૧માં મુકુન્દ ત્રિવેદીનો કાર્યકાળ પૂરો થયો અને નવા કુલપતિની શોધ માટે નિમાયેલી શોધ સમિતિ કામ કરતી હતી. આ ગાળા દરમિયાન મારા હિતેચ્છુ અને મિત્ર એવા ડૉ. સી. એમ. દેસાઈ અને પ્રો. કુંજવિહારી મહેતા મને કહે કે ‘પરીખ સાહેબ, તમે હવે બધી રીતે અનુભવી છો અને કુલપતિ બનવાની પૂરી લાયકાત ધરાવો છો, તમે આ શોધ સમિતિને કહેવડાવોને! મેં કહ્યું કે ‘હું જાતે આ કામ નહીં કરું. હું તમને મારો બાયૉડેટા આપું છું. તમે કોઈ સમિતિ સભ્યને તે મોકલી આપો.’ અને આ હિતેચ્છુ મિત્રોએ મારો બાયૉડેટા સમિતિને મોકલ્યો અને આ શોધ સમિતિએ કુલપતિ તરીકે ત્રણ નામોની ભલામણ કરી તેમાં એક નામ મારું પણ હતું અને

રાજ્ય સરકારે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે મારી પસંદગી કરી. મારી કુલપતિ તરીકેની પસંદગી અને નિમણૂકના સમાચાર ઑગસ્ટ ૭, ૧૯૯૧ના રોજ સાંજે રેડિયો ઉપર આવ્યા. મહેતાસાહેબ રોજ આ સમાચાર સાંભળે અને તેમણે આ સમાચાર સાંભળતા તરત જ કૉલેજ કૅમ્પસમાં મારા નિવાસસ્થાને આવ્યા અને અભિનંદન આપ્યાં. મને તો મારી કુલપતિ તરીકેની પસંદગીની સર્વ પ્રથમ જાણકારી મહેતાસાહેબે જ આપી. પછી તો સતત અભિનંદન અને ફૂલહારની વર્ષા શરૂ થઈ. ઑગસ્ટ ૧૧, ૧૯૯૧ થી મેં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આઠમા કુલપતિ તરીકે હોદ્દો સંભાળ્યો. મહેતાસાહેબ ઘણાં વર્ષોથી સુરતના દૈનિક 'ગુજરાતમિત્ર'માં 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' શીર્ષક હેઠળ અઠવાડિક કૉલમ લખતા હતા. આ કૉલમમાં તેમણે મારી કુલપતિ તરીકે વરણી કરવા માટે રાજ્ય સરકારને અભિનંદન આપ્યાં અને મારી પસંદગીને એક ઉત્તમ, યથાયોગ્ય પગલું તરીકે ગણાવી. મહેતાસાહેબમાં એક અદ્ભુત નિરીક્ષણ શક્તિ હતી. આ બાબત મેં તેમને રૂબરૂ પણ કહી હતી. તેઓ તેમના પરિચયમાં આવતી વ્યક્તિને તેના સ્વભાવ, ચારિત્ર્ય, ગુણો, મર્યાદાઓને સારી રીતે ઓળખી શકતા અને શબ્દચિત્ર દ્વારા રજૂ પણ કરી શકતા. મેં તો તેમને તેમના પરિચયમાં આવેલી વ્યક્તિઓના વ્યક્તિત્વ વિશે પુસ્તક લખવાનું સૂચન પણ કહ્યું હતું. મહેતાસાહેબે તેમની આ કૉલમમાં મારાં હકારાત્મક લક્ષણો અને મર્યાદાઓનું આલેખન કરી હું એક ઉત્તમ અને સફળ કુલપતિ તરીકે પ્રતિષ્ઠા મેળવીશ એવી આશા વ્યક્ત કરી અભિનંદન આપ્યાં હતાં. પછી તો કેટલીયે વાર કોઈ અત્યંત કઠિન સમસ્યાઓ, કઠિન પરિસ્થિતિ, વિદ્યાર્થીઓના પ્રશ્નો હલ કર્યા હોય, તોફાનોનો સફળતાથી સામનો કર્યો હોય, તે બધાંનો તેમની કૉલમમાં વિસ્તારથી ઉલ્લેખ કરી મારી સૂઝ, ધીરજ, સમસ્યાનો સામનો કરવાની હિંમત અને ઉકેલવાની કાબેલિયત વગેરેની પ્રશંસા કરી છે. એમ પણ લખ્યું છે કે 'આ અમુક સમસ્યા તો પરીખ સાહેબ સિવાય કોઈનામાં તેનો સામનો કરવાની તેમ જ ઉકેલવાની આવડત જ નહીં વગેરે. મને પોતાને પણ કોઈ સમસ્યા હોય ત્યારે ઘણી વાર મેં તેમની સલાહ માંગી છે.' કુલપતિ તરીકેનો કાર્યકાળ ત્રણ વરસ માટેનો નક્કી હોય છે. એટલે મારો કાર્યકાળ ૧૧ ઑગસ્ટ ૧૯૯૧ થી ૧૧ ઑગસ્ટ ૧૯૯૪ સુધીનો હોઈ હું મારા કાર્યકાળમાં યુનિવર્સિટીનાં એકદમ બધી જ રીતે ખાડે ગયેલા તંત્રને સુધારવાના અને તેને ફરી પાટા ઉપર લાવવાના અથાગ પ્રયત્નો કરતો હતો. તેમાં મને સફળતા અને યશ પણ મળતાં હતાં. મહેતાસાહેબ જેવાનાં કદર કરતાં જાહેર લખાણોથી મને ઘણો ઉત્સાહ અને હિંમત મળતાં હતાં. મને કદાચ બીજાં ત્રણ વર્ષ કુલપતિ તરીકે નિમણૂક મળે એવી આશા શુભેચ્છક મિત્રો કરતા હતા. ૧૯૯૪ ૩૦ જાન્યુઆરી સવારે ૧૧ વાગે

મારો એમ.ટી.બી. કૉલેજમાં એક કાર્યક્રમ હતો. ત્યાં મને સમાચાર આપવામાં આવ્યા કે ‘મહેતાસાહેબને હાર્ટ એટૅક આવ્યો છે, બેભાન છે અને સુરત જનરલ હૉસ્પિટલમાં ખસેડ્યા છે.’ કાર્યક્રમને અધવચ્ચે મૂકીને એક અધ્યાપકને સાથે લઈને હું તરત સુરત જનરલ હૉસ્પિટલ ગયો. ત્યારે મહેતાસાહેબને એક અલગ રૂમમાં સ્ટ્રેચર ઉપર સૂવાડી રાખેલા મેં જોયા. સતત કંઈને કંઈ કરતા જ હોય તેવા ચેતનવંતા મોટાભાઈ સમા મહેતાસાહેબને શરીરમાં ઠેક ઠેકાણે નળીઓ નાખેલા નિશ્ચેત પડી રહેલા જોવાનું દૃશ્ય મારા માટે અશક્ય હતું અને હું કંઈ કરી શકતો નથી એ મારી અશક્તિ અને મર્યાદાને વાગોળતો હું બહાર આવી ગયો. સાંજે સમાચાર મળ્યા કે મહેતાસાહેબ હવે કાયમ માટે પોઢી ગયા છે અને તેમને છેલ્લીવાર જોવા માટે તરત જ સપત્ની તેમના નિવાસસ્થાન અથુગર મહોલ્લો ખાતે ગયો. બીજા દિવસે ભારે હૃદયે અશ્રુ સાથે અંતિમ વિદાય આપી. અવસાન સમયે મહેતાસાહેબની ઉંમર ૭૦ વર્ષ અને ૬ માસ હતી. આ વય તો હજુ પ્રૌઢ અવસ્થાનો ભાગ ગણાય, વૃદ્ધાવસ્થા ન કહેવાય. વળી મહેતાસાહેબને દેખીતો કોઈ રોગ કે ફરિયાદ નહીં. તે હંમેશાં કાર્યરત જ રહેતા હતા અને હાલ જનસેવાનાં કામોમાં વ્યસ્ત હતા. તેમના શરીરનો બાંધો એકવડો પણ ચુસ્ત અને તંદુરસ્ત. આ મહેતાસાહેબ એકદમ ચાલ્યા ગયા એ ઘટના આજે પણ સમજાતી નથી. અને જુઓ આ ૨૦૨૩ના જાન્યુઆરી માસની ૩૦ તારીખે અવસાનનાં ૨૯ વર્ષ અને ૨૩ જુલાઈએ જન્મનાં ૧૦૦ વર્ષ. સમય તો વહેતો જશે પણ તેમની સ્મૃતિઓ તો આપણી વિદાય સાથે જ લુપ્ત થશે.



ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તથા ધનસુખલાલ મહેતા સાથે

૨

# આચાર્ય કુંજવિહારી મહેતા

## ડૉ. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને કુંજવિહારી મહેતા એટલે ગુરુ શિષ્ય પરંપરાના શ્રેષ્ઠ પ્રતીકો. કુંજવિહારી મહેતાને ત્રિવેદી સાહેબનો પરિચય વિદ્યાર્થીકાળમાં પોતાના ગુરુ તરીકે થયેલો. મહેતાસાહેબ ત્રિવેદી સાહેબના પ્રીતિપાત્ર વિદ્યાર્થી. પંડિતયુગના સાક્ષાર ત્રિવેદી સાહેબ સાથે આગળ જતા એ સંબંધ વધારે કૌટુંબિક સંબંધમાં ફેરવાયો. એમની પાસે મહેતાસાહેબે જીવન અને કવનના પાઠ શીખ્યા એમ કહીએ તો જરાય અસ્થાને નથી. સાક્ષર ગુરુવર્ય શ્રી ત્રિવેદી સાહેબ ખંત અને ચીવટના આગ્રહી, અધ્યાપક, વિવેચક. નિબંધકાર અને એક ઉત્તમ વિવેચક. એમના પ્રકાશિત ગ્રંથોથી ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થયું છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું નામ શુક્રના તારા સમાન ગુજરાતી સાહિત્યમાં ઝળહળતું રહેશે. પંડિતયુગ થી અર્વાચીન યુગ સુધી તેમણે વિચાર્યું છે. અખા થી શરૂ કરી પન્ના નાયક સુધી જેવા સર્જકોને તેમણે આવરી લીધા છે. મહેતાસાહેબ પ્રત્યે એમની અનોખી પ્રીતિ અને મહેતાસાહેબને એમના પ્રત્યે અનન્ય પિતાતુલ્ય, આદરભાવ, પૂજ્યભાવ.

"કે. સી." તરીકે જાણીતા એમ. ટી. બી. કૉલેજના પ્રિન્સિપાલ પ્રો.કુંજવિહારી મહેતા મારા પ્રિય સુહૃદ છે. એમને અમે કુટુંબીજન 'કુંજભાઈ' કહીએ છીએ. વળી, મને ટૂંકાક્ષરી નામો - આર. કે., સી. સી., પી. ટી. કે એ. ટી. જેવાં ગમતાં નથી. મને એમાં ગુજરાતીપણાની અવજ્ઞા કરવા જેવું લાગે છે. પણ આ લેખમાં થોડોક "કે. સી."થી વ્યવહાર કરીશ.

આચાર્ય મહેતાની પ્રિન્સિપાલ તથા સોસાયટીના મંત્રી તરીકે નિવૃત્તિ નજીક આવે છે ત્યારે શ્રી ભગવતીભાઈને પ્રશ્ન થયો તે સૌને થાય છે કે 'આ કેવું વિચિત્ર લાગે છે કે વ્યક્તિ માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં જરાકે વૃદ્ધ નથી, જે કલાકો સુધી વિદ્યાકીય કે વહીવટી કામ કરી શકે છે, જે વક્તા તરીકે પ્રસિદ્ધ છે. જેની સૂઝ, જ્ઞાન અને વ્યવસ્થાશક્તિનાં ડૉ. રમણભાઈ દેસાઈ જેવા અનેકોએ મુક્તકંઠે વખાણ કર્યા છે, તેને જાણે "પ્રૌઢ જુવાની"માં વ્યવસાય અને ઉદ્યમથી, જડ નિયમનાં બંધનોને કારણે, અળગા કરવા જેવું થાય છે!' આ એક બોલકી જીવનવક્રતા છે.

"કે. સી." સોસાયટીના અધિકારી તરીકે અસાધારણ સફળ છે પણ સ્મરણમાં રાખવાની મોટી વાત આ છે કે તેઓ અધ્યાપક તરીકે ઉત્તમ સફળતા પામેલા છે. પ્રોફેસર સર્વપ્રથમ શિક્ષક હોવો જોઈએ : વિદ્યાર્થી અને અધ્યાપકનો ભાવાત્મક સંબંધ સહેજે રચાય તેમાં જ અધ્યાપકની સફળતાની ચાવી છે. આ ભાવાત્મક સંબંધના પ્રવર્તનથી "કે. સી." ઉત્તમ અધ્યાપક છે. મને થોડી આશંકા છે કે પ્રા. મહેતાને નોકરીની શરૂઆતમાં કેટલીક પરિસ્થિતિજન્ય મર્યાદાઓ અનુભવવી પડેલી. તેમની શક્તિ અનુસાર સ્થાન મેળવતાં તેમને વાર લાગેલી. પણ આજે તેનું સ્મરણ મિથ્યા છે. એમની બહુમુખી શક્તિની પૂરી પિછાણ થયાં પછી પણ, આપણે તેમની વિદ્યાકીય સજ્જતા, સર્જનાત્મક સૂઝ, શાણપણ સાથે હિંમત અને વહીવટી કુશળતાનો લાભ ન લઈ શકીએ તો એ સામાજિક પ્રમાદ કે લાચારીનું ચિહ્ન જ ગણાય. સૂરતના અભ્યુદયનું હિત, સૂરતનું ગૌરવ, તેની વિદ્યાકીય પ્રતિષ્ઠા સમજનાર વિબુધો અને ધીમંતો જરૂર ઇચ્છશે કે પ્રા. મહેતાનું કાર્ય કોઈ રીતે કૉલેજ યા યુનિવર્સિટીમાં યા સોસાયટીમાં યા અન્ય કોઈ સુપ્રતિષ્ઠિત, સાંસ્કૃતિક સંસ્થામાં ચાલુ રહે. કૉલેજનો અધ્યાપક ખરું જોતાં ત્રીસ વર્ષે તે પદને માટે ખરેખર લાયક થાય છે. પાંડિત્યમાં અને અધ્યાપન પ્રાવીણ્યમાં તેનો વિકાસ થયા જ કરે છે. રાજકીય- સામાજિક નીતિને લીધે આપણે વૃદ્ધત્વનો આંક વહેલો ગણ્યો છે, પણ હવે સામાન્ય રીતે પાંસઠ વર્ષે જ વૃદ્ધત્વ આવે છે એમ ગણવું જોઈએ. અધ્યાપનનું કાર્ય પંચોતેર વર્ષ સુધી સ્વસ્થ અને સુદૃઢ પુરુષ કરી શકે. સમગ્ર રાજકીય - સામાજિક નીતિની દૃષ્ટિએ જે નિયમો ઘડાયા છે તે એકાએક ફેરવી શકાતા નથી. પણ યુનિવર્સિટી અને વિદ્યાકીય સંસ્થાઓ કેટલીક

બાબતોમાં સ્વતંત્ર હશે જ. માત્ર એને એવા પ્રશ્નમાં સમાજનું હાર્દિક અને વ્યવહારિક સમર્થન હોવું જોઈએ. પ્રશ્ન વ્યક્તિને સહાય થવાનો નથી, સમાજને અતિ ઉપયોગી એવી સેવાનો છે. દેશહિતચિન્તકો જરા ઊંડાણથી જુએ તો લાગશે કે કેટલીક બધી ઉચ્ચ કોટિની શક્તિ કૃત્રિમ અવરોધો અનુભવે છે. પ્રૌઢ વિદ્વાનો સેવા કરવા તત્પર અને આતુર હોય, પણ તેમને જ્યાં ત્યાં રૂંધામણ વરતાતી હોય તો, અન્ય કોઈ વ્યક્તિ કે વર્ગને અન્યાય કર્યા વિના, લોક-અભ્યુદયનું સાંસ્કૃતિક કાર્ય કૃત્રિમ નિવૃત્તિને કિનારે આવેલા ધીમંતો દ્વારા કરાવી શકાય. વિદ્યા અને સંસ્કારના ક્ષેત્રમાં વિબુધો ઉત્કર્ષક કાર્યની નવી દિશા જોઈ શકે. નર્મદે કર્યું, રણજીતરામે કર્યું, જિનવિજયજી, પુણ્યવિજયજી અને સુખલાલજીએ કર્યું, વિક્રમ સારાભાઈ કે સાંકળિયાએ કર્યું તેવા કામની અટકળ થઈ શકે.

આ સામાન્ય પ્રશ્ન લોકહિતની એક સમસ્યા છે અને તેનો ઉકેલ આજે નહિ તો કાલે લોકસમસ્તે લાવવો પડશે.

જાગ્રત અને સાવધાન સમાજ પોતીકી સૂઝથી નવા ચીલા પાડે અને હરેક ક્ષેત્રના નિષ્ણાતોનો પૂર્ણ લાભ લે. આવા પ્રશ્નમાં સરકાર સામે નજર કરવાની નથી, પ્રજાકીય સંસ્થાઓની જે સ્વાયત્તતા હોય તેનો વિનિયોગ કરવાનો છે. વિદ્વાનોની સહકારી સર્જકશક્તિનો આ પ્રશ્ન છે.

વિદ્યાર્થી સહજતા, સ્ફૂર્તિ, ચપળતા, સૂઝ, ધીરતા, આયોજનશક્તિ તથા વહીવટી કુશળતામાં આચાર્ય કુંજવિહારી મહેતાની બરોબરી કરી શકે એવા અન્ય નિપુણ વિદ્વાનો દક્ષિણ ગુજરાતમાં બહુ ઓછા હશે.



એમ. ટી. બી. કૉલેજમાં પ્રાધ્યાપક

૩

# કે. સી.

ડૉ. આર. કે. દેસાઈ

સુરત શહેરમાં ત્રણેક દાયકા એવા હતા કે તબીબી ક્ષેત્રે ડો. રમણલાલ કાલીદાસ દેસાઇ જેવું કોઇ હતું જ નહિ. ડો. આર. કે. ના હુલામણા નામથી લોકો એમને ઓળખતા. એમની એક એવી અનોખી પ્રતિભા હતી કે કોઇ ખાસ એમની નજીક હતું નહિ. દર્દીઓ સાથે અત્યંત પ્રેમાળ અને મૃદુ પરંતુ સામાન્ય રીતે સામાજિક રીતે ખાસ ભળતા નહોતા. અચાનક કોઈ એક પ્રસંગે ઈસ્પિતાલમાં ડોક્ટર સાહેબની સાથે એમની મુલાકાત થઈ અને સંબંધ બંધાયો. પછી ડોક્ટર સાહેબ 'સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી'માં અધ્યક્ષ બન્યા અને તેઓ મહેતાસાહેબ બંનેની પ્રકૃતિ અલગ પરંતુ અત્યંત ઘનિષ્ઠ મૈત્રી. મહેતાસાહેબનું તો મોટું મિત્ર વર્તુળ હતું; પરંતુ ડોક્ટર સાહેબને તો મહેતાસાહેબ જેવો સંબંધ કોઈ સાથે હોય એવું જાણ્યું નથી.

જે વ્યક્તિ આપણી બહુ નિકટ હોય તેના વિશે આપણા વિચારો વ્યક્ત કરવાનું ખરેખર કપરું અને નાજુક કામ છે. કારણ વૈયક્તિક લાગણીઓનું સ્વરૂપ એવી વસ્તુ છે કે એની યથાતથ તેમ જ સમગ્રતાથી વ્યક્ત કરવા જતાં જેમને લિખિત કે વાચિક શબ્દના માધ્યમ દ્વારા લાગણીઓની અભિવ્યક્તિ કરવાની ફાવટ કે હથોટી હોય તેવી વ્યક્તિને પણ આવા પ્રસંગે પોતાની શક્તિમાં કશીક અધૂરપ જણાઈ આવે.

આચાર્ય કુંજવિહારી મહેતા વિશે ઘણું લખાયું બોલાયું છે અને નજીકના ભવિષ્યમાં ઘણું બધું કહેવાશે પણ ખરું. મારે કુંજવિહારી મહેતા સાથે એમને કે. સી. કહીને સંબોધવા જેટલાં અધિકાર અને અંગતતા છે. અલબત્ત ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવાને પ્રથમાક્ષરોથી બનાવેલા વ્યક્તિ નામે કોઈને સંબોધવા પ્રત્યે અણગમો છે એ હું જાણું છું – એમના જેવાને આમાં કશુંક વિદેશી, અપરિચિત સંબોધન લાગે પણ હું કુંજવિહારી મહેતા સાથેની અંગતતાના દાવે એમને વિશે કે. સી. એવું નામ વાપરું તો મુ. વિષ્ણુભાઈ તેમ જ કે. સી. મારો આ અધિકાર નિભાવી લેશે એમ ધારું છું.

વિધિનું કરવું કે હું કે. સી. થી પાંચ વર્ષ વહેલો જન્મ્યો અને વહેલો જન્મ્યો એટલે શિક્ષણના વિવિધ તબક્કાઓ પાર કરવામાં અને પસંદ કરેલા વિદ્યાક્ષેત્રની યાત્રા પૂરી કરવામાં પણ પાંચ વર્ષ આગળ રહ્યો. જે બે નિકટના મિત્રો મને મળ્યા છે તેમાંના એક અત્યારે નિવૃત્ત થઈ આઇ. સી. એસ. અધિકારી છે અને બીજા કે. સી. બંનેને થવું તો હતું તબીબ અને થઈ બેઠા બીજું કશુંક. મને એનેટૉમી - ફિઝિયોલૉજિ લઇને બીએસસી થવા માટે અને પછી લંડનની આઇ. સી. એસ. પરીક્ષા આપવા માટે દબાણ થતું રહેલું પણ હું છેવટે તબીબ જ બન્યો. મારા બંને મિત્રોને માટે નિવૃત્તિવય નિશ્ચિત રહી. મારે માટે નિવૃત્તિનો કોઈ કાળ જ નહિ.

કારકિર્દી બાબતમાં અમારા કે અમારાં માતા-પિતાના મનસૂબા ગમે તે રહ્યા હશે, આજે એકંદરે અમે એ વાતે સંતુષ્ટ છીએ કે અમારાં વ્યવસાયક્ષેત્ર સાથે સીધો સંબંધ ન ધરાવતાં કાર્યક્ષેત્રો અંગે પણ ચર્ચા - વિવાદ દ્વારા અમે અમારાં જ્ઞાનની ઊણપ પૂરી કરી શકીએ છીએ અને એ રીતે અમારા જ્ઞાનના કિલ્લામાં રહી જવા પામેલાં ગાબડાં પુરાય છે. જો કે જ્ઞાનવિસ્તારને કોઈ સીમા નથી, સીમા હોય છે આપણી જ્ઞાનને જીરવવાની અને જોગવવાની શક્તિને. તેટલે અંશે આપણા વ્યક્તિત્વને ધાર આપવામાં જે કચાશ રહે તે તો રહેવાની જ.

મારી અને કે. સી.ની મૈત્રીના એક યાદગાર સીમાચિહ્નનો ઉલ્લેખ કરવો જોઈએ. સ્વ. લલિતમોહન ચુનીલાલ ગાંધી ત્યારે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની કાર્યવાહક અને વ્યવસ્થાપક સમિતિઓના અધ્યક્ષ હતા. એક સાંજે દિવાળીબાગની હરિયાળી પર તે વખતના મહારાષ્ટ્રના રાજ્યપાલ સ્વ.મહારાજકુમારના માનમાં ગોઠવાયેલા સત્કારસમારંભમાં સ્વ. લલિતમોહન ગાંધીએ મારી સામે પ્રસ્તાવ મૂક્યો કે મારે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની વ્યવસ્થાપક સમિતિમાં જોડાવું. આ પ્રસ્તાવને હું એમની મારા પ્રત્યેની લાગણીની અભિવ્યક્તિ ગણાવું. સાર્વજનિક સોસાયટી માટે એ જુદો કાળ હતો જ્યારે સમાજસેવાની સંસ્થાઓમાં પદને માટે ભાગ્યે જ ચૂંટણીઓ યોજાતી. હું આ વાતનો આટલા વિસ્તારથી એટલા માટે ઉલ્લેખ કરું છું કે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની વ્યવસ્થાપક સમિતિમાં મારા જોડાવાની ઘટના કે. સી. સાથેની મારી ચિરંજીવ મૈત્રીનું પ્રારંભબિંદુ અંકિત કરે છે. એ મૈત્રી બંધાયાને આજકાલ કરતાં પચ્ચીસેક વર્ષ થઈ ગયાં. જેમ જેમ વર્ષો વહેતાં ગયાં તેમ તેમ સોસાયટીની કાર્યપદ્ધતિ અને એની શૈક્ષણિક ફિલસૂફીમાં હું પલોટાતો ગયો અને ખાસ તો સોસાયટી જેવી શૈક્ષણિક સંસ્થાઓના વહીવટની દીક્ષા પણ પામતો ગયો. એટલે વખત જતાં જ્યારે હું એની કાર્યવાહક તેમ જ વ્યવસ્થાપક સમિતિઓનો અધ્યક્ષ ચૂંટાયો અને બાર વર્ષ સુધી ચૂંટાતો રહ્યો તેમાં સોસાયટીના મંત્રીની હેસિયતમાં કે. સી.નું ડહાપણ, એમની મંત્રી તરીકેની ઉપયોગી સલાહ- મંત્રણા મને અઢળક

પ્રમાણમાં મળતાં રહ્યાં અને એ કારણે જ આ મોટી જવાબદારીનું પદ હું નિભાવી શક્યો.

સોસાયટીના અધ્યક્ષપદના એ વર્ષો દરમિયાન મને કે. સી.ની જીવનનાં અને વિદ્યાના ક્ષેત્રમાં કેટલી ઊંચી કાબેલિયત અને ઊંડી કોઠાસૂઝ છે તેનો ઘનિષ્ઠ પરિચય મળ્યો. હું જાણું છું ત્યાં સુધી સોસાયટીના મંત્રી તરીકે એમની નિઃસ્વાર્થ સેવા કોઈ એક વ્યક્તિ માટે લાંબામાં લાંબી રહી છે. આ લાંબા સમયપટમાં સાઠીના દાયકા સુધી તો સોસાયટીનો વહીવટ એકંદરે સરળતાપૂર્વક ચાલતો રહ્યો પણ ત્યાર પછી જે રાજ્યવ્યાપી ઊથલપાથલો થઈ તેણે સોસાયટીના તંત્રની શાંતિ, સંવાદિતા અને સરળતામાં ઉત્તરોત્તર વધુ ને વધુ મોટી બાધાઓ ઊભી કરી અને એના અંતિમ પરિણામરૂપ સંનિષ્ઠ અને સેવાધર્મી શિક્ષકોની, સ્વયંસેવકોની, સામાજિક કાર્યકરોની અને માનવતાવાદી મહાનુભાવોની અનેક પેઢીઓના પરિશ્રમથી શિક્ષણની જે ભવ્ય ઈમારત પોષાઈ અને વિકસી હતી તેને ભારે હાણ પહોંચી. આ ગાળા દરમિયાન કહેવાતા નવનિર્માણના આંદોલનની આગને ઝનૂની, અસહિષ્ણુ, દંભી અને સત્તાલોલુપ રાજકારણીઓએ એવી ભડકાવી કે એની આંચમાં શિક્ષણનું જીવનસત્ત્વ જ હોમાઈ - ભૂંજાઈ ગયું. આમાં મિલકતોની હાનિ કે જાન હાનિ મોટી હતી એ પણ ખરું, પણ સૌથી મોટી હાનિ તો એ થઈ કે આંદોલનમાં શિક્ષણનાં મૂલ્યો પરત્વેની આપણી શ્રદ્ધાની અમૂલ્ય મૂડીનો જ નાશ થયો. શ્રદ્ધાના હ્રાસની આ પ્રક્રિયા ત્યારથી આજ સુધી એવી સતત ચાલતી રહી છે કે એને કારણે વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વિદ્યાનું તંત્ર તેમ જ પ્રજાના વિવિધ વર્ગો વચ્ચેના સંબંધની શૃંખલા જ શિથિલ બની ગઈ.

આવી વ્યાપક સામાજિક પરિસ્થિતિનો દુષ્પ્રભાવ સાર્વજનિક સોસાયટીના તંત્ર પર ન પડે એવું બને નહિ અને તે બન્યું. આંદોલનની વિભીષિકા અને અનુ-નવનિર્માણયુગની વિસંવાદિતાનો એરું સોસાયટીને પણ આભડ્યો અને ત્યારે એને ભારે હાનિ પહોંચી. જ્યાં વર્ષોથી સોસાયટીની નાવ શાંત - સ્થિર પાણીમાં સરી રહી હતી ત્યાં પણ કેટલોક વિક્ષોભ ઉત્પન્ન થયો અને સોસાયટીની નાવ તોફાનમાં સપડાઈ. આમાંથી એ નાવને સલામત પાર ઉતારવાનું કામ સોસાયટીના તત્કાલીન તંત્રવાહકોને માથે આવ્યું. મારે એક મહત્ત્વની તવારિખી નોંધ તરીકે અહીં ઉમેરવું જોઈએ કે આ વિકટ સમયમાં કે. સી. ની નિષ્ઠા, એમનું ડહાપણ, કુનેહ, ધૈર્ય, હિંમત એ બધા ગુણો કપરી કસોટીએ ચડ્યા અને એ જ ગુણોના બળે સોસાયટીનું તંત્ર તૂટી પડતું અટક્યું એટલું જ નહિ પણ ત્યાર પછી મુશ્કેલીનાં વળતાં પાણી થતાં સોસાયટી પુનઃ પ્રગતિને પંથે પુરઃ સર થઈ. આજે સોસાયટીના માળખામાં જે સ્થિરતા અને સ્વસ્થતા છે તે એણે આવા નાજુક અને કસોટીરૂપ કાળમાં બતાવેલા અંતઃસત્ત્વનું પરિણામ છે. એ અંતઃસત્વને પોષવામાં

સોસાયટીના મંત્રી તરીકે કે. સી.નું અર્પણ ઘણું ઊજળું રહ્યું છે. સોસાયટીના ઇતિહાસને પાને કે. સી. વિશેની આ નોંધ મૂકવાની મારી એ રીતે પણ ફરજ ગણાય કે મારા પુરોગામી અધ્યક્ષોમાંથી એ કાર્ય કરવા આજે કોઈ જીવંત નથી અને કે. સી.ની મંત્રી તરીકેની કુશળતા, કુનેહ અને એમને નાનાવિધ પ્રશ્નોને ઉકેલવામાં મળેલી બહુવિધ ઉપલબ્ધિઓની નોંધ લેવી સોસાયટીને માટે આવશ્યક છે. એમાં મારા કે. સી. સાથેના અંગત સંબંધનો ઓછાયો પડતો હોય તેમ બને. તેનું કોઈ નિવારણ નથી તેથી આટલું આત્મકથન નિભાવવું જ યોગ્ય ગણાય.

પરંતુ હું એમના વ્યક્તિત્વના અન્ય કેટલાંક પાસાં વિશે પણ થોડુંક કહીશ. સોસાયટીના મંત્રી તરીકે તો મારા અનુગામી શ્રી વિરેન્દ્ર ગાંધીને પણ એમના વિશે ઘણું કહેવાનું હશે અને તે પ્રસંગે કહેશે. એટલે હું કે. સી.ના જીવનનાં અન્ય પાસાંને મેં જેવાં જોયાં - જાણ્યાં છે તે વિશે કહીશ. એ શિક્ષક તરીકે, આચાર્ય તરીકે, શિસ્તમય જીવનના આગ્રહી તરીકે અને સાથીદાર તરીકે કે. સી. નું મૂલ્યાંકન કરનારા વધુ સક્ષમ, યોગ્યતાવાળા સજ્જનો છે. વળી શૈક્ષણિક જીવનમાં સર્જાતી કટોકટીઓના પ્રસંગે એક વિષ્ટિકાર તરીકે જુદાં જુદાં વિદ્યાર્થી-જૂથ, સંઘર્ષમાં ઊતરેલા પક્ષો, જાતજાતની ફરિયાદો લઈ આવતા વાલીઓ, શિક્ષકોના પ્રશ્નોમાં વચ્ચે પડી સમાધાન કરાવનાર તરીકે, યુનિવર્સિટી કક્ષાએ ઊંચાં અધિકાર મંડળોમાં સભ્ય કે અધ્યક્ષ તરીકે કામગીરી બજાવતા એક જાહેર કાર્યકર તરીકે, યુનિવર્સિટીના કાયદા - કાનૂનના એક અઠંગ જાણકાર તરીકે શૈક્ષણિક અને પરીક્ષાસુધારણા જેવી જટિલ સમસ્યાઓમાં બુદ્ધિપૂત માર્ગદર્શન આપનાર તરીકે એમણે આજપર્યંત અસરકારક અને ગતિશીલ નેતૃત્વ પૂરું પાડ્યું છે.

ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓ તેમ જ તે બે ભાષાના સાહિત્ય - જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓની અનેક પેઢીઓ પામી છે અને કૃતાર્થ થઈ છે. આજે તો એમાંના કેટલાક આ દેશમાં કે પરદેશમાં મોટાં સ્થાનોના અધિકારી બની યશસ્વી કારકિર્દીને વર્યા છે.

કે. સી.ના મેધાવી પત્રકારત્વના તો અસંખ્ય પ્રશંસકો ઠેર ઠેર મળી આવશે. 'ગુજરાતમિત્ર'ને પાને એમની મંગળવારી કટારની ઉત્સુકતાથી રાહ જોનારાં ઘણાં હોય છે. આ કટારોનો વિષયવ્યાપ એવો છે કે જીવનનાં લગભગ પ્રત્યેક પાસાંને એના લેખો અવારનવાર સ્પર્શતા હોય છે. એ કટાર વિશે કહેવું એ સમર્થિતરાય સમર્થનમ્ જેવું ગણાય. પરંતુ એટલું નોંધવું ઘટે કે છેલ્લી પા સદીમાં વિવિધ સમયે બનેલી વિવિધ ઘટનાઓની એમાં સિલસિલાબંધ નોંધ અને તે ઉપર કે. સી.નું સ્પષ્ટ ચિંતન જોવા મળે છે. આ કટાર વિશે જો વ્યક્તિગત ઉલ્લેખ ક્ષમ્ય ગણાય તો નોંધવું જોઈએ કે તબીબી શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય, ધર્મ વગેરેને લગતા પ્રશ્નો વિશે કે. સી.એ અને મેં વિચારોનું, ચર્ચાનું ઘણું આદાનપ્રદાન કર્યું છે. આ કટારોમાં આવતા લેખોની સામગ્રી અને વિચારો એટલાં સમૃદ્ધ અને મહત્ત્વનાં છે કે થોડાંક વર્ષો પહેલાં મેં કે. સી.ને સૂચન

કરેલું કે એમનું યોગ્ય ચયન - સંપાદન કરીને એને પુસ્તક આકારે પ્રસિદ્ધ કરવામાં આવે તો આપણા સમાજના સાંપ્રત જીવનનાં વિવિધ પાસાં વિશે સંશોધન કરનારને ઘણી ઉપયોગી માહિતી એકરૂપમાં ઉપલબ્ધ થઈ શકે. આજે મારી એ ભાવના કુંજવિહારી મહેતા અભિનંદન સમિતિના માધ્યમ દ્વારા ચરિતાર્થ થાય છે તેનો મને ઘણો આનંદ છે.

દૈનિક કટાર લખનાર તરીકે કે. સી.માં આટલા ગુણો તો સૌએ નોંધ્યા હશે જ કે એમના પ્રતિભાવો શીઘ્ર અને તીવ્ર હોય છે. કારણ કે એ અત્યંત સંવેદનપટુ માણસ છે. એ તરલ પણ છે અને સરલ પણ છે. એટલે એમના વિચારોમાં નિખાલસતા એક આગળ પડતું લક્ષણ બનીને વ્યક્ત થાય છે. ઉચિત પ્રયોજન માટે સંઘર્ષમાં ઊતરવાની પ્રબળ જિજુત્સુવૃત્તિ એમનામાં છે. ખાસ તો દબાયેલી - કચડાયેલી, અન્યાયી પીડિત, અપમાનિત એવી કોઈ પણ વ્યક્તિ કે એવા સમૂહ માટે એમની સહાનુભૂતિ એવી પ્રબળ હોય છે કે એવાઓના ભેરુ બની તરત લડવા સજ્જ થાય. આને પરિણામે એક તરફથી એમના પ્રશંસકોની સંખ્યા વધી છે તેમ એમને અને એમના પરિવારને અંગત રીતે વિવિધ રીતનો સંતાપ - ઉત્તાપ થાય એવું પણ બનવામાં બાકી રહ્યું નથી. જો કે કે. સી. જેવી ધારદાર જીભ ધરાવતો માણસ સૌનો લાડકો બની શકે એવી આશા રાખવી એ જ વધારે પડતી ગણાય અને છતાં એટલું કહેવું પડશે કે કશો આડ-પડદો રાખ્યા વિના, કશા દંભ-ડોળ વિના પોતાને જે સાચું લાગે તે કહેવા-કરવાની આ વિશિષ્ટતાને લીધે જાહેર હિતના પ્રશ્નોની ચર્ચા પ્રસંગે કે. સી. વક્તા, સંચાલક કે પ્રમુખ ન હોય એવું બન્યું નથી.

એમની જબાન ધારદાર ખરી, સિદ્ધાંતના પ્રશ્ને એમનું વલણ અડગ નિર્ધારભર્યું પણ માનવીય પરિસ્થિતિમાં કે. સી. ફૂલ જેવા કોમળ અને ઋજુ હોય; એમનામાં માનવતાવાદી ગુણ એની સોળે કળાએ ખીલેલો જોવા મળે છે. બહારથી કઠોર કોચલું ધરાવતો આ માણસ માનવીય લાગણીઓને સ્પર્શતા પ્રસંગોએ, મિત્રો-સાથીઓની ભીડ - આપત્તિના પ્રસંગે લાગણીઓના આંદોલને અસ્વસ્થ બની જાય. એમની સહાનુભૂતિ ક્યારેય કેવળ શાબ્દિક ન હોય, એ ક્રિયાત્મકપણ હોય. કોઈને આર્થિક ભીડ હોય અને આર્થિક રીતે એ બીજાની મદદ ન કરે એવું બને નહિ અને એવી મદદ વળતરની અપેક્ષાએ ન હોય. એની કોઈ બડાશ પણ ન કરે એટલે એમની કોઈ પણ પ્રકારની સહાય પામનાર એમના પ્રેમથી હમેશાં જિતાઈને રહે.

આજે જ્યારે મિત્રતાની ભાવનાનું દારિદ્ર્ય ચારે તરફ વર્તાઈ રહ્યું છે ત્યારે નિર્વ્યાજ મિત્રતાનું કે. સી.નું નિરંતર આચરણ વ્યક્તિગત રીતે મારા પરિવાર માટે મહામૂલું બની રહ્યું છે. પરિવારના એક સાચા મિત્ર તરીકે અમે એમની ઉષ્મા, પ્રેમ, નિષ્ઠા અને કાળજીનો વર્ષોથી અનુભવ કર્યો છે. મારા કુટુંબની કોઈપણ મુશ્કેલી કે મૂંઝવણના પ્રસંગે કે. સી.ના પડખે હોવા માત્રનું ઘણું મોટું આશ્વાસન અમને રહ્યું છે.

એમની સાથેના પારિવારિક મિત્રતાના આટલાં વર્ષો દરમિયાન, અલબત્ત કે. સી.ની ધર્મ વિષયક પ્રતીતિઓ વિશે હું ચોક્કસ કોઈ અંદાજ બાંધી શક્યો નથી. દેવ-દેવીઓમાં એમની શ્રદ્ધા કેવી - કેટલી તેનો પણ ક્યાસ કાઢી શકાયો નથી. પણ શ્રી મોટા સાથેના મારા અંગત તેમ જ વ્યાવસાયિક સંપર્કના અનુસંધાનમાં એમની વારંવારની મુલાકાતો દરમિયાન ઘણીવાર કે. સી. તેમ જ ઉપેન્દ્ર અલમૌલા, સંપત દેસાઈ જેવા કેટલાક મિત્રો મારી સાથે રહેતા. આવી મુલાકાતો દરમિયાન સ્વ. શ્રી મોટા જેવા સમાજહિતૈષી સંત સાથેની વાતચીત દરમિયાન કે. સી. પણ તેમાં અવશ્ય જોડાતા અને એ રીતે ઈશ્વર, ધર્મ, નીતિ, માનવવ્યવહાર, શિક્ષણ, દિવ્યજીવન, માનવતાવાદ, કરુણા, સમાજધર્મ એમ અનેકવિધ વિષયોની ચર્ચામાં સ્વ. શ્રી મોટા અને કે. સી. ને મેં જોયા છે. આ ચર્ચાઓથી એ પ્રભાવિત થયા હશે એટલે જ એના પરિણામસ્વરૂપે અમારા માધ્યમ દ્વારા શ્રી મોટાના હરિઓમ્ આશ્રમે સાર્વજનિક સોસાયટીને સુરત - ગુજરાતના મહાન સપૂત નર્મદની સ્મૃતિમાં ચુનીલાલ ગાંધી વિદ્યાભવનના આશ્રયે એક ગ્રંથ પ્રકાશન યોજના માટે રૂા. ૨૫,૦૦૦નું દાન આપ્યું તેમ જ ‘ઑલ ઇન્ડિયા મેડિકલ કાઉન્સિલ’ના આશ્રયે એક સંશોધન પારિતોષિક આપવાની યોજના સાકાર કરવા રૂપિયા સાડાત્રણ લાખનું દાન આપ્યું. આ યોજનાઓ મૂર્તિમંત કરવાની દિશામાં કે. સી. એ જે પરિશ્રમ કર્યો છે તેનો આજે જાહેરમાં ઉલ્લેખ કરવો ઉચિત સમજુ છું. એ જ રીતે તાજેતરમાં શ્રી પીઠાવાળા દ્વારા શરૂ કરાયેલા ‘ઓજસ્ ટ્રસ્ટ’ની રચનામાં પણ કે. સી. એ અનન્ય પરિશ્રમ કર્યો છે તે સ્વીકારવું રહ્યું. એ ટ્રસ્ટના માનદમંત્રી બનીને એના હેતુઓને પરિપૂર્ણ કરવામાં પોતે મદદરૂપ થવાનું સ્વીકાર્યું છે એ ટ્રસ્ટને માટે આનંદની વાત છે.

કે. સી. સાથેની મારી મૈત્રીની આ કથા લાંબી થઈ તે હજી લાંબી થઈ શકે પણ આ લેખની લંબાઈની મર્યાદા ઓળખીને હું સંયમ જાળવવાનું ઉચિત સમજું છું. આ નિરૂપણમાં અંગતતાનો સ્પર્શ આવવો અનિવાર્ય હતો અને તેમ થયું છે - કારણ કે. સી. વિશે જો મારે પ્રમાણિકપણે અને મારી દૃષ્ટિએ જે છે તેની વાત કરવી હોય તો એમાં અંગતતા ન હોય તો બીજું શું હોય? અમારી મૈત્રી એટલી લાંબી છે અને એમાં એટલી બધી ઘટનાઓનો સમાવેશ થાય છે કે એમાંથી શું આલેખવું, શું બાકી રાખવું, ક્યાંથી શરૂ કરવું અને ક્યાં સમાપન કરવું એ કપરું કામ લાગે છે, એટલે અંતમાં એટલું જ કહીશ કે કે. સી. જે છે તેવા અને તે રીતે મને ગમ્યા છે. એ જેવા છે તેવા મને ગમે છે અને હવે પછી એ કેવા હશે તે ન કહી શકું છતાં એટલું કહી શકું કે એ જેવા હશે તેવા મારા ગમતા માણસ હશે.



નિવૃત્તિ પ્રસંગે ૧૯૮૩ - ડાબેથી ડૉ. ધીરુભાઈ વી. દેસાઈ,
શ્રી ગોવિંદજી યુ. પટેલ(ઉપાધ્યક્ષ) નિવૃત્ત આચાર્ય કુંજવિહારી મહેતા,
ડૉ. આર. કે. દેસાઈ (અધ્યક્ષ) દ. ગુ. યુનિ.ના કુલસચિવ શ્રી ગુણવંતભાઈ એ. દેસાઈ

૪

# મારા સંનિષ્ઠ મિત્ર

**ઉશનસ્**

શ્રી નટવરલાલ પંડ્યા મૂળ નામ પણ વધારે ઓળખાય 'ઉશનસ્' એમના તખ્ખલુસથી. ગુજરાતી સાહિત્યના ઉત્તમ સોનેટકાર તરીકે ખ્યાતિ પામનાર કવિશ્રી ઉશનસ્ ગુજરાતી સાહિત્યના અધ્યાપક - પ્રથમ નવસારી કોલેજમાં અને ત્યાર બાદ વલસાડ કોલેજમાં - આચાર્યપદ પણ સંભાળ્યું. ઉશનસ્ અને મહેતાસાહેબ બંને સહૃદયી મિત્રો. યુનિવર્સિટીના અધિકાર મંડળોની સભાઓ માટે વલસાડથી ટ્રેઇનમાં આવે એટલે સીધા ઘરે આવે અને મહેતાસાહેબ સાથે ભોજન લઈ યુનિવર્સિટીની મીટિંગમાં જવાનો ક્રમ વર્ષો સુધી રહ્યો. ઉશનસ્ ઉત્તમ સર્જક - ગુજરાતી ભાષાનું આભૂષણ એમ મહેતાસાહેબ કહેતા.

વયમાં મારાથી ત્રણેક વર્ષ નાના શ્રી કુંજવિહારી ચુ. મહેતા (જન્મ ૧૯૨૩) મૂળ નવસારીના, પણ એમની કારકિર્દીનો વિકાસ સૂરત શહેરમાં એ ૧૯૪૬માં એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા તે પછી જ ખરેખરો થયો હોય એમ જણાય છે, નવસારીમાં ગાર્ડા કૉલેજ સ્થપાઈ ૧૯૪૫માં પણ ગમે તે કારણે કુંજવિહારીભાઈ એમાં જોડાયા નહિ, ને હું ગાર્ડા કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે જોડાયો ૧૯૪૭માં તે પૂર્વે તો તે ૧૯૪૬માં સૂરત ચાલ્યા ગયા હતા, એટલે નવસારી મુકામે અમારો ખાસ પરિચય થઈ શક્યો ન હતો, બાકી, તે મારી જૈન સોસાયટીની નજીક પંડ્યા ખડકીમાં જ રહેતા હતા. નહિ તો અમે બંને ૧૯૩૮ના મૅટ્રિક, ૧૯૪૨ના ગ્રૅજ્યુએટ ને ૧૯૪૫ના એમ. એ. (મુંબઈ યુનિવર્સિટી) હતા! ડૉ. સુરેશ હ. જોષી પણ તે અરસામાં જ નવસારી હાઈસ્કૂલમાં ભણતા હતા, સુરેશભાઈ અને કુંજવિહારીભાઈ ત્યારે મિત્ર હતા કે નહિ તે જાણવામાં નથી, પણ સુરેશભાઈ જોષી પણ – હું માનું છું કે – ૧૯૪૫ના જ મુંબઈ યુનિવર્સિટીના સ્નાતક (એમ.એ.) હતા, બધાનો જ મુખ્ય વિષય ગુજરાતી હતો ને પછી અમે સૌ ગુજરાતીના પ્રાધ્યાપક પણ બન્યા હતા! એમ પણ જાણવા મળ્યું છે કે શ્રી કુંજવિહારીભાઈ થોડો સમય સૂરતની કે. પી. કૉમર્સ કૉલેજમાં પણ પ્રાધ્યાપક રહ્યા હતા.

પછી તો શ્રી જયંત પાઠક પણ મુંબઈથી સુરત એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક પદે નિમાયા હતા, જયંતભાઈ અને કુંજવિહારી બંને સુરતમાં સાથે જ ભણાવતા હતા ને ધાતીગર મહોલ્લામાં સાથે જ પડોશમાં રહેતા હતા. એટલે હું સૂરત આવું ત્યારે એ બંનેને મળતો હતો ને એમ અમારી મૈત્રીનો વિકાસ થતો રહ્યો હતો. ગુજરાતીના પ્રોફેસર તરીકે પ્રો. કે. સી. મહેતા ઘણા જ લોકપ્રિય ગણાતા, તે જેટલું શીખવે તે બરાબર શીખવે. વિચારોમાં સ્પષ્ટતા, અવાજ સ્વચ્છ ને મધુર અને આકર્ષક વ્યક્તિત્વ. થોડાં વર્ષો પછી તે એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના આચાર્ય પદે આવ્યા ને એમની વહીવટદાર તરીકેની શક્તિઓ સોળે કળાએ ખીલી ઊઠી હતી; સૌનાં કામ કરવાં, વખત આવ્યે કડવા થઈને પણ નિર્ણય લેવા ને તેનો અમલ કરવો – આવા ગુણોએ એમને સફળ આચાર્ય બનાવ્યા હતા. રિસેસને વખતે અચૂક કૉમનરૂમમાં આવે ને બધાં સાથે ચા પીવાનો એમનો આગ્રહ એમને પ્રોફેસર પ્રિય આચાર્ય તરીકે સ્થાપવામાં ઠીક ઉપયોગી નીવડ્યો હતો, ને તે સ્ટાફ સાથે એક સરસ વાર્તાલાપી નીવડ્યા હતા, ને આ બધા ગુણો થકી તે અનેક કૉલેજો ને હાઈસ્કૂલોનું સંચાલન કરનાર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રીપદે નિમાઈ સરસ કામ કરી શક્યા હતા. હું માનું છું કે પ્રો. કુંજવિહારીભાઈ મહેતા ગુજરાતીના ''અધ્યાપક સંઘ''ના પ્રમુખપદે સ્વીકારી શકાયા હોત, પણ કમનસીબે એ બનવા ન જ પામ્યું, એમના

વખતમાં જ એમણે અધ્યાપકોનો એક સંઘ સ્થાપ્યો હતો તેમાં તે સક્રિય ને દૃષ્ટિપૂત રીતે જોડાયા પણ હતા એવી મારી સ્મૃતિ છે.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રીપદે ને કૉલેજના આચાર્યપદે રહી એમણે સુરત 'ગુજરાતમિત્ર' અખબારમાં 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' નામક કટાર વર્ષો સુધી ચલાવી હતી જે દ. ગુજરાતમાં ખૂબ લોકપ્રિય નીવડી હતી, કૉલેજના અને યુનિવર્સિટીના એમના બહોળા અનુભવે એમણે શિક્ષણના અનેક પ્રશ્નો એ કટારમાં છેડ્યા હતા, વિચારમાં સ્પષ્ટતા, પ્રવાહી ગુજરાતી ગદ્ય ને પ્રશ્નોનું મુદ્દાસર ને ઉચ્ચાગ્રહવાળું નિરૂપણ વગેરે કારણે પ્રા. મહેતા ક્યારેક વિવાદમાં પણ ઘસડાતા હતા ને ક્યારેક એમના વિશે ગેરસમજ પણ ફેલાઈ હતી, પણ એ બિલકુલ સ્વસ્થ રહી પ્રશ્નો ઉઠાવતા જ રહ્યા. એમના મૃત્યુ પછી આ લખાણોમાંથી ચયન કરી એક લેખસંગ્રહ પણ પ્રગટ થયો છે ને એ અરસામાં કુલપતિપદનાં અનેક સંભવિત નામોમાં એમનું નામ પણ ચમકતું રહ્યું હતું; ધીમે ધીમે ને ક્રમેક્રમે તે સૂરત શહેરના એક પ્રબુદ્ધ નાગરિક લેખે પંકાયા હતા. એમના મરણ પછી પ્રજા જીવનનાં સર્વ ક્ષેત્રોમાંથી લાંબાગાળા સુધી એમને જે શ્રદ્ધાંજલિઓ અપાતી રહી તે એમની લોકપ્રિયતાની સૂચક છે.

મારું 'પ્રસૂન' ૧૯૫૫માં પ્રગટ થયું તેની પ્રસ્તાવના મૂર્ધન્ય વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખી આપી એની પાછળ જયંત પાઠક અલબત્ત હતા, પણ તે પછી હું મુ. શ્રી વિષ્ણુભાઈના પરિચયમાં આવ્યો ને મેં જાણ્યું કે મુ. શ્રી વિષ્ણુભાઈ જેટલા એક સર્જક વિવેચક લેખે શ્રી જયંત પાઠકને ચાહતા હતા એટલા જ પ્રમાણમાં જગતના ઈતર ક્ષેત્રોના વ્યવહાર માટે તે શ્રી કુંજવિહારી મહેતાને ચાહતા હતા. દર બુધવારે શ્રી કુંજુભાઈ મુ. શ્રી વિષ્ણુભાઈને અચૂક ઘરે જઈ એમને એમની નિવૃત્તિ પછીય મળવા જતા ને મુ. શ્રીનાં વ્યવહારમાં ઘણાં કામ દવા-દારૂ વગેરે પણ તે કરી આપતા હતા, આ ઉપક્રમ છેક સુધી રહ્યો હતો! મુ. શ્રીને કોઈ અગત્યના કામે અમદાવાદ જવાનું હતું, પણ મુ. શ્રી શારીરિક રીતે હવે વૃદ્ધ ને અશક્તિમાન હતા ને ૨૫ વર્ષ પછી સૂરત છોડતા હતા. છેવટે પ્રો. મહેતા જ સૂરતથી કાર કરી એમને કોઈ હરકત ન પડે એમ એમની સાથે જ રહી છેક અમદાવાદ પહોંચાડી આવ્યા હતા, એ બે વચ્ચેનો આવો શ્રદ્ધાપૂર્ણ ગુરુશિષ્ય ભાવ હતો. આ પછી તો હું પણ આ બંનેના સહકારે મુ. શ્રી વિષ્ણુભાઈનો બહારથી એકલવ્ય જેવો શિષ્ય બન્યો હતો ને મુ. શ્રી વિષ્ણુભાઈના મારા માટેના ભાવપૂર્ણ ને પ્રોત્સાહક શબ્દો એ જે સાંભળે તે મને જાણવા મળે ને હું ખરેખર ધન્ય થતો હતો.

૧૯૫૭માં હું નવસારી છોડી વલસાડની નવી કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે જોડાયો એટલે એમ. એ. માટે મારું નવસારી કેન્દ્ર રહ્યું નહીં,

એટલે પછી સૂરત કેન્દ્રે બોલાવ્યો હતો. તેમાં પણ પ્રો. મહેતાનો હાથ હશે જ. એમને બધું કહી બતાવવાની ટેવ જ નહીં, સહજભાવે બધું કર્યા કરે. મારી પુત્રી ચિ. અલકા સૂરતની મેડિકલ કૉલેજમાં દાખલ થઈ ત્યારે હોસ્ટેલ પ્રવેશ માટે શ્રી કુંજવિહારભાઈ જાતે જ મારી સાથે આવ્યા હતા ને હોસ્ટેલ પ્રવેશ મેળવી આપ્યો હતો, તે કેમ ભુલાય?

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારે આર્ટ્સ ફૅકલ્ટીના બે ચૂંટાયેલા સેનેટ ઉમેદવારો હતા શ્રી મહેતા અને હું, તેથી વારંવાર મળવાનું થતું. સેનેટમાં પ્રિ. શ્રી મહેતા બોલવા જ્યારે ઊભા થતા ત્યારે તેમને સૌ માનપૂર્વક ને ધ્યાનપૂર્વક સાંભળતા. એ જ સ્પષ્ટ વાણી ને સ્પષ્ટ અવાજ, મુદ્દાની સ્વસ્થ, સ્પષ્ટ ને સ્વચ્છ રજૂઆત. નર્મદ સાહિત્ય સભામાં તો મુ. શ્રી વિષ્ણુભાઈ પ્રમુખ હતા. પણ બીજું એક ગુજરાતી સાહિત્ય મંડળ એમણે સ્થાપ્યું હતું. એમાં પણ એમણે મને બોલવા આમંત્ર્યો હતો, અમે પણ એમને વલસાડના સ્વ. શ્રી યજ્ઞેશ શુક્લ વ્યાખ્યાન માળામાં વ્યાખ્યાન માટે આમંત્ર્યા હતા ને એમનું બહુમાન કર્યું હતું. આમ અમારા સંબંધો છેક સુધી મધુર રહ્યા હતા તેનો મને આનંદ છે, એમને મારી કવિતામાં ઊંડો રસ ને ‘ભાઈ પ્રત્યે’ નામક મારા એક સોનેટને તે વારંવાર યાદ કરતા હતા તેમાં એક પંક્તિ આવે છે. ‘‘સમય એકમાર્ગી ગલી’’ જે તે વારંવાર બોલતા, ખરેખર સમય એ એકમાર્ગી ગલી જ છે. ત્યાં આગળ જઈ શકાય છે, પણ તે માર્ગે પાછા એની એ જ સ્થિતિમાં આવી શકાતું નથી. એ તો વિડંબના છે, પણ સ્મૃતિનો માર્ગ તો ખુલ્લો જ છે એ માર્ગે તો પાછા પણ આવી શકાય છે, એ જાતનો જ આ નમ્ર લેખ પ્રયાસ ગણું છું.



નિવૃત્તિ પ્રસંગે ભોજન સમારંભમાં ડૉ. આર. કે. દેસાઈ,
ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડૉ. ઉપેન્દ્ર બક્ષી, ડૉ. ગિરીશ કાઝી

## ૫

# એક ગુરુના વિદ્યાર્થી ને સાથી

**જયંત પાઠક**

જયંતભાઈ અને મહેતાસાહેબ બંને ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સાહેબના વિદ્યાર્થીઓ, બંને એમ. ટી. બી.માં ગુજરાતી વિષયના અધ્યાપકો અને રહેવાનું પણ એક જ શેરીમાં એટલે બંને સહૃદયી મિત્રો. મહેતાસાહેબ પાઠક સાહેબના પ્રશંસક અને એમના ગુજરાતી સાહિત્યમાં પ્રદાનથી અત્યંત પ્રભાવિત, તો પાઠક સાહેબ મહેતાસાહેબની વહીવટી કુશળતાના ચાહક અને એટલે જ સિનિયર હોવા છતાં આચાર્યપદ સ્વીકાર્યું નહીં અને એ પદ માટે તો મહેતાસાહેબ જ જોઈએ એવું માનતા.

મૅટ્રિક થઈને હું ૧૯૩૮ના જૂનમાં સૂરતની એમ. ટી. બી. કૉલેજમાં વિનયનના પ્રથમ વર્ષમાં દાખલ થયો. ત્યારે વિનયન અને વિજ્ઞાન શાખાના મળીને કુલ ૬૨૦ વિદ્યાર્થીઓ હતા. અમારા પ્રથમ વર્ષ વિનિયનના વર્ગમાં દસેક બહેનો હતી. સારી સ્થિતિના કહેવાય એવા વિદ્યાર્થી ત્યારે સાઈકલ વાપરતા,

બાકીના પગપાળા કૉલેજમાં આવતા. બહેનો તો મોટે ભાગે ચાલીને જ આવે. અધ્યાપકો, એક-બેના અપવાદ સાથે, કોટ, પૅન્ટ, ટાઈ ને હૅટ પહેરી સાઈકલ પર આવતા. ત્યારે ખાદીનો પ્રચાર સારો એટલે વિદ્યાર્થીઓ ઘણુંખરું ખાદીના પાયજામો કે પૅન્ટ, ખમીસ ને કોટ પહેરતા.

અમારા મોટા ભાગના વિષયોના વર્ગો ૧૪ નંબરના કમરામાં લેવાતા. કમરાની બહાર, લૉબિમાં, કઠેડાને અઢેલીને ઊભેલો એક વિદ્યાર્થી દેખાય છે. એણે કોટ-પાટલૂન, બૂટ-મોજાં પહેર્યાં છે, શરીરે એ પાતળો પણ સુડોળ ને ચહેરે નાજુક, નમણો, થોડો બાળક જેવો દેખાય છે. ઝીણું જોઉં છું તો એના ગાલે ખંજન પણ દેખાય છે. અધ્યાપક ખંડમાંથી અધ્યાપક નીકળીને વર્ગ તરફ આવતાં દેખે એટલે એ વર્ગમાં આવે ને નિયત બેઠક ઉપર બેસી જાય. બીજા વિદ્યાર્થીઓ સાથે એ ઓછું બોલે છે - કદાચ બીજા વિદ્યાર્થીઓથી એ વયમાં નાનો, પંદરેક વર્ષનો એટલે સંકોચ અનુભવે છે. આ વિદ્યાર્થી તે નવસારીના કુંજવિહારી ચુનીલાલ મહેતા - પ્રોફેસર કે. સી. મહેતા, મહેતાસાહેબ, કે. સી.

પોશાકે સુઘડ, સ્વભાવે ઓછાબોલા, ભણવામાં જ ધ્યાન રાખનારો આ વિદ્યાર્થી ગંભીર, શાણો ને ચોક્કસ ધ્યેયવાળો લાગે છે. હોસ્ટેલના એના સાથીઓની મજાક - મશ્કરી એ મૂંગો મૂંગો સાંભળી લે છે...ને પોતાના અભ્યાસમાં હંમેશાં વ્યસ્ત રહે છે. ઈન્ટરમાં પાસ થયા પછી એ બી. એ.માં મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય અંગ્રેજી લે છે. ગુજરાતીમાં ત્યારે ગુજરાતના બે મૂર્ધન્ય વિવેચકો અમને ભણાવે : પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી અને પ્રો. વિજયરાય ક. વૈદ્ય. પોતાની વિદ્યાનિષ્ઠા, નિયમિતતા ને વિનયશીલતાથી ત્રિવેદી સાહેબનો એ પ્રિય વિદ્યાર્થી બની રહે છે. એમની વચ્ચે ધીમે ધીમે ઘરોબો બંધાય છે તે એવો કે પછી તો ત્રિવેદી સાહેબ ‘હું એમને પુત્રવત્ ગણું છું’ એમ કહેવામાં પોતાના વાત્સલ્યભાવની ધન્યતા ને સાર્થકતા માને છે.

ગુજરાતી અને અંગ્રેજી સાથે એમ. એ. થઈને કુંજવિહારીભાઈ માતૃસંસ્થામાં જ અધ્યાપક તરીકે જોડાઈને છેવટે એમ. ટી. બી. કૉલેજના આચાર્યને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના માનદમંત્રી તરીકે આજીવન સેવક બની સેવા આપે છે. ૧૯૯૩ સુધી, અવસાન પર્યંત સોસાયટીને એક સ્તરે પોતાની સેવા આપનાર શ્રી કુંજવિહારી મહેતા સંસ્થાના એક મહત્ત્વના, લગભગ અનિવાર્ય એવા અંગભૂત કાર્યકર બની રહે છે. સોસાયટીના વહીવટમાં ને વિકાસમાં એમનું પ્રદાન અધઝાઝેરું ગણાય એવું છે.

વિદ્યાર્થીઓમાં નિપુણ ને પ્રિય શિક્ષક તરીકે એમની નામના છેવટ સુધી રહી છે. ગુરુઓએ એમનામાં આરોપેલા વિશ્વાસને એમણે સાચો પાડ્યો છે ને એમની અપેક્ષાઓ પૂરી કરે છે. સારું ભણાવે છે, વિદ્યા-સંસ્થાઓમાં મહત્ત્વનાં સ્થાન

પોતાની કાર્યદક્ષતાથી શોભાવે છે, સાહિત્ય વિશેની એમની સમજ પ્રગટ કરતાં પુસ્તકો લખે છે ને અખબારોમાં સાહિત્ય, શિક્ષણ ને સંસ્કારના પ્રશ્નો વિશે પોતાની નિખાલસ ને સ્પષ્ટ વિચારણા આપી જાહેરજીવનમાં મહત્ત્વના નાગરિક તરીકે પોતાને સ્થાપે છે.

શ્રી કુંજવિહારી મહેતાના બે-ત્રણ ગુણ મારા, ને કોઈના પણ દિલમાં વસી જાય એવા હતા. એમનો પહેલો મોટો ગુણ તે સહાયકનો, પરગજુપણાનો. તેઓ સૌને મદદ કરવા હંમેશાં તત્પર રહેતા. આવા જરૂરતમંદોમાં એમના સાથી અધ્યાપકો હોય, બીજા શિક્ષકો હોય, સંસ્થાના પટાવાળા હોય, વિદ્યાર્થીઓ હોય ને રસ્તે જનારો અદનો આદમી પણ હોય- સૌને એ સાંભળે, માર્ગદર્શન આપે ને જરૂર પડે તો જાતે ઘસાઈને પણ એનું કામ કરી આપે. ગરીબો પ્રત્યેની હમદર્દી એ એમની સાથેની મારી નિકટતાનું ને એમના પ્રત્યેના મારા સદ્ભાવનું મોટું કારણ. પરગજુપણું એ એમનો મહાન ગુણ.

એમનો બીજો ગુણ તે કાર્યનિષ્ઠા. પોતાના કાર્યમાં એ નિયમિત ને પૂરી શક્તિ ખર્ચનારા. બુદ્ધિશાળી, ચતુર ને વ્યવહારદક્ષ એટલે એમને કોઈ બનાવી જાય એવું ભાગ્યે જ બને. કોઈ ઉમદા કાર્યમાં અવરોધ ઊભો કરનારની એ જાહેરમાં ખબર લઈ નાંખે, એને ફાવવા ન દે. એમનું અધ્યાપનકાર્ય નિયમિત, વ્યવસ્થિત, એમાં ક્યાંય કશી ગરબડ નહીં. વિદ્યાર્થીઓને એ ક્યારેક કરડા - કડવા લાગે ખરા, પણ વિદ્યાર્થીઓ સાથેના એમના સંબંધો કાયમના ને અંગત સ્તરે પણ સઘન રહે. માણસને એ બરાબર ઓળખે ને એની શક્તિ - મર્યાદાનો ખ્યાલ એમને બરાબર હોય. જાહેર જીવનમાં, જાહેર સેવામાં, લખવામાં ને બોલવામાં કુંજવિહારીની નિયમિતતા, ચોકસાઈ ને ચોખ્ખાઈ એમની સફળતા ને સિદ્ધિના પાયા છે.

શ્રી કુંજવિહારીભાઈનો વિવેકગુણ પણ નોંધપાત્ર છે. એના વિકાસમાં અમારા ગુરુ શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીનો ફાળો સૌથી વધારે હશે એમ માનવાનું મન થાય છે. કોઈપણ પ્રશ્ન હોય, મહેતાસાહેબ એનો ઉકેલ પૂરા વિવેકથી કરે. જાહેર જીવનમાં વિરોધોનો સામનો કરવાનું પણ આવે. આવે સમયે એમને જે ઇષ્ટ તેને એ મક્કમતાથી વળગી રહે, પણ ક્યાં ઝૂકી જવું, ક્યાં નમતું જોખવું, સમાધાન કરવું, પોતાની વાત પડતી મૂકવી તે પણ એમને બરાબર આવડે. વિદ્યાર્થીઓ સાથેના, અધિકારીઓ સાથેના, પ્રતિષ્ઠિત નાગરિકો સાથેના વ્યવહારોને તેઓ પોતાની વિવેકબુદ્ધિથી સાંભળી - સાચવી લે ને વિરોધ વચ્ચે પણ પોતાની નાવને ધારેલા કાંઠે લાવે.

શ્રી કુંજવિહારી મહેતા સૂરતના ને દક્ષિણ ગુજરાતના એક કાબેલ, સંસ્કારી, સંવેદનશીલ ને જનહિતપરાયણ નાગરિક હતા. એમને આ પ્રદેશના વિવિધ સ્તરના નાગરિકો લાંબા સમય સુધી આભાર ભાવે સંભારશે.



લાક્ષણિક તસવીર - ૧૯૮૩

## ૬

# એમની એ અખબારી કટારનો શબ્દશઃ ધાક હતો

**ભગવતીકુમાર શર્મા**

ગુજરાતી સાહિત્યમાં અને પત્રકારત્વ ક્ષેત્રે અત્યંત જાણીતું નામ શ્રી ભગવતીકુમાર શર્માનું. બંને વચ્ચેની સામાન્ય કડી 'ગુજરાતમિત્ર'. અઠવાડિયે એકાદવાર મહેતાસાહેબ 'ગુજરાતમિત્ર' કાર્યાલય પર જતા અને ભગવતીભાઈ, ચંદ્રકાંતભાઈ વગેરે સાથે વિવિધ વિષયો પર કલાકો ચર્ચા થતી. ભગવતીભાઈ માટે મહેતાસાહેબ એટલે સંકટ સમયની સાંકળ. કશે પણ કામ અટકે એટલે મહેતાસાહેબને યાદ કરે અને કામ થઈ જાય. મહેતાસાહેબના અવસાન સમયે શ્રી ભગવતીભાઈનો અગ્રલેખ "બોલું છું..." લાગણીસભર અને આત્મીયતાથી છલકાતો હતો.

સ્વર્ગીય તંત્રી - પત્રકાર શ્રી કાલિદાસ શેલત સાથે સદ્ગત આચાર્યશ્રી કુંજવિહારી મહેતા નિકટના સંપર્કમાં આવ્યા હતા. સ્વ. કાલિદાસભાઈના તંત્રીપદ હેઠળ ત્યારે સુરતમાંથી 'પ્રતાપ' નામનું સાંધ્ય દૈનિક ચાલતું હતું જે ચાળીસ - પચાસના દાયકામાં ખાસ્સું લોકપ્રિય હતું. સ્વ. કાલિદાસભાઈ પત્રકારત્વની 'સૌરાષ્ટ્ર' સ્કૂલના પત્રકાર અને વળી કવિ ન્હાનાલાલના ભક્ત આથી તેમની દીક્ષિત સાહેબની મંડળી વારંવાર મળતી તેમાં મહેતાસાહેબ પણ ખરા. કાલિદાસભાઈ, દીક્ષિતભાઈ વગેરે કાળદેવતાને આધીન થયા, અખબારી વિભાવનાઓ પણ બદલાઈ, સુરતમાં નવાં અખબારો આવ્યાં, પરંતુ મહેતાસાહેબ અને 'ગુજરાતમિત્ર'નો સંબંધ અતૂટ રહ્યો. પ્રવીણભાઈ અને બટુકભાઈના નિધન પછી મહેતાસાહેબનું 'ગુજરાતમિત્ર'માં રૂબરૂ આવવાનું કંઈક ઘટ્યું. પહેલાં તો, મને યાદ છે કે એમ.ટી.બી. કૉલેજમાં રજા હોય એટલે સવારે સાડા દસ - અગિયારને સુમારે મહેતાસાહેબ, સ્વર્ગીય માણેક ગેઆરા, પ્રવીણભાઈ અને બટુકભાઈની મિજલસ જામે, હળવી - ગંભીર ચર્ચાઓ ચાલે, ચાના કપ ઠલવાય અને એમ કલાકેક પછી ડાયરો વિખરાય, વાતાવરણમાં ગુલાબી પ્રબુદ્ધતા પથરાઈ રહે. મહેતાસાહેબે 'ગુજરાતમિત્ર' સાથેનો આ ભાવસંબંધ અતૂટ રાખ્યો એટલું જ નહીં, તેને ભરતભાઈ રેશમવાળા,

અવંતિકાબહેન, કેતકીબહેન, ચંદ્રકાંત પુરોહિત અને મારા સુધી વિસ્તાર્યો. છેલ્લાં પચ્ચીસેક વર્ષમાં મહેતાસાહેબના સ્નેહ અને વાત્સલ્યનો ઘણો અભિષેક મારા પર થતો રહ્યો અને તે માટે હું સદ્‌ગતનો આજન્મ ઋણી રહીશ. મહેતાસાહેબ અચ્છા માણસપારખુ હતા. એકવાર કોઈ માણસ અને તેનું કામ તેમના મનમાં જચી - વસી જાય તો પછી તેઓ તેના પ્રત્યેના ભાવને કદી કરમાવા ન દેતા. તેમની મનુષ્યપરખ ભાગ્યે જ ખોટી નીવડી હશે. જેમ તેઓ ઉત્કટ ગમા તેમ તીવ્ર અણગમાના માણસ પણ હતા. અણગમતી વ્યક્તિઓ પ્રત્યેની અરુચિને તેઓ કદી છુપાવતા નહિ. તેમાં પણ તેમની મનુષ્યપરખશક્તિ યથાર્થ ઠરતી. મને તેમના ગમાનો જ સતત અનુભવ થતો રહ્યો તેને હું મારું સદ્‌ભાગ્ય લેખું છું. કોઈ વ્યક્તિ, તેનું કામ, ગુણો તેમને સ્પર્શી જાય તો પછી તેની પ્રશંસા કરવામાં તેઓ કદી દિલચોરી ન કરતા. ખુશામત તેમના સ્વભાવમાં મુદ્દલ નહોતી, પણ તેમનાં કેટલાંક અણનમ શ્રદ્ધાકેન્દ્રો હતાં અને તેનું તેમણે નિરંતર જતન - સંવર્ધન કર્યું.

કડવું બોલી શકતા કુંજવિહારીભાઈ, કટાક્ષો કરવામાં પાછા ન પડતા. પરંતુ જ્યાં સ્નેહ - સદ્‌ભાવ ત્યાં તેઓ સફળતાથી ઓળઘોળ થઈ જતા.

આવા પરિપ્રેક્ષ્યમાં 'ગુજરાતમિત્ર'માંની તેમની 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' એ સાપ્તાહિક કટારનો વિચાર કરવો જોઈએ. દર મંગળવારે નિયમિતતાથી સાડા ત્રણેક દાયકાઓ સુધી પ્રગટ થતી રહેલી એ કટાર પ્રારંભે તો મહેતાસાહેબે 'સમાલોચક'ના ઉપનામથી લખી, પરંતુ આ 'સમાલોચક' તે કુંજવિહારી મહેતા જ એ વાત કાંઈ ઝાઝી કે લાંબો સમય અછતી રહી શકી નહોતી. પછી મહેતાસાહેબે પ્રવીણભાઈ અને બટુકભાઈના આગ્રહથી એ કટાર ઉપનામને બદલે સાચા નામ સાથે જ લખવાનું નક્કી કર્યું અને મને યાદ છે કે નામ સાથે તેમણે જે પહેલી કટાર લખી તેમાં તે વિશેની સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી. મને આનંદ એ વાતનો છે કે મેં વર્ષો સુધી એ કટારનું પ્રૂફરીડિંગ, શીર્ષક - સજાવટ વગેરે હોંશેહોંશે કર્યું. નિયમિતતા અને શિસ્તપાલન એ મહેતાસાહેબના જીવનના અતિ આગવા ગુણો હતા. તેમાં કદી રજમાત્ર ચૂક થાય જ નહિ. તેમના આ ગુણોનો લાભ તેમની એ કટારને પણ મળ્યો હતો : એ અર્થમાં કે મંગળવારે સવારે 'ગુજરાતમિત્ર'માં પ્રગટ થનારી એમની કટાર માટેનું મૅટર અચૂક શુક્ર કે શનિવારે મળી જ જાય. એમાં મીનમેખનો ફરક ન પડે. મહેતાસાહેબ ક્યારેય એમની કટાર લખવામાં ગુટલી મારી ગયા હોય, મૅટર મોકલવામાં મોડા પડ્યા હોય એવું એક પણ વાર, ફરીથી લખું છું કે એક પણ વાર બન્યું નથી. કોઈક તહેવારને કારણે 'ગુજરાતમિત્ર'નો મંગળવારનો અંક બહાર ન પડ્યો હોય તે જુદી વાત, પણ તે સિવાય તો મંગળવારનું 'ગુજરાતમિત્ર' અને 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' પરસ્પરના પર્યાય બની ગયાં હતાં - વર્ષોનાં વર્ષો સુધી.

મહેતાસાહેબ ઘણું ખરું બ્રિટિશ ઇન્ફર્મેશન સર્વિસની યાદીઓના કાગળોની પાછલી કોરી બાજુએ લખતા. એ કાગળો હંમેશાં અડધેથી ફાડેલા હોય. ભૂરી સહી અને સુવાચ્ય અક્ષરોમાં મહેતાસાહેબનું લખાણ લખાયેલું હોય. આમાં પણ કોઈ મીનમેખ નહિ.

'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'ની કટાર ઘણી લોકપ્રિય હતી તે નિઃશંક છે. વાચકોનો એક વિશાળ વર્ગ મંગળવારના 'ગુજરાતમિત્ર'ની પ્રતીક્ષા કરતો. કારણ? મારું વિશ્લેષણ એ છે, કે ઉક્ત કૉલમ પર મહેતાસાહેબના વ્યક્તિત્વ અને વિચારસમૃદ્ધિની દૃઢ મુદ્રા અંકિત થયેલી હતી અને એ કૉલમે વાચકોનું આટલા બહોળા પ્રમાણમાં ધ્યાન ખેંચ્યું તેનું તે મુખ્ય કારણ હતું. કેવું હતું એ વ્યક્તિત્વનો વિચાર કરીએ : સ્પષ્ટભાષિતા, તડફડવૃત્તિ, સ્ટ્રેઇટફૉરવર્ડનેસ, પારદર્શિતા – આ બધાં એમના વ્યક્તિત્વનાં પ્રમુખ લક્ષણો હતાં. એની છાયા એ કટારમાં પડતી. એમની વિચારસમૃદ્ધિમાં જનહિતની ઊંડી નિસ્બત, મિશનરીની ધગશ અને નિષ્ઠા, જે તે મુદ્દાની બારીક માહિતીસભર સૂઝ, તેનું વિશદ આકલન અને રચનાત્મક અભિગમ ઇત્યાદિ પ્રમુખ વાનાં હતાં, આ બધાંનાં સંમિશ્રણમાંથી એમની કટારનો પિંડ ઘડાતો રહ્યો. મહેતાસાહેબ ગદ્યલેખન પરત્વે ન તો શૈલીપટુ હતા કે ન શૈલીદાસ. શૈલીના ચમકારા વડે વાચક અંજાઈ જાય પણ પછી તેના હાથમાં ફીણના પરપોટા જ બચે તેવું તેમનું મુદ્દલ વલણ નહીં. તેઓ સાફસૂથરું, સંઘેડાઉતાર ગદ્ય લખતા જે તેમના વિચારોનું અસરકારક વાહન બને. પોતાના ગદ્ય પાસે આનાથી વિશેષ તેમને અપેક્ષા પણ નહોતી, છતાં ક્યારેક તેમની કલમ ગદ્યનાં અવનવાં પરિમાણો પણ અનાયાસ ખીલવી શકતી. જેમ કે સૂરતની એમ. ટી. બી. કૉલેજ વિશેનાં સંસ્મરણો વાગોળતાં કે પોતાના વિદ્યાગુરુ સદ્‌ગત શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને શ્રદ્ધાંજલિ અર્પતા લખાણોમાં મહેતાસાહેબની કલમ ભાવાનુભૂતિના પ્રદેશમાં પ્રવેશી કવિત્વરંગી બની શકી હતી જે મહેતાસાહેબના 'વજ્રાદપિ કઠોરાણિ મૃદૂનિ કુસુમાદપિ' જેવા અંતરંગની પરિચાયક પણ બની શકી હતી.

શિક્ષણના ક્ષેત્ર સાથે તેમનો રોજ-બરોજનો ઘરોબો હતો અને તેને વિશેની 'એ ટુ ઝેડ' જાણકારી તેમની આંગળીને ટેરવે રમતી રહેતી હતી. એ જાણકારીને વૈચારિક પુદ્‌ગલનું રૂપ આપવાની કળા તેમને સુસાધ્ય હતી, જેથી તેમનાં શિક્ષણ વિષયક લખાણો વૈચારિક ભાથું બંધાવનારાં નીવડતાં. શિક્ષણક્ષેત્રના પરિપ્રેક્ષ્યથી તેઓ જેટલા ચિંતિત તેટલા જ આક્રોશયુક્ત રહેતા. પોતાની એ બંને અનુભૂતિને વ્યક્ત કરવામાં તેઓ કદી શબ્દચોરી ન કરતા, ગોળ ગોળ લખવાનું તેમને કદી ન ફાવ્યું, એક ઘા અને બે કટકા એ તેમના લખાણોનો લક્ષણવિશેષ રહ્યો. આથી ક્યારેક સંબંધકર્તાઓને એ પ્રહારો વાગતા અને ખૂંચતાયે ખરા, પણ

મહેતાસાહેબનો પ્રભાવ એટલો પ્રબળ અને એમનું સાચદિલપણું એટલું સદ્ધર કે તેમની સામે વિવાદ - વિરોધનો વંટોળ જગાવવાની ભાગ્યે જ કોઈ હિંમત કરી શકતું. લોકપ્રિય તો ઘણી કટારો હોય છે - નીવડે છે. તીવ્ર વિચારાન્દોલન અને સાથે જ વિવાદ-વંટોળ જગાડનારી કટાર પણ કોઈક કોઈક હોય છે, પરંતુ જેનો શબ્દશઃ ધાક હોય એવી મારા જોવા - વાંચવામાં તો આ એક જ કટાર આવી અને તે કુંજવિહારી મહેતાની 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'. હું તો મહેતાસાહેબનો વિદ્યાર્થી નથી. મેં સાંભળ્યું છે કે આચાર્યશ્રી કુંજવિહારી મહેતા કૉલેજના કૅમ્પસ પર નીકળે અને સાથે તેમની આંખ ફરે અને હોઠ ભીડાય કે તરત તોફાનીમાં તોફાની વિદ્યાર્થીઓ પણ ધ્રૂજી જાય અને આઘાપાછા થઈ જાય, એવો એમનો કડપ હતો. બરાબર આવું જ તેમની આ કટાર પરત્વે બન્યું હતું. એ કટારનો દક્ષિણ ગુજરાતના શિક્ષણક્ષેત્ર પર એક ચોક્કસ પ્રકારનો કડપ હતો, પણ એ કડપના પાયામાં સાત્ત્વિકતા, સાચદિલપણું અને નિઃસ્પૃહતા હતાં. કટાર દ્વારા કોઈ અંગત લાભ ઉઠાવવાનું કે પોતાનો જયજયકાર ગજાવવાનું તેમણે કદી કલ્પ્યુંયે નહોતું, બાકી કટારોના એવા ઉપયોગનાં દૃષ્ટાંતો પણ હવે શોધવા જવું પડે તેમ નથી. સીધે સીધે લોકહિતની જ વાત. જનસાધારણના શ્રેય સાથે પ્રત્યક્ષ અને પ્રગાઢ નિસ્બત : આ જ મહેતાસાહેબની કટારચર્ચાના ઉદ્દેશો. અને એ ઘણે અંશે ફળીભૂત થયા. કુંજવિહારી મહેતા વિશે એમ કહી શકાય કે તેઓ Deep Concernના માણસ હતા. જીવનમાં તેમ સમાજમાં લઘરાપણું, અસ્તવ્યસ્તતા, શૈથિલ્ય ઈત્યાદિને તેઓ કદી સાંખી કે ચલાવી શકતા નહિ. તેમની કટારની પણ એ જ ધાર હતી : શિક્ષણ, સમાજ, સંસ્કાર, સાહિત્ય આદિ ક્ષેત્રમાંથી જડતાં નિરુદ્યમ, અનિયમિતતાઓ, અતિરેકો, અવિવેક, નગુણાપણું, અશિસ્ત ઈત્યાદિનું ઉન્મૂલન કરવું. એ અર્થમાં એ એક પૂરેપૂરી હેતુલક્ષી, ધ્યેયનિષ્ઠ અખબારી કટાર હતી. તેમાં નિજાનન્દી સ્વૈરવિહારની લક્ઝરીને કશું સ્થાન ન હતું. વાણીવિલાસને મહેતાસાહેબે કદી અભિપ્રેત ન લેખ્યો. હંમેશાં મુદ્દાસરનું લખ્યું. અનાવશ્યક લંબાણનો પ્રશ્ન તેમની કટાર માટે કદી ઉદ્‌ભવ્યો જ નહિ. ક્યારેક વધારે પડતી અકળામણ ત્યાં વ્યક્ત થતી, પરંતુ તેના પર કાતર ચલાવવાનું તો અમે વિચારી જ ન શકીએ. ક્યારેક તેમના લખાણમાં આલોક કરતાં અગ્નિ વધારે અનુભવાતો, પરંતુ તેની પાછળ તેમની નિષ્ઠા અને નિઃસ્પૃહતા તો સદૈવ શંકાથી પર રહેતી. સાચકલાઈ એ મહેતાસાહેબના જીવન તેમ લેખનનું પાયાનું તત્ત્વ હતું.

કેટકેટલા વિષયો પર તેમણે લખ્યું! મૂળ નવસારી નિવાસી, પણ પછી સૂરતને જ તેમણે પોતાનું ઘર બનાવ્યું, પરંતુ સૂરતી જીવનનાં શૈથિલ્ય, પ્રમાદ વગેરેના તેઓ મુદ્દલ પ્રશંસક ન હતા. સુરત ભૌતિક વિકાસ સાધે તે સાથે તેની

ગુણસંપત્તિ પણ વધે તેવી તેમને સતત ખેવના રહી અને એ ખેવનાના બળે તેમણે સૂરત વિશે આક્રોશાત્મક સ્વરે ખાસ્સું લખ્યું. સંસ્થાઓ અને વ્યક્તિવિશેષો, ઘટનાવિશેષો અને પ્રશ્ન વિશેષો વિશે તેમણે ઘણીવાર આક્રોશથી, તટસ્થતાથી, ક્યારેક લાગણીના પ્રવાહમાં ઝબોળાઈને વર્ષો સુધી લખ્યું. અખબારી પરિપ્રેક્ષ્ય હોવાને કારણે તેમાં પ્રાસંગિકતા, સમસામયિકતા તો હોય જ, પરંતુ એ મર્યાદાને અતિક્રમીનેય તેમણે વારંવાર દીર્ઘજીવી, સત્ત્વશીલ લેખન કર્યું અને એ જ તેમની કટારચર્ચાની મોટી નિષ્પત્તિ છે, ક્ષણ અને સમયનાં દીર્ઘ પરિમાણ, ઉભયને તેમણે પોતાના શબ્દ દ્વારા પૂરી નિસબતથી ભોગવ્યાં.



એમ. ટી. બી. કૉલેજના વિદ્યાર્થી ૧૯૩૮-૩૯

૭

# કે. સી. - એક મિત્રની નજરે

**ચંદ્રકાન્ત પંડ્યા**

'બાનો ભીખુ'ના સર્જક શ્રી ચંદ્રકાંત પંડ્યા અને મહેતાસાહેબ બંનેનું વતન નવસારી. મહેતાસાહેબ શનિવાર - રવિવારે નવસારી આવતા ત્યારે અચૂક સાંજે ચંદ્રકાંત પંડ્યા, ઇન્દ્રવદન શુક્લ, શ્રી મોરારજી દેસાઈ (વડાપ્રધાન નહીં) ત્રણે જણા દૂધિયા તળાવ પર ફરવા માટે જતા અને એ એમનો જ્ઞાન ગોષ્ઠિનો સમય. શ્રી ચંદ્રકાંતભાઈ પંડ્યા વ્યવસાયે શિક્ષક એટલે એમને 'ગુજરાતમિત્ર'માં 'નવસારીનો પત્ર' કોલમ લખવા માટે પ્રેરિત કરવાનું કામ મહેતાસાહેબે કર્યું.

"દક્ષિણ ગુજરાતમાં અને વિશેષ કરીને નવસારીમાં તમને આટલા બધા જાણીતા કોણે કર્યા!" એવું કોઈ મને પૂછે તો ક્ષણનો પણ ખચકાટ કર્યા વિના હું કહું કે, 'મહેતાસાહેબે. મહેતાસાહેબ એટલે સૂરત એમ. ટી. બી. કૉલેજના આચાર્ય કુંજવિહારી મહેતા.'

૧૯૪૯માં હું ધરમપુરથી નવસારી આવ્યો ત્યારે કવિ ઉશનસ્ સિવાય હું કોઈને ઓળખું નહિ. રોજ સાંજે ઉશનસ્ અને હું ફરવા જઈએ ત્યારે રસ્તામાં પંડ્યા ખડકીમાં મહેતાસાહેબનું ઘર આવે ત્યાં જઈએ. મહેતાસાહેબ ત્યારે સૂરતથી નવસારી આવજા કરે. જો કોઈ દિવસ મહેતાસાહેબનું આવવાનું મોડું થયું હોય તો એમનાં બા માળ ઉપરથી બારીમાંથી ડોકિયું કરી દીકરાની પ્રતીક્ષા કરે અને અમને પૂછે "હજી બચુ કેમ ન આવ્યો?" મહેતાસાહેબનું નવસારીનું લાડકું નામ બચુ. મહેતાસાહેબ સૂરત ગયા તે પહેલાં નવસારી હાઈસ્કૂલમાં શિક્ષક હતા. નોકરી કરતાં કરતાં તેઓ એમ.એ. થયા પછી નવસારી હાઈસ્કૂલના આચાર્યને એમણે પગાર વધારા માટે માંગણી કરી. શાળાના આચાર્ય ઈશ્વરલાલ નાયકે કહ્યું કે 'અમારે તો બી.એ. અને એમ.એ. બંને સરખા. એમ.એ. થઈને તમે શું વધારે ભણાવવાના?' આ શબ્દો મહેતાસાહેબને હાડોહાડ લાગી ગયા. પરિણામે એમને સુરત કૉલેજમાં પ્રાધ્યાપકની નોકરી મળી. છતાં વૃદ્ધ વિધવા માતાને કારણે એમણે

નવસારી છોડ્યું નહિ અને જ્યાં સુધી બા જીવ્યાં ત્યાં સુધી સુરત-નવસારી વચ્ચે આવ-જા કરી. એ ગાળામાં અમારા મૈત્રી સંબંધો વધુ ગાઢ બન્યા. શનિ-રવિ અને રજાઓમાં કે. સી., ઉશનસ્, મોરારજી પટેલ, પ્રો. જયંત જોષી, રામપ્રસાદ ભટ્ટ સૂકાઈ ગયેલા દૂધિયા તળાવમાં બેસતા. મોટે ભાગે શિક્ષણ, કૉલેજ કે સાહિત્યની વાતો અમારી વચ્ચે થતી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને માટે કે. સી.ને ભારે આદર. એક ગુરુ તરીકે એમનાં બધાં જ કામો કરવાં એ મહેતાસાહેબનો નિત્યક્રમ થઈ ગયો હતો.

૧૯૬૫માં મારું પહેલું પુસ્તક 'જ્વાળા અને જ્યોત' નામે પ્રસિદ્ધ થયું. મહેતાસાહેબે એ પુસ્તકની પ્રશંસા સાથે કેટલાંક સૂચનો પણ કર્યાં. મુ. વિષ્ણુભાઈને એ પુસ્તક, એની શૈલી બહુ ગમેલી એ વાત મહેતાસાહેબે મને કરી. સાથે પુસ્તકનું શીર્ષક બીજી આવૃત્તિમાં બદલવું એવું સૂચન વિષ્ણુભાઈએ કર્યું છે એ સંદેશો મને મોકલ્યો છે એમ જણાવ્યું. પછી બીજી આવૃત્તિમાં 'જ્વાળા અને જ્યોત' પુસ્તક 'બાનો ભીખુ' નામે પ્રસિદ્ધ થયું તે પહેલાં એનું પ્રૂફરીડિંગ મહેતાસાહેબે કરી કેટલાક સુધારા કર્યા હતા.

૧૯૬૮ના ગાળામાં મહેતાસાહેબ 'ગુજરાતમિત્ર'ના તંત્રી શ્રી પ્રવીણકાંત રેશમવાળા સાથે મારા ઘેર આવ્યા અને મને 'ગુજરાતમિત્ર'માં 'નવસારીનો પત્ર' અને દૈનિક સમાચાર મોકલવાની જવાબદારી સોંપી. 'નવસારીનો પત્ર'- એને નવસારી ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં સારી એવી પ્રતિષ્ઠા મળી અને એ રીતે હું નવસારી અને દક્ષિણ ગુજરાતમાં જાણીતો થયો તે મહેતાસાહેબને પ્રતાપે.

પત્રકારત્વ, રેડ ક્રૉસ, લલિતકલા અને બીજી જાહેર પ્રવૃત્તિઓમાં પછી તો હું ગળાડૂબ રહેતો. નવસારીના રાજકીય આગેવાનો શ્રી સુલેમાન ઉનિયા, સી. ડી. પટેલ, મહેશ કોઠારી વગેરેનો અડ્ડો મારું ઘર બન્યું હતું. રાજકારણની સારી - નબળી વાતો મારા ઘરમાં ચાલતી. આ બધાથી મહેતાસાહેબ વાકેફ, એ મારા કરતાં વયમાં ત્રણેક વર્ષ નાના છતાં એ જ્ઞાનવૃદ્ધ. વિચાર - વ્યવહારની પ્રૌઢી ધરાવતા ઠરેલ અને મિતભાષી વડીલની જેમ 'હવે આ બધી પંચાત છોડો અને કંઈક લખો' એવી શીખ આપતા અને ક્યારેક મને ઠપકારતા પણ ખરા. ગામ-પંચાતની મારા વિરુદ્ધની ફરિયાદો મારી પત્ની કે મારાં સંતાનો કરતાં ત્યારે નવસારી આવે ત્યારે મારો ઊઘડો લેતા. આમ મહેતાસાહેબ સાથે અમારો સંબંધ કૌટુંબિક જેવો ઘનિષ્ઠ બનતો ગયો.

મારો મોટો દીકરો સતીશ બી.એ. થયા બાદ મફતલાલ મિલ્સમાં નોકરીએ લાગ્યો હતો. એ નોકરી એને ગમતી નહોતી. સતીશ સ્વતંત્ર મિજાજનો. એણે એમ.એ., એલએલ.બી. થઈને વકીલાત કરવી હતી એટલે મફતલાલની નોકરી એણે છોડી દીધી એ મહેતાસાહેબે જાણ્યું ત્યારે સુરતમાં કડીવાળા હાઈસ્કૂલમાં

શિક્ષકની નોકરી સાથે એમ.એ. અને એલએલ.બી. કરવાની સગવડ મહેતાસાહેબે કરી આપી.

મુશ્કેલીમાં મદદ કરવાનો મહેતાસાહેબનો સ્વભાવ. મારી નાની દીકરી ભાવનાને છાતીમાં દુઃખાવાની ફરિયાદ હતી એટલે મહેતાસાહેબે સુરતના જાણીતા ડૉ. આર. કે. દેસાઈને મળી ભાવનાની નિદાન ચિકિત્સાની વ્યવસ્થા કરી. સારું હતું કે માત્ર જૂની ખાંસી છે એવું નિદાન થતાં અમને નિરાંત થઈ.

મારી મોટી દીકરી સુરતમાં એમ.એ.નો અભ્યાસ કરતી હતી. એકવાર કૉલેજના વાર્ષિક મેળાવડામાં સુચેતાએ પાર્શ્વગાયિકા તરીકે ગાવાનું હતું. ત્યારે શ્રોતાગણમાં બેઠેલા આર. કે. દેસાઈએ કે. સી. સમક્ષ એના મધુર કંઠનાં વખાણ કર્યાં ત્યારે કે. સી.એ 'એ છોકરી મારા મિત્રની દીકરી છે' એવો પરિચય આપ્યો તો ખરો, પણ કાર્યક્રમ બાદ બે દિવસ પછી મહેતાસાહેબ મારા ઘરે આવીને મને ઠપકો આપતાં કહે, 'તમે તો બાપ છો કે કોણ? સુચેતા આટલું સરસ ગાય છે! એને સંગીતની વિશિષ્ટ તાલીમ મળે એ માટે તમે કંઈ ન કર્યું!' પછી સુરતના જાણીતા સંગીતાચાર્ય મુ. મહાદેવ શાસ્ત્રીને ત્યાં શાસ્ત્રીય સંગીતની તાલીમ મળે એવી ગોઠવણી મહેતાસાહેબે કરી આપી. નવસારીમાં સતીશે વકીલાત માટે નવી ઑફિસ શરૂ કરી, મારા નાના દીકરા સુધીરને ત્યાં પુત્રનો જન્મ થયો, એ વાત એમણે બહારથી જાણી. મહેતાસાહેબનો ઠપકો આપતો પત્ર આવ્યો. ''નવસારીમાંથી મારો કાંકરો કાઢી નાખ્યો તો નથી ને!'' નવસારી માટે એમને અપાર મમતા હતી. ગમે તે પ્રસંગે બોલાવો તો એ હાજર.

સુરત ગયા પછી સાહેબના વ્યક્તિત્વનો બહુ વિકાસ થયો. શિક્ષણશાસ્ત્રી, સમાજચિંતક, સમાજસેવક, નીડર પત્રકાર, ઉત્તમ વહીવટકર્તા એમ બહુઆયામી એમનું વ્યક્તિત્વ હતું. મને અનેકવાર ઠપકો આપનાર મહેતાસાહેબને શિક્ષક તરીકે નિવૃત્ત થયા બાદ મેં નવસારી રેડ ક્રૉસના કોઈ કાર્યક્રમમાં અતિથિ – વિશેષ તરીકે નિમંત્રણ આપ્યું હતું. રેડ ક્રૉસની રક્તદાન પ્રવૃત્તિ, બાળ પુસ્તકાલય, યોગાસન વગેરે પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ એમણે મારી પ્રશંસા કરતો એક લેખ 'ગુજરાતમિત્ર'માં 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યા' વિભાગમાં લખ્યો : ''માણસે નિવૃત્ત થયા બાદ કોઈને કોઈ સામાજિક સેવાની પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી જિંદગીમાં ખાલીપો ન લાગે એ જોવું હોય તો નવસારીમાં એક નિવૃત્ત શિક્ષકે કેવી કેવી પ્રવૃત્તિઓ ઉપાડી છે તે આજે ભારે માર્ગદર્શન આપનારી છે.''

મહેતાસાહેબે એમના અંગત મિત્રો સિવાય નવસારીનાં એક વિધવાના મૅટ્રિક પાસ દીકરાને નવસારીમાં નોકરી અપાવી. નવસારીના કેટલાય વિદ્યાર્થીઓને કૉલેજ પ્રવેશ માટે એમણે મદદ કરી. એમની નવસારીની જૂની મજૂરણના દીકરાને નિઃસ્પૃહભાવે મદદ કરી. તદુપરાંત અનેક ગરીબોને

વિનામૂલ્યે સારવાર મળે એવી ભલામણ તેઓ કરતા. આવી અંગત વાતો હું પાનાં ભરીને લખી શકું છું. મહેતાસાહેબ સાચા અર્થમાં માનવતાવાદી હતા, સારા માણસ હતા.

સરકારે મહેતાસાહેબની શક્તિની કદર કરી નથી. તેઓ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદ માટે સંપૂર્ણ લાયકાત ધરાવતા હતા. એકવાર ધારાસભ્ય સુલેમાન ઉનિયા અને હું ત્યારના ગુજરાતના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીને સુરત સરકીટ હાઉસમાં મહેતાસાહેબને કુલપતિ બનાવો એવી ભલામણો કરવા ગયેલા, ત્યાં ઝીણાભાઈ દરજી પણ બેઠા હતા. માધવસિંહે તો એમની રાજકારણની ભાષામાં કહ્યું કે 'કોઈ યુવાન માણસ બતાવો.' ત્યારે ઝીણાભાઈ દરજીએ કહ્યું કે 'અમારી સરકારની નીતિની નિંદા કરે એવી વ્યક્તિ અમને ન ખપે. અમને તો કોઈ કહ્યાગરો માણસ જોઈએ. જે સાચું હોય તે સરકારની વિરુદ્ધ હોય તો પણ નીડરપણે લખતા એ કારણે કોઈ પૉલિટિકલ પોસ્ટથી તેઓ વંચિત રહ્યા. પણ એથી એમણે પોતાના સિદ્ધાંત સાથે કદી બાંધછોડ કરી નથી.

ગુજરાતી અને અંગ્રેજી સાહિત્ય ઉપરનું એમનું પ્રભુત્વ અદ્ભુત હતું. ગુજરાતી કે અંગ્રેજી ભાષાનો કોઈ પ્રયોગ ખોટો હોય અને મહેતાસાહેબની નજર પડે કે તરત એમની ''ગુજરાતમિત્ર''ની કૉલમમાં ટકોર કરતા. આવા એક ચિંતક, શિક્ષણશાસ્ત્રી વિવેચક મારા મિત્ર હતા. એ મારે મન ગૌરવની વાત છે. આજે મહેતાસાહેબ તો નથી પરંતુ એમનાં પત્ની લીલાબહેન, દીકરો કશ્યપ, દીકરી સ્વાતિ અમારા કુટુંબ સાથે એટલો જ પ્રેમ રાખે છે.



દ. ગુ. યુનિ. ચૌદમો ખેલ-મહોત્સવ ૧૯૮૩ ડૉ. આર. કે. દેસાઈ અને
ડૉ. બી. એ. પરીખ સાથે

## ૮

# સલામ, મહેતાસાહેબ

**ચંદ્રકાંત પુરોહિત**

'ગુજરાતમિત્ર'ના પાયામાં ચંદ્રકાંતભાઈ પુરોહિતનો અને બટુકભાઈ દિક્ષિતનો અથાક પરિશ્રમ, ખંત અને સૂઝબૂઝ રહી હતી. રાજ્યના અગ્રહરોળના નીડર પત્રકાર, નિયમિત કટાર લેખક અને બંને વચ્ચે કૌટુંબિક મૈત્રી જે આજીવન રહી.

૧૯૯૪ની ૩૦મી જાન્યુઆરી - ગાંધી નિર્વાણ દિન, રવિવારનો દસ સાડા દસનો એ સમય સુરત શહેરનો શિક્ષિત નાગરિક ક્યારેય ભૂલી શકશે નહિ. એ કલાકોએ સુરતના આકાશનો એક તેજપુંજ અચાનક – સાવ અચાનક કાળગર્તામાં સરી ગયો. શહેરના, દક્ષિણ ગુજરાતના, કે સમગ્ર ગુજરાતના સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રશ્નો હોય તો એ સામે અચૂક ગાજતો અને ગર્જતો અવાજ રવિવારની એ સવારે કાયમ માટે અબોલ થઈ ગયો. હા, અમે શિક્ષણશાસ્ત્રી, શિક્ષણસંચાલક, સાહિત્યકાર, સમાજસેવક અને 'ગુજરાતમિત્ર'ની દર મંગળવારે પ્રગટ થતી 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' કૉલમના લેખક અને

અમારા મિત્ર સદ્‌ગત કુંજવિહારીભાઈ મહેતાની વાત કરી રહ્યા છીએ. એમને આમ ગયા ને તો સાડા ત્રણ વર્ષ પૂરાં થઈ ગયાં છતાં હજુ આજેય એમના નામની આગળ સદ્‌ગત મૂકવાનું કઠે છે. તેઓ કોઈના કુંજભાઈ, અનેકના 'મહેતાસાહેબ', કોઈકના કુંજવિહારીભાઈ, કોઈના આચાર્ય મહેતા હતા - પણ અમારે મન તો અમારા મિત્ર હતા. સંકટ સમયની સાંકળ હતા. શિક્ષણ ક્ષેત્રે કોઈને શાળામાં કે કૉલેજમાં પ્રવેશ અપાવવાનો હોય, કોઈ ગરીબ વિદ્યાર્થીને માફી અપાવવાની હોય, કોઈ સામાજિક સમસ્યા હોય, કોઈ શહેરવ્યાપી સમારોહ કરવો હોય, કોઈ સાંસ્કૃતિક કે સાહિત્યિક આયોજન કરવું હોય એમાં એમનાં સલાહ - સૂચન - સક્રિયતા અનિવાર્ય જ લેખાય. આ શહેરમાં છેલ્લી બે સાહિત્ય પરિષદોની સફળતામાં સદ્‌ગત ચંદ્રવદન શાહ, સદ્‌ગત રણછોડદાસ પોપાવાળા અને સદ્‌ગત કુંજવિહારી મહેતાને ન ભૂલી શકાય એવી વહીવટી કુશળતા અને સાહિત્યપ્રેમમાંથી સર્જાયેલી નરવી અને ગરવી દૃષ્ટિ હતી.

એ મિત્ર હતા, પણ અજાતશત્રુ નહોતા. શિક્ષણના હિતની વાત હોય, જનસમાજના હિતની વાત હોય, લોકોના ન્યાય - અન્યાયની વાત હોય ત્યારે એમની દૃષ્ટિએ જે સાચું લાગે એ હિંમતથી, બેધડક, કોઈની શેહશરમ રાખ્યા વિના બોલી નાંખતા - લખી નાંખતા. મિત્ર હોય અને મિત્રની વાત જાહેરની દૃષ્ટિએ ખોટી હોય તો એની સામે પણ કલમની તલવાર ધારદાર કરતા, પછી એ મિત્ર તબીબ હોય, રાજકારણી હોય, કુલપતિ હોય, ઉદ્યોગપતિ હોય કે પત્રકાર હોય - એની વેધક ટીકા કરતાં અચકાતા નહીં. એમના અનેક તબીબમિત્રો હોવા છતાં (સદ્‌ગત ડૉ. આર. કે. દેસાઈ આ પ્રસંગે યાદ આવે છે) કોઈ દર્દીને અન્યાય થયો હોય, કોઈ ગરીબ દર્દી અટવાયો હોય કે લૂંટાયો હોય તો તબીબી વ્યવસાય પર તૂટી પડતા, કોઈની સાડાબારી રાખ્યા વગર.

યુનિવર્સિટીના યુવક મહોત્સવના મામલામાં એકવાર અમે સામસામા ('ગુજરાતમિત્ર'ની કૉલમોમાં જ) આવી ગયેલા. એ વર્ષે યુવક મહોત્સવ બંધ રહેવો જોઈએ એવો સ્ટૅન્ડ હતો, એ દિવસોમાં 'ગુજરાતમિત્ર'માં 'શહેરની સરગમ' મારી નિયમિત કૉલમ ચાલતી. એમની 'શિક્ષણ અને સાહિત્યની સમસ્યા' અને મારી 'શહેરની સરગમ' આમ ટકરાતી રહી. પણ ટકરાવનો પણ આનંદ હતો. એક સમર્થ શિક્ષણ અને સમાજશાસ્ત્રી સામે અને ખાસ તો એક મિત્ર સામેની એ ટક્કર હતી. ટેલિફોન પર હસી મજાક અને કૉલમોમાં ચાબખાબાજી. યાદ છે ત્યાં સુધી પછી અંતે તે વર્ષે યુવક મહોત્સવ પડતો નહોતો મૂકાયો. એ નિર્ણયનો આનંદ અમારા બંનેને તો ખરો જ, પણ સાથે અમારા સંવર્ધક તંત્રી સદ્‌ગત પ્રવીણકાંત રેશમવાળાને પણ હતો. કેવા હતા એ દિવસો દિલેરીના!

એ આચાર્ય હતા એના કરતાં આપણી સંસ્કૃતિએ ગાયેલા ગુરુ વિશેષ હતા.

પુસ્તકિયા અભ્યાસ સાથે જીવનનો વ્યવહાર - જીવનનું શિસ્ત - મૈત્રી પ્રેમ સંબંધોના એ આગ્રહી રહેતા. શિસ્તના અને સમયના ચુસ્ત આગ્રહી મહેતાસાહેબની વિદ્યાર્થીઓમાં જબરી ધાક - અને આમ છતાં તેઓ વિદ્યાર્થીઓમાં અને સ્ટાફમાં પણ એટલા જ પ્રિય હતા. એમ. ટી. બી. કૉલેજ અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી પ્રત્યે એમનો જબરદસ્ત લગાવ.

એક પ્રસંગ યાદ આવે છે - એમ. ટી. બી. કૉલેજના આચાર્ય તરીકે નિવૃત્ત થયા હતા એ પ્રસંગે એક ખૂબ નાનકડો - થોડાક આત્મીયજનોનો સ્ટાફમંડળે સમારંભ યોજ્યો હતો - બહુ ટૂંકા ઋણસ્વીકારના બે બોલમાં એમણે પોતાની સંસ્થા પ્રત્યે, પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે, પોતાના સ્ટાફ પ્રત્યે અને પોતાના મિત્રો પ્રત્યે વહાલ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ''અગર જો મૃત્યુ પછી આ પૃથ્વી પર પુનઃ આવવાનું થાય તો અહીં જ, આ જ સંસ્થામાં, આવા જ વિદ્યાર્થી અને સ્ટાફ વચ્ચે અને આવાં જ સ્વજનો વચ્ચે પુનઃ પુનઃ જીવવાનું પસંદ કરું.'' એમના શબ્દો આજે અનાયાસ પડઘાય છે અને થાય છે કે મહેતાસાહેબ અહીં ક્યાંક આસપાસમાં જ અંકુરી રહ્યા હશે.

વર્ષો પહેલાં નવસારીથી એક સત્ત્વશીલ સુગંધી છોડ સુરત આવીને રોપાયો અને સેવાનું વટવૃક્ષ બનીને મહોર્યો - નવસારી અને સુરતની ધરતીના સંબંધને મહેકથી જોડનાર સદ્ગત મિત્ર કુંજવિહારીભાઈને અંતર્મનથી સલામ.



૧૫ વર્ષની વયે- ૧૯૩૮ લાક્ષણિક તસવીર

૯

# કુંજવિહારીભાઈ : દક્ષ તથા માનવતાપૂર્ણ વહીવટદાર

**રમણ પાઠક 'વાચસ્પતિ'**

બારડોલી કોલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક ડો. રમણભાઈ પ્રાધ્યાપક કરતાં એમની રેશનાલિસ્ટ પ્રવૃત્તિઓ અને 'ગુજરાતમિત્ર'ની કટાર 'રમણ ભ્રમણ'થી વધારે જાણીતા હતા. એ અને એમનાં પત્ની સરોજબહેન બંને એમ. ટી. બી.નાં વિદ્યાર્થી પરંતુ મહેતાસાહેબના સહાધ્યાયી નહિ, તેમ છતાં એમનો સંબંધ ઘનિષ્ઠ મૈત્રીપૂર્ણ હતો. જ્યારે પણ બારડોલીથી સુરત આવતાં ત્યારે મહેતાસાહેબ સાથે અચૂક સંપર્ક કરતાં અને ઘરે નહિ તો કોલેજમાં પણ મળવા આવતાં.

સ્વ. શ્રી કુંજવિહારી મહેતાને મેં પહેલવહેલા ૧૯૪૦માં, લગભગ જુલાઈના અરસામાં જોયા, તે ઉપર મુજબના ચૂંટણીપ્રચારના કાર્ડથી પ્રેરાઈને. પ્રસ્તુત નામ મને આકર્ષક લાગ્યું, એથી મિત્રોને મેં કહ્યું કે, 'મારે આ કુંજ સી. મહેતાને જોવા છે' અને મિત્રોએ ચીંધ્યો, ઑફિસનાં પગથિયાં પાસેના સ્તંભને અઢેલીને ઊભેલો એક નમણો નાજુક યુવાન - જોતાં જ આંખમાં વસી જાય એવો રૂપાળો. ત્યારે કોને ખબર કે આ નાનકડી કાયમાં, વિરાટ સ્વપ્નો ઘૂઘવતાં હશે? ત્યારેય આંખથી મહેતાસાહેબ સ્વપ્નદ્રષ્ટા સમજાય. કોને ખબર હતી કે, એમ. ટી. બી. કૉલેજની એ જૂના સ્થાપત્યની જે ભવ્ય ઈમારતના સ્તંભે પોતાની કાય ટેકવી આ નાનકડો - રૂપકડો યુવાન ખડો છે એ જ ઈમારતના છત્ર હેઠળની વિદ્યાસંસ્થાનો તે શુભચક્રી શાસક તથા એની પ્રગતિ - સિદ્ધિનું એક મહત્ત્વનું સોપાન બની રહેશે? જવાબ જાણીતો જ છે કે, શ્રી કે. સી. મહેતા પછીના ગાળામાં જીવનભર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેતનવંતા તેમ જ દૃષ્ટિવંતા મંત્રી રહ્યા અને એમ. ટી. બી. કૉલેજના આચાર્યપદેથી જ નિવૃત્ત થયા.

તેઓના નિવૃત્તિકાળે મેં મારી કટાર 'રમણભ્રમણ'માં તેઓ વિશે લખતાં ઉપરના ચૂંટણીકાર્ડનો ઉલ્લેખ કરેલો, ત્યારે એક પોસ્ટકાર્ડ લખી, તેઓએ મને જણાવેલું કે, 'હજી મેં પ્રસ્તુત કાર્ડનો એક નમૂનો સાચવી રાખ્યો છે.' હું તેઓ વિશે

ક્યાંય પણ જરા ઉચિત લખું, એટલે આમ તેઓની પહોંચ (ઍક્નૉલેજમેન્ટ) આવે જ, જ્યારે અનુચિત ટીકા હંમેશાં ગળી જાય, મૌન જ સેવે. જો કે મનમાં જરૂર રાખે અને ઘણીવાર તેઓની લોકપ્રિય કટાર 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'માં તેજીલો જવાબ પણ વાળે. જો કે મારી બાબતમાં, સુખદ અનુભવ છે કે, તેઓએ મને હંમેશાં ઉદારતાપૂર્વક માફ કર્યો છે અને મદદ પણ કરી જ છે. મનમાં યાદ અચૂક પણ કડવાશ જરાય નહીં.

સ્વ. કે. સી. મહેતા ન તો મારા સહાધ્યાયી, ન મિત્ર, ન તો અમારી વચ્ચે કોઈ એવો ગાઢ પરિચય. તેઓ કૉલેજમાં મારાથી બે વર્ષ આગળ. વળી અમારા સ્વભાવ વચ્ચે આભ - જમીનનું અંતર. તેઓને મારી રહનસહનના 'અસામાજિક' ઢંગ મુદ્દલે પસંદ નહીં : તેઓ એક વ્યવહારદક્ષ, વહીવટકુશળ, ઠરેલ, વિચારશીલ પુરુષ, જ્યારે હું અદકપાંસળી ને સાવ ઠેકાણા વગરનો તોફાની જણ! છતાં મોંએથી તેઓએ ક્યારેય પોતાનો અણગમો વ્યક્ત કરી, મને અપમાનિત કર્યો નહીં! ગજબનાં ઉદારતા, સહનશીલતા તથા વિવેક - સંયમ તેઓએ કેળવેલાં!

'ગ્રહોય' કંઈક એવા જ પડેલા કે, મારે અનેક પ્રસંગે સ્વ. કુંજવિહારીભાઈની મદદની જરૂર પડી અને તેમણે અણગમો ભંડારીને પણ મને અચૂક સહાય કરી. જયંતભાઈ એટલે કે ડૉ. જયંત પાઠક કૉલેજમાં તેઓના સહ પ્રાધ્યાપક અને મને ખ્યાલ છે ત્યાં સુધી, જયંતભાઈની આમન્યા તેઓએ જીવનભર જાળવી. મને મદદ કરવાની તત્પરતા પણ જયંતભાઈને કારણે જ, અર્થાત્ હું જયંતભાઈ મારફત જ મારી વિનંતિ પાઠવું. સ્વ. મહેતાસાહેબના નિવૃત્તિકાળે તેઓ વિશેના લખાણમાં મેં લખ્યું કે, 'ગેરકાયદેસર જણાતાં કામ કાયદેસર રીતે, કેવી રીતે પાર પાડવાં એ મહેતાસાહેબને બરાબર આવડે' જે વાંચીને તેઓ ખુશ થયેલા. ખરેખર તેઓ એવા અતિકુશળ વહીવટકર્તા હતા જ.

તો એ સંદર્ભે, તેઓના અમૂલ્ય ઉપકારો જ અત્રે સંક્ષેપમાં વર્ણવું : ૧૯૬૦માં અમે - હું અને સરોજ પાઠક - સાવ બેકાર - નિરાધાર બનીને સુરત બંદરે ઊતર્યાં : એટલે જ ભાઈએ મહેતાસાહેબને વાત કરી કે, 'આ બેકારોને કંઈક બેસવાની ડાળ કરી આપો!' ત્યારે સરોજ ફક્ત ઇન્ટર આર્ટ્સ પાસ, નોકરી માટે કોઈ ખાસ લાયકાત નહીં. પણ મહેતાસાહેબ જેઓનું નામ : અરજીમાંથી તેઓએ શોધ્યું કે, સરોજે હિંદીની કોવિદ્ પરીક્ષા પાસ કરી છે. અને તત્કાળ એને સાર્વજનિક સોસાયટી સંચાલિત હરિપરા હાઈસ્કૂલમાં હિંદી - શિક્ષિકાની નોકરી તેઓએ આપી અને એમ અમારી સાવ ડિરેઇલ્ડ ટ્રેન ઠીકઠીક પાટે ચઢાવી આપી. મને યાદ છે ત્યાં સુધી, એ જ વર્ષમાં એમ. એ. થવા માટે હું એમ. ટી. બી. કૉલેજમાં પણ જોડાયો, ત્યારે તેઓએ મને ફી - માફીયે કરી આપેલી... સરોજે પૂરાં ચાર વર્ષ

સોસાયટીની ઉક્ત હાઈસ્કૂલમાં સેવા આપી. એ અન્ટ્રેઈન્ડ અને વળી સ્વભાવે બાલિકાવત્, છતાં કામ કડેડાટ ચાલ્યું, તે મહેતાસાહેબની ઉદાર નિગાહબાનીને જ આભારી.

પણ ગ્રહો એટલેથી જ છૂટ્યા નહીં : ૧૯૭૪માં વળી મારી પુત્રી ચિ. શર્વરી એ જ સોસાયટીની પી. ટી. સાયન્સ કૉલેજમાં પ્રાધ્યાપિકા બની, જ્યાં આજ પર્યંત એ છે.* એની માંદગી, રજાઓ, પ્રસૂતિની રજા જેવા અનેક પ્રસંગોએ મૂંઝવણ ઊભી થાય અને સ્વ. કુંજવિહારીભાઈ એમની વહીવટ દક્ષતા વડે, અચૂક કંઈક કાયદેસરનો, નિયમસરનો ઉકેલ શોધી જ આપે. હુંય ૧૯૬૨થી દક્ષિણ ગુજરાતમાં જ ગુજરાતીનો પ્રાધ્યાપક બન્યો અને વળી જીવનભર 'હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ' તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી બન્યા બાદ, એની બોર્ડ ઑફ સ્ટડીઝનો સભ્ય તેમ જ અમુક ગાળા માટે અધ્યક્ષ રહ્યો. મારી અવ્યવસ્થિત, ઉદાર (ઢીલી) તથા 'ગોટાળિયા' (કૌભાંડના અર્થમાં નહીં) નીતિરીતિ મહેતાસાહેબને મુદ્દલે માફક નહીં. બીજી બાજુ, તેઓ યુનિવર્સિટીના સંચાલનના પણ પૂરા જાણકાર અને કડક વહીવટકર્તાય ખરા. એટલે વારંવાર ગૂંચો ઉદ્ભવે. છતાં મહેતાસાહેબ ક્યારેય મારી સામે મેદાને પડ્યા નહીં કે મારું અહિત થાય એવાં વાણી - વર્તન તેઓએ પ્રયોજ્યાં નહીં, હંમેશાં બચાવપક્ષમાં જ અડીખમ રહ્યા. એવું જ પરીક્ષાઓમાં પણ બને : અનેક પ્રસંગે અમે સહપરીક્ષકો હોઈએ, મારામાં 'જીવદયા' પણ અનુચિત પ્રમાણમાં, એટલે વારંવાર મારે મહેતાસાહેબને કંઈક અરજ ગુજારવાની આવે... અને બહુધા તેઓ મારું વચન રાખે જ, અલબત્ત, ગેરકાયદેસર હોય એવા મુદ્દાને કાયદેસરનો બનાવીને જ, જીવનભર ક્યારેય અમારા ગ્રહો 'વક્રી' થયા નહીં એનો લગભગ તમામ યશ સ્વ. કુંજવિહારી મહેતાને ફાળે, તેઓનાં ઉદારતા, સંયમ, સમજદારી તથા દક્ષતાને ફાળે જ જાય. ન કરવા જેવું કામ, તેઓ એક પણ શબ્દ કહ્યા વિના જ ન કરે, એટલે મારેય ચૂપચાપ સમજી લેવાનું.

આવું બધું જ કશાય ગાઢ પરિચય કે મૈત્રી વિના જ, કેવળ માનવતાને નાતે, વિદ્યાર્થીકાળના સ્વલ્પ પરિચયને પ્રતાપે અને મહદંશે તો જયંતીભાઈની આમન્યાને કારણે - બાકી આટઆટલી પરસ્પરતા છતાં, હું કદીય તેઓને નિકટતાથી મળ્યો નથી, આટલાં બધાં વર્ષ દરમિયાન, ભાગ્યે જ ચાર પાંચ વખત એમના ઘરે યા કાર્યાલયમાં મળવા ગયો હોઈશ, આટલા દીર્ઘ પરિચયકાળ દરમિયાન, અમે ભાગ્યે જ સો - બસો વાક્યોની મૌખિક આપ-લે કરી હશે. છતાં તેઓ ખાસ દિલથી મને જીવનભરનો ઋણી બનાવી ગયા, જેથી હું રળિયાત છું.

---

*** પ્રૉફેસર શર્વરી મુકેશ દેસાઈ હવે બેએક દશકથી નિવૃત્ત થઈ ચૂક્યાં છે. - સં.**



લાક્ષણિક તસવીર - ૧૯૩૮ એમ.ટી.બી. કૉલેજ પ્રવેશ ટાણે

## ૧૦

# સામાન્ય છતાં અસામાન્ય માનવી

**રમેશ ઓઝા**

એમ. ટી. બી. કોલેજમાં અંગ્રેજી ભાષામાં સાહિત્યનું જાણીતું અને લોકપ્રિય નામ. મહેતાસાહેબ સાથે બંધુત્વ જેવી મૈત્રી. આ બંને મિત્રો વચ્ચે વહીવટી આંટીઘૂંટીની ચર્ચાઓ પણ થતી રહેતી. વયમાં મહેતાસાહેબ કરતાં નાના એવા રમેશભાઈએ મહેતાસાહેબના અવસાન પછી સોસાયટીના મંત્રી બન્યા અને ‘ગુજરાતમિત્ર’ની પ્રસિદ્ધ મંગળવારી કોલમ ‘શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ’ પણ એમણે લખવાની શરૂઆત કરી. આમ મહેતાસાહેબના ઉત્તરાધિકારી કહી શકાય.

શ્રી સતીશભાઈ પંડ્યાનું સૂચન થયું કે ‘ઇન્દુમૌલિ’ સ્વ. આચાર્ય કુંજવિહારી મહેતા વિષે એક ખાસ અંક પ્રગટ કરવા માંગે છે અને તે માટે મારે કંઈક લખવું. એમણે સ્વ. મહેતાસાહેબના વ્યક્તિત્વનાં અનેક પાસાંઓનો નિર્દેશ કરીને એમાંથી કોઈ એકની પસંદગી કરવા પણ કહ્યું, એટલે લખવાનું કામ કઠિન થઈ ગયું. એ વ્યક્તિત્વને એટલા બધાં પાસાં હતાં અને એમાનાં અનેકનો એટલાં બધાં વર્ષોનો થોડીવત્તી માત્રામાં પ્રત્યક્ષ પરિચય તેમ જ અનુભવ મનના ખૂણે ભંડારાયેલો પડ્યો છે કે એમાંના કોઈ એક વિષે લખવામાં એવું જ લાગે જાણે એક રેખાકૃતિ જે દોરવાની હોવા છતાં એ રેખાઓ અધૂરી, ખંડિત રહેવા દીધી છે, વળી એક લેખની મર્યાદામાં એમના વિષે અખિલાઈથી લખવાનું પણ શક્ય નથી. ત્રીજી વાત એ છે કે વ્યક્તિત્વના વિવિધ પાસાંઓનું એકબીજામાં એવું dovetailing થયેલું હતું કે એકની વાત કરતાં બીજી બાજુએ સ્પર્શવાનું અનિવાર્ય બની જાય. આ પરિસ્થિતિમાં સંપાદકશ્રી સતીશભાઈએ નિર્દેશેલી શિસ્તની રેખા ભેળસેળ થાય કે ભૂંસાઈ જાય તેવું આ લેખ વિષે બનવા સંભવ છે.

તેઓ આજીવન અસાધારણ શિક્ષક રહ્યા અને એમનો પ્રથમ પરિચય શિક્ષકના રૂપમાં જ થયો. શિક્ષક રહ્યે રહ્યે અને શિક્ષક તરીકે જરા પણ ઊણા ઊતર્યા સિવાય એ શિક્ષણસંચાલક બન્યા. સાર્વજનિક સોસાયટીના માનદમંત્રી

તરીકે પૂરાં તેત્રીસ વર્ષ સુધી કામ કરવું એ જેવી તેવી વાત ન હતી. પણ મુ. મહેતાસાહેબે આટલા સુદીર્ઘ સમય સુધી શૈક્ષણિક વહીવટ સંભાળ્યો તે એ વાતનું પ્રમાણ પૂરું પાડે છે કે એ પણ કાંઈ જેવા તેવા વહીવટકાર ન હતા. એમના અકાળ મૃત્યુ નિમિત્તે એમને શોકાંજલિ અર્પવા મળેલી સભામાં જસ્ટિસ ડી. એ. દેસાઈએ યોગ્ય રીતે જ કહેલું કે છેલ્લાં તેત્રીસ વર્ષનો સોસાયટીનો ઇતિહાસ અનિવાર્યપણે કુંજવિહારી મહેતાની જીવનકથારૂપ બનવાનો. વહીવટી દક્ષતાનો એ તંતુ જુદી જુદી હેસિયતમાં યુનિવર્સિટી કક્ષાએ પણ લંબાયો. અનેક વિષયો પર ધારાપ્રવાહે બોલનારા અને શ્રોતાવૃન્દનું સંમોહન કરી શકનારા વક્તા હોવા સાથે એમની લેખન પ્રવૃત્તિ પણ એટલી જ અસ્ખલિત રૂપે મૃત્યુપર્યંત ચાલી. આજે ચાર વર્ષે ભાઈ કશ્યપે તો ગમે તેમ મન કઠણ કર્યું છે. મુ. લીલાબહેનની સમતા અને સહનશીલતાને નમન કરવાનું મન થાય. અને છતાં બહેન સ્વાતિની આંખનાં આંસુ આજે પણ સુકાતાં નથી એ જોઈ એ કેવા કુટુંબવત્સલ વડીલ હતા તેની કલ્પના થઈ શકે. એ એવા પારકી રાતના જાગતલ હતા કે શાબ્દિક રીતે અડધી રાતે કામ પડે ને મહેતાસાહેબને કહ્યું હોય તો એ વ્યક્તિગત સગવડને અવગણીને બીજાની ભેરે ચડતા. ગરીબ, દુઃખી, જરૂરતમંદ લોકો માટે એમના ઘરનું બારણું હંમેશાં મોકળું ઊઘડેલું રહે. કોઈકની વીતક સાંભળીને મહેતાસાહેબની આંખના ખૂણામાં પાણીની ચમક ઊભરી આવતી તે જોઈ appearance અને reality ના ભેદની પ્રતીતિ થતી. બહારથી કંઈક કઠોર – કરડાકી પણ લાગે તેવો દેખાવ કરીને માણસને માપતા આ માણસના હૃદયની ઋજુતાએ આંતરિક રીતે હચમચી ઊઠેલા કે તૂટી પડવાની અણીએ આવેલા અસંખ્ય લોકોને જે સાંત્વના, સહાય અને હૂંફ આપી છે એની વાત કરતાં એક પુસ્તક ભરવું પડે. ગરીબ, દુઃખી માટેની હમદર્દી એમનામાં લગભગ obsession ની હદે પહોંચે એટલી તીવ્ર હતી.

આ કાંઈ એમણે કેળવેલી કે મેળવેલી વ્યક્તિતા ન હતી. આ જ એમનો સ્વભાવ હતો. કુંજવિહારી મહેતાની કોઈ પણ ઓળખાણ મનુષ્ય તરીકેની એમની ઓળખાણ આગળ ગૌણ બની જાય એવી એમની મનુષ્યતા હતી. એનો અર્થ એવો નથી કે તેઓ મહામાનવ હતા. હતા તો એ સામાન્ય માણસ. સામાન્ય પરિવારમાં જ જન્મ્યા અને મોટા થયા. વિટંબણાઓ પણ વેઠી અને સ્વપુરુષાર્થે આગળ આવ્યા. પણ એમનામાં જે માનવીય ગુણો પાંગર્યા તેનું કારણ પણ આ જ હતું કે સામાન્ય સ્તરના કે ગરીબ માણસને જીવનમાં કેવા કેવા સંઘર્ષોનો સામનો કરવો પડે છે તેનો એમને જાત અનુભવ હતો. સમાજના આવા મનુષ્યો સાથે એમનો લાગણીનો અનુબંધ સહજ રીતે થઈ શકતો. એમણે પોતાનાથી બન્યું તે રીતે કેવા કેવા માણસોને કેવી કેવી વિપદાઓમાં સહાય કરી એનો વૃત્તાંત ઘણો લાંબો થઈ જાય. એટલું જ કહેવું પૂરતું થઈ પડે કે અનેક લોકો એમની સાથે જે

આત્મીય ભાવ અનુભવી શકતા તેની પાછળ એમની આ સહજ સ્રવતી માનવતા હતી. ઉપર કહ્યું તેમ તેઓ એક સામાન્ય પ્રકારના માનવી હતા. પણ એ કારણે બીજા લોકોને અંતર નહોતું અનુભવાતું બલ્કે એમની સાથે પોતાપણું અને નિકટતાનો ભાવ જાગતો. મને ઘણીવાર સામાન્ય મનુષ્યની આધ્યાત્મિકતા શામાં રહેલી છે તે વિચારતાં એમ લાગે છે કે કોઈનું અજાણ્યે પણ અહિત ન કરવાની ખેવના રાખવી, અન્યને કોઈ પણ રીતે સહાયરૂપ થવામાં જીવનની સાર્થકતા સમજવી, પોતાનાં પ્રાપ્ત સાંસારિક - સામાજિક કર્તવ્યોને નિષ્ઠાપૂર્વક બજાવવાં, આવું આવું કરનાર માણસમાં પણ આધ્યાત્મિકતા જ પ્રગટતી હોય છે. સ્વ. કુંજવિહારી મહેતા બાહ્યરૂપે ધાર્મિક હોવાનું જાણ્યું નથી. ઊલટું દાંભિક ધાર્મિકતા તેમ જ એવી ધાર્મિકતાનું પ્રદર્શન કરનારાઓ પ્રત્યે એ હંમેશાં આક્રોશ ઠાલવતા. ઈશ્વરનો પ્રગટ રૂપે ઇનકાર પણ નહિ કે એના અસ્તિત્વને પુરવાર કરવાનો તાર્કિક વ્યાપાર પણ નહિ, એવું એમનું વલણ જોવામાં આવતું. ધરમને નામે આડંબર કે ઉધમાતોના એ સખત ટીકાકાર હતા. સુરતમાં રૅશનાલિસ્ટ પ્રવૃત્તિ શરૂ થઈ તેમાં એમનાં કેટલાંક વૈચારિક વલણો અને એમના લેખો સંચાલક બળ બની રહ્યાં એ જાણીતી વાત છે. અને છતાં એમનામાં પૂરાં કસની આધ્યાત્મિકતા હતી એવી મેં પ્રતીતિ કરી છે. એમની આ આધ્યાત્મિકતાને સમજવા આપણે ચીલાચાલુ વ્યાખ્યાઓના ચોકઠામાંથી બહાર નીકળવું પડે એટલું જ.

ફરી દોહરાવું કે તેઓ અસામાન્ય પ્રકારના સામાન્ય માનવી હતા. ઘણીએ મનુષ્ય સહજ નિર્બળતાઓ એમનામાં નહોતી એમ નહિ. એ જલદી ગુસ્સે થઈ જતા. એમના રોષનો તાપ જીરવવો દુષ્કર હતો. એમનામાં ઘર કરી ગયેલા કેટલાક પૂર્વગ્રહો હતા અને તે વાતવાતમાં વ્યક્ત પણ થતા. એમના વ્યક્તિઓ પ્રત્યેના ગમા-અણગમા હતા જ એની ના નહિ કહી શકાય. એઓ ઘણી વાતે જલદી દુભાઈ જતા, છંછેડાઈ જતા, રિસાઈ પણ જતા. કદાચ આ કારણે ઘણા લોકોના મનમાં એમના વિશે કેટલીક ગેરસમજો પણ ઊભી થતી. એ કારણે ક્યારેક લોકો એમને વિશે આકરાં - આકરાં વચનો પણ કહેતાં અને તેની એમને જાણ પણ થતી. પણ એમના સહવાસ થકી એક વાત એ જોવા મળી કે એમના વિશે કઠોર - કડવું અને અઘટિત ટીકાભર્યું વલણ કે વર્તન કરનાર વ્યક્તિ પણ મુશ્કેલીમાં એમની પાસે સલાહ, સહાય કે માર્ગદર્શન માટે આવે ત્યારે એઓ આ અંગત લાગણીઓને તત્ક્ષણ વિસરી જઈ આવનાર એ વ્યક્તિને પણ જે રીતે બને તે રીતે સહાયરૂપ થતા. સેંકડો કિસ્સાઓમાં એમની આ અસાધારણ વ્યક્તિમત્તાના સાક્ષી બનવાનું થયું છે, અને એ જ એમની સામાન્ય માણસની આધ્યાત્મિકતા હતી એવી મને પ્રતીતિ થઈ છે.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના એ મંત્રી હતા અને એ હેસિયતમાં દરેક વખતે દરેકને ગમે તેવા નિર્ણયો લેવાનું એમને માટે શક્ય ન હતું. પણ આવા લોકોને પણ તત્કાળ ભલે ગમે તેટલું એમનું વલણ અપ્રિય લાગ્યું હોય, સમય જતાં એ વ્યક્તિ ફરી એમની જ પાસે મદદ માટે આવવામાં સંકોચ કે સંદેહ ક્યારેય રાખતી નહિ. જો કોઈની સાથે ઉગ્રતા પણ થઈ જાય તો એવી ઉગ્રતાને બ્રેકિંગ પૉઇન્ટ સુધી પહોંચવા ન દેવાની એમની કુનેહ અદ્ભુત હતી. અને એમ કરવામાં કોઈ વાણિયાઈ વ્યવહારુ શાણપણથી એ પ્રેરાતા હતા એમ નહિ, પણ આવી ક્ષણિક લાગણીની નિરર્થકતા એમને તરત સમજાઈ જતી. છૂટેલું તીર કોઈને ઘાયલ કરી નાખે તે પહેલાં એને પાછું ભાથામાં મૂકી દઈને એ માણસોને જીતી શકતા. વિશેષતા તો એમની એ હતી કે એ ક્ષણિક લાગણીના આવેશની કોઈ અસર ત્યાર પછી એમના વ્યવહારમાં કે અભિગમમાં રહેતી નહિ અને એની જો કોઈ અસર રહેતી તો તે એટલી જ કે આવી ક્ષણિક માનવીય ક્ષુલ્લક વૃત્તિમાં વહી જવા બદલ આત્મ ઉપાલંભની, પોતાના વ્યવહાર પર પોતે જ નારાજ થવાની.

આજે એ વ્યક્તિ સદેહે નથી. પણ એની સ્મૃતિ ઝંખવાતી નથી. એમને હજારો લોકો પ્રેમપૂર્વક આજે પણ સંભારે છે અને સંભારતાં રહેશે. એ જ તો કોઈ વ્યક્તિના જીવનની સાર્થકતા અને તેના મૃત્યુની મંગળમયતાનો માપદંડ છે.

કદાચ ઉમાશંકર જોષીએ એટલે જ કહ્યું છે કે...

મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,
નાનાની મોટાઈ જોઈ જીવું છું.



નાગરિક સન્માન ઑક્ટોબર ૧૯૮૩, ડૉ. ઉપેન્દ્ર બક્ષી (કુલપતિ - દ. ગુ. યુનિ.)

## ૧૧

# K. C. - A Pen Picture

**Dr. V. S. Navalkar**

એમ. ટી. બી.માં અંગ્રેજી વિષયના પ્રાધ્યાપિકા અને વિભાગીય વડા આશરે ત્રીસ વર્ષો પર્યન્ત અધ્યાપન કાર્ય કર્યા બાદ નિવૃત્ત થયા અને ત્યારબાદ ચુનીલાલ ગાંધી વિદ્યાભવનનાં માનદ નિયામક તરીકે સેવા આપી. નિવૃત્તિ બાદ મુંબઈ સ્થાયી થયાં. તાજેતરમાં જ ૧૦૩ વર્ષની વયે એમનું નિધન થયું.

Never was a farewell so painfully sad and yet so dignified and touching in its sublimity. It was singularly a unique event in the history of M. T. B. Arts College for all its magnificence and religious proportion it assumed . It simply recalled to mind that one pathetic scene. the parting of Shakuntala. It was July 30. 1983. The whole M. T. B. Arts College was all in tears, the students and the teachers, the clerks and the peons and even the garden labourers. When Principal Mehta relinquished his office and bade farewell to the institution. The institution which had taught him, nourished him and blessed him. It was a grand act of farewell. Even Nature that

day had ceased to be mere weather and a scene and had become an emotion echoing the sadness in our hearts. A mysterious gloom filtered down the M. T. B. Arts College and the whole landscape was in-tears.

Even today the whole scene stands so vivid and fresh in my mind. The room No. 6 is packed. literally overflowing. Students past and present. Teachers and guests are all waiting anxiously to have a glimpse of their mighty hero. The human god and hear him speak. The stage is richly decorated which only adds to the magnificent effect. Soon in the midst of thunderous clapping Prin. Mehta appears on the stage. courageous and confident even as a hero. wearing the same kingly face but a tinge of sadness has spoilt his usual frank and sweet charming look. His sad eyes are watching for that hour when he must break away all the ties and tear himself off from all that is peculiarly his own creation. Every one with tears in eyes pours out his love and admiration and is in a mood of confession as before God. They all garland him and offer him their humble tributes and presents. And then Prin. Mehta, overwhelmed as he is, in his usual impassioned manner addresses his dear friends. With folded hands he takes leave of them all and bids farewell... Oh God! What a symbol of love, kindness and magnanimity K.C. is! The scene was simply grand surpassing all description.

"Prin. K. C. Mehta relinquished his office as a Principal of the M. T. B. Arts College after long years of fruitful service, promises and pursuits and fulfillment. Indeed his has been a many coloured fabric of lovely crowded life, a life of ceaseless activities, lived richly and fully. Ever since his early years as a young charming professor the stature of Prin. Mehta has steadily increased and today, whether in or out of office, he is one of the popular and conspicuous figures in the city here and outside. Prin. Mehta has almost become more than a name, an institution, a legend."

This single event. 'the farewell' is sufficient to define the charming and magnificent personality of Prin. Mehta. It simply reflects the great estimation and reverence in which he is held by all.

To great extent Prin. Mehta owes his eminence and success to his own personal advantages. His appearance alone is his handsome fortune which might assure him success wherever he goes. His great simplicity, and sincerity, his utter modesty and humility and freedom from prejudices and moral indignation are among his rich possessions nature has endowed him with. But the most striking is his deep humanism.

Prin. Mehta has often fought fearlessly for the cause of justice. Many a time has he championed the cause of the students and the teachers and even clamoured for their rights and benefits and not

without success. The lack of justice and the want of sufficient educational and medical facilities, especially for the poor make him impatient and even furious . He even goes out of his way to render help to the needy and the poor. When he thinks and sees the poor hungry souls, a brooding look comes over his face and his heart spontaneously goes out in sympathy. He knows their ills and holds society responsible for their plight. Prin. Mehta's idealism and his academic interest and faith in human and social values are all found in the columns of his writings and speeches. They are the fruits of his long experience, his academic maturity and worldly wisdom.

The most interesting part of K. C.'s personality is his obstinacy and K. C. is like a child both impetuous and obstinate, till he gets things done. It is perhaps a part of his psychology that he always thinks in terms of success . So much for his strong determination and dogged perseverance . It is said about Napoleon de Bonaparte that he never blundered into victories but won his battles in his head before he did on the battlefield. And so is it with Prin. Mehta.

His long experience has taught him how to justify, comprehend and weigh and also handle dexterously the most intricate problems: his decisions whether as a principal or a Dean have always been both prompt and apt. All this only speaks of the visionary quality of his mind, his insight. And lastly we cannot but admire and feel amazed at his abundant vitality, physical, mental and emotional and his almost school boyish enthusiasm. There is definitely a certain dynamic quality about Prin. Mehta which distinguishes him so much from the rest of his contemporaries . Surely, he is a man of action. No doubt . without his dynamism his sheer sustained frenzy of spirit and individuality and colossal faith in himself Prin. Mehta could not have emerged from a mere learned obscurity to his present position as a leading educationalist of the day.

Yes . Prin. Mehta has other interests too. He has not been merely an administrator but is also a critic and a journalist with his ever flowing powerful pen. It is his mission as it were to comment and criticize, to admire and awaken and propagate all that is noble and healthy. His interest is not confined to literature only but also extends to other aspects of history and the sciences too. Prin. Mehta can even be alive to the lighter side of life. He loves sports and has enough capacity for innocent humour and sarcasm. He can laugh and enjoy a joke. If he can enjoy scaling the mountain heights he can sit for hours gazing at the sea, calm and conclusive. Here is an image of Prin. Mehta a man of many parts and Nature's favourite child.

Like an Admiral Prin. Mehta has commanded and steered his ship safely and successfully to the shores with courage and confidence

vigour and enthusiasm balanced by self control and good judgment. Even today Prin. Mehta carries into his sixties the vivacious mind as well as the bright eye and high hopes of youth and zest for life and also love for humanity. Never has he ceased to feel the renewed pleasure in life: no amount of mystery that surrounds this adventure of life has ever depressed him or weakened his faith . On the other hand he has the joy of the journey and the unquenchable spirit of the old Ulysses, the grey spirit yearning with desire to seek a newer world. Have we not often heard him uttering his favourite lines?

Come my friends .
*'This not too late to seek a newer world, for my purpose holds*
*To sail beyond the sunset and the baths.*
*Though much is taken much abides and though*
*We are not now that strength which in old days*
*Moved earth and heaven : that which we are, we are*
*One equal temper of heroic hearts*
*Made weak by time and fate, but strong in will*
*To strive, to seek, to find and not to yield.*

This is how I see Prin. Mehta and this is what he means to us. Today he has retired and with his retirement comes, in a significant way, the end of an era. I wonder if I should describe him as a crusader or a chivalrous knight of the Round Table with a mission, fearless, challenging, struggling against all shams and pretences, hypocrisies and injustice? Or should I call him the Greek pagan of the old for all his vigour and passionate feeling for life : or could we think of him as artist socialist, sensitive and alive to his finger tips one who knows the art of living? Whatever he be, to us Prin. Mehta is a beloved friend, a good guide and a moral support and above all a true source of inspiration. He is a great educationalist but also a great 'Karmayogi'. He neither stops to philosophise, nor does he moralise : he just believes in life and action and knows only "To Be" and well, that is the secret of his life. Tasting it bitter, sweet, pleasant, absurd but ever hopeful and alive, splendidly courageous and supremely sane . I would not hesitate to say that he occupies his place among many others as pillar of the Sarvajanik Education Society for he represents to me that noble tradition temporarily obscured - associated with me like Shri Chunilal Gandhi, Shri Lalit Mohan Gandhi, Prin. K. L. Desai, Dr. V. R. Trivedi, Dr. R. K. Desai and many other men known for their dedicated services, sacred devotion, their selflessness, their sincerity and tenacity of purpose and allegiance. Prin. Mehta must surely remain an ideal for the younger generation of students and teachers specially when all idealism is on the wane and academic values sorely neglected.

(Article taken from Sarvajanikam 1983-84)



ડૉ. ઉમાશંકર જોશીનું સન્માન કરતા

## ૧૨

# આચાર્ય કુંજવિહારી મહેતા એક શક્તિપ્રદ સ્મરણ

**સિતાંશુ યશશ્ચંદ્ર**

પદ્મશ્રી સિતાંશુભાઈના નામથી ભાગ્યે જ કોઈ ગુજરાતી અપિરિચિત હશે. ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે સુદીર્ઘ સેવા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તરીકેનો ઉત્કૃષ્ટ કાર્યકાળ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ જેવી અનેક જવાબદારીઓ અત્યંત કૌશલ્ય અને કુનેહથી ઉપાડનાર અને તેમ છતાં એક ઉત્કૃષ્ટ લેખક અને કવિ અને ગુજરાતી ભાષાને ગૌરવ અપાવનાર સિતાંષુભાઈ યશશ્ચંદ્ર મહેતાએ અનેક પ્રસંગોએ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની મુલાકાત લીધી છે અને સંચાલકો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી છે. મહેતાસાહેબના લખાણોના તેઓ હંમેશા પ્રશંસક રહ્યા છે.

મારા વિદ્યાગુરુ મહામહોપાધ્યાય રામપ્રસાદ બક્ષીને (એ પદવી કાશીના વિદ્વદ્ મંડળે, ૧૯૭૫ના અરસામાં એમને આપવા ધારેલી, એમણે એનો સસ્મિત સવિનય અસ્વીકાર કરેલો, એ દૃશ્યનો હું સાક્ષી) એવું નામ આપી સાંતાક્રૂઝમાં કોઈને સરનામું પૂછો, એ સમયે તો કોઈ ન યે બતાવે પણ જો એ પરાના રેલવે સ્ટેશનના વિસ્તારમાંયે કોઈને પૂછો કે રામભાઈ બક્ષીનું ઘર ક્યાં? તો એ કહે કે

અરે, પોદ્દાર સ્કૂલ પાસે જ! આચાર્ય કુંજવિહારી મહેતા તો સુરતમાં આખા શહેરમાં જાણીતા, પણ 'મહેતાસાહેબ' એમ કહો તો સહુને તરત અને હેતભર્યું સમજાય. 'મહેતાસાહેબ, એમ.ટી.બી. વાળાને?' એટલું કદાચ ખાતરી કરવા પૂરતું પૂછી લે. સંસ્થાઓને સમર્પિત, પોતાના લાભોને જતા કરી પોતાની વિદ્યાસંસ્થાનું આજીવન જતન કરનારા આજે કેટલા? એવા એક પ્રિન્સિપાલ અમૃતલાલ યાજ્ઞિક સાહેબની મીઠીબાઈ કૉલેજમાં તો મારા જીવનનાં ઉત્તમ વર્ષો વીત્યાં છે. એટલે, જો કે મારો પ્રત્યક્ષ પરિચય ઓછો પણ આચાર્ય કુંજવિહારી મહેતાસાહેબની ઓળખાણ ઊંડી.

પદવી કરતાં માણસ મોટો છે, એ વાત દીવા જેવી ચોખ્ખી રાખનાર આવા આચાર્યોમાં આપણી સંસ્કૃતિ પોતાની સંજીવની આજે શોધે છે. મારે માટે આચાર્ય કુંજવિહારી મહેતા જો કે માત્ર 'મહેતાસાહેબ' બને એવી નિકટતા અમારી વચ્ચે નહોતી કેળવાઈ પણ એમણે જે સંસ્થાને ગુજરાતની એક અગ્રણી વિદ્યાસંસ્થા રૂપે કેળવી એ એમ. ટી. બી. કૉલેજ સાથે, મારા સ્નેહી મિત્ર કશ્યપભાઈ મહેતાને કારણે (અને એવા જ સંનિકટ સુહૃદ રાજન ભટ્ટના સેતુબંધે) સાથે તો નિકટનો નાતો આજ દશકોથી કેળવાયો અને જ્યારે જ્યારે એ સંસ્થાના રળિયામણા પરિવારમાં જવાનું થાય ત્યારે ત્યારે અચૂક કુંજવિહારીભાઈની પ્રભાવશાળી, ઊંચી અને શિલ્પસદૃશ છબી આંખ સામે અંદરથી ઉપસ્થિત થાય.

પોતાની નામના અને પદવી તરફ દોટ મૂકતા મહાનુભાવોના અરસપરસના હાસ્યાસ્પદ હડસેલાઓના આ સમયમાં (કવિ નાટ્યકાર પ્રવીણ પંડ્યા એને 'આ કૌરવ - પાંડવોનો સમય'; જેમાં એ બંને પરસ્પર અળગા તારવવા મુશ્કેલ છે એવો સમય કહે છે, એ સમયમાં) આચાર્ય કુંજવિહારી મહેતાનું સ્મરણ કરવું આપણને ઉપકારક બને. મહેતાસાહેબ એક વ્યાપક અર્થમાં કેળવણીકાર હતા; ભવિષ્યમાં જે વિશ્વવિદ્યાલય બને એવી કૉલેજને એમણે ઉછેરી, એનો પરિસર કેળવ્યો : ગ્રંથાલય, વર્ગખંડો, અધ્યાપકોની પસંદગી આદિ અનેક પ્રક્રિયાઓમાં એક સ્વસ્થ પરંપરા ઊભી કરી. અધ્યાપકો સાથે ચા પીવાની પ્રથાયે પાડી! બીજું, સુરતના દૈનિક પત્રમાં નિયમિત નિર્ભયપણે વિચારવંત લખાણોનીયે એક પરંપરા બાંધી અને એ રીતે સુરતની સમગ્ર પ્રજાની કેળવણીની નર્મદ-જૂની પરંપરાને આગળ વધારી, આચાર્ય કુંજવિહારી મહેતાનું ત્રીજું પ્રદાન તે સંશોધન પ્રવૃત્તિને ખૂબ કાળજીથી અને પરગજુપણે સંસ્થાના પરિસરમાં પોષવી.

આજે યે જો એવા મહેતાસાહેબને મળવાનું દિલ થાય, આ 'કૌરવ - પાંડવોના સમય'ના અટપટા વહેણની આરપાર તરી જવું હોય, તો એમની એમ. ટી. બી.ના પરિસરમાં જઈ, કરોડરજ્જુ ટટ્ટાર રાખી, મસ્તક ઉન્નત રાખી થોડી વાર ઊભા રહેવું. ત્યાં જ ક્યાંકથી આવી, એવો જ એક જણ તમને મળવા જરૂર આવશે - એ જ કુંજવિહારી, એ જ મહેતાસાહેબ, એ જ એમ. ટી. બી.નો નિત્ય આચાર્ય!

વડોદરા ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩



શ્રી પ્રવીણકાંત રેશમવાળા - 'ગુજરાતમિત્ર'માં પ્રાસંગિક પ્રવચન

**૧૩**

# એક પ્રાણવાન, ઊર્જાસભર વ્યક્તિત્વ

**હિમાંશી શેલત**

શેલત કુટુંબ સાથે મહેતાસાહેબને બે પેઢીનો સંબંધ ડો. કેતન શેલત અને હિમાંશી શેલતના દાદા શ્રી કાલિદાસભાઈ શેલત તે જમાનાનું પ્રખ્યાત સાંધ્ય અખબાર, 'પ્રતાપ'ના તંત્રી હતા. મહેતાસાહેબને અખબારમાં લખતા કરનાર મુ. શ્રી કાલિદાસભાઈ. મહેતાસાહેબનાં લખાણો જલદ છતાં કાલિદાસભાઈ કોઈની શેહશરમ વગર છાપતા. હિમાંશીબહેન એમ. ટી. બી.નાં વિદ્યાર્થિની અને એ જ કોલેજમાં અધ્યાપન કર્યું. સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ સામાજિક સેવા અને સાહિત્ય લેખનમાં ઝંપલાવ્યું. આજે ગુજરાતના અગ્રગણ્ય સાહિત્યકારોમાં હિમાંશીબહેનનું સ્થાન છે.

આ શહેર ક્યારેક એની મૂલ્યવાન વ્યક્તિઓથી અને એની જાજવલ્યમાન સંસ્થાઓથી ઓળખાતું. એની પાસે ઊંચી પરંપરાઓ અને બૌદ્ધિક સંપત્તિ હતાં. અને એના પ્રથમ કોટિના નાગરિકોની નિસબતભરી માવજતથી એ સંપન્ન હતું. આવી એક ઘેઘૂર અને પ્રાણવાન સંસ્થા તે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને એમ. ટી. બી. કૉલેજ. આ એમ. ટી. બી. કૉલેજ સાથે અવિભાજ્યપણે

સંકળાયેલાં ઝળહળતાં નામોમાં એક તે આચાર્ય કુંજવિહારી મહેતાનું. કે. સી. ના હુલામણા સંબોધનથી આ શહેર જેમને ઓળખતું એ વિરલ હસ્તીએ પોતાનું ઉત્તમોત્તમ અહીંનાં શિક્ષણ અને સંસ્કારજગતને ધરી દીધું. એમના જન્મશતાબ્દી પર્વનો આજે પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આ વિસ્તારનાં શિક્ષણ, સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે એમના સત્ત્વશીલ પ્રદાનને યાદ કરવાનો સમય ચૂકી જવા જેવો નથી, કારણ કે આપણે સહુ એમના ઋણી છીએ.

મહેતાસાહેબનો સમય એટલે એમ. ટી. બી.ની જાહોજલાલીનોયે સુવર્ણકાળ. ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, આચાર્ય કે. એલ. દેસાઈ કે ડૉ. જે. ટી. પરીખના કાળખંડમાં એમ. ટી. બી.ને જે ગરિમા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થયાં હતાં તે મહેતાસાહેબ અને ઉપાચાર્ય ડૉ. બી. એ. પરીખના કાર્યકાળમાં પૂર્ણરૂપે વિકસ્યાં.

આ કુંજવિહારી મહેતા પારકી છઠ્ઠીના જાગતલ; સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને એમ. ટી. બી. ના બૃહદ્ પરિવારની સુખાકારી અંગે તો એ હંમેશાં ચિંતિત રહેતા જ, પણ એથીયે આગળ કંઈ કેટલાયે પરિવારો અને વ્યક્તિઓની પીડાઓ અને સમસ્યાઓ માટે સહાનુભૂતિ રાખી એને યથાશક્તિ સહ્ય બનાવવા એ મથતા. એમની આ વિરલ પ્રકૃતિને લીધે એ અનેકને માટે સ્વજન જેટલા નિકટ. સંબંધોની ઉત્તમ માવજત કરનારા ઉષ્માસભર મિત્ર, વહીવટી તંત્રના કુશળ જ્ઞાતા અને સંસ્કારજગતના સજાગ પ્રહરી એવા મહેતાસાહેબ સર્વત્ર ઊર્જાનો સંચાર કરી શકતા.

હોદ્દાએ આપેલી સત્તાનું કેટલી હળવાશથી અને લેશ પણ બરછટ બન્યા વગર વહન કરવું એ મહેતાસાહેબ પાસેથી ગ્રહણ કરવા જેવું. વહીવટીકામનો ગંજ ખડકાયો હોય અને અનેક પેચીદા પ્રશ્નોના ઉકેલ શોધવાના હોય ત્યારેય કોઈ છેવાડાનો આદમી એની પીડા ઠાલવવા અથવા એને બેચેન બનાવતી એકાદ સમસ્યાના સમાધાન માટે એમની ઑફિસે આવે તો એ એવા ભરોસા સાથે જ, એ સાહેબ એને માટે જેટલું થશે તેટલું સઘળું કરી છૂટવાના, સાવ અજાણ માણસની લાચારીને તરત સમજી લેવાની સંવેદના અને એમાંથી ઉદ્ભવતી સક્રિયતા એ મહેતાસાહેબની મોટી ઓળખ.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનું મંત્રીપદ હોય કે પછી એમ. ટી. બી. કૉલેજનું આચાર્યપદ, મહેતાસાહેબના વ્યક્તિત્વમાંથી છલકાતા સામાજિક ઉત્તરદાયિત્વ અને સંચાલન - કુશળતા થકી આ હોદ્દાઓ શોભતા. કુશળ નેતૃત્વનાં અનેક ઉદાહરણો આપી શકાય, જેમાં મહેતાસાહેબે નિર્વિઘ્ને પ્રસંગો પાર પાડ્યા હોય અને ભિન્ન મતો ધરાવતી અનેક વ્યક્તિઓને સાથે રાખીને, વિકટ પરિસ્થિતિમાં સુકાન સંભાળી, લક્ષ્ય સુધી પહોંચવાની ક્ષણ સાચવી લીધી હોય. એમની આ વિશેષતાને કારણે જ એ સંસ્થાને, સમાજને અને

સંસ્કારજગતને નેતૃત્વ પૂરું પાડનાર કર્મવીર બની શક્યા. અધ્યાપકોના બૌદ્ધિક વિકાસની, ક્ષેમકુશળની વાણી - વ્યવહારની તથા સંસ્થાકીય માળખાની રજેરજની જાણકારી રાખતા મહેતાસાહેબ પાસે સહુને માટે સમય હતો.

આટલી સજ્જ અને સક્ષમ વ્યક્તિ અજાતશત્રુ હોય તો આશ્ચર્ય. દ્વેષભાવથી એમની પીઠ પાછળ ઘસાતું બોલનારા અને ખતરનાક રમતો રમનારા નહોતા એમ નહીં, પણ સ્વચ્છ અને નિર્ભિક ચિત્ત ધરાવતા મહેતાસાહેબ સામે પ્રવાહે તરનારા હતા અને એમ કરવામાં કેટલી અને કેવી તાકાત જરૂરી છે એની એમને પૂરી જાણ હતી. એમની સામાજિક પ્રતિબદ્ધતા અને સંસ્થા-સમર્પણના ઉચ્ચ ભાવને એમના આલોચકોએ પણ કબૂલ કરવો પડે એવું વાતાવરણ એ સર્જી શકેલા.

શિક્ષણ સંસ્થાના વડા કેવા હોવા જોઈએ તેનો આદર્શ ખોળવા માત્ર સુરતે નહીં, આ સમસ્ત પ્રદેશે ક્યાંયે દૂર જવાની જરૂર ન પડે એવી પોષક આબોહવા હતી એમ. ટી. બી.ની : ગુજરાતને હચમચાવી દીધું હોય એવાં જલદ આંદોલન હોય કે પછી સંસ્થાના હીરક મહોત્સવ જેવો ઉજવણીનો પ્રસંગ હોય, મહેતાસાહેબની કુનેહભરી આયોજનશક્તિ એમાં ઢાંકી રહેતી નહીં, વિદ્યાર્થીવત્સલ પણ એ ભારે, માત્ર દૃષ્ટા લેખે ઊભાં રહેલાં વિદ્યાર્થીટોળાં સામે લાઠી લઈને ધસી જતી પોલીસ સામે ખડા થઈ જતા મહેતાસાહેબને એ સમયના અનેક વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ દીઠા છે.

એ મતાગ્રહી ખરા, પણ ટીકા ટિપ્પણી સંદર્ભે ઉદાર. એમની સાથે ચર્ચા માંડી શકાય. આપણો મત એમના અભિપ્રાયથી સાવ અલગ પડતો હોય તો પણ. ખુશામતખોરીથી જોજનો દૂર એવી આ વ્યક્તિમાં સહુને વિશ્વાસ કે પોતાનો અભિપ્રાય મહેતાસાહેબના વિચાર સાથે મેળ ખાતો નહીં હોય ત્યારે પણ એને કોઈ કડવાશ કે દુર્ભાવનો ભોગ નહીં બનવું પડે.

મહેતાસાહેબના નેતૃત્વમાં એમ. ટી. બી.ના અધ્યાપકગણે સામાજિક પ્રદાનની એક આગવી ઓળખ ઊભી કરી હતી. એ સમયના સુરત શહેરની સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનો આલેખ તપાસતાં આ હકીકત સ્પષ્ટ થશે. કૉલેજના અધ્યાપકોનું જાહેર જીવનમાં કેવું પ્રદાન હોય એ બાબતે એમના વિચારો સ્પષ્ટ હતા. 'ગુજરાતમિત્ર'માં પ્રગટ થતી એમની કટાર 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'નો વ્યાપ અને વિષયવૈવિધ્ય જોતાં સમજાય કે એક વ્યક્તિ કેવળ નિજી ક્ષમતાને આધારે કેવડા મોટા સમુદાયનું ઘડતર કરી શકે! રાજકીય કે શૈક્ષણિક ક્ષેત્રની શિથિલતાઓ કે પછી નગરમાં જ નજરે ચડતી વહીવટી લાપરવાહી કે નફ્ફટાઈ, અધ્યાપક સમુદાયની પ્રમાદગ્રસ્ત અવદશા કે વિદ્યાર્થી સમૂહની બેહૂદી માગણીઓ અને અશિસ્ત - મહેતાસાહેબનો પ્રતિભાવ ત્વરિત અને તીક્ષ્ણ. એમાં

કોઈને નારાજ કરવા પડે તોયે એ દૃઢ રહેતા અને બુલંદ સ્વરે વ્યક્ત થતા. આમ પણ એ કાળમાં સત્તાની ખુશામત કરવાનો રિવાજ બહુ પ્રચલિત નહોતો. સ્પષ્ટવક્તા પણ અઢળક સ્નેહાદરને પાત્ર હોઈ શકે એનું જ્વલંત ઉદાહરણ તે મહેતાસાહેબ. કૉલેજ - પ્રાંગણમાં એમનો પગ પડે કે આમન્યા જાળવવાનું આપોઆપ બને એવો કડપ ધરાવતા આ ગુરુને ચાહનારાં ત્યારે અનેક અને આજેય અનેક.

આજની પ્રદૂષિત આબોહવામાં અને મંદપ્રાણ થતી જતી વિદ્યાવ્યાસંગની વૃત્તિ - પ્રવૃત્તિમાં આ શહેરના એક સજાગ, સક્ષમ અને પ્રતિભાવંત નાગરિકને એની જન્મશતાબ્દી નિમિત્તે સાદર સ્મૃતિ-વંદન તો હોય જ, પણ તે સાથે એવી અપેક્ષા પણ જન્મે કે ફરી મળે એમના જેવાં પ્રભાવક વ્યક્તિત્વો, કારણ કે વર્તમાન પેઢી જો અનુસરવા ધારે તો એમની પાસે છે એક આદર્શ વ્યક્તિમત્તાનું ઉજ્જ્વલ દૃષ્ટાંત જે આરોગ્યપ્રદ હવામાન સર્જવામાં ચાલક અને પ્રેરક પરિબળ બની શકે.

**સુરતનાં જાહેરજીવનને ઘડનારા વિદ્યાપુરુષ**
**કુંજવિહારી મહેતાની જન્મશતાબ્દીએ**

સુરત જેમને દૃષ્ટિવંત અને કાર્યદક્ષ વિદ્યાપુરુષ તરીકે ઓળખે છે એ શ્રી કુંજવિહારી મહેતાની જન્મ શતાબ્દીનું વર્ષ આજે આરંભાઈ રહ્યું છે. એમ. ટી. બી. કૉલેજના જ તેઓ વિદ્યાર્થી, પછી વિદ્યાર્થીપ્રિય અધ્યાપક, આચાર્ય ને ત્યાર પછી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના માનદમંત્રી એવા 'મહેતાસાહેબ'એ શિક્ષણના કેન્દ્રમાં રહી જાહેરજીવનનાં વ્યક્તિ તરીકે જે નિસબત સાથે કાર્ય કર્યું છે તે સુરતનાં સંસ્કારને સમાજને પોષક નીવડ્યું છે. હિમાંશી શેલત પણ એ જ એમ. ટી. બી. કૉલેજનાં વિદ્યાર્થિની અને પછી અધ્યાપિકા કુંજવિહારીભાઈના વ્યક્તિત્વની અનેક છબીઓને તેમણે વાણી - વ્યવહાર - કાર્ય પ્રમાણી છે.

'ગુજરાતમિત્ર'માં તેમની 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યા' કૉલમ ૩૩ વર્ષ સુધી ચાલી અને એ નિમિત્તે શિક્ષણને તેમણે વ્યાપક રીતે મૂલવ્યું. એ બધું શહેર કે દક્ષિણ ગુજરાત જ નહીં ગુજરાતના શિક્ષણમંત્રાલય માટે પણ ઘણીવાર માર્ગદર્શક અને વિચારણીય બન્યું છે. 'ગુજરાતમિત્ર'માં આવનારા સમયમાં પણ તેમના વિશે લેખો પ્રગટ કરવા ધાર્યા છે.

**- હિ.શે.**



નાગરિક સન્માન ઑક્ટોબર - ૧૯૮૩ ડૉ. આર. કે. દેસાઈ દ્વારા

## ૧૪

# મીણ - માટીનો માનવી

**વિજય શાસ્ત્રી**

મહેતાસાહેબના પ્રીતિપાત્ર વિદ્યાર્થી વિજયભાઇએ એમ. ટી. બી.માં જ ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી. ટૂંકી વાર્તા, નવલકથા, અનુવાદો વગેરેના એમના ૫૦ ઉપરાંત પુસ્તકોથી એમણે ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવી છે. પારિવારિક સંબંધોને કારણે વિજયભાઇને મહેતાસાહેબ પ્રત્યે પિતાતુલ્ય ભાવ અને લાગણીઓ છે. મહેતાસાહેબના અવસાનને ૨૯ વર્ષો થયાં છતાં આજે પણ ૧૪ જુલાઈ અને ૩૦ જાન્યુ.એ વિજયભાઈ હંમેશાં મહેતાસાહેબને ઘરે ફોન કરે જ કરે.

મહેતાસાહેબના હુલામણા નામે તેઓ ઓળખાતા અને તેમના સંપર્કમાં આવનાર ભાગ્યે જ તેમનું વેણ ઉથાપી શકતો તેનું કારણ તેમની આ વિશિષ્ટતામાં રહેલું છે. હું એને ‘કે. સી. વિશેષ’ કહીશ અને એ હતો આજના ભારોભાર સ્વકેન્દ્રિતાના કપરા કળિયુગમાં બીજી - સામી - અન્ય વ્યક્તિમાં રસ લેવો. તેના યોગક્ષેમની ચિંતા કરવી તે. એ ચિંતા પણ બનાવટી કે ઉપરછલ્લી નહીં, જે - તે બાબતનું નિવારણ થાય નહીં ત્યાં સુધી આપણા કરતાં વધુ ચિંતા તેમની થતી

હોય. બીજાનું દુઃખ જોઈને આટલું દ્રવી જનાર, ડગમગી જનાર માણસ મેં ભાગ્યે જ બીજો કોઈ જોયો હશે

સ્વ. કુંજવિહારી મહેતા અમારા અધ્યાપક, અમારે માટે એક જીવંત દંતકથા સમું પાત્ર. મારો એમની સાથેનો સંબંધ ફક્ત વિદ્યાર્થી - ગુરુ તરીકેનો જ નહીં, પણ સહકાર્યકર અને અધ્યાપક - આચાર્ય તરીકેનો પણ ખરો. વિદ્યાર્થી તરીકે ૧૯૬૧ના જૂનમાં હું એમ. ટી. બી. આર્ટ્સ (ત્યારે સાયન્સ કૉલેજ જુદી પડવામાં હતી)માં પ્રથમ વર્ષ, વિનિયનમાં જોડાયો ત્યારે હિંમતલાલ અંજારિયા સંપાદિત 'કાવ્યસૌરભ' પુસ્તક તેઓ શીખવે. વર્ગમાં આવે ત્યારે સ્ફૂર્તિભર્યાં પગલાં. એમની ચાલ ખૂબ ઝડપી. થોડા પરિચય બાદ એક વાર શનિવારે સાંજે સુરતના ચૌટાપુલ પાસે જાહેર રસ્તા પર તેઓ પસાર થયા... હું ફૂટપાથ પર મારી મંદ ગતિએ ચાલતો જાઉં. એવામાં એમના હાથની ટપલી મારા ખભે પડી. આંખોથી જ 'કેમ છો?' થયું. એમની ઝડપ સહેજપણ ઘટી નહીં એટલે મેં ઝડપથી પગ ઉપાડવા માંડ્યા. પણ એમની ગતિ સાથે તાલ મેળવતાં હું થોડીક જ ક્ષણોમાં ફેંફેં થઈ ગયો. એટલે મને કહ્યું : 'તારાથી નહીં ચલાય, તું શાંતિથી આવ.' એમ કહી ઝભ્ભો - પાયજામો ફફડાવતા પલકારામાં દૂર નીકળી ગયા. એ દિવસે એમને ટ્રેન પકડવાની હતી. નવસારી તેમનું કુટુંબ રહેતું ત્યાં જવા નીકળ્યા હતા એટલે ગતિ વધુ હોય એ સમજાય એવું હતું, પણ એમની ગતિ સાથે તાલ મેળવવાનું ગજું ભાગ્યે જ કોઈનું હશે એ આ પરથી ફલિત થાય છે. શારીરિક ગતિની જ વાત નથી એમની પ્રેમાળ, ઉદાર અને બીજામાં રસ લેવાની શક્તિ અને ગતિનો જોટો આજે પણ જડે તેમ નથી.

મહેતાસાહેબના હુલામણા નામે તેઓ ઓળખાતા અને તેમના સંપર્કમાં આવનાર ભાગ્યે જ તેમનું વેણ ઉથાપી શકતો તેનું કારણ તેમની આ વિશિષ્ટતામાં રહેલું છે. હું એને 'કે. સી. વિશેષ' કહીશ અને તે હતો આજના ભારોભાર સ્વકેન્દ્રિતાના કપરા કળિયુગમાં બીજી - સામી - અન્ય વ્યક્તિમાં રસ લેવો. તેના યોગક્ષેમની ચિંતા કરવી તે. એ ચિંતા પણ બનાવટી કે ઉપરછલ્લી નહીં, જે તે બાબતનું નિવારણ થાય નહીં ત્યાં સુધી આપણા કરતાં વધુ ચિંતા તેને થતી હોય. ભગવદ્‌ગીતાનો શ્લોક 'કામયે દુઃખતપ્તાનાં પ્રાણીનામ્ આર્તિનાશમ્'નો જીવતો - જાગતો નમૂનો જોવો હોય તે મહેતાસાહેબમાં જડે. બીજાનું દુઃખ જોઈને આટલું દ્રવી જનાર, ડગમગી જનાર માણસ મેં ભાગ્યે જ બીજો કોઈ જોયો હશે. કૉલેજના બગીચામાં કામ કરતા મજૂરો, માળીઓ, પટાવાળાઓથી માંડીને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત અનેક પ્રાથમિક, માધ્યમિક શાળાઓના શિક્ષકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, કૉલેજોના અધ્યાપકો, યુનિવર્સિટીના કર્મચારીઓ આ તમામ સાથે તેઓ આ સમ-સંવેદનના સેતુથી રાસાયણિક

હૃદયૈક્ય સ્થાપી શક્યા હતા. તેમની સંવેદનપટુતા, ઉપર કહ્યું તેમ, આજના હળહળતા - ફળફળતા - ઝળહળતા કળિયુગમાં વિરલ ગણાય એવાં અનેક દૃષ્ટાંતોમાં હજુય એટલાં જીવંત હશે. જ્યારે મહેતાસાહેબ અડધી રાત્રે દોડી આવીને બીમાર માણસને હૉસ્પિટલ પહોંચાડવાની ગોઠવણ કરતા હોય કે મરણનો પ્રસંગ હોય ત્યારે સદ્‌ગતના કુટુંબીજનોને આશ્વાસનનો હેતાળ હાથ ફેરવતા હોય. આ બધા માટે તેમને સામે જઈને કશું કહેવું પડતું નહિ. એમને બહારથી પણ તમારા પર આવી પડેલી આપત્તિની ખબર પડે એટલે વગર બોલ્યે આવીને તમારી પડખે ઊભા રહે. આજના અહમન્ય પદાધિકારીઓની જેમ તત્ત્વનાં ટૂંપણાંમાં ઊતરી પડે નહિ કે 'તમે મને તો કહ્યું નહોતું' 'તમે મને જાણ કરેલી?' 'તમે લેખિતમાં અરજી આપેલી?' જેઓ અંદરથી ખાલીખમ હોય છે તેમને જાણ કરવી, ફોન કરવો, અરજી આપવી વગેરે બાહ્ય ઉપચારોની આળપંપાળને આશ્રયે જ પોતાની વારંવાર ગબડી પડતી પ્રતિષ્ઠાને ફરી ફરીને બેઠી કરવી પડતી હોય છે. મહેતાસાહેબની કટોકટીની ક્ષણોની સૂઝ ગજબની હતી. સામી વ્યક્તિની મનોદશાનો તાગ તેઓ અદ્‌ભુત સૂઝથી મેળવી શકતા. પરિણામે કોઈપણ સમસ્યાનું માનવપાસું તેમના આકલનમાં આવી જતું. પરિણામે એ સમસ્યા મોટેભાગે ઉકેલાઈ જતી.

અધ્યાપક તરીકે તેઓ તેમના ગુરુ સ્વ. વિષ્ણુપ્રસાદના પ્રિય શિષ્યોમાંના એક. બીજા ડૉ. જયંતભાઈ પાઠક, વિષ્ણુભાઈનો પ્રસાદ તેઓ સારી રીતે પામેલા. તેથી તેમની સાહિત્યિક વિચારણા ઘણે અંગે વિષ્ણુપ્રસાદીય વિચારણાનો પડઘો પાડતી રહેતી. વિષ્ણુભાઈની જેમ પ્રશિષ્ટતાના પૂજક. ગોવર્ધનરામ, આનંદશંકર, બળવંતરાય, રામાનારાયણનાં સાહિત્યો ઊમળકાભેર ભણાવે. તો બીજી તરફ વિષ્ણુભાઈના કેટલાક અણગમાઓને પણ, મહેતાસાહેબ પ્રસારે. દોસ્તોયેવ્સ્કીનું 'ધ બ્રધર્સ કારામાઝોવ' ભણાવવાનું આવે ત્યારે તેમાંનાં 'ઍમૉરલ' નિરૂપણને નીતિદૃષ્ટિએ જ મૂલવે. તેમાંનાં કલાગત તથ્યો વિશે ચતુરાઈપૂર્વક કશું કહેવાનું ટાળે. અધ્યાપક તરીકે ઉચ્ચારો પહોળા, છૂટા, શુદ્ધ અને મોટા. છેવાડેનો વિદ્યાર્થી કશીક સ્વકીય પ્રવૃત્તિમાં ગૂંથાયો હોય ને મહેતાસાહેબના ધ્યાનમાં આવે તો બોલતાં બોલતાં એકાએક ઝાટકા સાથે અટકી રહે. વર્ગમાં સન્નાટો છવાઈ જાય. પેલો સ્વ-પ્રવૃત્ત વિદ્યાર્થી થોડી વાર બાદ જાગે, જાણે પોતાને લીધે આ હરકત થઈ છે એટલે ફફડે. પછી સાહેબ તેને અમારી તત્કાલીન ભાષામાં કહું તો 'જે લેવડાટે... જે લેવડાટે!' આ એમની 'જે લેવડાટવા'ની કાર્યશૈલીનો ભોગ અનેકવાર હું પોતે બન્યો હતો. છતાં મારા પ્રત્યેનો એમનો પ્રેમભાવ છેવટ સુધી ઘટ્યો નહોતો. ભણાવતી વખતે કોઈક મુદ્દા પર આખો પિરિયડ પૂરો થઈ જાય. કોઈવાર વિષયાન્તરમાં ઊતરી પડે. સમાજની

સ્થિતિ, નોકરી મેળવવાની મુશ્કેલી - એ બધી વાતોથી વિદ્યાર્થીને ચોંકાવી મૂકે. શરૂમાં કોટ-પૅન્ટ ને ટાઈથી સજ્જ થઈને વર્ગમાં આવતા અને છેક છેલ્લે હળવાં કફની-પાયજામાને પસંદ કરેલાં.

વ્યક્તિત્વ ફૂલગુલાબી અને મોહક. પોતે ચીવટપૂર્વક કામ કરવામાં માને. બીજાઓને પણ ચીવટ તરફ પ્રેરે. કોઈ કામ રેઢિયાળ, લઘરવઘર ચાલે નહીં. સ્મૃતિ અત્યંત સતેજ. વર્ષો પછી મળતા માણસોને નામ સાથે બોલાવે પણ આ બધા તો બાહ્ય ઉપચારો થયા. મહેતાસાહેબનું મહેતાસાહેબપણું તો ઉપર નોંધ્યું તેમ 'પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે' એવા વૈષ્ણવજનમાં સંક્રાંત થયું હતું. હૃદયની સાચી લાગણીથી અને નિર્વ્યાજ પ્રેમથી એમણે સામી વ્યક્તિઓને જીત્યાં હતાં. એમના પ્રખરમાં પ્રખર ટીકાકારને પણ એમની આ લાગણીની અમોઘ શક્તિની કદર કરવી પડે તેમ હતું.



એક લાક્ષણિક તસવીર

## ૧૫

# આચાર્યશ્રી કુંજવિહારી મહેતા

**રવીન્દ્ર પારેખ**

ઉત્તમ કોટિના સાહિત્યકાર જેમનું પ્રદાન ગુજરાતી સાહિત્યના તમામ ક્ષેત્રોમાં છે. વાર્તા - નવલકથા - નાટક - નિબંધ - કાવ્ય - કોલમિસ્ટ - પત્રકાર એમ તમામ ક્ષેત્રોમાં એમણે અઢળક કામ કર્યું છે. મહેતાસાહેબના એમ. એ.માં વિદ્યાર્થી અને બંને વચ્ચે ગાઢ આત્મીયતાભર્યા સંબંધો જીવનભર રહ્યા.

આજે ૧૪ જુલાઈ, ૨૦૨૨, આચાર્યશ્રી કે. સી. મહેતાસાહેબનો ૧૦૦મો જન્મદિન! એમની સ્મૃતિને કોટિ કોટિ વંદન. શતાબ્દી વર્ષ દરમિયાન મહેતાસાહેબને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો, ડૉ. બી. એ. પરીખની અધ્યક્ષતામાં રચાયેલી 'આચાર્ય શ્રી કે. સી. મહેતા શતાબ્દીપર્વ સમિતિ' દ્વારા થવાના છે. આ

સમિતિની રચના સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજનાં નેજાં હેઠળ કરવામાં આવી છે. આ સમિતિના મંત્રીઓ નરેશ કાપડિયા અને આસીમ બક્ષી છે, જ્યારે કાર્યક્રમ સમિતિ તથા નાણાં સમિતિના કન્વીનર્સ કપિલદેવ શુક્લ તથા રાજન ભટ્ટ છે.

આજના પર્વે એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના કે. સી. મહેતા સેમિનાર હૉલમાં સાંજે ૫-૩૦ કલાકે 'મહેતાસાહેબ અને હું' નામક કાર્યક્રમ ડૉ. બી. એ. પરીખ (દ. ગુ. યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના પૂર્વ આચાર્ય)ની અધ્યક્ષતામાં અને સોસાયટીના પ્રમુખ રાજેશ દેસાઈના અતિથિ વિશેષ પદે થશે, જેમાં ડૉ. વિજય શાસ્ત્રી, ડૉ. હિમાંશી શેલત, ડૉ. શરીફા વીજળીવાળા, કશ્યપ મહેતા, ભાનુભાઈ જોશી, જયપ્રકાશ મહેતા, સંસ્મરણો પ્રસ્તુત કરશે. વર્ષ દરમિયાન મહેતાસાહેબનું જે ક્ષેત્રોમાં પ્રદાન છે તે સંદર્ભે પણ કાર્યક્રમો થશે અને વર્ષને અંતે સાહેબ સાથેના સંસ્મરણોનું એક સંપાદન પણ પ્રગટ થશે.

આજના ઝડપી સમયમાં માણસ બહુ સહેલાઈથી ભુલાઈ જતું હોય ત્યારે મહેતાસાહેબ ૧૦૦ વર્ષે પણ યાદ રહે એવી એમની સહજ પ્રતિભા હતી. એમને ઘરમાં અને કૉલેજમાં કામ કરતા જોયા છે, સમારંભોમાં અધ્યક્ષ સ્થાનેથી વક્તવ્ય આપતા જોયા છે, એમ અનેક રીતે ને રૂપે સાહેબને પામવાનું બન્યું છે. ૧૯૩૯ થી ૧૯૪૫ એ એમ. ટી. બી.ના વિદ્યાર્થી રહ્યાં. જો કે, એમનો વિદ્યાર્થીકાળ બહુ ખબર નથી. હા, એમના માતા એમને બચુ કહેતા ને, 'બચુ આવ્યો નહીં' જેવું કહીને નવસારીના ઘરમાં રાહ જોતાં એ ખબર છે. સાહેબ, ૧૯૪૬થી ૧૯૬૯ સુધી અધ્યાપક અને ૧૯૬૯થી ૧૯૮૩ સુધી આચાર્ય એમ. ટી. બી.માં જ રહ્યા. એ ઉપરાંત છેવટ સુધી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને ચુનીલાલ ગાંધી વિદ્યાભવનનું સફળ સંચાલન પણ કર્યું ને એના જ પરિપાક રૂપે સોસાયટી આજે યુનિવર્સિટીનો સ્વતંત્ર દરજ્જો પ્રાપ્ત કરી શકી છે.

સાહેબે પોતાની ભક્તિ કરાવી નથી, પણ એ ગુરુભક્તિ ચૂક્યા નથી. સાક્ષરવર્ય ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના એ પરમ અને પ્રિય શિષ્ય, વિષ્ણુભાઈ માટે તેમણે છેલ્લા પુસ્તક 'સાહિત્યકુંજ'માં બે લેખ લખીને ગુરુભક્તિ પ્રગટ પણ કરી છે. આચાર્ય ડૉ. યશવંત શુક્લ પણ ત્રિવેદી સાહેબના વિદ્યાર્થી. આ ત્રણેયને ૧૯૮૩માં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ભરાયું ત્યારે એક જ મંચ પર એકત્રિત કરવાનું નિમિત હું બનેલો તેનું ગૌરવ છે. વાત એમ હતી કે નર્મદનું એ સાર્ધ શતાબ્દી વર્ષ હતું. મને વિચાર આવ્યો કે સુરતમાં સાહિત્ય પરિષદનું અધિવેશન થવું જોઈએ. આ વાત મેં મિત્ર રાજન ભટ્ટને કરી. તેણે વાત વહેતી કરી ને તેના પરિણામ સ્વરૂપ અધિવેશન નક્કી થયું. એની સમિતિ રચાઈ. તેના

અધ્યક્ષ ઉદ્યોગપતિ રણછોડદાસ પોપાવાળા બન્યા ને કાર્યકારી અધ્યક્ષ થયા મહેતાસાહેબ. એના ઉદ્‌ઘાટન સમારંભના અધ્યક્ષ હતા ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને પરિષદના પ્રમુખ હતા આચાર્ય ડૉ. યશવંત શુક્લ. આ ત્રણેયને એક મંચ પરથી સાંભળવાનો પણ લહાવો હતો.

૧૯૬૫થી હું છપાતો થયેલો. વહેતી વાર્તાનો એક કાર્યક્રમ હતો. એમાં એક પ્રકરણ રજૂ કરવાનું આમંત્રણ મને પણ હતું. સાહેબ એ કાર્યક્રમના અધ્યક્ષ. એમને કદાચ ત્યારે જ જોવાનું બનેલું. અધ્યક્ષ સ્થાનેથી એમણે કથાને વેગ આપવા બદલ મને બિરદાવેલો, પણ પ્રકરણમાં બબ્બે વાર અકસ્માતનો આશરો લેવો પડ્યો તે બદલ મારી ટીકા પણ કરેલી. એ જ સાહેબ મન મૂકીને વખાણતા પણ ખરા. ‘ગુજરાતમિત્ર’માં ત્યારે સાહેબની ‘શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ’ ચાલતી. એ કૉલમ એક પણ હપ્તો પાડ્યા વગર તેમણે સતત ૩૩ વર્ષ એવી ચલાવી કે એમના મૃત્યુ પછી પણ ત્રણેક હપ્તા સુધી એ ચાલુ રહેલી. સોંસરું ને સ્પષ્ટ લખે. ઘણાંને ગમે, ઘણાંને ન પણ ગમે. એ કૉલમ ચાલુ હતી ને મેં એ જ ‘ગુજરાતમિત્ર’માં શિક્ષણ વિષયક એક લેખમાળા શરૂ કરી. એક કાર્યક્રમમાં સાહેબ અધ્યક્ષ. એમણે મારા લેખોની પ્રશંસા કરી કાર્યક્રમ પૂરો થયા પછી સાહેબ મને શોધતા આવ્યા ને મને થપથપાવતા કહે – શિક્ષણમાં તમારો રસ જોઈને આનંદ થાય છે. હું શું કહું? આભારવશ.

કોઈવાર યશવંતભાઈ પણ હોય ને ત્રિવેદી સાહેબને ત્યાં અમે ભેગા થતા. ડૉ. રતન માર્શલ, કવિ વિવેચક ને મારા અધ્યાપક ડૉ. જયંત પાઠક, મહેતાસાહેબ, ભગવતીકુમાર શર્મા, મનહરલાલ ચોક્સી એમ પાંચ સાત લેખકો નૂતન વર્ષની સવારે ભેગા મળતા ને એમ અમારું નવું વર્ષ શરૂ થતું. ત્રિવેદી સાહેબ હતા ત્યાં સુધી આ ક્રમ જળવાયેલો, પછી તો મહેતાસાહેબે પણ ૩૦ જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ અણધારી વિદાય લીધી. આખું સુરત આઘાતથી સ્તબ્ધ થઈ ગયું. ડૉ. જયંત પાઠકની અધ્યક્ષતામાં નર્મદના મકાનમાં મહેતાસાહેબની શોકસભા થઈ. એ દિવસે અંજલિ આપતાં પાઠક સાહેબની આંખો મેં ઝળઝળિયાતી જોયેલી. એ આખો દિવસ હું વિચારતો રહેલો કે મૃત્યુ માણસનું બગાડે છે શું? એ બીજું કૈં કરતું નથી, માત્ર ભવિષ્ય પર ચોકડી મારે છે. એક વ્યક્તિ હોત અને એણે જે કર્યું હોત તે શક્યતાનો જ મૃત્યુ છેદ ઉડાડે છે.

મહેતાસાહેબ એટલે ગરજ વગરની મદદ! એમણે એટલાં બધાંની મદદ કરી છે કે ઘણાંને આગળ વધવાના માર્ગો ખૂલી ગયા હોય તો નવાઈ નહીં. વિદ્યાર્થીને ત્યાં સારે માઠે પ્રસંગે સાહેબ જાતે પહોંચતા ને એમની હાજરી જ આશ્વસ્ત કરનારી નીવડતી. ૧૯૭૭માં મેં બી. એ.ની પરીક્ષા આપી. તેનું એક પેપર સાહેબ પાસે હતું. મારું પેપર વાંચીને સાહેબે નવયુગના સુરતી સાહેબને ફોન કર્યો. પૂછ્યું –

આ નંબરનો વિદ્યાર્થી કોણ છે? સાહેબે કહ્યું - એ અમારો વિદ્યાર્થી છે ને લખે છે. મહેતાસાહેબે કહ્યું - એમને મને મળવાનું કહો. હું ભગવતીકુમાર શર્મા સાથે એમને મળ્યો. સાહેબ કહે - એમ. એ. કરો, બી.એ.માં યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવ્યા છો, તો એમ. એ.માં પણ આવશો. મેં કહ્યું - સાહેબ, હું તો બૅન્કમાં નોકરી કરું છું. કૉલેજ નહીં આવી શકું. એમણે કહ્યું - જ્યારે અનુકૂળતા હોય ત્યારે આવજો ને મેં રેગ્યૂલર સ્ટૂડન્ટ તરીકે એમ. એ. કર્યું. એ દરમિયાન મારી બાનું અવસાન થયું. હું ભાંગી પડ્યો હતો. બાના સમાચાર જાણીને સાહેબ ઘરે આવ્યા. હું ત્યારે ઘરે ન મળ્યો. બીજે દિવસે સાહેબનો આભાર માનવા ઑફિસે પહોંચ્યો. એમણે પૂછ્યું - તમે પરીક્ષા આપવા નથી માંગતા? એવું ન કરો. પરીક્ષા આપી દો. એમનું માનીને મેં પરીક્ષા આપી અને એમ. એ.માં પણ હું યુનિવર્સિટીનો ગોલ્ડ મેડલ પામ્યો.

સાહેબનો વર્ગમાં કડપ ભારે. માત્ર દૃષ્ટિ ફેરવીને એ વર્ગને શાંત રાખી શકતા. એક વખત સાહેબે વર્ગમાં વાત છેડી. વિશ્વ સામે ધરી શકાય એવા ગુજરાતી સર્જકો કેટલા? ઉમાશંકરને નિરંજન ભગત. મેં બેઠાં બેઠાં જ નકારમાં ડોકું ધુણાવ્યું. સાહેબે પૂછ્યું - મારી વાત બરાબર નથી? મેં કહ્યું - એમાં સુરેશ જોષી ઉમેરવા જોઈએ. સાહેબે મને સોંસરો જોયો અને બોલ્યા - હા, વિશ્વ સામે ધરી શકાય એવા સર્જકો ત્રણ, ઉમાશંકર, નિરંજન અને સુરેશ જોષી. સાહેબે એમનો મત ન સ્વીકારવા બદલ મને ઠપકાર્યો હોત, પણ એમણે એવું ન કર્યું. એમણે સૌની સામે મારો મત સ્વીકાર્યો. આ ખેલદિલી આજે વર્તાતી નથી.

'સાહિત્યકુંજ!', 'અનુબોધ', 'સાહિત્યરંગ' જેવાં અગિયારેક પુસ્તકો સાહેબને નામે છે. એમણે વાર્તા, નાટક જેવા સાહિત્યપ્રકારો ઉપરાંત વિવેચનમાં પણ રસ લીધો. એમ લાગે છે કે અધ્યાપન અને વહીવટી કામોમાં એ એટલા ઓતપ્રોત રહ્યા કે સાહિત્ય સર્જન અને વિવેચનને વેઠવાનું આવ્યું. એ ન થયું હોત તો એમનું સ્પષ્ટ અને સત્ય વક્તૃત્વ જેમ શિક્ષણ અને સંસ્કારને ફળ્યું એમ જ સાહિત્યને પણ ફળ્યું હોત! એ લોકપ્રિય હતા, પણ લોકપ્રિય રહેવા એમણે કોઈ સમાધાન સ્વીકાર્યું નથી. એકવાર કૉલેજમાં વિદ્યાર્થીઓ આંદોલન કરશે એ ભયે પોલીસ કૅમ્પસમાં પ્રવેશવા તૈયાર થઈ, તો એમણે પોતાના જોર પર તેને રોકી. તેમને વિદ્યાર્થીઓ પર ભરોસો હતો. સોસાયટીએ સાહેબને સમજાવ્યા કે પોલીસને આવવા દો. સાહેબે રાજીનામું ધરવાની વાત કરી ને પોલીસને કૅમ્પસમાં પ્રવેશતી રોકી. આ સ્વસ્થ ખુમારીને લીધે જ નવનિર્માણના વિદ્યાર્થીઓ પણ સાહેબના કાબૂમાં રહ્યાં. સાહેબને કોઈની શરમ નહોતી નડતી. (વળી, ત્યારે તો ઝીણા દરજી જેવા 'સવાઈ મુખ્યમંત્રી' જેવા શક્તિશાળી 'ખામ' રાજકારણીયે સક્રિય હતાને!) કુલપતિકક્ષાની સજ્જતા તો તે પહેલાંની હતી. સાહેબ કુલપતિ

થઈ શક્યા હોત, પણ તે માટેની ખુશામતનો તેમનામાં અભાવ હતો, એટલે એ તો એ પદની કલ્પનાય કેમ કરે?

નવસારીમાં ૧૪ જુલાઈ, ૧૯૨૩ને રોજ કુંજવિહારી મહેતાનો જન્મ, તલાટી પિતા ચુનીલાલ ગુલાબદાસ મહેતા અને માતા કપિલાબહેનનું એ પ્રથમ સંતાન, તે પછી એક બહેન ઉષાદેવી અને એક ભાઈ કૃષ્ણકાંત મહેતા. કૃષ્ણકાંતભાઈ તો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટન્ટ હતા. નવસારીમાં મહેતાસાહેબનું ઘર પંડ્યા ખડકીમાં. સાહેબ ૧૯ વર્ષના હતા ત્યારે પિતાની છાયા ગુમાવી દીધી. ઘરનો ભાર કુંજવિહારી પર આવ્યો. સાધારણ રીતે સાહસ કરનાર સ્વસ્થ ન રહે, પણ સાહેબ સ્વસ્થ સાહસિક હતા. ૧૯૫૦માં તપોધન કન્યા લીલાબહેન રાવલ સાથે એમણે પ્રેમ લગ્ન કર્યાં. લગ્નનો વિરોધ થયો, પણ સાહેબે મચક ન આપી અને એ લગ્ન છેવટ સુધી ટક્યું. કુટુંબ સુરત આવીને વસ્યું એટલે નવસારીનું ઘર ખાલી પડ્યું. વર્ષો પછી એ ઘર કપાતમાં જતું હતું. બીજું કોઈ હોત તો વળતરની અપેક્ષાએ કુટુંબીજનો વાંધો લઈ શક્યાં હોત, પણ મહેતાસાહેબના દીકરા કશ્યપ અને દીકરી સ્વાતિએ રસ્તો પહોળો થતો હતો એટલે લોકહિતમાં અવેજ લીધા વિના સુધરાઈને સંમતિ આપી ને સુધરાઈએ પણ એ માર્ગને કુંજવિહારી મહેતા નામ આપીને સાહેબની સ્મૃતિ સજીવ રાખી.

સાહેબ વિષે વિચારું છું ત્યારે એક સવાલ થયા કરે છે કે માણસ મૃત્યુ પછી પણ જીવતો રહે છે તે કયા કારણે? મહેતાસાહેબ, હજી લોકહૃદયમાં વસે છે, કેમ? એ અધ્યાપક હતા એટલે? આચાર્ય હતા એટલે? સોસાયટીના મંત્રી, સંચાલક હતા એટલે? કૉલમો લખી, પુસ્તકો લખ્યાં એટલે? આવું તો ઘણાં કરે છે, પણ સ્પષ્ટ, સત્ય ને સોંસરું કહો તો અપ્રિય થવાની શક્યતાઓ વધે. મહેતાસાહેબ એમાં અપવાદ હતા. એમણે કશા સ્વાર્થ વગર સમગ્ર શિક્ષણ અને સંસ્કાર જગતને મદદ કરી છે. એ વાત સાહેબને બીજી વ્યક્તિઓથી અલગ તારવે છે. એવી વ્યક્તિ લોકપ્રિય ન થાય તો કોણ થાય?

છેલ્લે એક પ્રાર્થના સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને, મહેતાસાહેબ અનેક સ્વરૂપે અને રીતે ૧૯૩૯ થી ૧૯૯૪ સુધી એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ અને સોસાયટી સાથે જોડાયેલા રહ્યા. એમના દીકરા કશ્યપ મહેતાએ પણ સોસાયટીનું અધ્યક્ષપદ સંભાળ્યું. એમની દીકરી સ્વાતિ મહેતા પણ કે. પી. કૉમર્સમાં અધ્યાપક રહી ચૂકી છે. ટૂંકમાં, મહેતાસાહેબ અને તેમનો પરિવાર સોસાયટી સાથે પચાસથી પણ વધુ વર્ષથી સઘન સંપર્કમાં છે, તો સાર્વજનિક યુનિવર્સિટી સાથે મહેતાસાહેબનું નામ જોડવું જોઈએ એમ લાગે છે. સોસાયટી જ્યારે મહેતાસાહેબની શતાબ્દી ઊજવતી હોય તો એમની સ્મૃતિ આમ કાયમી થાય એથી વિશેષ અજંલિ બીજી કઈ હોઈ શકે? આશા છે, એમ. ટી. બી.

સોસાયટી અને આચાર્ય કે. સી. મહેતા શતાબ્દી પર્વ સમિતિ આ અંગે ગંભીરતાથી વિચારશે. આભાર.

**કુંજવિહારીને**

ખોટું હતું તમારું નામ
કુંજ તો હજીય ચાલે,
પણ વિહારી?
તમે પોતે કુંજ
ને તમે જ વિહાર કરો
એ ગળે ઊતરતું નથી
ક્યારેક તમે જ બહારથી
તમારામાં વિહારે નીકળ્યા હો
નામને સાર્થક કરવા એમ બને
કુંજની પ્રસન્નતા ખરી
પણ તમે હસ્યા ઓછું
હસી કાઢ્યું ઘણું
પણ જે હતું તે
તમારી આંખોમાં -
તમે આંખોમાં જ વસતા હતા.
હથિયારની ચમક હતી એમાં
ઘા ક્યારેય દૃષ્ટિથી જ થતો
ને પરિણામ ઘવાવામાં આવતું
ખુન્નસ ઉગામ્યું જ નહીં
નહીંતર ઘણો સંહાર થઈ શક્યો હોત
ચહેરા પર કેવળ કરડાકી
એટલી ખડકાળ કે
આંગળી મૂકો તો ટશર ફૂટે
વાણી અગ્નિદાહ જેવી
બાળતી પણ શુદ્ધ કરતી
તમે શબ્દોથી સફાઈ અભિયાન ચલાવ્યું
જાહેર થયા ત્યારે અંગત પણ રહ્યા
તમે પોતે શસ્ત્રાગાર જેવા
એટલે જ તો શતાબ્દીથી જીવો છો

તમને યાદ કરવા પડે એવું નથી
શ્વાસ કોઈ યાદ રાખીને લે છે!
તમે યોદ્ધા છતાં હિંસા રોકી
શિસ્ત આંખોથી જ ફેલાવ્યું
જે કરડાકી લોહી ટપકાવે
તેણે રક્તદાન કર્યું
જરૂર તમનેય હતી
પણ તમે બીજાની જરૂર રહ્યા
ખોટી દિશામાં દોડનારને
તમે રોક્યા
ન ચાલી શકનારને દોડાવ્યા
તમે વજ્રથી કઠોર હતા
પણ હૃદય કોમળ હતું
તે બીજાનાં આંસુ ઝીલવાથી!
કોઈ વ્યક્તિ સંસ્થા પણ હોય
તે તમે સિદ્ધ કર્યું
તમે નિવૃત્ત થયા જ નહીં!
હજી નથી થયા
ને થાવ એવું લાગતું નથી
કોઈએ આટલું બધું ન જીવવું જોઈએ
પણ એમાં દોષ તમારો નથી
તમે ઇચ્છો કે ન ઇચ્છો
આ જગત તમને મરવા દે એમ નથી
અમે રહીએ કે ન રહીએ
તમે રહેશો
તમે જ નહીં રહો તો
આ ધરતીનેય
કયું કારણ છે રહેવાનું
તે કહેશો?

**- રવીન્દ્ર પારેખ**



સાઈકલ સવારી દૂધિયા તળાવને કિનારે ૧૯૩૧

**૧૬**

# મારા મહેતાસાહેબ

**શરીફા વીજળીવાળા**

શરીફાબહેન એમ. ટી. બી. માં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે સેવા આપ્યા બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષની જવાબદારી નિભાવે છે. નીવડેલા સાહિત્યકાર, વિવેચક, અનુવાદક તરીકે ગુજરાતી સાહિત્યમાં એમની ગણના અગ્રિમ હરોળના સાહિત્યકારોમાં થાય છે.

૧૯૯૪માં બરાબર ગાંધીનિર્વાણ દિને આપણી વચ્ચેથી વિદાય લેનારા મહેતાસાહેબના વ્યક્તિત્વમાં એવું તે શું હતું કે અહીં બેઠેલા લગભગ દરેક પાસે પોતાના મહેતાસાહેબ છે? મહેતાસાહેબે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી જેવી શિક્ષણ સંસ્થાને સુપેરે સંભાળી એટલે? એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના અધ્યાપક અને આચાર્યપદે રહી આ કૉલેજને એક વિશેષ ગરિમા બક્ષી એટલે? તેઓ એક ઉત્તમ શિક્ષક હતા એટલે? ઉત્તમ વહીવટકર્તા હતા એટલે? મને લાગે છે કે આ બધું તો હતું જ એમનામાં પણ તે ઉપરાંત તેઓ એક એવા અભિજાત, સૌમ્ય માણસ હતા જે સામેનાની પીડાને પામી શકતા, એના પ્રશ્નોને સમજી શકતા. સમજીને બેસી ન રહેતા... પ્રશ્નનો ઉકેલ લાવવા તરત સક્રિય થતા. આ સંસ્થાની શાળા - કૉલેજોમાં કામ કરનાર એક પણ કર્મચારી એવો નહીં હોય જે મહેતાસાહેબને કૃતજ્ઞભાવે યાદ નહીં કરતો હોય.

હું એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે ઇન્ટર્વ્યૂ આપવા આવી ત્યારે ન તો મહેતાસાહેબને જાણતી હતી, ન એમના પ્રભાવને. ૧૯૯૧ના સપ્ટેમ્બર મહિનામાં જ્યારે કૅમ્પસમાં પ્રવેશી ત્યારે ડાબા હાથે (જ્યાં અત્યારે સ્કેટ છે) તોતિંગ વૃક્ષોની વનરાજી હતી. કૅમ્પસ ફરતે કોઈ દીવાલ નહોતી ને છતાં કૅમ્પસમાં ગજબની શાંતિ હતી. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના રૂમ

નંબર પાંચમાં હું બધા ઉમેદવારો સાથે બેઠી હતી. શેખસાહેબ એક પછી એક બધાને આચાર્યશ્રીની રૂમમાં મોકલી રહ્યા હતા. હું સુરતના ભગવતીકુમાર શર્મા, હિમાંશી શેલત, જયંત પાઠક, રતિલાલ 'અનિલ', વિજયભાઈ શાસ્ત્રી વગેરેને વાંચ્યે ઓળખતી હતી. હિમાંશી શેલતને જોયે પણ ઓળખતી હતી. બાકીનાના ફોટા જોયા હતા. બસ. સવાલોનો મારો શરૂ થયો. જયંત પાઠકે ન્યૂ ક્રિટિસિઝમ વિશે પૂછ્યું. એમના જવાબ આવડ્યા. વિજયભાઈએ ડિકન્સ્ટ્રક્શન વિશે સવાલ કર્યો. મને જવાબ નહોતો આવડતો. મેં ના પાડી. વિજયભાઈએ કહ્યું : 'આના વિશે તમારા ગુરુનું પુસ્તક છે! તોય?' મેં કહ્યું, 'પુસ્તક છે, મેં ખરીદ્યું પણ છે, પણ જરૂરી નથી કે ખરીદેલાં બધાં પુસ્તક આપણે વાંચ્યાં જ હોય!' અને જયંત પાઠકની બાજુમાં ચૂપચાપ બેઠેલા સફેદ કફની - પાયજામાવાળા ભાઈ તાળી પાડી ઊઠ્યા. એમને મારો જવાબ ગમી ગયો! પછી તો જયંત પાઠકે બીજા ઘણાં સવાલો પૂછ્યા ને સદનસીબે મને બધા જવાબ આવડ્યા. પછી બહાર નીકળીને મેં શેખસાહેબને પૂછ્યુ : 'અંદર બીજા બે કોણ છે?' એમણે કહ્યું, 'આચાર્યશ્રી જોશી સાહેબ અને મહેતાસાહેબ...' 'ઓહ, મહેતાસાહેબ કોણ?' 'તમને નથી ખબર મહેતાસાહેબ વિશે? આ તમામ શાળા-કૉલેજોને સંચાલિત કરતી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના તેઓ મંત્રી છે. આ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય..' બધા ઉમેદવારોનો વારો આવી ગયો પછી મને ફરીથી આચાર્યની રૂમમાં બોલાવી. હવે વાતચીત મહેતાસાહેબ કરતા હતા.

'ધારો કે અમે તમને આ નોકરી માટે પસંદ કરીએ તો તમે વડોદરાથી આવ-જા કરશો? કારણ સુરતમાં રોટલો મળે પણ ઓટલો મળવો બહુ અઘરો...' મેં તરત જ જવાબ આપ્યો : 'તો મારે નોકરી નથી જોઈતી. કારણ મારે તો વડોદરા કે સુરત કશે પણ સાત પેઢીએ પણ કોઈ સગું નથી. વડોદરામાં તો હું હોસ્ટેલમાં રહું છું.'

એમણે તરત જ કહ્યું, 'તમે વડોદરામાં હોસ્ટેલમાં રહો છો. તો તો.... તમને અહીં કૉલેજની હોસ્ટેલમાં એક રૂમ મળે તો?' હું જરાકવાર એમના ચહેરા સામે તાકી રહી. પછી કહ્યું, 'હોસ્ટેલ વડોદરાની હોય કે સુરતની.... મને શો ફરક પડે છે? હું રહીશ.' એમણે હોસ્ટેલના રૂમની બાહેંધરી આપી ત્યાં જ વિજયભાઈએ કહ્યું : 'તમારી ઉંમરની બહેનો પરણીને જતી રહે છે પછી સરકારમાંથી ફરીથી મંજૂરી મળતાં બહુવાર લાગે છે....' એ આગળ કશું કહે એ પહેલાં મહેતાસાહેબે એમને બોલતાં રોક્યા : 'એ એમનો અંગત મામલો છે. વિજય, આપણે એ વાત ન કરી શકીએ...' એમ ૪-૧૨-'૯૧ના રોજ હું થોડાઘણાં સામાન સાથે હોસ્ટેલમાં પહોંચી. હોસ્ટેલની અંદર પહોંચી ત્યારે સમજાયું કે આની સામે વડોદરાની હોસ્ટેલ ફાઇવસ્ટાર હોટેલ લાગે. બાથરૂમ ખરા પણ નળ નહીં, બધી

છોકરીઓ લૉબિમાં બેસીને બ્રશ કરે ને વચ્ચેના મેદાનમાં થૂંકે... નોકરીના પહેલાં જ દિવસે મેં સ્ટાફરૂમમાં પૂછ્યું કે, 'અહીં ફરિયાદ કરવી હોય તો કોને કરવાની?' બે - ત્રણ વડીલોએ જગ્યા બતાવી. 'ચુનીલાલ વિદ્યાભવન પર જજો. ત્યાં નીચેની ઑફિસમાં મહેતાસાહેબ હશે. એમને વાત કરજો.' 'મહેતાસાહેબ' નામ પડતાં જ હું રાજી થઈને ઊપડી. વડોદરાની હોસ્ટેલમાં સગવડો માટે હું અનેક ધિંગાણાં ખેલી ચૂકેલી એટલે ડર નો'તો લાગતો. મહેતાસાહેબે મારી (આદતવશ) ઉગ્ર રજૂઆતને એકદમ શાંતિથી સાંભળી. હું બોલતી બંધ થઈ એટલે એ તરત ઊભા થયા અને મારી સાથે હોસ્ટેલ પર આવ્યા. હોસ્ટેલમાં આંટો માર્યો પછી કહ્યું કે, 'કોઈ કદી ફરિયાદ જ ન કરે તો અમને ખબર કેવી રીતે પડે કે અહીં શી અગવડો છે? થઈ જશે બધું. સારું થયું તમે ધ્યાન દોર્યું તે...' હું બિલકુલ અવાક્ ! સંસ્થાના કર્તાહર્તા ફરિયાદ સાંભળી તરત તમારી સાથે આવે, ઉકેલવાની ખાતરી આપે અને ખિજાવાને બદલે શાબાશી આપે! આ તો સાવ નવો અનુભવ હતો મારા માટે. એકદમ જ આ માણસ માટે અહોભાવ થઈ આવ્યો. આમની સાથે વાતો કરી શકાય એવી હિંમત પણ આવી. એમની પાસે અપાર સત્તા હતી પણ એ સત્તાનો ઉપયોગ વ્યક્તિ / સંસ્થાના પ્રશ્નો ઉકેલવા માટે જ થયો કાયમ. ખરેખર જ બે દિવસમાં બધાં બાથરૂમમાં નળ નંખાઈ ગયા અને ત્રણ વૉશબેસિન પણ નંખાઈ ગયાં.

મારો કૉલેજમાં પાંચમો દિવસ હતો અને ગુજરાતીના અધ્યાપિકા ગીતાબહેન કિકાણી મને એકદમ ધીમા અવાજે કહેવા લાગ્યાં : 'આચાર્યશ્રીએ તમને કહેવા કહ્યું છે કે આપણી કૉલેજના ઇતિહાસમાં કોઈએ કદી ડ્રેસ નથી પહેર્યો.' મારી મુશ્કેલી ત્યારે એ હતી કે હું આ નવા શહેરમાં માત્ર ત્રણ ઝભ્ભા લઈને આવી હતી. પગાર ક્યારે થાય એ નક્કી નહોતું. થોડીઘણી (પાંચેક હજાર) બચત હતી તે હોસ્ટેલમાં વસવા પાછળ ખર્ચાઈ રહી હતી. સાડી ક્યાંથી અને કેવી રીતે લાવવી? પણ ટણી એવી કે હું વિનંતી ના કરું. પ્રકૃતિ જ નહીં મારી. એટલે મેં જવાબ આપ્યો : 'સાહેબને કહેજો કે ઇતિહાસ કાયમ નવો જ લખાય... ને મને ઇન્ટર્વ્યૂમાં કોઈએ સાડીની શરત નો'તી કીધી.' અવાજ જરાક ઊંચો થઈ ગયો ને વાયરો વાતને લઈ ગયો. પછીનાં બે અઠવાડિયાં મહેતાસાહેબે 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' નામની એમની કૉલમમાં સ્ત્રી અને સાડી વિશે લખ્યું. એવું લખ્યું કે પછીથી દરેક માટે ડ્રેસ પહેરવાના રસ્તા મોકળા થઈ ગયા. ૫ ડિસેમ્બર ૧૯૯૨ના દિને હું વડોદરા પીએચ.ડી.ની સિનૉપ્સિસમાં જમા કરાવવા ગઈ હતી. જમા કરાવી, રાતે ક્વીન પકડીને આવી જઈશ એવા વિચારે એક જ રજા મૂકીને ગઈ હતી. પણ ૬ ડિસેમ્બરે બાબરી મસ્જિદ તૂટ્યા પછી શું થયું તે આપણે સૌ જાણીએ છીએ. મહેતાસાહેબે શિરીષ પંચાલને ફોન કરી મને વડોદરા રોકી

લેવા કહેલું. કારણ ગાડીઓ સલામત નહોતી રહી. એ જમાનામાં મૉબાઈલ નહોતા. આટલી બધી સંસ્થાઓમાંથી કોઈ એક વ્યક્તિ સિનૉપ્સિસ જમા કરાવવા જાય એનાથી કૉલેજને કોઈ ફરક ન પડતો હોય પણ મહેતાસાહેબની માટી આ બાબતે જુદી હતી. હું ત્રણ દિવસ પછી પાછી આવી ત્યારે મારી પાસે સી.એલ. નહીં મુકાવવા સૂચના આચાર્યશ્રીને અપાઈ ગયેલી! આજે કોઈ આવા સૌહાર્દની કદાચ કલ્પના પણ નહીં કરી શકે.

એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજના યજમાનપદે ગુજરાતીના અધ્યાપક સંઘનું એક અધિવેશન ૧૯૯૨ના આરંભે મળેલું. મને હોસ્ટેલમાં ઊતરનારા ૪૦ મહેમાનોની જવાબદારી સોંપાયેલી. એ સમયે હોસ્ટેલનાં જે રૅક્ટર હતા એમને મારું હોસ્ટેલમાં રહેવું ગમતું નહોતું એટલે એ દરેક ડગલે મારું કામ વધુ ને વધુ અઘરું બનાવી રહ્યાં હતાં. મેં મારા સ્વભાવ મુજબ કૉલેજના સેન્ટ્રલ હૉલમાં જઈ, ફાઈલ મહેતાસાહેબ સામે ધરીને કહી દીધું કે, ‘આ બીજાને સોંપો.... મારાથી નહીં થાય!’ તેઓ ત્યાંથી બહાર નીકળ્યા અને સીધા હોસ્ટેલ ગયા. એમણે શું કહ્યું, શું કર્યું એ તો ઈશ્વર જાણે પણ એ અઢી દિવસ હોસ્ટેલની દરેક દીકરી અને માણસો બિલકુલ મારા કહ્યા પ્રમાણે ચાલ્યા. સારો ઍડ્મિનિસ્ટ્રેટર ફરિયાદીની હાજરીમાં કદી બીજાને કશું ન કહે એ હું મહેતાસાહેબ પાસેથી શીખી. ફરિયાદનો નિકાલ કરો પણ ફરિયાદી ફુલાય અને જેની સામે ફરિયાદ થઈ હોય એ ઓજપાય એ રીતે નહીં... કદાચ એટલે જ મહેતાસાહેબ અતિશય લોકપ્રિય હતા. એક દિવસ હોસ્ટેલની બહારની ખખડી ગયેલ દીવાલ બતાવીને મેં એમને કહેલું : ‘સાહેબ, એમટીબી ૧૯૧૮માં શરૂ થઈ તોય હજુ કડેધડે છે અને હોસ્ટેલ ૧૯૫૨માં બની તોય આટલી જર્જરિત કેમ?’ મહેતાસાહેબે જવાબમાં માત્ર આટલું જ કહેલું, ‘હોસ્ટેલ બની ત્યારે આઝાદી આવી ગઈ હતીને? એટલે’. ભાષણ આપ્યા વગર મૂલ્યોની પડતી કે વધતા જતા ભ્રષ્ટાચાર વિશે સટીક વાત કરી શકાય એ તે દિવસે સમજાયું મને.

કોઈ સેમિનારોનાં આયોજનોમાં, કોઈની વિદાયપ્રસંગે કે કોઈ વિશેષ પ્રસંગે કૉલેજના સ્ટાફરૂમમાં મહેતાસાહેબ હાજર રહેતા. દરેક વ્યક્તિ એમને આદર આપતી કારણ તેઓ દરેકની ચિંતા કરતા. દરેકને નામથી ઓળખતા. કૉલેજના અધ્યાપકથી લઈને પટાવાળાનાં કુટુંબીજનોને નામથી ઓળખે. બધાનાં ઘરની પરિસ્થિતિની પણ ચિંતા કરે. એમણે એકલા હાથે સોસાયટીની તમામ સંસ્થાઓ સંભાળી. ન બીજા હાથની જરૂર પડી, ન એમનો હાથ કદી કોઈ સંસ્થાને દેખાયો. બસ, બધાંનાં કામ થઈ જતાં. એક કુશળ વહીવટકર્તા કેવા હોય એવું કોઈને જાણવું હોય તો એમણે મહેતાસાહેબની કામ કરવાની રીત, એમનું સૌમ્ય, અભિજાત વર્તન વગેરે વિશે ઝીણવટથી અભ્યાસ કરવો પડે. કારણ કે હવે આવાં

માણસો દીવો લઈને શોધીએ તોય જડતાં નથી. આજે છે એવા કોઈ શિક્ષણવિદ્ જેનું બધા સાંભળે? જે સરકારને રોકી ટોકી શકે?

આજે હું પાછળ ફરીને જોઉં તો લાગે છે કે એ દિવસે ઇન્ટર્વ્યૂમાં મહેતાસાહેબ ન બેઠા હોત, એમણે મને હોસ્ટેલના રૂમની સગવડ ન કરી આપી હોત, પછીથી હોસ્ટેલમાં ટકી શકું એના માટે ટેકો ન આપ્યો હોત તો કદાચ હું સુરતમાં આવી જ ન હોત. આવી હોત તો ટકી ન હોત. તમારા જેવા કુશળ, અભિજાત અને પારકી છઠ્ઠીના જાગતલ માણસોનો દુષ્કાળ કેમ પડ્યો સાહેબ? એક વાત કહું મહેતાસાહેબ... છેલ્લાં ૨૫ વર્ષોમાં અનેકવાર મને લાગ્યું કે તમે હોત તો સુરત શહેરે મને મોઢા પર ઘર આપવાની ના ન જ પાડી હોત... એટલે તો આદર હતો આ શહેરને તમારા પ્રત્યે... પણ...



બહેન ઉષા અને ભાઈ કૃષ્ણકાંત સાથે

## ૧૭

# સદ્ભાવસભર મહેતાસાહેબ

**દક્ષા વ્યાસ**

એમ. ટી. બી. કોલેજના ગુજરાતીના વિદ્યાર્થી. ગુજરાતી વિષયના અધ્યાપક અને સાહિત્યકાર, વિવેચક અને કવિ ચાલીસ ઉપરાંત પુસ્તકો આપનાર દક્ષાબહેન મહેતાસાહેબના માનીતા વિદ્યાર્થી રહ્યાં હતાં. ગુરુ - શિષ્યાનો પ્રેમાળ સંબંધ આજીવન સુવાસભર્યો રહ્યો.

મહેતાસાહેબ એટલે આચાર્યશ્રી કુંજવિહારી મહેતા. સુરતની એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં મારા ગુરુ. ગુજરાતીના અધ્યાપક પછીથી ત્યાં આચાર્ય. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રી - કહો કે સર્વેસર્વા અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આર્ટ્સ ફૅકલ્ટીના ડીન. અત્યંત કુશળ વહીવટકાર તરીકે એમની ખ્યાતિ.

ગુરુ મહેતાસાહેબ અમને પાશ્ચાત્ય સાહિત્ય સિદ્ધાંતો રસથી ભણાવે. એમાં એમની માસ્ટરી. એમનું ‘સાહિત્યરંગ’ પુસ્તક પછીથી અમારું આદર્શ બનેલું. વિષય અઘરો, પણ એમની રજૂઆત સરળ - સ્પષ્ટ. વચ્ચે વચ્ચે ફાંકડું અંગ્રેજી બોલે. એમના સમગ્ર વ્યક્તિત્વમાંથી જાણે અંગ્રેજિયત ફોર્યા કરે. હંમેશાં સૂટ - બૂટમાં હોય. સફાઈદાર ડ્રેસિંગ. એમના પાતળા શરીરને સૂટ સ્યુટેબલ બનાવે. વર્ગમાં એમનું ધ્યાન દરેક વિદ્યાર્થી પર રહે. કોણ હાજર રહે છે, કોણ ગેરહાજર તેની નોંધ એમનું મન તરત લઈ લે. હું હિન્દી સેવકની પરીક્ષા અર્થે ચાર - પાંચ દિવસ ગેરહાજર રહી. તરત એમણે ટપારી - ‘મિસ વ્યાસ, ક્યાં હતાં?’ નામ સાથે સૌને ઓળખે. ફ્રી પિરિયડમાં મેદાનમાં તડાકા મારતા હોઈએ ને જોઈ જાય તો સાદ આવે ‘લાઈબ્રેરીમાં બેસો’. એમણે પાડેલી આ ટેવને કારણે જ વાચનરસ કેળવાયો અને જૂનિયર જૉલિમાં પુષ્કળ ઈતરવાચન થઈ શક્યું. એમની ધાક

નહીં, પણ પ્રભાવ અને પ્રેમ. વાતો કરતાં સહેજ હોઠ વંકાય. પોતાના વિદ્યાર્થી ભણી રહે પછી પણ તેમનું ધ્યાન રાખે. તેમની મુશ્કેલીઓમાં મદદરૂપ થાય. આ એમની પ્રકૃતિ જ. કોઈ સમસ્યા આવે તો એમની પાસે દોડી જવાનું – શ્રદ્ધા સાથે કે ઉકેલ મળશે જ. એમની પાસે સમસ્યાઓ લઈને અનેક માણસો આવતા રહેતા હોય, પણ કશું એમણે નોંધવું ન પડે. દરેકને ન્યાય મળે, ઉકેલ મળે – એવી એમની તેજ સ્મૃતિ અને સદ્ભાવના. એમાં કોઈ ઉપકારનો ભાવ નહીં.

પીએચ. ડી.ના અભ્યાસમાં વિષય એવો વિશાળ લઈ લીધેલો કે બસ વાંચ વાંચ કરતી રહું. કશું લખાય જ નહીં. ત્યારે એ માટે બે ટર્મ એટલે ચાર વર્ષની મુદ્દત રહેતી. પછીય વધુમાં વધુ બે વર્ષની રાહત મળી શકે. મારે છ વર્ષ પૂરાં થવા આવ્યાં પણ હજુ અક્ષર પાડેલો નહીં. માંડ માંડ સિનૉપ્સિસ રજૂ કરેલો. માર્ગદર્શક જયંતભાઈ પાઠક સાહેબ પોતે તો આવી બાબતમાં સાવ નિષ્ક્રીય. મૂંઝવણનો પાર નહીં. તેઓ કહે, ‘મહેતાસાહેબને વિનંતી કરો. કદાચ મુદ્દત વધારી આપે.’ કિનારે આવેલું વહાણ ડૂબી જવામાં હતું. મહેતાસાહેબે મારી વાત ધીરજથી સાંભળી. ‘કેટલું લખ્યું છે?’ ‘છ માસમાં લખાઈ જશે?’ વગેરે પ્રશ્નો પૂછી ચકાસણી કરી. મેં કહ્યું, ‘સાહેબ, બે વૅકેશન મળે છે તેમાં પૂરું કરીશ જ. માત્ર છ માસ વધારી આપો.’ કહે, ‘અરજી કરો’ અને ગુરુકૃપા હિ કેવલમ્. છ માસનો વધારો મળી ગયો. ભલું થાજો ઉનાળુ અને દિવાળીની રજાઓનું. એવું દબાણ આવ્યું કે થિસિસ સડસડાટ લખાઈ ગયો. ડિગ્રી મળી ગઈ. મહેતાસાહેબની કૃપા ન હોત તો પીએચ. ડી. સાવ અટવાઈ ગયું હોત. પણ મઝધારે ડૂબતાંનો હાથ ઝાલી લેવાની ને એને ઉગારી લેવાની શુભ ભાવના એમના શાલીન વ્યક્તિત્વમાં સભર હતી. આફ્રિકાથી આવેલી મારી પિત્રાઈ બહેનોનાં ઍડ્મિશન પણ એમની કૃપા થકી જ સરળતાથી થયેલાં. મારો પિત્રાઈ ભાઈ કવિ બકુલેશ દેસાઈ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની શાળામાં શિક્ષક. કોઈ કારણે એની નોકરી જોખમમાં મૂકાઈ. પૂ. મહેતાસાહેબને એની નિષ્ઠાની ખાતરી આપી અને એ નિવૃત્ત થવા સુધી ત્યાં જ ટકી શક્યો. કોઈપણ પ્રશ્નનો વ્યવહારુ ઉકેલ લાવવાની એમની પાસે કુનેહ – ગુરુકિલ્લી. સંસ્થાની સુદીર્ઘકાળ સેવા દરમિયાન ક્યારેય એમની છવિ ખરડાઈ નથી. ઊજળાં કપડાંની પેઠે તેઓ હંમેશાં ઊજળા રહી શક્યા હતા.

એક વખત વ્યારા કૉલેજમાં ઇન્ટર્વ્યૂ લેવા આવ્યા ત્યારે એમની સાથે નિરાંતે ગપસપ ચાલતી હતી. મેં ફરિયાદ કરી. ‘સાહેબ, યુનિવર્સિટીમાં જવું હોય તો ઇન્ટર્વ્યૂમાં પૂછે કે પી.જી.નો અનુભવ કેટલો છે? એ ન હોય એટલે આપણું નામ રદ. તમે બોલાવો જ નહીં, તો અનુભવ શી રીતે મળે?’ તે સમયે દ. ગુ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગ નહોતો. પી. જી. માત્ર એમ. ટી. બી. કૉલેજમાં ચાલતું. મહેતાસાહેબે મારી વાત ગંભીરતાથી સાંભળી. વચન આપ્યું. ‘ચાલો, હું

તમને આવતા વર્ષે બોલાવીશ.' પછીને વર્ષે એમણે આખી વ્યવસ્થા જ બદલી નાખી. પી. જી. ડિસેન્ટ્રલાઇઝ્ડ કરી દીધું. જે કૉલેજ કેન્દ્ર માગે તેની સુવિધા જોઈ સમિતિ કેન્દ્ર મંજૂર કરે. મહેતાસાહેબ દીર્ઘદ્રષ્ટા હતા. એકલી એમ. ટી. બી. આપી આપીને કેટલા વિદ્યાર્થીને ઍડ્મિશન આપી શકે?! કેટલા અધ્યાપકોને અનુભવ આપી શકે? પણ આ વિકેન્દ્રીકરણથી અનેક કૉલેજોને પી. જી. કેન્દ્રો મળ્યાં. અનેક અધ્યાપકોને પી. જી. ના અનુભવનું છોગું મળ્યું. ગામડાંના અંતરિયાળ પ્રદેશના અનેક વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણની સુવિધા મળી. તેઓ વ્યવસ્થાના માણસ હતા. નીરક્ષીર પારખવાની એમની પાસે ચકોર દૃષ્ટિ હતી. પરિસ્થિતિનો તાગ એ તરત પામી શકતા અને એમની શીઘ્ર નિર્ણય શક્તિ ઝટ ઉકેલ આણી શકતી. વિવિધ જવાબદારીઓમાં હંમેશાં અત્યંત રોકાયેલા રહેવા છતાં તેઓ હંમેશાં ઉષ્માભેર શિષ્યોની સમસ્યા હલ કરવાની કોશિશ કરતા રહ્યા.

શિક્ષણ સમાજના તેઓ જાગ્રત પ્રહરી હતા. 'ગુજરાતમિત્ર'માં સુદીર્ઘકાળ પર્યંત 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' નામે એમણે કૉલમ ચલાવી, જે બે દળદાર ગ્રંથોમાં પછીથી પ્રકાશિત થઈ. એમાં એમણે શિક્ષણની મૂળભૂત સમસ્યાઓની અને એના ઉકેલોની મૌલિક દૃષ્ટિએ છણાવટ કરી છે એ રીતે પોતાના અનુભવને એમણે ભાષાની સમૃદ્ધિથી અક્ષરરૂપ આપ્યું.

મહેતાસાહેબ સંબંધોના માણસ હતા. મારા ઘરની સામે જ એમના એક સહપાઠી રહે. વ્યારા આવે ત્યારે અચૂક એમને મળવા આવે જ. સાથે મને પણ એમના આતિથ્યનો લાભ મળે. ઘરે આવે. નિરાંતે બેસે. આપણી વાતો પૂછે - પરિસ્થિતિ જાણે. પ્રગતિમાં રસ લે. કુટુંબીજનો સાથે પણ વાતો કરે. મળવા જઈએ તો ક્યારેય પોતે રોકાયેલા છે, પછી આવજો એવો જાકારો ન મળે. ઊલટું 'આવતાં રહેજો' 'મળતાં રહેજો' એવું ઊમળકાભર્યું નિમંત્રણ મળે. શાંતિથી આપણી વાતો સાંભળે. યોગ્ય દિશા ચીંધે. પત્ર લખું તો જવાબ મળે મળે ને મળે જ. તેઓ અનેકવિધ કામમાં રોકાયેલા હોય એટલે પત્ર લખતાં સંકોચ થાય. પણ એમના પ્રત્યુત્તરમાંથી પણ પ્રેરણા અને પોતાપણું ટપક્યાં કરે. ૧૯૭૩ના એક પત્રમાં તેઓ લખે છે : "હું જો કામમાં રત નહીં રહું તો મને ગોઠે નહીં. કામ કર્યા જ કરવાની આદત પડી ગઈ છે. હવે કંઈ છૂટે એમ લાગતું નથી... મારી તો તમને સલાહ છે - જો આપી શકું તો - કે પીએચ. ડી. જેમ બને તેમ જલદી કરી નાખો. હવે અમારો જમાનો પૂરો થયો. પીએચ. ડી. યુગ શરૂ થયો છે. તમે યુરોપીય સાહિત્ય પણ ખૂબ વાંચો. દૃષ્ટિ વિશાળ થશે. આપણે ઘણી બધી ગ્રંથિઓમાંથી મુક્ત થઈશું." મહેતાસાહેબને આપેલા વચન પ્રમાણે પીએચ. ડી.નો થિસિસ સમયસર રજૂ કરી દીધો. વાયવા લેવાયો. સિન્ડીકેટે મને ડિગ્રી માટે લાયક ગણી તેની એમણે મને સામેથી જાણ કરી. પદવીદાન સમારંભમાં જોઉં છું તો મારા ગુરુ

મારી સામે - ડાયસ પર. આ એક ગુરુકૃપાનો - ધન્યતાનો અવિસ્મરણીય અનુભવ. એમનો અભિનંદનનો - હરખનો પત્ર આવ્યો, ''તમને પદવીદાન સમારંભમાં પીએચ.ડી.ની ડિગ્રી લેતાં જોઈને ઘણો આનંદ થયો. વળી તેમાં જોગાનુજોગે ડીન તરીકે મારે સામેલ થવાનું આવ્યું એથી આનંદ વિશેષ વધ્યો. તમે ડિગ્રી લેવા આવ્યાં ત્યારે તમે બી. એ. માં ભણતાં હતાં તે બધાં દ્રશ્યો ખડાં થયાં. તમારા કાકાને ત્યાં તમે રહેતાં. ક્યારેક આવતાં, ક્યારેક નહોતાં આવતાં. તમારી ગેરહાજરી વિશે હું પૂછતો વગેરે. તમે મેળવેલી સિદ્ધિથી મને ખૂબ આનંદ થયો. અમારા જેવા માટે તો એ જ મૂડી છે.'' પોતે ગુરુજી, પણ પત્ર લખે ત્યારે હંમેશ લિખિતંગમાં આશિષને બદલે 'કુંજવિહારી મહેતાનાં વંદન' જ હોય.

ઋણાનુબંધનો આ સંબંધ કૉલેજકાળ પૂરતો જ સીમિત ન રહ્યો. જીવનભર ટક્યો. પરંતુ વિધિની વક્રતા કે એમના છેલ્લા દિવસોમાં હું સુરતમાં, પરંતુ એમની માંદગીની જાણ જ ન થઈ. તેઓ દિવંગત થયા તે સવારે જ હું સુરતથી વ્યારા આવી. વ્યારા ઘરમાં પગ મૂક્યો અને ફોનની રિંગ વાગી. એક મિત્રનો ફોન આવ્યો, ''મહેતાસાહેબ ગયા. દશ વાગ્યે સ્મશાનયાત્રા છે.'' સાડા નવ થયા હતા. હું કોઈ રીતે એમના દર્શન માટે પહોંચી શકું એમ નહોતી... એ પુણ્યાત્માના દર્શન માટે મારું પુણ્ય ઓછું પડ્યું... તસ્મૈ શ્રી ગુરવે નમઃ।

(લેખ પ્રકાશિત : 'કુમાર' ફેબ્રુ. ૨૦૧૯)



શ્રી ગોરધનદાસ ચોખાવાલા અને આર. કે. દેસાઈ સાથે

## ૧૮

# અમારા મહેતાસાહેબ

**બકુલેશ દેસાઈ**

તા. અને તુ. વ. સાર્વજનિક હાઈસ્કૂલમાં વર્ષો સુધી અસંખ્ય વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાનું જ્ઞાન આપ્યું. બકુલેશભાઈ કવિ - વાર્તાકાર અને સાહિત્યરસિક અને સાહિત્ય મંડળોમાં સેવારત રહ્યા છે. મહેતાસાહેબના વિદ્યાર્થી અને પ્રશંસક એવા બકુલેશભાઈએ આ પ્રસ્તુત લેખ ઉપરાંત કાવ્ય પણ લખ્યું છે.

'અહીં આ સભામાં એક બાજુ ગગનવિહારી મહેતા છે ને બીજી બાજુ કુંજવિહારી મહેતા છે...' સાંભળેલી વાત છે. જ્યારે એક સમારોહમાં તે સમયના જાણીતા સાહિત્યકાર, વિચારક, હાસ્યકાર અને રાજપુરુષ ગગનવિહારી મહેતા પ્રવચન આપવા એમ. ટી. બી. (આર્ટ્સ) કૉલેજમાં પધાર્યા હતા. મુ. શ્રી કે. સી. મહેતાસાહેબ પણ યજમાનપક્ષે હોય જ અને હતા પણ. બેઉ મહાનુભાવોએ સરસ ને વિદ્વત્તાસભર પ્રવચનો કર્યાં હતાં. પ્રતીકાત્મક રીતે કહીએ તો એક મુંબઈના નાકરૂપ હતા ને બીજા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને એમ. ટી. બી. (આર્ટ્સ) કૉલેજના પ્રેરણારૂપ હતા.

આવા એક વિલક્ષણ અને સમર્થ પ્રબંધનકર્તા તથા વિદ્યાપુરુષની ઊર્ધ્વગામી પદોન્નતિના સમર્થક - સહાયકો અને સાક્ષીઓ અનેકાનેક મહાનુભાવ હતા અને છે. પરંતુ હું તો ઈ.સ. ૧૯૬૬ - ૬૮ના એમ. ટી. બી. કૉલેજના વિદ્યાર્થીની હેસિયતથી આચાર્ય મહેતાસાહેબને ઓળખું અને પાછળથી ટી. ઍન્ડ ટી. વી. હાઈસ્કૂલના એક અદના માધ્યમિક શિક્ષકની દૃષ્ટિથી પણ તેમને ઓળખું.

સ્પષ્ટ રીતે કહું તો ઈ.સ. ૧૯૭૨માં મને ઉપરોક્ત હાઈસ્કૂલમાં નોકરી મળી તે પણ આચાર્ય મુ. મહેતાસાહેબહને (જ) પ્રતાપે. ઔપચારિક રીતે તો મારા એક દૂરના મામાએ તેમને મારી ભલામણ કરી હતી અને આચાર્યશ્રી સુરેન્દ્રરાય દેસાઈએ જરૂરી ફૉલોઅપ કર્યું હતું. જો કે પડદા પાછળથી તો આચાર્ય શ્રી મહેતાસાહેબનો જ દોરીસંચાર હતો.

જ્યારે પછીના વર્ષે ત્યાંની મારી નોકરી કન્ટિન્યૂ રહે અને હું ત્યાં કાયમી નિમણૂક પામું તે માટે તો મારે જે સંઘર્ષ કરવો પડ્યો હતો તેમાંથી પાર ઊતરવા આચાર્ય શ્રી મહેતાસાહેબની જ કૃપા રંગ લાવી હતી. અહીં પણ મારા દૂરના એ મામા, ડૉ. પ્રા. દક્ષાબહેન વ્યાસ અને કવિ - વિવેચક ડૉ. જયંત પાઠકની ભલી લાગણી ભળી હતી. મારી નોકરી - શાળા રમતગમત અને વિજ્ઞાન મેળા માટે જાણીતી હોવા છતાં અહીં થોડીક પણ સાહિત્યિક પ્રવૃત્તિ થઈ શકી તે પાછળ આચાર્ય શ્રી મહેતાસાહેબનું માર્ગદર્શન જ મુખ્ય બળ હતું તે કહેવાનું જ ન હોય.

એ કદાચ ૧૯૮૨ કે '૮૩નું વર્ષ હતું. મૂળ સૂરતના પણ પછી મુંબઈ સ્થિત રણજિતરામ વાવાભાઈ મહેતાની જન્મશતાબ્દી ઉજવાતી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક એવા આ સાહિત્યકારને અમદાવાદ અને મુંબઈ તો કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે એ સ્વાભાવિક હતું. પણ સ્કૂલમાં પણ એક નાનકડો પરિસંવાદ થઈ શક્યો હતો તે માટે જરૂરી માર્ગદર્શન આપનાર તો આચાર્ય શ્રી મહેતાસાહેબ જ હતા! મેં બીતાં બીતાં તેમને સમારોહનું અધ્યક્ષપદ સંભાળવા વિનંતી કરી હતી અને તેમણે તે તરત જ સ્વીકારી હતી! પાછળથી તેમનું ત્યારનું પ્રવચન અને અન્ય વક્તાઓ (સર્વશ્રી હરિકૃષ્ણ જોશી, ભગવતીકુમાર શર્મા, ડૉ. વિજય શાસ્ત્રી અને રવીન્દ્ર પારેખ)નાં વક્તવ્યોને પ્રથમ શાળાના મુખપત્રમાં અને પછી પુસ્તકાકારે પ્રગટ કરવાનું પણ બન્યું હતું. વળી એ પુસ્તકનું લોકાર્પણ પણ કર્યું હતું ત્યારે આચાર્ય મુ. મહેતાસાહેબ ઉપરાંત ચં. ચી. મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.

છેલ્લે, વીર નર્મદનું 'સરસ્વતી મંદિર' કોઈક ખાનગી મિલકતરૂપે વેચાઈ જવાની અણી પર હતું ત્યારે શહેરના જાગૃત નાગરિકોએ આંદોલન કર્યું હતું. એક 'નર્મદ યુવાવર્ત ટ્રસ્ટ' પણ બન્યું હતું. ત્યારે આચાર્ય મુ. શ્રી મહેતાસાહેબે 'નર્મદ ચેતના' જગાડવા માટે આગળ પડતો ભાગ ભજવ્યો હતો. વળી તેમના વડપણ

નીચે 'ગુજરાતી સાહિત્ય મંડળ' પણ સ્થપાયું હતું.

જન્મશતાબ્દીના શુભ અવસરે આચાર્ય મુ. શ્રી કે. સી. મહેતાસાહેબની સ્મૃતિને શત શત વંદન!

**મુ. મહેતાસાહેબની જન્મશતાબ્દીએ**

આપણું ગાડું જ્યારે નહિ ચાલે
એમની ખોટ ત્યારે બહુ સાલે.

લોક-હિતમાં જ સૂર આલાપ્યો,
ઝીલીએ બસ ચલો, સરસ તાલે.

કોઈ વિદ્યાપુરુષ ક્યાં બીજો અહીં?
થઈ જે શોભે તિલક સૂરત - ભાલે?

એમના તેજ ને કડપ ક્યાં છે?
કોણ દુખિયાની આંગળી ઝાલે?

હાક ને ધાકનું કવચ ગાયબ,
લોક કાંપી રહ્યાં વગર ઢાલે!

આજ પણ છે ઘણુંક કરવાનું,
ઊંઘ છોડો હવે, પ્રાતઃકાલે!

આવા બીજા જરૂરી આજે પણ...
એમનો વંશ, બસ ફૂલેફાલે!

**- બકુલેશ દેસાઈ**



પિતાશ્રી ચુનીલાલ મહેતા અને બહેન ઉષા સાથે સ્ટૂડિઓમાં

## ૧૯

# મહેતાસાહેબ - અમારા અધ્યાપક આચાર્ય

**સંધ્યા ભટ્ટ**

એમ. ટી. બી.નાં વિદ્યાર્થિની સંધ્યા ભટ્ટ મહેતાસાહેબ પાસે ગુજરાતી શીખ્યાં. પ્રાધ્યાપક અંગ્રેજીના પણ ગુજરાતી ભાષા પર લગાવ અને સમર્થ કવયિત્રી છે. સૉનેટ અને ગઝલ એમને ગમતા પ્રકારો છે.

બારમું ધોરણ પાસ કરીને ૧૯૮૧ના જૂન-જુલાઈમાં હું એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં દાખલ થઈ. આચાર્ય અને ઉપાચાર્યની બાજુ બાજુમાં ઑફિસ એ રીતે કે આવનારને તરત જ દેખાય. પ્રિ. કે. સી. મહેતા અને ઉપાચાર્ય ડૉ. બી. એ. પરીખ - આ નામોની બહાર તકતી; હા જી. મહેતાસાહેબ પીએચ ડી. નહોતા! એ સમયે આચાર્ય પીએચ.ડી. હોવા જોઈએ એવો જડ નિયમ નહોતો! તે સમયે 'પ્રિન્સિપાલ'ના હોદ્દાનો જ ભારે દબદબો હતો. કહેવાની જરૂર નથી કે હોદ્દાને અનુરૂપ વ્યક્તિ હોવાને કારણે હોદ્દો અને વ્યક્તિ એકમેકથી શોભતાં. કૉલેજમાં પ્રવેશ લીધા પછી એક વાર અલપઝલપ આચાર્યની કેબિનમાં જવાનું થયેલું અને એ મોટી ઑફિસમાં એમને જોયેલા.

કૉલેજના પ્રથમ વર્ષમાં તો સાહેબ અમારો કોઈ વિષય લેતા નહોતા. અમને નવા વિદ્યાર્થીઓને એમ પણ જાણ થઈ કે કવિ - અધ્યાપક જયંત પાઠક આગલા જ વર્ષે નિવૃત્ત થયા છે. મેં અંગ્રેજી મુખ્ય અને ગુજરાતી ગૌણ રાખેલું. બીજા વર્ષમાં ગુજરાતીનાં બે પેપર આવે. જયંત પાઠકનો કાવ્યસંગ્રહ 'અનુનય' અને ઉમાશંકર જોશીનો કાવ્યસંગ્રહ 'પ્રાચીના' - આ બે પુસ્તકો ધરાવતું પેપર મહેતાસાહેબ લેતા. આચાર્ય ભણાવવા આવે તેથી એક ગૌરવની અનુભૂતિ પણ હતી. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ અંગ્રેજી સાથે સંસ્કૃત લેતા પણ અનિષા દેસાઈ, (ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ આઈ. જે. દેસાઈની દીકરી) રોહિણી જરીવાલા (કૉલેજના મનોવિજ્ઞાનના અધ્યાપક ડૉ. આઇ. સી. જરીવાલાની દીકરી) - અમે ગુજરાતી ગૌણ વિષય તરીકે રાખેલું.

મહેતાસાહેબ મોટે ભાગે સફેદ કફની અને પાયજામો પહેરતા. ગૌર વર્ણ, સામાન્ય કદ - કાઠી, લૉબિમાંથી ઝડપી ચાલે ચાલીને આવે ત્યારે ત્વરિત ગતિ અને મોં પર કડપ. એ જ કડપ વર્ગમાં પણ બરકરાર! વધારામાં વર્ગમાં કાળા કાચનાં ચશ્માં પહેરી લેતા. મને બરાબર યાદ છે કે વર્ગમાં તેમની નજર ક્યાં છે તેની ખબર ન પડતી. તેઓ ભણાવતી વખતે પ્રશ્નો પૂછતા. પહેલા વિદ્યાર્થીને ઊભો / ઊભી કરે અને તેને સંબોધીને જ પ્રશ્ન પૂછે એટલે જે તે વિદ્યાર્થીને જવાબ આપવાની ફરજ પડતી. પહેલા માળે ૨૩ કે ૨૪ નંબરમાં અમારાં ગુજરાતીનાં વ્યાખ્યાન ચાલતાં અને હું પહેલી - બીજી બેન્ચ પર જ બેસતી. શરૂઆતમાં જ આ રીતે મારે જવાબ આપવાના આવેલા. તે વખતે સાહેબે પૂછેલો સવાલ પણ મને યાદ છે. તેમણે 'સવ્યસાચી' શબ્દનો અર્થ પૂછેલો અને તેનો સાચો જવાબ સાંભળીને સાહેબ ખુશ થયેલા અને તે પછી બે - ત્રણ વાર આમ થતાં મને ઓળખી પણ ગયેલા જે વાતનો આનંદ મને આજે પણ છે!

મહેતાસાહેબ ભણાવે ત્યારે અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃતની કાવ્યપંક્તિઓ પણ છૂટથી બોલતા જેનાથી હું ખૂબ પ્રભાવિત હતી. ભાષાશિક્ષકને ભાષામાત્ર માટે પ્રેમ હોય, લગાવ હોય અને બે ત્રણ ભાષા પર પકડ હોવી જોઈએ એવો એક આદર્શ ખ્યાલ સ્થાપ્યો એ સાહેબને કારણે એમ આજે સમજાય છે. 'કર્ણ-કૃષ્ણ' કાવ્ય નિમિત્તે સાહેબ મહાભારતની વાત કરતા અને કૃષ્ણપક્ષ કે શુક્લપક્ષ વગેરે પણ સમજાવતા એ મને બરાબર યાદ છે, બાકી તે વખતે તિથિ કે ઋતુગત તહેવારો વિશે મને ટપ્પો પડતો નહોતો. સાહેબના સુસ્પષ્ટ ઉચ્ચારો અને મોં પરની દઢતા બરાબર યાદ છે. એમની પાસે એક જ વર્ષ - એસ. વાય. બી. એ.માં ગુજરાતીનું એક પેપર ભણવાની તક મળી તે જ.

એ પછી મારું તેમની સાથેનું એક સ્મરણ કૉલેજના ઍન્યુઅલ ગૅધરિંગનું છે. પ્રથમ વર્ષ હતું મારું અને મેં એક ગીત ગાયેલું.... 'વાયરો વળગી વળગી વાય...' શાસ્ત્રીય રાગ પર આધારિત ગીતમાં આલાપ પણ ગાયેલો... ત્યારે એ કાર્યક્રમ સુરતના રંગઉપવનમાં થતો અને ફિલ્મી નૃત્યો કે ગીતોની ભરમાર નહોતી. પ્રા. ડૉ. રાજેન્દ્ર નાણાવટી ઉદ્‌ઘોષક હતા અને તેમને તે ગીત બહુ ગમ્યું અને પછી કાર્યક્રમ પૂરો થતાં નાણાવટીસાહેબની સાથે મહેતાસાહેબ ઊભેલા અને તેમણે પણ ગીતની પ્રશંસા કરેલી ત્યારથી હું અધ્યાપકોમાં જાણીતી થયેલી.

હું ત્રીજા વર્ષમાં આવી અને મહેતાસાહેબ આચાર્ય તરીકે નિવૃત્ત થવાના હતા. એ ૧૯૮૩નું વર્ષ હશે એમ માનું છું. ખૂબ મોટા પાયે વિદાયસમારંભનું આયોજન થયું. કૉલેજમાં ગુજરાતી સાહિત્ય મંડળ ચાલતું તે અંતર્ગત એક વિદાયગીતના સમૂહગાનનું આયોજન થયું. એ વિદાયગીત એટલે કવિ નિરંજન ભગત લિખિ 'આપણો ઘડીક સંગ'. આ ગીતનું સ્વરાંકન સુરતના યુવા

સંગીતકાર વશિષ્ઠ વ્યાસે કર્યું. મને બરાબર યાદ છે કે તેઓ અંબાજી રોડ પર રહેતા અને તેમની પાસે અમે સાતેક વિદ્યાર્થિનીઓ સ્વરાંકન શીખ્યાં.

કૉલેજના મધ્યસ્થ ખંડમાં વિદાય સમારંભ યોજાયેલો. એ ખંડમાં ઉપર પણ ચોતરફ બાલ્કની જ્યાંથી વિદ્યાર્થીઓ કાર્યક્રમ જોઈ શકે. અહીં જ અમારી સંગીતસંધ્યા યોજાઈ. મહેતાસાહેબના વિદાયસમારંભમાં હકડેઠઠ વિદ્યાર્થીઓથી ખંડ છલકાઈ ગયેલો. વિષય પ્રમાણે દરેક વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પોતાની લાગણી રજૂ કરી. અમે ગીત રજૂ કર્યું. વિદાયની ઉદાસી આખા ખંડમાં છવાયેલી હતી. ગીતની પ્રેક્ટિસ વખતે અમારી સાથે રહી માર્ગદર્શન આપનાર હિમાંશીબહેન શેલતને મંચ પાસેના દ્વાર પાસે ઊભાં રહેલાં આજે પણ જોઈ શકું છું. સૌની રજૂઆત પછી મહેતાસાહેબ પોતાનું વક્તવ્ય રજૂ કરવા ઊભા થયા. તેમનાં સમગ્ર વક્તવ્યમાંથી મને એ યાદ રહી ગયું છે જે અંતે તેમણે કહ્યું કે 'આ સાથે હું કૉલેજના આચાર્યપદેથી નિવૃત્ત થાઉં છું એવું વિધિવત્ જાહેર કરું છું.' મને થયું કે કેવી સ્વસ્થતા અને પદ પરત્વેની કેવી ગરિમા આ વાક્યમાં વ્યક્ત થાય છે!

તે પછી સાહેબ કૉલેજના જ પરિસરમાં આવેલ ચુનીલાલ ગાંધી વિદ્યાભવનમાં બેસતા એવો મને ખ્યાલ છે. મારું બી. એ. ફાઇનલનું પરિણામ આવેલું ત્યારે એમને બતાવવા ગયેલી એવું યાદ છે. એ પછી તેમનું એક સ્મરણ વિદ્વાન વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની શ્રદ્ધાંજલિ સભા વજુભાઈ ટાંક હૉલમાં ભરાયેલી ત્યારનું છે. એ સભામાં હું ગયેલી. ત્યારે અમારા અંગ્રેજીના પ્રાધ્યાપક ડૉ. રમેશ ઓઝાને પણ ઉદીયમાન વિવેચક તરીકે બોલવા માટે મહેતાસાહેબે તક આપેલી એવી સ્પષ્ટ છાપ મારા માનસપટ પર પડેલી. તે પછી તો ઓઝાસરની 'પ્રતાપ' સાંધ્ય દૈનિકમાં સાહિત્યની કૉલમ પણ શરૂ થયેલી અને કદાચ એમ જ આગળ જતાં મહેતાસાહેબે ઓચિંતી કાયમી વિદાય લીધી ત્યારે 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' કૉલમ ઓઝાસાહેબને મળેલી અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનાં સેક્રેટરી પણ ઓઝાસાહેબ બનેલા.

મહેતાસાહેબે આપણી વચ્ચેથી કાયમી વિદાય લીધી એ વખતે હું બારડોલી નિવાસી થઈ ગયેલી. અધ્યાપક પતિ સાથે બારડોલી કૉલેજમાં કામ કરતી. એ દિવસે સવારે છાપું જોયેલું નહીં અને સાંજે ચારેક વાગે એસ. ટી. ડી. પર ફોન કરવા એકલી જ ગયેલી અને ત્યાં પડેલું છાપું ઉથલાવતાં મહેતાસાહેબની મૃત્યુનોંધ વાંચીને એકદમ સ્તબ્ધ થઈ ગઈ. કોની આગળ વ્યક્ત થાઉં? એ ક્ષણે તો આસપાસ બધાં અજાણ્યાં જ હતાં. ઘરે પહોંચીને જયકરને વાત કરી. સુરતનાં શિક્ષણજગતને મોટી ખોટ પડી ચૂકી હતી. આજે પણ એ સુવર્ણસમયની આભા વિસરાતી નથી.



૧૯૮૮માં મ્યુનિસિપલ કમિશનરશ્રી પ્રબીર બાસુ, સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી કદીરભાઈ પીરઝાદા,
પોલીસ કમિશનર શ્રી બંસલ, શ્રી કે. સી. મહેતાસાહેબ, સુરત મહાનગરપાલિકાના નેતા (વિપક્ષ) શ્રી જદુભાઈ જરીવાળા

## ૨૦

# મહેતાસાહેબ મારા માર્ગદર્શક

**કદીર પીરઝાદા**

શ્રી કદીરભાઈ પીરઝાદા સુરત શહેરના જાણીતા સમાજસેવક છે અને વર્ષોથી સુરત શહેરના પ્રશ્નોને વિવિધ સ્તરોએ વાચા આપતા આવ્યા છે. કદીરભાઈ એમ. ટી. બી. કોલેજમાં અભ્યાસ કરતા તે દરમિયાન મહેતાસાહેબની નિશ્રામાં જ એમની કારકિર્દી ઘડાઈ એમ કહીએ તો અયોગ્ય નથી. એમ. ટી. બી.કોલેજના પ્રથમ વિદ્યાર્થી સુરત મહાનગરપાલિકાના મેયર પદે બિરાજ્યા એ કોલેજ માટે ગૌરવની ઘટના હતી. પ્રસ્તુત લેખમાં કદીરભાઈએ મુક્ત મને ઋણસ્વીકાર કર્યો છે.

વર્ષ ૧૯૭૪, નવનિર્માણના આંદોલન વખતે માનનીય કુંજવિહારી મહેતાસાહેબના પરિચયમાં આવ્યો, તે વખતે મહેતાસાહેબ વિદ્યાર્થીઓ અને આંદોલનના ખૂબ મોટા સમર્થક હતા, પણ આંદોલનથી તોફાની ગતિ વિધિઓમાં મારી ઉપર એમની નજર રહેતી હતી, એના કારણે એ. ટી. બી. કૉલેજમાં પ્રવેશ લેવામાં મને તકલીફ પડી, શિસ્તના આગ્રહી મહેતાસાહેબે મને પ્રવેશ આપવાની ના પાડી પણ સોસાયટીના સૂત્રધારો મુરબ્બી આર. કે. દેસાઈ, મુ. વિરેન્દ્ર ગાંધી સાહેબ, મુ. ચંદ્રકાંત પુરોહિત સાહેબ, મુ. પોપટલાલ વ્યાસ અને મુ. શંભુભાઈ પટેલની દરમિયાનગીરીથી પ્રવેશ મળ્યો, ત્યારબાદ કૉલેજની જી. એસ.ની ચૂંટણીમાં હું એમ. ટી. બી. કૉલેજના જી. એસ. તરીકે ચૂંટાયો. મહેતાસાહેબની ખૂબ નજીક આવતો ગયો, એમનો ખૂબ પ્રેમ અને માર્ગદર્શન મળ્યાં. હું એમનો ખૂબ લાડલો વિદ્યાર્થી બની ગયો, સાહેબ મારા મેન્ટર બની ચૂક્યા હતા. ખૂબ પ્રેમભરી શિખામણ અને હૂંફને કારણે મારો નવો માર્ગ બની રહ્યો હતો.

વર્ષ ૧૯૭૫માં હું વિદ્યાર્થી જી. એસ. હોવા ઉપરાંત જનતા મોરચામાંથી હરિપરા વિસ્તારમાંથી સૂરત મહાનગરપાલિકાના કૉર્પોરેટર તરીકે ચૂંટાયો. મહેતાસાહેબે વિદ્યાર્થી કૉર્પોરેટર તરીકે કૉલેજના સેન્ટ્રલ હૉલમાં મારું સન્માન કર્યું અને વિદ્યાર્થી રાજકારણમાંથી ખસી જવા કહ્યું. એમણે સલાહ આપી કે હવે તમે સિટીફાધર થયા... ભવિષ્યમાં મેયર થઈ શકો, એમની વાત મારા માટે હુકમ હતી; હું એ પ્રમાણે ચાલતો ગયો. કૉલેજના વિદ્યાર્થીકાળ દરમિયાન દેશમાં કટોકટી લાદવામાં આવી. ૧૯૭૭માં 'મિસા' ધારા હેઠળ મારી ધરપકડ થઈ.

એફ. વાય. બી. એ.ની પરીક્ષા, યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષા આવવાની હતી. છ મહિના જેલમાં થયા, એ સમયમાં ભયના કારણે કોઈ લખી કે બોલી શકતું નહિ. મુ. મહેતાસાહેબે મારી સાથે પૂરેપૂરી લાગણી રાખી ખૂબ હિંમતથી મને જેલમાં પત્રો લખ્યા, એમના પત્રો જેલ ઑથોરિટી તરફથી ચકાસવામાં આવતા, એટલું જ નહિ પણ એ સમયમાં કોઈથી ડર્યા વગર એ સમયના મહામહિમ રાજ્યપાલશ્રીને પણ મને જેલમાંથી મુક્ત કરવા માટે પત્રો લખ્યા, હું છૂટી ગયો તો યુનિવર્સિટીમાં ગેરહાજરીને કારણે મારી ટર્મ ગ્રાન્ટ ન થઈ. મુ. મહેતાસાહેબે ધરપકડનાં કારણો રજૂ કરી યુનિવર્સિટી સિન્ડીકેટમાં મારી ટર્મ ગ્રાન્ટ કરાવી, હું એસ. વાય. બી. એ.ની પરીક્ષા આપી પાસ થયો, મારું વર્ષ સચવાઈ ગયું.

ત્યારબાદ હું સાંસ્કૃતિક સમિતિનો અધ્યક્ષ બન્યો, સુરત શહેરમાં કૉર્પોરેશન તરફથી ફિલ્મ કલાકાર સંજીવકુમારનું સન્માન કર્યું. પ્રાધ્યાપક જરીવાલા સાહેબના સથવારે એમ. ટી. બી. કૉલેજમાં પણ સંજીવકુમારનું સન્માન કર્યું. ત્યારબાદ મારી કારકિર્દી આગળ ધપી. હું કૉલેજકાળ દરમિયાન પાણી સમિતિનો અધ્યક્ષ થયો. મુ. મહેતાસાહેબનો પિતાતુલ્ય પ્રેમ મળતો ગયો, ત્યારબાદ વી. ટી. ચોકસી લૉ કૉલેજમાં એલએલ. બી. કરવા મહેતાસાહેબની સલાહથી દાખલ થયો. લૉ ગ્રેજ્યુએટ થયો, કૉન્ગ્રેસમાંથી સુરત મહાનગરપાલિકાનો સ્ટૅન્ડિંગ કમિટી ચૅરમૅન અને ત્યારબાદ સૌથી યુવા વયે સુરત શહેરનો મેયર બન્યો. મેયર બન્યા બાદ સૌથી પહેલાં હું મહેતાસાહેબના આશીર્વાદ લેવા એમના નાનપરાના નિવાસસ્થાને ગયો. મારા મેયરકાળ દરમિયાન એ જમાનાના સુરતના સાંસદ સી. ડી. પટેલ સાહેબ કે જેઓ બાદમાં ગૃહપ્રધાન અને નાયબ મુખ્યમંત્રી બન્યા એમના કહેવાથી મહેતાસાહેબને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ બનો એ પ્રસ્તાવ લઈને સાહેબ પાસે ગયો, જે પ્રસ્તાવનો આભાર સાથે મહેતાસાહેબે ઇન્કાર કર્યો જે સામાન્ય સંજોગોમાં થતું નથી, પણ મહેતાસાહેબ અલગ વ્યક્તિ હતા. એમની નિષ્ઠા, પ્રામાણિકતા, એમનું સ્વમાન, એમનો દરજ્જો અને એમની ખુમારી અલગ હતી; હું એમને સલામ કરું છું.

મારા મેયર કાળ દરમિયાન સુરતમાં ઝોન પ્રથા અને વૉર્ડ પ્રથા દાખલ કરવામાં આવી, તે સમયે મહેતાસાહેબને અમોએ આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું કે મહેતાસાહેબના વરદહસ્તે આ પ્રથાનું ઉદ્‌ઘાટન થાય, મહેતાસાહેબે એ સ્વીકાર્યું. મહેતાસાહેબ સુરત મહાનગરપાલિકાના ગાંધી હૉલમાં આવ્યા. મારા આગ્રહને કારણે એમણે ઉદ્‌ઘાટન કર્યું, એટલું જ નહિ પણ નાણાવટ- શાહપોરની વૉર્ડ ઑફિસનું ઉદ્‌ઘાટન પણ કર્યું ને ચૌટાપુલ પર આવેલી વૉર્ડ ઑફિસ ખુલ્લી મૂકી, જેની તસવીરો સામેલ છે.



ડૉ. બી. એ. પરીખને આચાર્યનો પદભાર સોંપતા - ૩૧ જુલાઈ ૧૯૮૩

## ૨૧

# શિસ્ત અને સ્નેહનો સરવાળો

**જયપ્રકાશ યુ. મહેતા**

નવસારીના શ્રી ઉમિયાશંકર મહેતા મદ્રેસા હાઈસ્કૂલમાં સંસ્કૃત અને ગુજરાતી મહેતાસાહેબને શીખવતા અને એમના પ્રિય વિદ્યાર્થી; ત્યારથી ગુરુ-શિષ્યનો સંબંધ કૌટુંબિક બની રહ્યો. મહેતાસાહેબ સુરતથી નવસારી દર અઠવાડિયે આવે ત્યારે રવિવારે સવારે અચૂક એમને મળવા જતા- એમના પુત્ર જયપ્રકાશ મહેતા સ્વૈચ્છિક નિવૃત્તિ પછી સેવાયજ્ઞ કરતા રહ્યા છે. નવસારીની સૈયાજી વૈભવ લાયબ્રેરીના પુનરોત્થાનમાં એમનો સિંહફાળો રહ્યો છે. આ ઉપરાંત 'વાંચે ગુજરાત' અભિયાનના પ્રણેતા કહી શકાય. વિદ્યાર્થીઓમાં વાંચનનો રસ કેળવાય, અક્ષર સુધારણા જેવા અનેક અભિયાનો ચલાવે છે.

આચાર્ય શબ્દ બધાને શોભતો નથી અને વિનોબા ભાવેની જેમ કુંજવિહારી મહેતાને વિશેષ શોભે છે. તેમની કૉલમ દ્વારા સંસ્કારની જ્યોત જલાવી તેઓ સમગ્ર પંથકના આચાર્ય બની રહ્યા.

સંબંધ અંગે એક સુંદર પંક્તિ છે, સહજ બંધાય, સરળ સંધાય અને જીવનભર ટકે તેને સંબંધ કહેવાય. મહેતાસાહેબના સંપર્કમાં આવનાર બધાં આજે પણ એમના સૌરભયુક્ત સંબંધોના સ્મરણમાત્રથી મહેકી ઊઠે છે.

મારા પિતા ઉમિયાશંકર મહેતા સાથે એમનો ગુરુ-શિષ્યનો સંબંધ. આજે જેની કલ્પના પણ ન થઈ શકે એવા એ સંબંધો હતા... Can We Imagine! કિશોર વયનો વિદ્યાર્થી અને શિક્ષક, શિક્ષકને ત્યાં પલંગ પર સાથે સૂઈ જાય! વિદ્યાર્થી જોડકણાં રચે.. પછી બંને ભેગાં મળી એને સુધારે, સંવારે, સજાવે અને શિક્ષક દ્વારા ચલાવાતાં જ્ઞાતિ મેગૅઝિનમાં એ પ્રસિદ્ધ થાય... શિષ્ય પછી તો અધ્યાપક બને, આચાર્ય બને છે, લેખક બને છે પણ દર રવિવારે ગુરુને મળવા એમના ઘરે જાય. સાહિત્ય શિક્ષણની ચર્ચાઓ થાય, પોતપોતાના સ્વાધ્યાયની વાતો થાય. સુરેશ દલાલે સોમૈયા કૉલેજ - મુંબઈમાં ''સમિધ''નું સંપાદન કર્યું હોય કે એવાં સહેલાઈથી ઉપલબ્ધ ન હોય એવાં મેગૅઝિનો, પુસ્તકો 'કુંજ, એમને માટે લાવી દે, એમનાં નાનાં-મોટાં બીજા કામો પણ કુંજ કરી દે.

શ્રધ્ધેય વિષ્ણુપ્રસાદ ત્રિવેદી હોય કે શાળા જીવનના એમના શિક્ષકો હોય, એમના પ્રત્યેનો એમનો આદરભાવ, લાગણી અને મદદરૂપ બની રહેવાની ભાવના આદર્શ માપદંડ બની રહે એવાં, પ્રેરણાદાયી અને અનુકરણીય.

હું, કશ્યપ, મારો ભાઈ ગૌરાંગ, સ્વાતિ, સુરભિ અમો લખોટી સહિત જાતજાતની રમતો ખૂબ રમીએ પણ ક્યારેય અમને ટોકે નહીં- હા, અમારું ઈતરવાચન છે કે નહીં તે તપાસતા રહે. એઓ ઉખાણાં પૂછે, માહિતીપ્રદ વાતો કહે અને ખૂબ મજા કરાવે. એક વેળાં મોટીબહેન માટે કેવો છોકરો શોધવો એનું વર્ણન ચાલ્યું, જાતજાતની ખામીઓ વર્ણવી... ઇન્સિડેન્ટલી જેમની સાથે બહેનના લગ્ન થનાર હતાં તે યુવક ત્યાં જ બેઠો હતો... પછી તો જે મજા આવી...

મારા વિવાહ થયા નહોતા તે વાગ્દત્તા ઘરે આવેલાં, રવિવાર હતો તેથી મહેતાસાહેબ પણ આવેલા... રસોડામાંથી આવીને પૂછ્યું... ''ચ્હા લેશોને?'' મહેતાસાહેબ ધારદાર નજરે એમનાં તરફ જોઈ કહે, ''આ ઘરમાંથી ચ્હા પીધા વગર હું ક્યારેય ગયો નથી...'' મારાં પત્નીએ ત્યાર પછી ચ્હા લેશોને?'' - કોઈને પૂછ્યું નથી.

કશ્યપ, સ્વાતિ ન આવે તો અમો એમના પંડ્યા ખડકીના ઘરે જઈને એમને ત્યાં નેટવાળી પાછળ પાયા વિનાની થોડી ઝૂલતી રહે એવી ખુરશી મને એ બહુ ગમે, માસાજીને એ ખબર પડી એટલે એક દિવસ આગ્રહ કરી બેસાડ્યો... ''આજે નાસ્તો પણ ખુરશી પર બેસીને જ કરવાનો, તારી બારીવાળી જગ્યા આજે મારી...'' યુવકોના રાહબર તેઓ બાળકો, કિશોરો સાથે પણ એવા ભળી જાય, વાતવાતમાં એવી સુંદર વાતો કહે કે મન પર એની આજીવન Imprint બની રહે.

આચાર્ય કુંજવિહારી મહેતાસાહેબને ''ગાંધીજન'' કહું તો બિલકુલ અતિશયોક્તિયુક્ત વિધાન નથી જ. એમની જીવનશૈલી સાદગીયુક્ત, પર્યાવરણનો ખ્યાલ રાખી અપનાવેલી સાઈકલ, સંવેદનાસભર હૃદયમાંથી ઊઠેલી સેવા પ્રવૃત્તિનો વ્યાપ અને સૌથી વધુ ગાંધીજીની જેમ જ એમનાં વિચાર, વાણી અને વર્તનમાં સાયુજ્ય; આને કારણે તેઓ નિર્ભિક રહ્યા અને પીડ પરાઈ જાણી, તેના ઉકેલ માટે કાર્યરત રહ્યા.

ભાષા અને લેખન વિશે પણ એમના વિચારો ગાંધીજી જેવાં. Art For the Sake of Art... માટે Emphatic no. ઝવેરચંદ મેઘાણીની પંક્તિઓ... ''હાય રે હાય કવિ તને પૃથ્વી ને પાણી તણાં શેણે ગીતો ગમે?'' - તેઓ ટાંકતા રહે; ''સામાજિક અનુબદ્ધતા વગરનું સાંપ્રત ગુજરાતી સાહિત્ય'' શીર્ષક અંતર્ગત સપ્ટેમ્બર ૧૯૯૦માં લખેલ લેખની છેલ્લી પંક્તિઓ... ''આટઆટલાં માણસો આતંકવાદીઓને હાથે મૃત્યુ પામે છે કે ધર્મને નામે મરે છે, છતાં એનું (ગુજરાતી લેખકનું) રૂવાડુંય નહીં ફરકે. પ્રેમની અગમનિગમની, આભાસી, માનસિકતાની અને જાતીયતાની વાતોમાંથી એ ઉપર આવી શકતો નથી.'' નિસબતવાળું લખાણ અંગે ૩૦ વર્ષો પહેલાં લખાયેલી આ વાત આજે પણ એટલી જ સાચી છે.

પરપ્રાંતિયોના આગમન પછી વિજયા દશમીએ શરૂ થયેલ ''રાવણ દહન''ની એમણે એમની કૉલમમાં, હિંસા કૃત્યમાંથી મેળવાતા આનંદની અનેકવાર ટીકા કરી છે. ભલે સામે કિકિયારીઓ પાડતું ટોળું હોય, મારું સત્ય એ શાશ્વત સત્ય - ઋત છે અને એ માટે એઓ અડીખમ રહેતા. સામ, દામ, દંડ, ભેદ એમને ક્યારેય ચળાવી ન શક્યા.

વેદની ઋચા 'બલં અસિ, બલં મયિ ધેહી'...નું ચોથું ચરણ મન્યુરસિ મન્યુ મયિ ધેહી. એમને ખૂબ ગમતું હોય એમ જણાય; ડિવાઈન પાવર - દિવ્ય શક્તિને કહે છે તું પુણ્ય પ્રકોપ આપો..એમનો પુણ્ય - પ્રકોપ ક્યારેય અતિ બોલકો કે અભદ્ર થયો નથી. એમની ભાવવાહી આંખોથી એ વર્તાય. આટલાં બધાં વ્યક્તિઓ ને આટલું બધું ભણેલાં લોકોનું સંચાલન ''આપધાક'' વિના શક્ય ન બને. ''આપધાક'' વિકસાવવાની કળા મૅનેજમેન્ટ ગુરુઓએ એમની પાસે શીખવી રહી.

સૂરત એટલે નર્મદ... હવે સૂરત એટલે કુંજવિહારી મહેતા અને ભગવતીકુમાર શર્મા પણ યાદ આવે. એમણે સૂરતને જ નહીં સમગ્ર દક્ષિણ ગુજરાતને સુસંસ્કૃત કર્યું છે, સંસ્કારથી સુરભિત કર્યું છે. નીતિમત્તાની જાળવણી કરી એને બીજાથી મૂઠી ઊંચેરું બનાવ્યું છે, આપણ સૌ ગૌરવાન્વિત થઈએ એવું બનાવ્યું છે. આપણે એમના અત્યંત ઋણી છીએ.

શ્રદ્ધેય વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ આર્જવ અને સૌમનસ્ય એ બેને મનુષ્યના મોટા ગુણ ગણાવ્યા છે. એની સમજ આપતાં એને વ્યાખ્યાબદ્ધ કરતાં તેઓ કહે છે,

"આર્જવ એટલે સીધાપણું, માનસિક પ્રમાણિકપણું, દૃઢતા, તેજસ્વિતા, પ્રભાવ, નમ્રતા.

સૌમનસ્ય એટલે મૈત્રી, વ્યાપક સદ્ભાવ, કોમળતા, સત્યશોધ, પ્રસન્નતા, સંવેદનશીલતા, કરુણા, દયા, આર્જવમાં જેમ નિષ્ઠા અને નમ્રતા મુખ્ય ગુણ છે તો સૌમનસ્યમાં ચિત્તની શોધક વૃત્તિ, પ્રસન્નતા અને સૌહાર્દનો સમાસ થાય છે...

એમના પુત્રવત્ શિષ્ય કુંજવિહારીને નજરમાં રાખી લખાઇ હોય એવી વિષ્ણુપ્રસાદજીની આ પંક્તિઓ વાંચી, આપણે આંખો સમક્ષ, આર્જવ અને સૌમનસ્યના મૂર્તિમંતરૂપ આચાર્ય કુંજવિહારી મહેતાનો ચહેરો જ આવે.

એમના જન્મ શતાબ્દી વર્ષે, એ હોત તો અત્યારના સંજોગોમાં સાંપ્રત ચર્ચાના વિષયો એન.ઈ.પી.* વગેરે માટે એમણે શું લખ્યું હોત? અત્યારની સમસ્યાઓ અંગે શું કર્યું હોત? એ દિશામાં આપણા પ્રયત્ન થાઓ એવી ભાવના સાથે આચાર્ય કુંજવિહારી મહેતાસાહેબને શ્રદ્ધાપૂર્વક વંદના!

---

* NEP - New Education Policy



પારિવારિક ફોટોગ્રાફ

# ૨૨

# પૂજ્ય કે. સી. મહેતાસાહેબ

**પીયૂષ પ્ર. ભટ્ટ**

મહેતાસાહેબ અને પીયૂષભાઈના પિતાશ્રી બંને મિત્રો એટલે પીયૂષભાઈને નાનપણથી મહેતાસાહેબ સાથેનો અંગત પ્રેમાળ પરિચય / અનુભૂતિ. દક્ષિણ ગુજરાતમાં પ્રખ્યાત પીયૂષ ભટ્ટ બાળકો માટે અંગ્રેજી વિષયની એકેડેમિ ચલાવે છે. અંગ્રેજી ભાષા અને વ્યાકરણ પર પુસ્તકો પણ લખ્યાં છે. સાંસ્કૃતિક ક્ષેત્રે પણ એમનું નોંધનીય પ્રદાન છે. 'જયઘોષ' ચિલ્ડ્રન થિયેટર ચલાવે છે જેમાં અભિનયની તાલીમ અપાય છે.

કોઈ વિદ્યાર્થી પોતાનું હાઈસ્કૂલ શિક્ષણ પૂર્ણ કરે પછી કૉલેજનો અભ્યાસ કરીને એ જ કૉલેજમાં પ્રાધ્યાપક બને એવું તો કંઈ કેટલા કિસ્સાઓમાં બનતું આપણે જોયું છે. પરંતુ શું આ પ્રકારની ઘટના બનતી તમે જોઈ છે કે એ વિદ્યાર્થી કૉલેજમાં પ્રાધ્યાપક બન્યા બાદ જ્યારે ભણાવવાનું શરૂ કરે ત્યારે વર્ષો પહેલાં એ જેમના હાથ નીચે હાઈસ્કૂલમાં ભણી ચૂક્યો હોય એ જ શિક્ષક એની સામેની પાટલી ઉપર એના વિદ્યાર્થી તરીકે બેઠા હોય? પોતાના જ ભૂતપૂર્વ શિક્ષકના ગુરુ

બનવાનું ભાગ્ય તે વળી કોને સાંપડે? આ સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું મુ. પૂ. કે. સી. મહેતાસાહેબને..!! જી, હા. મારા દાદાજી શ્રી રામપ્રસાદ ભટ્ટ ૧૯૨૦ના દાયકામાં નવસારીની મદ્રેસા હાઈસ્કૂલમાં ભાષા શિક્ષક તરીકે જોડાયા. એમણે ત્યાં લગભગ ૧૯૫૫ સુધી નોકરી કરી. તે સમયગાળા દરમિયાન કુંજવિહારી મહેતાસાહેબ મારા દાદાજીના હાથ નીચે ભણતા હતા. તેઓ ખૂબ ચપળ અને ભણવામાં હોંશિયાર હોવાથી સહજ રીતે મારા દાદાજીના પ્રિય વિદ્યાર્થી બની ચૂક્યા હતા. (આ બધી વાતો મેં મારા પિતાજી પાસેથી સાંભળેલી કેમ કે એ વેળાએ તો મારો જન્મ પણ નહોતો થયો.) નિશાળનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તેમના કૉલેજના શિક્ષણ દરમિયાન પણ મહેતાસાહેબ અવારનવાર દાદાજીને મળવા આવતા એનું કારણ એ જ કે જેમ દાદાજીના એઓ પ્રિય વિદ્યાર્થી હતા તે રીતે દાદાજી પણ એમના પ્રિય શિક્ષક હતા. મહેતાસાહેબે પોતાનું શિક્ષણ તેજસ્વી કારકિર્દી સાથે પૂર્ણ કર્યું અને તરત જ એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. હવે વાત જાણે કે એમ બની કે મારા દાદાજી માત્ર બી. એ. પાસ હતા. જ્યારે દાદાજીએ પોતાની ઉંમરના બાવન વર્ષ પૂર્ણ કર્યા ત્યારે તેમને કોણ જાણે કેમ અચાનક એમ. એ. કરવાની ઇચ્છા તીવ્રપણે જાગી. તેમણે એમ. એ. કરવા માટે પોતાનું નામ એન્‌રોલ કરાવ્યું. બસ, પછી ગુરુ અને શિષ્ય બંને માટેની તેમના બંનેનાં જીવનની ધન્ય ઘડી આવી લાગી. મહેતાસાહેબ કૉલેજમાં લેક્ચર આપે અને મારા દાદાજી બેન્ચ ઉપર બેસીને ધ્યાનમગ્ન - અભિભૂત થઈને પોતાના શિષ્ય (ગુરુ)ને સાંભળતા રહે. દાદાજી જ્યારે એમ. એ. પાસ થયા ત્યારે આ વાત તે વખતના સમાચારપત્રોમાં પણ આવી હતી અને એ સમાચારપત્રનું સાચવી રાખેલું કટિંગ મને મારાં દાદીએ હું જ્યારે સ્કૂલમાં ભણતો હતો ત્યારે બતાવ્યું હતું જે મેં ખૂબ રસપૂર્વક વાંચ્યાનું હજી આજે પણ બરોબર યાદ છે.

અમારા મહેતાસાહેબ સાથે એક કુટુંબ જેવો જ સંબંધ અને લગાવ હતો. અમે ત્રણ ભાઈઓ તેમને કુંજકાકા કહીને જ ઉલ્લેખતા કે સંબોધતા. મારા પિતાજી એલ. આઇ. સી.માં નોકરી કરતા. તેમની બદલી નવસારીથી સુરત થઈ અને મને સુરતની એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં ભણવાનું નસીબ સાંપડ્યું. આ ૧૯૭૦ના દાયકાની વાત છે. હું એક વર્ષ માટે કૉલેજનો સાંસ્કૃતિક મંત્રી બન્યો હતો તે સમયે ઘણી વખત મહેતાસાહેબની ઑફિસમાં કોઈ ને કોઈ કામ અંગે જવાનું થતું. એમની ઑફિસમાં દાખલ થતાં ખૂબ ગભરાટ થતો પરંતુ એક વખત અંદર દાખલ થયા પછી સાહેબનો વ્યવહાર જ એવો કે તમે ખરેખર રિલેક્સ થઈ જાવ. આટલી ઊંચાઈ પર બિરાજમાન વ્યક્તિની આ કક્ષાની સરળતા અને ઋજુતા દાખવી શકે અને તે પણ લેશમાત્ર દંભ વગર એ જોઈને જ હું એમનાથી અત્યંત પ્રભાવિત થઈ ગયેલો. હા, તમે જો કંઈ વાંક કે ગુનામાં આવી ગયા હો તો

એ વેળાએ એમની વેધક દૃષ્ટિ તમારી ઉપર જે પડે એનો તાપ તમે ઝીલી ન શકો. બે કે ત્રણ સેકન્ડ તમારી સામું જુએ અને પછી ઠપકાના શબ્દો પાછળ છુપાયેલ, તમારે માટે એમના હૃદયમાં રહેલો પ્રેમ અને તમારે માટેની ચિંતા અવશ્ય ડોકાતાં હોય અને એ તમે જોઈ શકો. કેટલીક વખત તેઓ એક પણ શબ્દ બોલ્યા વગર જ તમારી સામે જુએ અને તમે રીતસરની એમની એ આંખોમાં જુદા જુદા સમયે જુદી જુદી અભિવ્યક્તિની અનુભૂતિ કરી શકો.

મહેતાસાહેબ સાથે જુદા જુદા પ્રસંગે થયેલ વાતો કે ઘટનાઓમાંથી કેટલીક હજી આજે પણ મારી સ્મૃતિમાં એક ફિલ્મના દૃશ્યની માફક સંગ્રહાયેલી છે. એક દિવસની વાત છે. હું, મારા બે મિત્રો અર્જુન પારેખ અને સ્વ. હકીમ શેખ – અમે ત્રણ જણાએ અચાનક મૂડ બદલાતાં તે દિવસે સાયકોલૉજિનો પિરિયડ છોડીને ક્યાંક બહાર જવાનું નક્કી કર્યું. કૉલેજના બધા ખંડોમાં જુદા જુદા વિષયોના લેક્ચર્સ ચાલુ થઈ ગયાં હતાં. અમે ત્રણ મિત્રો કૉલેજના મકાનના છેવાડાના દાદર પાસેથી નીકળીને ચાલતાં ચાલતાં હજી તો મુખ્ય લૉબિમાં વળાંક લઈને પ્રવેશ્યા ત્યાં જ સામે મહેતાસાહેબ...!!! અમે ખૂબ ગભરાઈ ગયા. પછી તો શું...! સાહેબે પહેલાં અર્જુનને પૂછ્યું "કેમ પિરિયડ નથી ભરવાનો?" અર્જુને કહ્યું, "સાહેબ, મારા કાકા બહારગામથી આવવાના છે એમને લેવા માટે સ્ટેશને જવાનું છે." તરત જ જે બહાનું મોઢે ચઢ્યું તે અર્જુને ધરી તો દીધું પરંતુ પછી સાહેબે તરત જ એક સાથે જે પ્રશ્નોની ઝડી વરસાવી એનો સામનો કરવા અર્જુન અસમર્થ રહ્યો "(૧) કાકાનું નામ શું છે? (૨) કાકા કયા ગામથી આવવાના છે? (૩) કઈ ટ્રેનમાં આવવાના છે? (૪) ટ્રેન કેટલા વાગ્યાની છે? (૫) તારું ઘર ક્યાં છે?" અને આ સવાલો પૂછતી વખતે સાહેબની ધારદાર નજર અર્જુનની આંખમાં આંખ પરોવીને જોતી હતી. અર્જુન એટલો ગભરાયો હતો કે પોતાના કાકાનું નામ બોલવામાં ગોથું ખાઈ ગયો. હજી તો એક સવાલનો જવાબ આપે કે તરત જ જેટની સ્પીડથી બીજો સવાલ આવે. બીજા સવાલોના જવાબ આપે પણ તે સીધા ન આપી શક્યો. હું જાણતો હતો કે અર્જુન પછી મારો વારો આવશે એટલે મેં મારું બહાનું વિચારવા માંડેલું. મારી સામે જોઈને તો સાહેબે માત્ર પ્રશ્નસૂચક દૃષ્ટિ જ નાંખી અને હું બોલ્યો, "સાહેબ, આવતીકાલે કૉલેજની મ્યૂઝિકલ ઈવનિંગ છે અને મારા વાજિંત્રના તાર તૂટી ગયા છે તે સી. આર. બ્રધર્સમાં લેવા જવાનું છે." તો સાહેબે તરત જ કહ્યું કે "બાબુભાઈ પાસે ચિઠ્ઠી લખાવી લાવ કે મારા દીકરાએ આ રીતે વાજિંત્રના તાર લેવા જવાનું છે." મારા પિતાજીનું નામ આમ તો પ્રણયકુમાર હતું પણ મિત્રો એમને બાબુભાઈના નામથી ઓળખતા. સાહેબને ખબર હતી કે મારા પિતાજીને આ વાતની જાણ થાય એ જ મારે માટે મોટી સજા હતી. ત્રીજા મિત્ર હકીમ શેખે તો માફી માંગવાનું જ મુનાસિબ સમજીને "સૉરિ" કહીને 'હવેથી

આવું નહીં થાય' એમ કહી દીધું. મૂળ વાત તો એ છે કે સામાન્ય રીતે વિદ્યાર્થીઓ સાથે આવું બને ત્યારે એમને જે તે શિક્ષક પ્રત્યે ગુસ્સો આવતો હોય છે જ્યારે મહેતાસાહેબ અમને આ રીતે ઠપકો આપીને થોડા દૂર ગયા પછી અમે ત્રણેય જણા એમની વાક્છટાની પ્રશંસા કરતા રહ્યા એટલું જ નહીં પરંતુ બીજા મિત્રોને આ વાત કરતી વખતે સાહેબની કુનેહ અને સ્ટાઈલની પ્રશંસા કરતા રહ્યા.

મહેતાસાહેબનો મુખ્ય વિષય આમ તો ગુજરાતી, પરંતુ તેઓ અંગ્રેજીમાં વાત કરતા હોય ત્યારે તમે તેમનું અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ જોઈને અવશ્ય અંજાઈ જાઓ ખરા અને ગુજરાતીની જો વાત કરું તો તેમનાં ઉચ્ચારણો એટલાં સુંદર તેઓને આપણા વિસ્તારમાં ઉચ્ચારો માટે અને ગુજરાતી ભાષાના જ્ઞાન માટે એક શબ્દકોશની ગરજ સારનાર વિદ્વાન તરીકે ઉલ્લેખું તો એમાં જરાયે અતિશયોક્તિ નથી. હું સુરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની બી. એડ્. કૉલેજમાં જ્યારે અભ્યાસ કરતો હતો તે વેળાનો એક પ્રસંગ અહીં લખવા ચાહીશ. મારે કોઈ એક કામને માટે મહેતાસાહેબને મળવાનું હતું. સાથે એક અરજી પણ આપવાની હતી જે મેં ગુજરાતીમાં લખી હતી. હવે એ અરજીમાં એક જગ્યાએ 'ખૂબ' નામનો શબ્દ મેં લખ્યો હતો અને એમાં મેં હ્રસ્વ 'ઉ' સાથે એ શબ્દ લખ્યો હતો. તો સાહેબે મારી સામે અત્યંત વ્યથિત થઈને જોયું અને કહ્યું કે 'પીયૂષ, તને 'ખૂબ' શબ્દ લખતાં નથી આવડતું? તને એમાં દીર્ઘ 'ઊ' સંભળાતો નથી?' સાહેબના વ્યથિત ચહેરા ઉપરના એ હાવભાવ મને હજી આજે પણ યાદ છે.

મહેતાસાહેબની આંખોમાં જ કંઈક ગજબ અને વિશિષ્ટ પ્રકારનું તેજ હતું એવું મને હજી આજે પણ લાગ્યા કરે છે. વ્હી. શાંતારામની ફિલ્મ "દો આંખે બારહ હાથ"માં જે રીતે શાંતારામની આંખો જ વાતો કરતી તે રીતે આજે જો સાહેબના ફોટા સામે જોઈએ તો તમને બરોબર એવી જ પ્રતીતિ થયા વગર ન રહે. એમનો પ્રેમ, એમની ધાક, એમની માયા મેં ભરપૂર અનુભવ્યાં છે. હું નવસારીની મદ્રેસા હાઈસ્કૂલમાં નોકરીએ લાગ્યા પછીની ૧૯૮૨-'૮૩ના ગાળાની આ વાત છે. તે વખતે નિશાળમાં વાતાવરણ કંઈક રાજકારણીય લાગતાં હું ખૂબ વ્યથિત રહેતો. મેં નિર્ણય કર્યો કે મારે રાજીનામું આપી દેવું અને સ્વતંત્રપણે માત્ર ટ્યૂશન ક્લાસ જ ચલાવવા. આ વાત મેં એક દિવસ સવારે મારા પિતાજીને કહી. તેમને માટે તો આ એક મોટો ધડાકો જ હતો. તેમણે મને ઠપકો આપ્યો અને એવું કરવાની ના પાડી. ત્યાર બાદ હું નિશાળે મારી નોકરીએ ગયો. મારી સ્કૂલ પણ મારા ઘરની સામે જ હતી. હવે વાત જાણે એમ બની કે તે જ દિવસે સાંજે મહેતાસાહેબ મારા ઘરે આવ્યા. મારું ઘર નવસારીની ગાર્ડા કૉલેજની બરોબર સામે જ. ગાર્ડા કૉલેજમાં તે દિવસે કોઈક વિષય ઉપર મહેતાસાહેબનું પ્રવચન હશે

તે પતાવીને સાંજે પાંચ વાગ્યે તેઓ સીધા મારા ઘરે જ આવેલા. હજી તો સાહેબ આવીને બેઠા જ કે બીજી જ મિનિટે હું ઘરમાં પ્રવેશ્યો. મારા પિતાજી પોતાના રૂમમાં પહેલે માળે બેઠા હતા તેમને મારી બાએ સાદ પાડીને કહ્યું કે 'કુંજભાઈ આવ્યા છે.' મારા પિતાજી પણ નીચે આવ્યા. હું મહેતાસાહેબને પગે લાગીને તેમની સામેની બાજુની ખુરશીમાં ગોઠવાયો. બરોબર તે જ સમયે મારા પિતાજી દાદર ઉપરથી નીચે ઊતર્યા. સાહેબે તેમને ખબરઅંતર પૂછ્યા તો મારા પિતાજીએ સીધી મારી ફરિયાદ કરતાં એમને કહ્યું કે 'આ તમારા વિદ્યાર્થીને સમજાવો, સવારે નિશાળ ગયો ત્યારે મને કહેતો હતો કે મારે રાજીનામુ આપવું છે.' બીજી જ મિનિટે મહેતાસાહેબે મારી સામે એમની ધારદાર નજર ફેંકીને પૂછ્યું "કેમ શું?" મેં મારો પક્ષ રજૂ કરવાને બદલે એક પણ ક્ષણના વિલંબ વિના કહી દીધું કે 'ના, રાજીનામું નથી આપવું' અને ખરેખર ત્યાર પછી મેં એ વિચાર માંડી વાળેલો. અહીં કહેવાનો મારો અર્થ એટલો જ કે મારું કૉલેજ શિક્ષણ તો ૧૯૭૫ની સાલમાં પૂર્ણ થઈ ગયેલું પરંતુ મહેતાસાહેબની આંખોનો પ્રભાવ મારા મસ્તિષ્ક અને હૃદયમાં વર્ષો બાદ પણ હજી એવો ને એવો જ અકબંધ હતો, છે અને રહેશે.

આજના યુગમાં આવું વ્યક્તિત્વ મળવું અત્યંત મુશ્કેલ છે. મહેતાસાહેબનું આ શતાબ્દી વર્ષ ચાલે છે એટલે એ અવસર ઉપર જે ગ્રંથ તૈયાર થનાર છે એને માટે મેં આ લેખ લખ્યો છે એ ખરું, પરંતુ અહીં જે બાબતો મેં લખી છે તે એક યા બીજા પ્રસંગે મેં મારા શ્રીમતીજીને, મારા બંને દીકરાઓને; કોઈક વખત મારા વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓને તો કોઈક વખત મારા મિત્રોને પણ કહી છે. મહેતાસાહેબ આજે મારા અને એમના બીજા અગણિત વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓના વ્યક્તિત્વના એક ભાગ બની ગયા છે. તેઓ આપણી અંદર આપણી સાથે જીવે છે અને આપણને માર્ગદર્શન પણ આપતા રહે છે અને આ વાત એક નિર્વિવાદ સત્ય છે. મહેતાસાહેબે જે મને આપ્યું છે એનું ઋણ ચૂકવવાને હું અસમર્થ છું. પરંતુ એમની નાની નાની ઘણી વાતોને ધ્યાનમાં રાખીને સતત ચાલું છું, ચાલી શકું છું એ વાતનો મને ગર્વ છે. મહેતાસાહેબના ચરણોમાં મારા સાદર પ્રણામ કરું છું.



ટેનિસ રમતા એમ. ટી. બી. કૉલેજ - ૧૯૩૯ સુરત

# ૨૩

## એક સ્મરણ

**આશિત ગાંધી**

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ અને પ્રમુખ રહી ચુકેલા આશિતભાઈ ગાંધી સૂરત પીપલ્સ બેન્કના પણ અધ્યક્ષ રહી ચુક્યા છે અને હાલમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સભ્ય પણ છે. આશિતભાઈના પિતા શ્રી વિરેન્દ્રભાઈ ગાંધી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ હતા ત્યારે મહેતાસાહેબ મંત્રી અને સપ્તાહમાં ત્રણથી ચાર દિવસ સવારે ગાંધી સાહેબની મુલાકાતે એમના ઘરે જવાનું થતું. એ કારણે ભાઈ શ્રી આશિતને મહેતાસાહેબ સાથે અંગત પરિચય અને બાળપણની ઘણી સ્મૃતિઓ છે.

હું વિદ્યાર્થી એમ. એસ. યુનિવર્સિટીનો, સાર્વજનિકની શાળામાં પણ ફક્ત ૪ વર્ષ ભણ્યો, ત્યારબાદ સેન્ટ્રલ સ્કૂલમાં અભ્યાસ; એટલે આદરણીય મહેતાસાહેબના પરિચયમાં મારા શિક્ષણ વખતે જૂજ...

પરંતુ મારા પિતા સ્વ. શ્રી વિરેન્દ્ર ગાંધી અને મહેતાસાહેબ ખૂબ જ નિકટ સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટીના હોદ્દાની રૂએ...

સંજોગવશાત્ મારે મહેતાસાહેબનું ઋણ ચૂકવવાનું હોય એવી પરમકૃપાળુ ઈશ્વરની ગોઠવણ કે હું સાર્વજનિકની મૅનેજિંગ કમિટીમાં સભ્ય તરીકે લેવાયો... ૧૯૮૯ થી ૨૦-૧-૧૯૯૪ મહેતાસાહેબ પાસે મારા શિક્ષણના પાઠ રહી ગયા હોય એસ.ઇ.એસ.ના સંચાલનના પાઠ સાહેબ પાસે ખૂબ વિપુલ પ્રમાણમાં બારીકાઈથી શીખતો ગયો.

એટલે સુધી કે ૨૧-૧-૧૯૯૪ના દિવસે મને સોસાયટીના ઇતિહાસના સુવર્ણપૃષ્ઠ સમાન એસ.સી.ઇ.ટી. કૉલેજ શરૂ કરવા માટેના પ્રોજેક્ટનું કામ મહેતાસાહેબની સીધી દેખરેખ હેઠળ સોંપાયું, પણ ૯ દિવસના ટૂંકા નહિવત્ ગાળામાં આપણા તમામના રાહબર લાડીલા મહેતાસાહેબ આપણી વચ્ચેથી વિદાય લઈ ગયા.

અત્યંત કસમયે એક મેધાવી પુરુષની વસમી વિદાય મનોબળ તોડી ગઈ પરંતુ ફરી પાછી કોઈપણ સંજોગોમાં ફરજ નિભાવવાની એમની જ શીખથી આગળ વધ્યો.

મારા પિતા સાથેના નિકટના સંબંધો હોય કે મારા જેવા તે સમયના યુવાનોને મઠારવાના હોય કે મારા ૩ વર્ષના સંતાન સાથેનો તેમનો સ્નેહ હોય, અમારા માછલીપીઠના બંગલાના કંપાઉન્ડમાં મારા નાના બાળકને લેવા રિક્ષા આવે તો તેના જોડે લાડપ્યાર કરે અને ઘણી વખત ઊંચકીને રિક્ષામાં બેસાડે; આવી કંઈ કેટલીયે યાદો હવે યાદો જ રહી ગઈ અને મારા જેવા શિષ્યે આ યાદો એક કાગળ પર ટપકાવવી પડે એથી વધુ કારમું બીજું શું હોઈ શકે..

એક અત્યંત સેવાભાવી ખૂબ ખૂબ ઊંચી બુદ્ધિના માલિક અને તેટલા જ પ્રેમાળ મારા પિતાતુલ્ય મહેતાસાહેબને કોટિ કોટિ પ્રણામ...



પારિવારિક તસવીર : ૧૯૬૮ માતૃશ્રી કપિલાબેન, પત્ની લીલાવતી, પુત્ર - કશ્યપ અને પુત્રી - સ્વાતિ

## ૨૪

# અમારા કુંજકાકા

**ડૉ. કેતન શેલત**

બાળરોગ નિષ્ણાત કેતનભાઈ વ્યવસાયે તબીબ છે પરંતુ સુરતની પ્રખ્યાત જીવનભારતી શાળા સંકુલના કર્તાહર્તા છે. એમના માર્ગદર્શન હેઠળ સંસ્થાએ એક નવી ઊંચાઈ સર કરી છે. કેતનભાઈને બાળપણથી મહેતાસાહેબની નિશ્રા કૌટુંબિક સંબંધોને કારણે પ્રાપ્ત થઈ. આ લેખનું શીર્ષક જ આત્મીયતા દર્શાવે છે.

તે દિવસે ગજ્જર બંગલાના દાદર પર રડમસ ચહેરે ચઢતો હતો અને ત્યારે એક મૃદુ પણ સ્પષ્ટ અવાજે મને રોક્યો. "કેમ આમ રડતો આવે છે?" અને પછી રોકાયું નહીં. સાંજના શાળાએથી આવતા, એક બસના કન્ડક્ટરે કરેલા અપમાનની વાત મોઢામાંથી નીકળી ગઈ! અને માથા પર હાથ ફેરવતા ફેરવતા હુંફાળા અવાજે મને ઘેરી લીધો. "અરે એમાં રડવાનું શું? આમાં તો લડવાનું હોય!"

આ મારો, મિત્રવર્તુળ અને અધિકારીઓમાં કે.સી.ના હુલામણા નામથી પરિચિત, કુટુંબના વડીલ કુંજકાકા- શ્રી કે. સી. મહેતાસાહેબનો પ્રથમ સ્મૃતિ પરિચય. બંને કુટુંબો વચ્ચે જૂનો પરિચય એટલે જવાનું થાય, પરંતુ એ ઓળખાણ માત્ર વડીલ તરીકે જ, જે હવે વ્યક્તિગત પરિચયમાં પરિણમી રહી હતી અને પછી તો પેલી કન્ડક્ટરવાળી વાત વર્તમાનપત્ર સુધી પણ પહોંચી ગઈ.

મહેતાસાહેબ શિક્ષણ અને શિક્ષણાર્થીના માણસ. લાંબા સમય સુધી એઓ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી - ગુજરાતની એક આગવી શિક્ષણસંસ્થા સાથે સંકળાયેલા હતા. પહેલાં પ્રાધ્યાપક અને આચાર્ય અને ત્યારબાદ મંત્રી - વહીવટીકર્તા તરીકે. આટલી વિશાળ સંસ્થાના વહીવટને સાચવવાનો હોય ત્યારે જવાબદારીનો ભાર રહેતો જ હોય - પણ કુંજકાકાના વ્યક્તિત્વમાં, રોજબરોજના વર્તનમાં એ ક્યારેય ન દેખાય અને બાળકોની નાનામાં નાની વાત પણ ધ્યાનથી સાંભળે, પછી શાળા બદલવાની હોય કે વિષયના માર્ગદર્શન માટે શિક્ષકની ગોઠવણ કરવાની હોય, એ એટલા જ રસથી કહે જેટલા રસથી એ કૉલેજના વહીવટીની વાતો સોસાયટીના પદાધિકારીઓ સાથે કરતા હોય!

વહીવટની બાબતમાં અને વર્તનમાં સાહેબ સ્પષ્ટવક્તા અને નિખાલસ. જ્યાં વિદ્યાર્થી કે શિક્ષણના હિતમાં નિર્ણય લેવાના હોય ત્યારે મહેતાસાહેબ કોઈની શેહમાં આવે નહી. તોફાની વિદ્યાર્થીની છાપ ધરાવતા એક વિદ્યાર્થીને કૉલેજમાં પ્રવેશ આપવામાં વિરોધ થઈ રહ્યો હતો, ત્યારે વિદ્યાર્થીના હિતને ધ્યાનમાં રાખીને તમામ વિરોધને બાજુ પર રાખીને પોતાની કૉલેજમાં પ્રવેશ તો આપ્યો જ પણ યોગ્ય માર્ગદર્શનથી એના ભવિષ્યને યોગ્ય વળાંક પણ આપ્યો.

નવનિર્માણ આંદોલન ત્યારે ચરમસીમાએ હતું. વિદ્યાર્થી, મોરચાઓ, હડતાલ એ રોજની વાત હતી. આ વખતે મહેતાસાહેબ એમ. ટી. બી. કૉલેજના આચાર્ય પદે હતા - આવા જ એક સમયે વિદ્યાર્થીઓને પકડવા આવેલી પોલીસને અનેક દબાણો હોવા છતાં કૉલેજમાં ન જ પ્રવેશવા દીધી. તે જ રીતે સરકારી વલણના વિરોધમાં નીકળેલી વિદ્યાર્થી રેલીને શહેરમાં મૂકાયેલ ૧૪૪ની કલમનો ભંગ કરી નેતૃત્વ પૂરું પાડ્યું હતું. એમણે એક નીડર અને જાગૃત કટાર લેખક તરીકે પહેલા 'પ્રતાપ' દૈનિકમાં અને ત્યારબાદ 'ગુજરાતમિત્ર'માં વર્ષો સુધી કટાર લખી. એક કુશળ વહીવટીકાર હોવા સાથે તેઓ શિક્ષણના પરિપત્રો, યુનિવર્સિટીના ધારા, ઉપરાંત કાયદા અંગેની આંટીઘૂંટીથી પરિચિત. એથી જ આવા પરિપત્રોનું કોઈપણ અલગ અર્થઘટન કરી શિક્ષણક્ષેત્રે અહિત થાય એવી પરિસ્થિતિ ઊભી ન થવા દે અને આ સ્પષ્ટ લખાણ અને નીડર રજૂઆતને કારણે શહેરનાં જાહેર જીવન અને શિક્ષણ જગત પર તેમનો પ્રભાવ ઘણો અને એ પ્રભાવનો ઉપયોગ એમણે નીડરતાપૂર્વક સમાજને યોગ્ય માર્ગ બતાવવામાં કર્યો.

આશરે ૧૯૭૯માં શહેરમાં એક યજ્ઞ કરવાની તૈયારી થઈ હતી અને એના અનુસંધાનમાં રોજ વર્તમાનપત્રમાં એ અંગેના ખર્ચાઓની જે જાહેરાત થતી હતી તે વિગતો આવતી. વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા મહેતાસાહેબે પોતાની કટારમાં એનો વિરોધ કર્યો. શહેરમાં એક જાહેરસભા આ ખોટા ખર્ચાની સામે યોજાઈ અને જનમત તૈયાર કરાયો. આજે આ કટ્ટર ધાર્મિકતાના અસહિષ્ણુ વાતાવરણમાં કેટલા બુદ્ધિજીવીઓ જાહેરમાં એના કરતાં જુદું વલણ લઈ શકશે?

એમ કહેવાય છે કે ''સત્તા આગળ શાણપણ નકામું'' પરંતુ એમના શાણપણની સામે સત્તાએ પણ જોજનો દૂર રહેવાનું પસંદ કર્યું.

સામાન્ય રીતે લાંબો વખત સુધી વહીવટમાં રહેલી વ્યક્તિ વહીવટના દબાણમાં ભારેખમ થઈ જાય છે, મહેતાસાહેબ એમાંના નહીં. ઑફિસમાં કે ઑફિસની બહાર ચહેરા પરનું નિખાલસ હાસ્ય એમના વ્યક્તિત્વનું આગવું પાસું હતું. તે સમયના જાણીતા શિક્ષણશાસ્ત્રીશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહેતા કે ''ખંડમાં શ્રી કે. સી. મહેતાના આગમનથી વાતાવરણ જીવંત થઈ જાય છે!''

મારું તબીબી શિક્ષણ શરૂ થયું તે પછી વખતોવખત તબીબી જગતની વાતો,

તબીબોની વર્તણૂકની વગેરેની ચર્ચા થયા કરતી. ઘણી વખત આવી ચર્ચા ઉગ્ર બની જતી અને વાતાવરણ ભારે થઈ જતું. ત્યારે અચાનક એમનો બુલંદ અવાજ "અમારાં હજારો વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયાં!" વાતાવરણમાં ફરી વળતો અને બધું હલકું ફૂલ થઈ જતું!

વહીવટના ભારની આગળ વાત કહી તેમ, આવા ભાર વચ્ચે પણ એમની સંવેદના બુઠ્ઠી નહોતી થઈ. કેટલા સંચાલકો એવા હશે જે એમની સંસ્થાના તમામ કર્મચારીઓને નામથી જાણતા ન હોય, પણ શ્રી કે. સી. મહેતાસાહેબ તમામને નામથી ઓળખતા પણ હતા અને જેમને અંગત તકલીફો રહેતી તેમની એ તકલીફો દૂર કરવાના પ્રયાસ પણ કરતા રહેતા. ઠાલા શબ્દમાં સહાનુભૂતિ દર્શાવીને છૂટી પડવાની વાત નહીં - કર્મનિષ્ઠ ટેકો - એ એમની રીત રહી હતી. આ જ સંવેદનાએ એમને એક દિવસ સારવારના અભાવથી તાવમાં તરફડી રહેલા મજૂરના બાળકને જોઈને શિશુ સહાય ટ્રસ્ટની સ્થાપના કરવા પ્રેરણા આપી. આ ટ્રસ્ટના નેજા હેઠળ માત્ર તબીબ સારવાર જ નહીં પરંતુ આરોગ્ય વિષયક અને શિક્ષણ વિષયક જવાબદારી સંભાળવાનું શરૂ થયું. એ તમામની કાળજી લેવાની વ્યવસ્થા ઊભી કરાઈ સાથે સાથે ટ્રસ્ટના દવાખાનાની પણ શરૂઆત થઈ. રોજબરોજના વહીવટમાં પણ તેમના નિર્ણયો ક્યારેય નિયમો બતાવીને અટવાયા નહોતા. નિયમો વહીવટી સરળતા માટે છે; મુશ્કેલી વધારવા માટે નહીં જ! એ એમનો સિદ્ધાંત રહ્યો હતો.

મહેતાસાહેબનું વ્યક્તિત્વ બહુમુખી પ્રતિભા ધરાવતું હતું. દક્ષ વહીવટકાર, ઉત્તમ પ્રાધ્યાપક, નીડર સમાજ સેવક, સંનિષ્ઠ શિક્ષણવિદ્ તરીકે એમણે અનેક રીતે સમાજને સેવા પૂરી પાડી છે. વહીવટી આટીઘૂંટી, ભાષા, સાહિત્ય કે પછી તબીબી શિક્ષણ જેવી બાબતો પર એમની પકડ રહી હતી અને એ એમના અભિગમમાં, લખાણમાં કે પછી કાર્યમાં નજર આવતી. આવા પ્રખર વ્યક્તિત્વને શબ્દોમાં બાંધવા અશક્ય છે. - "strong but not rude, kind but not weak, bold but not bully, humble but not timid, proud but not arrogant" - એમને માટે આ શ્રેષ્ઠ શબ્દાંજલિ રહેશે.



શ્રીમતી હીરાબહેન પાઠક અને આચાર્ય જે. ટી. પરીખ સાથે- ચુનીલાલ ગાંધી વિદ્યાભવન

## ૨૫

# બહુમુખી પ્રતિભા ધરાવતું વ્યક્તિત્વ

**પ્રદીપ જયવદન મહેતા**

દક્ષિણ ગુજરાતના જાણીતા ધારાશાસ્ત્રી ૧૯૫૮માં મહેતાસાહેબના વિદ્યાર્થી અને અનેક સામાજિક સંસ્થાઓમાં સાથે કામ કર્યું. પ્રદીપભાઇ મહેતાસાહેબથી વયમાં ઘણા નાના પરંતુ બંને વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો.

સુરત શહેર અને દક્ષિણ ગુજરાતને શિક્ષણ અને સંસ્કારના ઉચ્ચસ્થાને પ્રસ્થાપિત કરનારા ગણ્યા ગાંઠ્યા સંસ્કારી વિદ્વાનોમાંનું એક નામ પ્રોફેસર કુંજવિહારી ચુનીલાલ મહેતા. શહેરની જૂની અને નામાંકિત શિક્ષણ સંસ્થા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સ્થાપિત અને સંચાલિત મગનલાલ ઠાકોરદાસ બાળમુકુંદદાસ આર્ટ્સ કૉલેજ જે એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના નામથી જાણીતી છે તે શૈક્ષણિક સંસ્થા સાથે ૧૯૪૬ના જૂન માસમાં શ્રી કુંજવિહારી મહેતા ગુજરાતીના પ્રોફેસર તરીકે જોડાયા અને વિવિધ વિષયોના વિદ્વાનો સાથે શિક્ષણ પ્રદાનની સેવા ચાલુ કરી. પ્રોફેસર કુંજવિહારી મહેતાને શિક્ષણ પ્રવૃત્તિ અને તે દ્વારા ભણેલો વર્ગ ઊભો થાય તેવી તેમની નેમ હતી. તેમને પોતાની ફરજરૂપે વિદ્યાર્થીઓને ઉચ્ચ અને આદર્શ શિક્ષણ આપવા ઉપરાંત સાર્વજનિક સોસાયટી દ્વારા શિક્ષણનો પ્રચાર ફેલાવવામાં પણ ખૂબ રસ હતો. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દક્ષિણ ગુજરાતની શિક્ષણ પ્રવૃત્તિ કરનારી મોટી અને અજોડ સંસ્થા બનાવવામાં તેમને રસ હતો. તેમણે સોસાયટીની શાળાઓ જે હયાત હતી તે ઉપરાંત નવી શાળાઓ સ્થાપવા માટેના પ્રયત્નોમાં જોડાઈ સંસ્થા અને શહેરમાં શિક્ષણ પ્રવૃત્તિના વ્યાપમાં મોટો ફાળો આપેલો. શિક્ષણ પ્રવૃત્તિમાં આધુનિકીકરણ માટે વિવિધ પ્રયોગોને તેમણે પ્રોત્સાહન આપેલું. આવા ઉચ્ચ હેતુથી શિક્ષણક્ષેત્ર

સાથે જોડાયેલા. શિસ્ત વિનાનું શિક્ષણ અર્થ વિનાનું માનતા. તેઓ વિદ્યાર્થીને હંમેશાં અભ્યાસ દરમિયાન શિસ્તનું પાલન કરવાનું સૂચન કરતા. તેઓ કહેતા કે શિસ્ત અભ્યાસનો પાયો છે અને તેના પાલનથી અભ્યાસ સરળ અને સંપૂર્ણ બને છે. તેઓ મુખ્યત્વે ગુજરાતી વિષયના પ્રોફેસર હતા. ૧૯૫૮ની સાલમાં ઇન્ટર આર્ટ્સમાં તેઓ શ્રી નવલરામ ત્રિપાઠી રચિત સરસ્વતીચંદ્ર અંગે વ્યાખ્યાન આપતા. પુસ્તકના સુખદ અને દુઃખદ પ્રસંગો વ્યાખ્યાનથી તાદશ્ય કરવા ઉપરાંત લખાયેલા પુસ્તક સમયની સામાજિક પરિસ્થિતિ, રૂઢિ રિવાજોનું સુંદર રીતે વર્ણન કરતા. તેઓ ગુજરાતીના પ્રોફેસર હોવા ઉપરાંત અંગ્રેજી ભાષા પર અને સાહિત્ય પર પણ ખૂબ પ્રભુત્વ ધરાવતા. તેઓ કોઈ વાર અંગ્રેજી વિષયના પ્રોફેસરની બદલીમાં આવતા ત્યારે તેમની અંગ્રેજી ભાષા બાબતની ક્ષમતા અંગે ખ્યાલ આવતો. વિદ્યાર્થીઓને અભ્યાસ બાબત મુશ્કેલી હોય તો તેમને નિઃસંકોચ મળી શકતા. વિદ્યાર્થીઓને વાંચતા કરવા અને લખીને વિચારો વ્યક્ત કરવા પ્રોત્સાહિત કરતા. તેઓ કહેતા કે લખવાથી વિચારોનો વ્યાપ વધે છે. પ્રોફેસર તરીકે તેઓ કે. સી. તરીકે જાણીતા હતાં. શ્રી કુંજવિહારી મહેતા ઘણો સમય પ્રિન્સિપાલ રહ્યા. તે દરમિયાન કૉલેજના વહીવટી તંત્રમાં અસરકારક સુધારા કર્યા, અભ્યાસક્રમમાં ફેરફાર કર્યા અને સોસાયટીના વહીવટીતંત્રની સંમતિ મેળવી કૉલેજના બિલ્ડિંગોની કાયા પલટ કરી. તેઓ હંમેશાં કહેતા કે એમ. ટી. બી. કૉલેજના બિલ્ડિંગો ખૂબ સુંદર અને પ્રભાવશાળી છે અને વિદેશી વિદ્યાલયોની બરોબરી કરી શકે છે. કૉલેજની રમત પ્રવૃત્તિને પણ પ્રોત્સાહન આપતા અને તે અંગે સૂચનો માટે કમિટીની રચના પણ કરેલી. તેઓ સંસ્થાના પ્રિન્સિપાલ તરીકે પ્રોફેસરની સફળ કારકિર્દી બાદ નિવૃત્ત થયેલા. તેમના કૉલેજના ચાલુ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમનું સન્માન કરેલું. તેઓ પ્રોફેસર તરીકે ફરજમાંથી નિવૃત્ત થયેલા પરંતુ તેમનો અનુભવ અને શિક્ષણ પ્રવૃત્તિ પ્રત્યે લગાવ પારખીને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારોએ સંસ્થાના સેક્રેટરી તરીકે નિમણૂક કરેલી અને કૉલેજના કેમ્પસમાં આવેલા ચુનીલાલ વિદ્યાભવનમાં એમની અલગ ઑફિસ આપેલી. તેઓ સાર્વજનિક સોસાયટીની તમામ શાળાઓ અને મહાવિદ્યાલયોનો વહીવટ અને સંચાલન કરતા. તેમના શિક્ષણક્ષેત્રનો બહોળો અનુભવ અને માર્ગદર્શનને કારણે શાળાઓ અને મહાવિદ્યાલયોનું શિક્ષણ તથા વહીવટી તંત્રનું સ્તર સુધરેલું. તેઓ વિવિધ શાળાઓ અને કૉલેજના સૂચનો આવકારતા અને સોસાયટીના વહીવટીતંત્રને મોકલી યોગ્ય નિર્ણય લેવડાવતા. તેઓ પોતે પણ જરૂર પડે મુલાકાત લેતા અને માર્ગદર્શન આપતા. તેઓ પોતાની ફરજ પ્રત્યે અને સોસાયટીના સંવર્ધન પ્રત્યે સજાગ રહેતા. હું ઘણા સમય સુધી એમના સંપર્કમાં હતો.

શ્રી કુંજવિહારી મહેતાના જીવનનું અન્ય પાસું સમાજ સેવા અને સમાજના આદર્શ ઘડતરનું હતું. તેઓ માનતા માનવી સુધરે તો સમાજ સુધરે અને સમાજ સુધરે તો દેશનું ભવિષ્ય સુધરે. તેઓ પોતે વિચારશીલ વ્યક્તિ હતા. પોતાના અનુભવ અને આદર્શોને પોતાના લેખો દ્વારા સમાજ સમક્ષ રજૂ કરતા રહેતા. અખબારોના માધ્યમથી તથા વિવિધ સમારંભોના માધ્યમથી તેઓ પોતાના વિચારો રજૂ કરતા અને સારા લાગે તો અનુકરણનો આગ્રહ રાખતા. શ્રી કુંજવિહારી મહેતાની 'ગુજરાતમિત્ર'ના અખબારમાં છપાતી 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'ની કટાર સમાજના ઘડતર માટે દિશાસૂચક દીવાદાંડી સમાન હતી. જેમાં શિક્ષણ અને સમાજના પ્રશ્નો અને તેની તલસ્પર્શી ચર્ચા તેઓ કરતા. આમાં રજૂ થતા વિચારો તેમના મૌલિક રહેતા. આવા વિચારો રજૂ કરવામાં અપમાનિત, તોછડા કે કોઈ સંસ્થા કે વ્યક્તિની ટીકા કરી લખાણોને અસરકારક બનાવવાનો તેઓ કદી પ્રયત્ન કરતા નહીં. આ કટાર અતિ લોકપ્રિય થયેલી. તેઓ સમાજનું સંપૂર્ણ શુદ્ધીકરણ શક્ય એટલું થાય અને આદર્શ સમાજનું ઘડતર થાય તે માટે લખાણોમાં સૂચનો કરતા. તેઓ વ્યક્તિગત રીતે અને પોતાના લખાણો દ્વારા રાજકારણના વિવાદથી દૂર રહેતા. જો કે તેમને કોઈ પણ પ્રકારનો વિવાદ પસંદ હતો નહીં. શ્રી કુંજવિહારી મહેતાને સુરતની વિવિધ સંસ્થાઓ સમારોહમાં પ્રમુખપદ શોભાવવા અને પોતાનું વક્તવ્ય રજૂ કરવા આમંત્રિત કરતી અને તેઓ પ્રસંગને સફળ બનાવતા. કવિ સંમેલનો અને સામાજિક સંમેલનો તેમની હાજરીથી શોભતાં.

શ્રી કુંજવિહારી મહેતાએ સુરતની પ્રજાને શિક્ષણક્ષેત્રે અજોડ સેવાનું પ્રદાન કરેલું. નવી પેઢીને શિક્ષણ ઉપરાંત વાંચતી અને વિચારતી કરી પ્રોફેસરશ્રી કુંજવિહારી મહેતા પ્રખર શિક્ષણશાસ્ત્રી ઉપરાંત સમાજ સુધારક, મૌલિક વિચારક, સારા વક્તા, પત્રકાર હતા. એક વાર એમ. ટી. બી. કૉલેજના વાર્ષિક સમારોહમાં પ્રોફેસર સાક્ષર શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ મંચ પરથી કહેલું કે આપણી કૉલેજને કુંજવિહારી મહેતા જેવા વિદ્વાન પ્રોફેસર મળ્યા છે. આનાથી વધુ શું હોઈ શકે? શિક્ષણક્ષેત્રે તેમનું નામ હંમેશાં જોડાયેલું રહેશે.

"આદર્શ શિક્ષક તેમ જ આદર્શ વ્યક્તિત્વને નમન"



લગ્ન ટાણેની તસવીર - ૨૭ નવે. ૧૯૫૦

## ૨૬

# જેનું સ્મરણ પણ ગુણવર્ધન

**મહેશભાઈ ટી. નાયક**

શ્રી મહેશભાઈ નાયક - એમ. ટી. બી. કોલેજમાં કુંજવિહારી મહેતાના વિદ્યાર્થી રહી ચુક્યા છે. મૂળ નવસારીના શ્રી મહેશભાઈ નાયક અને કુંજવિહારી મહેતા હમવતની છે. ગુરુ પ્રત્યે સ્નેહભાવ અહીં એમણે વ્યક્ત કર્યો છે. નવસારી શાળાના અંગ્રેજી, ગુજરાતી વિષયના શિક્ષક અને આચાર્ય રહી ચુક્યા છે. એઓશ્રી 'ચર્ચાપત્રીના ચોતરેથી' પુસ્તકના લેખક છે.

સ્વ. કુંજવિહારી મહેતા અવિસ્મરણીય પ્રોફેસર, આચાર્ય, શિક્ષણશાસ્ત્રી, કુશળ વહીવટકર્તા અને સમાજ પથદર્શક તરીકે પ્રખ્યાત હતા. એમણે શિક્ષણની સાથે સંસ્કાર સિંચનની ખેવના રાખી એ અંગે અવાજ ઉઠાવતા રહ્યા અને સમાજને પરિવર્તિત કરવાનું કામ પણ કર્યું. સમાજનું સુંદર ઘડતર થાય એ માટે તેઓ હંમેશા સજાગ રહ્યા હતા. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવનાર વ્યક્તિ હતા. સાહિત્યના દરેક ક્ષેત્રમાં બહુમૂલ્ય યોગદાન આપનાર નિસબતવાળા સાહિત્યકાર રહ્યા હતા. ક્રિકેટની ભાષામાં એમને ઑલરાઉન્ડર કહી શકીએ. એમના વિદ્યાર્થીઓમાં જ નહીં પણ સમાજ આખાના શિક્ષણ, સંસ્કાર સિંચન, જીવન ઘડતરનું કાર્ય એમણે કર્યું. સત્યને વળગી રહેનારા તેથી કડવું પણ હિતકર કોઈને પણ કહી શકે. પડતાને ટેકો આપી બેઠો કરવામાં માનનારા હતા. એમણે ઘણાને માર્ગદર્શન આપીને, પ્રેરણા આપીને તથા આર્થિક રીતે પણ મદદ કરી હતી.

હું એમનો વિદ્યાર્થી, ૧૯૬૫ થી ૧૯૬૯ દરમિયાન હું એમ. ટી. બી. કૉલેજમાં અભ્યાસ કરતો હતો. તેઓ "કલાપીનો કેકારવ" અને "યુગવંદના" કાવ્યસંગ્રહ અમને શીખવતા. ખૂબ જ રસ પડે તે રીતે શીખવતા. એમનો તાસ કોઈ છોડતું જ નહીં. એક વખત હું એમને મળવા નવસારી પંડ્યા ખડકીમાં આવ્યો હતો. તેમણે મને આવકાર્યો હતો. એમના ઘરે, પ્રાધ્યાપક આચાર્યને નહીં પણ એક સદ્‌ગૃહસ્થને મળ્યાનો આનંદ થયો હતો. મારા કૉલેજકાળ દરમિયાન આચાર્ય તરીકે શ્રી જે. ટી. પરીખ સાહેબ હતા, અંગ્રેજી વિષય માટે ડૉ. આર. આઇ. પટેલ સાહેબ, રમેશભાઈ ઓઝા સાહેબ અને પ્રો. નવલકર મૅડમ હતા, પણ મહેતાસાહેબના પ્રિયપાત્ર બનવા બધાંને ગમતું.

સ્વ. કુંજવિહારી મહેતાસાહેબની સ્મૃતિ સુરત અને નવસારીમાં કાયમને માટે જળવાય તે માટે સમાટે સમાજે કંઈક કરવું જોઈએ. કવિઓ, લેખકો, શિક્ષકવિદ્ સૌ કોઈએ એમની સ્મૃતિમાં કંઈક કરવું જોઈએ જેથી એમનું ન માત્ર ઋણ ચૂકવી શકાય, પણ શિક્ષણ - સંસ્કાર બાબતે અધોગતિ કરતા સમાજ માટે આ નિમિત્તે હિતકર પ્રવૃત્તિ શરૂ થઈ શકે.

એમના પુત્ર કશ્યપ અને પુત્રી સ્વાતિ પણ પિતાના પગલે ચાલી એમનાં અધૂરાં રહેલાં કાર્યો, ખાસ કરીને એમનું અપ્રગટ સાહિત્ય પ્રકાશિત કરી રહ્યાં છે. એ માટે પ્રભુ એમને શક્તિ અર્પે.


બહેન ઉષાદેવી ચોકસી સાથે ૧૯૮૩

## ૨૭

# સ્વસ્થ અને શાંત શ્રોતા

**સૂર્યકાંત શાહ**

નિવૃત્ત પ્રાધ્યાપક અને દક્ષિણ ગુજરાત પ્રાધ્યાપક સંઘના પ્રમુખ. સત્યશોધક સભાના કર્તાહર્તા. આમ તો મહેતાસાહેબ સાથે વિવિધ મુદ્દા પર મતભેદ થતા પરંતુ મનભેદ નહિ. સૂર્યકાંતભાઈ આ લેખમાં મહેતાસાહેબના એક નવીન પાસાનો એમણે પરિચય આપ્યો છે.

મુ. કુંજવિહારી મહેતા સાઉથ ગુજરાત કૉલેજ ઍન્ડ યુનિવર્સિટી ટીચર્સ ઍસોસિએશનના બીજા પ્રમુખ હતા. પહેલા પ્રમુખ ડૉ. આર. આઈ. પટેલ હતા. આમ એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક સંગઠનનું પારણું બંધાયું હતું. આ કૉલેજ અને તેના સંચાલક મંડળ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની ઉદારમતવાદી નીતિને કારણે એ શક્ય બન્યું હતું. જે સમયે અધ્યાપકોને એક દિવસથી એક મહિના સુધીની નોટિસ આપીને છૂટા કરવામાં આવતા હતા ત્યારે મહેતાસાહેબ પ્રમુખ બન્યા હતા. મહેતાસાહેબ 'ગુજરાતમિત્ર'માં 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'ની કટાર લખતા હતા. મને બરાબર યાદ છે કે એમણે એક લેખમાં 'બિવૅર ઑફ ફીફ્ટીન્થ જૂન'માં જણાવ્યું હતું કે 'વૅકેશન શરૂ થાય ત્યારે ગુજરાતમાં સંખ્યાબંધ અધ્યાપકોને જણાવવામાં આવે છે કે ઊઘડતી કૉલેજ એટલે

કે પંદરમી જૂને તમારી સેવાની જરૂર નથી. આ મહિનાનો બાકી પગાર આવતી પહેલીએ લઈ લેજો' આ લેખમાં મહેતાસાહેબે અધ્યાપકોની નોકરીની અસલામતી સામે પ્રકોપ પ્રગટ કર્યો હતો. આ અને આવા અન્ય લેખો તેમ જ રૂબરૂ મુલાકાતો દ્વારા મને સમજાયું હતું કે મહેતાસાહેબને સૌથી વધારે અધ્યાપકોની નોકરીની અસલામતી ચિંતિત કરતી હતી. અધ્યાપક મંડળ દ્વારા એમણે આ બાબતને અગ્રિમતા આપી હતી.

હું એમનો અનુગામી :-

મહેતાસાહેબે અધ્યાપક મંડળની નવરચના પ્રસંગે ઍસોસિએશનના પ્રમુખ તરીકે અનિચ્છા દર્શાવતા હું પ્રમુખ બન્યો. બીજી બાજુ, મહેતાસાહેબ એમ. ટી. બી.ના આચાર્ય અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રી તરીકે સેવા આપતા હતા. સોસાયટી હસ્તકની એકાધિક કૉલેજોમાં અધ્યાપકોની નોકરી અંગેના એક યા બીજા સવાલો પેદા થતા હતા. મહેતાસાહેબે પ્રણાલિકા પાડી હતી કે કોઈ પણ સમસ્યા પેદા થાય તો સંબંધિત પક્ષકારોને પહેલાં મળવાનું રાખવું. આપણા દૃષ્ટિબિંદુની રજૂઆત કરવી. કોઈ ને કોઈ સમાધાન પર આવવું. મેં પણ આ જ પ્રણાલિકા યથાવત્ રાખી હતી. આથી અધ્યાપકોની સમસ્યાના ઉકેલ માટે મારે એમને મળવા સોસાયટીના કાર્યાલયમાં જવાનું થયું હતું. એમ. ટી. બી.ના વિદ્યાર્થીપ્રિય અને પૂરાં વ્યાખ્યાનો લેતા, લેખો લખતા અને સભાઓ ગજવતા મહેતાસાહેબ ખૂબ 'બોલકા' લાગતા હતા, પરંતુ અમે રજૂઆત કરવા જઈએ ત્યારે અમારા દૃષ્ટિબિંદુને સમજવા માટે તેઓ એક શાંત અને સ્વસ્થ શ્રોતા બની જતા હતા! અમારી વાત સાથે તેઓ સંમત છે કે અસંમત તે એમની મોટી મોટી ગોળ ગોળ આંખોમાં ફરતી કીકીથી સમજી શકતા હતા, પણ મહેતાસાહેબ જેનું નામ, અમે રજૂઆત કરીએ ત્યારે તો તેઓશ્રી એમની જમરૂખ જેવી દાઢીને એમના હાથથી ટેકો આપીને સાંભળવાનું જ રાખતા હતા. અમારી રજૂઆતોનો સ્ટૉક જ્યારે ખલાસ થઈ જતો ત્યારે તેઓશ્રી અમને અમારી રજૂઆતમાંના તર્કદોષ, હકીકતદોષ અને કાયદા - નિયમોની મર્યાદા દર્શાવતા. આ અમે સાંભળતા ત્યારે અમને લાગતું કે અમારી રજૂઆત નિષ્ફળ ગઈ. આથી હું જરા ઉશ્કેરાતો. તે પ્રસંગે પણ તેઓ શાંત અને સ્વસ્થ રહેતા. મારા ઉશ્કેરાટનો સ્ટૉક પણ જ્યારે ખલાસ થતો ત્યારે તેઓ જણાવતા કે અમારી બાબતમાં શું થઈ શકે તે તેઓ જોશે. તે સમયે અમને એ ખોખલું આશ્વાસન લાગતું. પંદરેક દિવસ બાદ અમને તેઓ જણાવતા હતા કે અમારી માંગણી સોસાયટીમાં સંપૂર્ણ અથવા મોટાભાગની સ્વીકારાઈ છે. અમે આભાર માનવા જતા તો તેઓ એ જ મોટી આંખ જરા ઝીણી કરીને અને નિખાલસ સ્મિત આપીને અમને વિદાય કરતા. તે પ્રસંગે અમને સમજાતું કે તેઓશ્રી કેમ ખૂબ શાંત રહીને સાંભળતા હતા. એમના

આ અભિગમને કારણે સોસાયટીનો કોઈપણ કર્મચારી અને સંગઠન નિર્ભયતાપૂર્વક રજૂઆત કરી શકતા. એનું એક સારું પરિણામ આવ્યું કે મોટાભાગના પ્રશ્નો વધુ વિકરાળ થાય તે પહેલાં ઉકેલાઈ જતા. સોસાયટીની વિવિધ સંસ્થાઓમાં એકંદરે નિખાલસતાભર્યું વાતાવરણ રહેતું. મને બરાબર યાદ છે કે એમના નિધન પરત્વે શોક વ્યક્ત કરવા માટેની સભા એમ. ટી. બી.ના પ્રતિષ્ઠાનમાં મળી ત્યારે ખૂબ ગૌરવપૂર્વક જાહેર કરવામાં આવ્યું હતું કે અનેક શાળા - મહાશાળાનું સંચાલન કરતી અને સેંકડો કર્મચારીઓ પાસેથી કામ લેતી સોસાયટીનો કર્મચારીઓ સાથેનો એક પણ ઝઘડો જ્યૂડિશિયલ ટ્રિબ્યૂનલમાં ગયો નહોતો! મહેતાસાહેબને આનાથી વધારે સારી કઈ અંજલિ હોઈ શકે! મારા સ્વાનુભાવે હું કરી શકું કે આ એટલા માટે શક્ય બનેલું કે તેઓ એક બોલકા વ્યાખ્યાતા - લેખક હોવા ઉપરાંત એક શાંત અને સ્વસ્થ શ્રોતા હતા.



દાદા-દાદીનો લાડકો પુત્ર હર્ષ સાથે

૨૮

# સત્યના સાક્ષી - માણસ પારખુ મહેતાસાહેબ

**પ્રો. એસ. એ. રાવલ**

રમત ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરનું નામ એટલે રાવલ સાહેબ. નેશનલ બેડ્મિંટન ટીમના મેનેજર તરીકે અનેકવાર એમણે સેવા આપી છે. ઉપરાંત રાષ્ટ્રીય અને રાજ્યની અનેક સમિતિઓમાં એમણે પાયાની ભૂમિકા નિભાવી છે. મૂળ વતન મહેસાણા પરંતુ સુરતમાં કે. પી. કોમર્સ કોલેજમાં સ્પોર્ટ્સ પ્રાધ્યાપક તરીકે જોડાયા અને મહેતાસાહેબ સાથેનો પરિચય અંગત અને સ્નેહપૂર્ણ મિત્રતામાં પરિણમ્યો. સ્વભાવે મૃદુ અને અત્યંત સેવાભાવી રાવલ સાહેબ મહેતાસાહેબના નજીકની વ્યક્તિ ગણાતા.

હું એમ. ટી. બી. કૉલેજનો વિદ્યાર્થી ન હતો કે ન તો મેં એમ. ટી. બી. કૉલેજમાં નોકરી કરી છે. એટલે મહેતાસાહેબ સાથે મારો પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ સંબંધ ન હતો. મારા જીવનમાં ૧૯૬૭માં જે ઘટના બની ત્યાં સુધી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીમાં કુંજવિહારી મહેતા કોણ છે તેની પણ મને જાણ ન હતી. હા, હું પાટણ કૉલેજમાંથી હૉકી, ખોખો, કબડ્ડી, વૉલિબૉલ અને ખેલકૂદ(એથ્લેટિક્સ)ની રમતોમાં ભાગ લેતો હતો. એટલે સુરતની એમ. ટી. બી. કૉલેજ સામે રમવા વર્ષમાં બે થી ત્રણ વખત આવવાનું થતું. તે રીતે એમ. ટી. બી. કૉલેજને પાટણ રમવા આવવાનું થતું. ૧૯૬૦ થી ૧૯૬૪ના ચાર વર્ષના સમયગાળામાં એમ. ટી. બી. કૉલેજના શારીરિક શિક્ષણ વિભાગનાં અધ્યાપિકા કુ. તારાબહેન પ્રેસવાલા, શ્રી જે. ડી. સોલ સાહેબ, શ્રી સી. એમ. ભાલાવાળા સાહેબ વગેરેને ઓળખતો હતો.

૧૯૬૬માં નવી સ્થપાયેલી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ૧૯૬૭ થી આંતર્ કૉલેજ સ્પર્ધાઓની શરૂઆત દ. ગુ. યુનિ.ના નેજા હેઠળ શરૂ થઈ હતી. દ. ગુ. યુનિ.માં બોર્ડ ઑફ સ્પૉર્ટ્સની રચના થતાં તેના પ્રથમ અધ્યક્ષ એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના આચાર્ય શ્રી જે. ટી. પરીખ સાહેબની નિમણૂક કરવામાં આવી હતી. ૧૯૬૭માં જોગાજોગ સાર્વજનિક સોસાયટીની જ બે કૉલેજ સર પી. ટી. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ અને સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ ભાઈઓની બાસ્કેટબૉલની રમતમાં ફાઈનલમાં આવી. આ ફાઈનલ મૅચનું આયોજન સર

પી. ટી. સાયન્સ કૉલેજે કરવાનું હતું. યુનિવર્સિટીના નિયમો મુજબ બાસ્કેટબૉલના ઍસોસિએશન દ્વારા પંચકાર્યની પરીક્ષા પાસ કરેલા જ પંચોની નિમણૂક કરવાની હતી. આ ફાઈનલની મૅચ માટે ભગિની કૉલેજે પરીક્ષા પાસ કરેલા પંચોની નિમણૂક કરી ન હતી. તેમાંના એક તે કૉલેજના એક સિનિયર પ્રોફેસરના સગા હતા. મેં આ બંને પંચોએ પંચનું કામ કરવાની પરીક્ષા પાસ કરેલ નથી માટે ધ્યાન દોર્યું અને વાંધો લીધો. સંચાલકોએ મારા વાંધાની નોંધ લીધા સિવાય અને મને ન્યાય આપવાની પરવા કર્યા વગર મૅચ શરૂ કરાવી દીધી. મારી કલ્પના અને મારી ધારણા પ્રમાણે એક પંચે એકપક્ષી નિર્ણયો આપવાનું શરૂ કરી દીધું અને સર કે. પી. કૉલેજના ખેલાડીઓને ખોટા ફાઉલ્સ આપવાનું શરૂ કરી દીધું. મેં ખેલાડીઓએ અને મારી કૉલેજના પ્રોફેસર ઈન્ચાર્જ પ્રો. એસ. સી. પટેલે આ નિર્ણયો સાથે વાંધો ઉઠાવ્યો. કે. પી. કૉલેજની ટીમ પી. ટી. સાયન્સ કૉલેજની ટીમ કરતાં ખૂબ ચડિયાતી હતી. આખરે અમારો વિજય થયો. પરંતુ આ વિજય પચાવી ન શકતાં મેં ખૂબ અશિસ્ત કરી છે. ખૂબ બેહૂદું વર્તન કર્યું છે તેવાં કારણો ઊભાં કરી તે કૉલેજનાં ચાર પાંચ પ્રોફેસરોએ મારી વિરુદ્ધ બોર્ડ ઑફ સ્પૉર્ટ્સમાં મારી સામે સખત પગલાં લેવાની ફરિયાદ કરી અને બોર્ડને એવી રજૂઆત કરી કે બોર્ડ સોસાયટીને ભલામણ કરે કે રાવલને કાયમી ન કરે અને તેની સામે સખત પગલાં ભરે. પી. ટી. સાયન્સ કૉલેજના આચાર્યશ્રીના ખૂબ દબાણથી બોર્ડના અધ્યક્ષ શ્રી જી. ટી. પરીખ સાહેબ સખત સજાની કાર્યવાહી કરવા માંગતા હતા. મારી કૉલેજના આચાર્યશ્રી પણ ખૂબ લાંબો પત્ર લખીને મારી સામે સખત કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું હતું અને જેમની સાથે મારે વાગ્યુદ્ધ થયું હતું તેમની લેખિત માફી માંગે તેવું ફરિયાદમાં લખ્યું હતું.

એમ. ટી. બી. કૉલેજનાં શારીરિક શિક્ષણનાં પ્રાધ્યાપિકા કુ. તારાબહેન પ્રેસવાલા મને એક ખેલાડી તરીકે ઓળખતા હતા. બાસ્કેટબૉલ મૅચની આખી ઘટના બની ત્યારે તેઓ ત્યાં હાજર હતાં. તેથી તેમણે આખી ઘટનાની વિગતવાર માહિતી માનનીય શ્રી મહેતાસાહેબને આપી અને તેમને જણાવ્યું કે આ છોકરાનો (રાવલનો) કોઈ વાંક નથી. કે. પી. કૉલેજે રમત ક્ષેત્રે જે એક બે વર્ષમાં પ્રગતિ કરી છે તેથી આ છોકરાની બધાને અદેખાઈ છે અને બધાને આંખમાં કણાની માફક ખૂંચે છે. આ છોકરાને પરેશાન કરવાના અને હતાશ કરવાનું આ માત્ર કાવતરું છે. તમારે (મહેતાસાહેબ) શ્રી જે. ટી. પરીખ સાહેબને આ બધું સમજાવવું જોઈએ તેવી મારી વિનંતી છે. આ વાત જાણ્યા પછી મહેતાસાહેબે મને મળવા બોલાવ્યો. હું કુ. તારાબહેન સાથે તેમને મળ્યો અને બનેલી હકીકત મેં તેઓશ્રીને જણાવી કે સાયન્સ કૉલેજમાં નિયમ પ્રમાણેની લાયકાત ધરાવતા અમ્પાયર્સની નિમણૂક કરાઈ ન હતી. એક અમ્પાયરે પક્ષપાતી નિર્ણયો આપ્યા હતા. મને કુ. તારાબહેન

મારફત જે જાણવા મળેલું તે પ્રમાણે શ્રી મહેતાસાહેબે શ્રી જે. ટી. પરીખ સાહેબને સાચી ઘટના સમજાવી અને મારી સામે કોઈ જ કાર્યવાહી ન કરવા જણાવ્યું અને એમ પણ કહેલું કે તમો (જે. ટી. પરીખ) તેમ છતાં કોઈના દબાણમાં આવી આ છોકરા સામે કોઈ કાર્યવાહી કરશો તો હું તેના પક્ષે રહીશ અને સોસાયટી તેની સામે કોઈ પગલાં લેશે નહીં અને તેમાં તમારું સારું ન દેખાશે.

મને આ વાત જાણવા મળી એટલે એક દિવસ કુ. તારાબહેન સાથે મહેતાસાહેબને મળવા ગયો હતો અને તેમનો આભાર માનતાં મારી આંખમાં આંસુ આવી ગયાં હતાં. તેમણે મારી પીઠ થાબડી મને કહ્યું કે મને તારા માટે ગૌરવ છે. ગમે તે પરિણામ આવે અન્યાય સામે લડવું અને કોઈ ખોટા લોકોને તાબે થવું નહીં. મારા આચાર્ય શ્રી એ. આર. દેસાઈના મારા પર ચાર હાથ હતા જ. તે દિવસ પછી મારી નૈતિક હિંમતમાં આસમાનને આંબે એવો વધારો થયો. આવા હતા પરોપકારી અને સત્યની સાથે રહેનારા મહેતાસાહેબ.

મારા જીવનમાં બીજી પણ એક ઘટના બની. ૧૯૬૬ થી ૧૯૬૮ બે વર્ષના ગાળામાં સર કે. પી. કૉલેજે રમત ગમત ક્ષેત્રે સફળતાના ઊંચા શિખરો સર કર્યાં હતાં. મારી કૉલેજના આચાર્ય લાયન હાર્ટેડ શ્રી એ. આર. દેસાઈએ ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કપ્તાન અને જેઓ ક્રિકેટ જગતમાં ''ડાર્લિંગ ઑફ ધ ક્રાઉડ''ના હુલામણા નામથી જાણીતા હતા તે શ્રી વિજય મર્ચન્ટ સાહેબને સ્પૉર્ટ્સના વાર્ષિક ઇનામ વિતરણમાં મુખ્ય મહેમાન તરીકે બોલાવ્યા હતા. એ ફંકશન એટલું ભવ્ય હતું કે સર પી. ટી. સાયન્સ કૉલેજના ઑડિટોરિયમમાં રાખવામાં આવ્યું હતું. આ ફંક્શનમાં શહેરની મોટા ભાગની નામાંકિત વ્યક્તિઓ હાજર રહી હતી. મા. શ્રી મહેતાસાહેબ પણ ખાસ હાજર રહ્યા હતા. આ ફંક્શનમાં રમત - ગમતનાં સર્વ ખેલાડી ભાઈઓ અને બહેનોએ એક ખાસ બ્લેઝર બનાવ્યો હતો અને આ ભવ્ય ફંકશનમાં ખીચોખીચ ભરેલા ઑડિટોરિયમમાં મુ. શ્રી વિજય મર્ચન્ટ સાહેબના હસ્તે મને બ્લેઝર પહેરાવ્યો હતો. શ્રી મહેતાસાહેબે મારી વિદ્યાર્થીઓમાં પ્રિયતાની ખાસ નોંધ લઈ પટાવાળાને મોકલી મને મળવા બોલાવ્યો હતો.

મહેતાસાહેબે મને ખૂબ બિરદાવ્યો અને કહ્યું કે લોકોમાં તમારા માટે અદ્‌ભૂત ચાહના મને દેખાય છે. લોકો તમને આદર કરે છે તે લોકો પાસેથી સમાજને પણ કંઈક અપાવવાનો પ્રયત્ન કરો તમને તેમાં સફળતા મળશે. આ સલાહ અને પ્રેરણાએ મારામાં અખૂટ વિશ્વાસ પેદા કર્યો. મહેતાસાહેબે એક દિવસ એમ. ટી. બી. કૉલેજની જૂની બૉય્ઝ હોસ્ટેલ પાસે એક નાના રૂમમાં ચાલતું 'શિશુ સહાય' નામનું દવાખાનું બતાવ્યું. મને વિચાર આવ્યો કે આ કામમાં મહેતાસાહેબને મદદ કરવાની જરૂર છે. બનાસકાંઠા જિલ્લાના હીરાના બહુ મોટા ઉદ્યોગપતિ

શ્રી જિતુભાઈ બાબુલાલ શાહ સાથે મને ખૂબ સારા અંગત સંબંધ હતા. મેં શ્રી મહેતાસાહેબ સાથે તેમની જ ઑફિસમાં પરિચય કરાવ્યો અને 'શિશુ સહાય ટ્રસ્ટ' શું છે તે સમજાવ્યું અને શ્રી જિતુભાઈના કુટુંબે આદર્શ સોસાયટીમાં ગોકુલમ્ ડેરીની સામે આવેલા કૉમર્શિયલ કૉમ્પ્લેક્સમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ વિશાળ દુકાન 'શિશુ સહાય ટ્રસ્ટ'ને દવાખાના માટે ભેટ આપી જે આજે પણ 'શ્રી બાબુલાલ પૂનમચંદ શાહ શિશુ સહાય ટ્રસ્ટ દવાખાનું' નામે દવાખાનું ચાલે છે.

શિશુ સહાય ટ્રસ્ટને શ્રી છોટુભાઈ પીઠાવાળા ટ્રસ્ટે એક મારુતિ વાન ઍમ્બ્યૂલન્સ કામ માટે ભેટ આપી હતી પરંતુ આર. ટી. ઓ. અધિકારી આ વાનને ઍમ્બ્યૂલન્સના કામ માટે ઉપયોગમાં લેવાની મંજૂરી આપતા ન હતા. તેમાં જરૂરી સુવિધાઓ ઊભી કરવાનું બહાનું બતાવી મંજૂરી આપતા ન હતા. મહેતાસાહેબે મને બોલાવ્યો કે તમને આર. ટી. ઓ.માં કોઈ ઑફિસર ઓળખે છે ખરા? આપણે આ વાનને ઍમ્બ્યૂલન્સના કામ માટે વાપરી શકીએ તેવી મંજૂરી જોઈએ છે. તે જ વખતે આર. ટી. ઓ. ચીફ ઑફિસર તરીકે શ્રી હેમેન્દ્ર જાની સાહેબ સુરતમાં હતા. મારા તેમની સાથે સારા સંબંધ હતા. મેં તેમને વાત કરી. તેમણે અમને મળવા બોલાવ્યા. તેમની ઑફિસ જૂના આર. ટી. ઓ. બિલ્ડિંગમાં ત્રીજા માળે હતી. મેં તેમને ફોન કર્યો કે હું શ્રી મહેતાસાહેબ સાથે બિલ્ડિંગમાં ઊભો છું. તેમણે કહ્યું, 'લિફ્ટ નથી' તમે મહેતાસાહેબને ત્રણ માળ ચઢાવી ઉપર ન લાવતા, હું નીચે આવું છું.' પરંતુ મહેતાસાહેબ ન માન્યા કે 'ના, આપણું કામ છે, આપણે ઉપર જવું જોઈએ.' શ્રી જાની સાહેબે નીચલા અધિકારીને બોલાવીને કહ્યું કે, 'આ વાનને ઍમ્બ્યૂલન્સમાં ફેરવવા જે જરૂરી હોય તે તેમાં બાંધછોડ કરી મને હમણાં જ ઍમ્બ્યૂલન્સનું સર્ટિફિકેટ આપી જાઓ. તે વાનને ઍમ્બ્યૂલન્સમાં ફેરવી દેવામાં આવી. આ વાન આજે પણ ઍમ્બ્યૂલન્સ બોર્ડ સાથે કાર્યરત છે. મહેતાસાહેબે મારી સુષુપ્ત શક્તિને જગાડી જે બે કામ કરવાની મને શક્તિ મળી અને યશ મળ્યો તે માટે મહેતાસાહેબને આજે પણ વંદન કરું છું. આવા હતા માનવ પારખુ મહેતાસાહેબ.



ભાઈબંધો સાથે દૂધિયા તળાવને કિનારે સાઈકલ સવારી ૧૯૩૧, નવસારી

## ૨૯

# વિરલ વ્યક્તિત્વ

**રાજેશ સુરેન્દ્રરાય દેસાઈ**
ચૅરમૅન : સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી

વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના વર્તમાન અધ્યક્ષ એક કાર્યદક્ષ અને સંગીત રસિક વ્યક્તિ છે. મહેતાસાહેબની સુરેન્દ્રભાઈ સાથેની મિત્રતાને કારણે રાજેશભાઈને અંગત પરિચય હતો.

નમન કીધ મેં એનું સ્હેજે નમ્યું જ નહીં શિર
નજર મળી તે સામે જાણે દીવાલ ખડી જ ત્યાં
ચરણ જરી ના થંભ્યા એવી હતી શી ઉતાવળ?
સળકી મનમાં યાદો કેરી સુષુપ્ત એ સાંત્વળ.

મન-હૃદયમાં એ ખૂંચ્યા કરે છે, ખટકે છે કે પ્રેમ, હૂંફ, ઋજુતા સભર સંબંધોના એક માણસ નામે અમારા કુંજવિહારી મહેતાસાહેબે આપણા સહુથી સમય ટૂંકાવી ઝડપથી ઈશ્વરાધીન થઈ ગયા.

કંઈ કેટલાંય સ્મરણો હજુય અકબંધ છે મારાં ચિત્તમાં અને ચક્ષુમાં.

૧૯૬૪ - હજુ પણ સ્મરે છે કારણ કે મારા તથા મારા પરિવાર માટે જીવન પરિવર્તનનું એ વર્ષ રહ્યું.

મારા પિતાશ્રી સ્વર્ગીય આચાર્યશ્રી સુરેન્દ્રરાય દેસાઈ, કે. સી. મહેતાસાહેબના કૉલેજકાળના સહ-અધ્યાયી, પરમમિત્ર. એક વર્ષ બંનેના જન્મસમયનું એ ૧૯૨૩. સ્વભાવગત સંબંધોના ફરજનિષ્ઠાનાં સમસરીખા સદ્‌ગુણો. એટલું જ નહીં પરંતુ બંનેના પૂર્વ જીવનકાળમાં સુરત છોડી ગ્રામ્યપ્રદેશમાં શિક્ષણ અને સેવાનિષ્ઠ ભાવ સાથે કારકિર્દી આદરી. પરંતુ મહેતાસાહેબ ટૂંકા ગાળામાં સૂરત પાછા ફરી એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં જોડાયા. જ્યારે મારા પિતાશ્રી લાંબા સમયકાળ સુધી ગ્રામ્યપ્રદેશમાં શૈક્ષણિક કાર્ય કરતા રહ્યા. પરંતુ આ દરમિયાન પણ એકમેક સાથેનો નાતો અતૂટ રહ્યો. સંવાદો થતા રહ્યા ને મહેતાસાહેબનો સતત આગ્રહ કે ‘સુરેન્દ્ર, હવે બાળકોનાં ઉચ્ચ અભ્યાસાર્થે પણ સુરત આવી જવાનું વિચારવું જ જોઈએ.’ મહેતાસાહેબ સમયને પરખનાર અને સમય સાથે તાલમેલ સાધતા માણસ. આગવો મિજાજ, અલગ વિચારશીલ વિવેક સાથે હિંમતભર્યો નિર્ણય લેનારું વ્યક્તિત્વ. ૧૯૬૧માં સાર્વજનિક સોસાયટીનાં મંત્રી તરીકે જોડાયા ત્યારથી જ સંસ્થામાં જાણે નવો પ્રાણ ફૂંકી દીધો અને આ સ્વભાવ ગુણનિષ્ઠામાં પરિણમતો રહ્યા.

૧૯૬૪નાં વર્ષમાં સંસ્થાની લબ્ધપ્રતિષ્ઠ એન. જી. ઝવેરી જૈન હાઈસ્કૂલમાં આચાર્યપદની જગ્યા ખાલી પડી અને સોસાયટીનાં ઇતિહાસમાં પહેલીવાર મહેતાસાહેબે સોસાયટીના શિક્ષકો ઉપરાંત પ્રતિભાશીલ આચાર્યને માટે બહારની વ્યક્તિ પણ અરજી કરી શકે એવો હિંમતભર્યો નિર્ણય લેવડાવ્યો.

મારા પિતાશ્રીને આગ્રહપૂર્વક આ આચાર્યપદ માટે અરજી કરવા જણાવ્યું અને સહજભાવે કહ્યું કે પસંદગી તો મૂલ્યાંકનના આધારે જ થશે અને પસંદગી સમિતિના સર્વસંમત મત સાથે મારા પિતાશ્રી સુરતમાં આચાર્યપદે નિમાયા. આ જ મહેતાસાહેબની વ્યક્તિની પરખશૈલી અને વિશિષ્ટ કાર્યપદ્ધતિની અનુભૂતિ મારા પિતાશ્રી સહિત અમારા કુટુંબને થઈ હતી.

આચાર્ય કે. સી. મહેતાસાહેબના એક વિશેષ વિશિષ્ટ ગુણનો હું સાક્ષી રહ્યો છું. મહેતાસાહેબ સાથેનો ઘરોબો હોઈ સાહેબ અવારનવાર મારા ઘેર આવતા રહેતા. પિતાશ્રી સાથેના સંબંધોની વાતોમાં મહેતાસાહેબ ક્યારેય સંસ્થા કે સંસ્થાની પ્રવૃત્તિ અંગેની કોઈપણ ચર્ચા નહોતા કરતા. સંબંધો અને કાર્યક્ષેત્રની કાર્યકારિણી વચ્ચેની ભેદરેખા બંને પક્ષે એકમેકે નિભાવી જાણી હતી. આ હતી એક મૂલ્યનિષ્ઠ જીવનનાં ઉત્તુંગ આદર્શોની પરિપાટી.

મારા પિતાશ્રી નાનપરા સ્થિત ટી. ઍન્ડ ટી. વી. હાઈસ્કૂલનાં આચાર્યપદે હતા ત્યારે મહેતાસાહેબના સુપુત્રી બહેન સ્વાતિબહેનની નિમણૂક મારા પિતાશ્રીના હાથ નીચે થઈ. મહેતાસાહેબ એમનાં જીવન સિદ્ધાંતો અનુસાર સ્વાતિબહેન અન્ય શિક્ષકોની જેમ જ એમનું કાર્ય કરે અને કોઈ વિશેષ વગશીલતાનો દુરુપયોગ ન કરે એનું ધ્યાન કડકાઈ સાથે રાખતા. સ્વાતિબહેન અંગેની વાતો કરવાનું પણ મહેતાસાહેબ મારા પિતાશ્રી સામે ટાળતા. એટલે જ વંદનીય કે. સી. મહેતાસાહેબ પોતીકા ગૌરવ સાથે વિશિષ્ટ આદર અને પ્રતિષ્ઠા પામ્યા. સોસાયટી પ્રત્યેની સમર્પિત ભાવના અને તપોવન ઋષિકાર્યને સમ્માનિત હૃદયભાવ સાથે સમરું છું.


નવસારીનું મોટી પંડ્યા ખડકીવાળું ઘર, જ્યાં જન્મ્યા અને બાળપણ વીત્યું

## ૩૦

# સ્મરણકુંજમાં વિહાર

**રાજન ભાલચંદ્ર ભટ્ટ**

ભાઈશ્રી રાજન ભટ્ટ એ બહુમુખી પ્રતિભા છે. એમના પિતાશ્રી ભાલચંદ્ર ન. ભટ્ટ મહેતાસાહેબના અંગત મિત્ર હતા અને સોસાયટીની શાળામાં શિક્ષક તરીકે કાર્ય કરતા હોવાથી અવારનવાર મુલાકાતો થતી અને શિક્ષણ અને સાહિત્ય જગતના વિવિધ પ્રશ્નો પર ચર્ચાઓ થતી. એમણે સંયુક્ત રીતે એક જોડણીકોશ પણ પ્રકાશિત કર્યો હતો જે મહેતાસાહેબની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. બહુશ્રુત શ્રી રાજન વ્યવસાયે પત્રકાર અને એક સેવાભાવી સજ્જન છે. સુરત શહેરના સાંસ્કૃતિક અને સાહિત્યિક અનેક મોટાં કાર્યો એમણે સફળતાપૂર્વક આયોજિત કર્યાં છે. મહેતાસાહેબ સાથે ૧૯૮૩માં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન દરમિયાન સાથે કામ કર્યું.

આભાસ તમારો રહે છે મૃગજળ શા નયને
સ્મરણે રહો હવે તરસ્યું રહે છે મારા મને.

એકવડિયો તનબંધ ને કડપભરી આંખો જાણે તમારો તાગ કાઢી તમારા વિશે કોઈક પાકો નિર્ણય લઈ તમારી પર વિશ્વાસ જો એકવાર મૂકી દે તો હંમેશ માટે

તમારી વિશ્વસનીયતાને સ્વીકારી કોઈપણ પડકાર માટે તમારા સંગાથી બની રહે. કોઈ અન્ય તમારી સાથેના એમના સંબંધોમાં અજુગતી ટીપ્પણી પણ એ સાંખી ન લે એવા વ્યક્તિત્વના ઓજસ્‌નું નામ એટલે શ્રી કુંજવિહારી મહેતા.

આચાર્યશ્રી મહેતાસાહેબ અને મારા પિતાશ્રી ભાલચંદ્ર ભટ્ટ (બી. એન. ભટ્ટ) સાથે મિત્રતાના સંબંધો જીવનભર રહ્યા હતા. બંને ગુજરાતી ભાષાના અભ્યાસુમિત્ર એટલે તત્કાલીન પ્રકાશક શ્રી કરસનદાસ માણેકદાસ બુકસેલરને ત્યાંથી ધોરણ ૮ થી ૧૧ ના વિદ્યાર્થીઓ માટે જોડણીકોશ પ્રકાશિત કરવાનો પ્રસ્તાવ આવ્યો ત્યારે બંનેએ હર્ષ - ઉત્સાહ સાથે સ્વીકારી લીધો. જેમાં શબ્દોનાં અર્થ સાથે ગુજરાતી ભાષાનાં વ્યાકરણની સમજ પણ આપી હોય એવો મારી જાણ મુજબ આપણી ભાષાનો એ પહેલો જોડણીકોશ હશે. સુરતના અખબાર 'ગુજરાતમિત્ર' સહિત અન્ય સામાયિકોએ પણ એની સહર્ષ નોંધ લીધી હતી એવું મારા સ્મરણમાં છે. કિશોરવયે મારા પિતાશ્રી સાથે એમના નાનપરાનાં ઘરે ચારેકવાર મહેતાસાહેબને ત્યાં જઈ મળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. ત્યારથી મારા ચિત્તમાં મહેતાસાહેબનું મોટા ગજાની વ્યક્તિ તરીકેનું ચિત્ર અંકિત થતું ગયું હતું.

મહેતાસાહેબ 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યા' વિષયક એક કૉલમ નિયમિત રીતે 'ગુજરાતમિત્ર'માં લખતા રહ્યા હતા. એકવાર એમની કૉલમમાં એક ઘટનાપ્રદ સમસ્યા વિશે આલેખન કર્યું ત્યારે એ જ વિષય પર એક ચર્ચાપત્ર લખી હું શ્રી પ્રવીણકાંત રેશમવાળાજીને આપવા ગયો. મને ખબર નહોતી કે હું મારું ચર્ચાપત્ર જેને હાથોહાથ આપી રહ્યો છું એ જ 'ગુજરાતમિત્ર'ના માલિક અને તંત્રી છે.મુ. પ્રવીણભાઈએ ચર્ચાપત્ર વાંચ્યું અને મને કહ્યું 'સરસ લખ્યું છે, કાલે જ હું છાપીશ. આવું જ લખતા રહેજો' બીજે દિવસે ચર્ચાપત્ર છપાયું અને તે વખતે હું કૉલેજનાં પહેલા વર્ષમાં હતો. વિઝિટિંગ પ્રોફેસર જાણીતા ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટશ્રી રવીન્દ્ર વેપારી સાહેબે મને બોલાવીને પૂછ્યું આજના 'ગુજરાતમિત્ર'માં તારું ચર્ચાપત્ર છે? મેં હકારમાં જવાબ આપ્યો ને વેપારી સાહેબે મારી પીઠ થાબડી શાબાશી આપી વખાણ્યું. આ ઘટના સામાન્ય હતી પણ ચુનીલાલ ગાંધી વિદ્યાભવનની સોસાયટીના કાર્યાલયમાં કોઈ કામ માટે મિત્ર સાથે જવાનું થયું ત્યાં જ મહેતાસાહેબ એમની કૅબિનમાં જતા હતા, તેમણે મને જોયો અને પૂછ્યું, "તું અલ્યા, ભાલચંદ્રભાઈનો દીકરો ને! તારું નામ રાજનને! એ ચર્ચાપત્ર તેં લખ્યું હતું?" મેં હા કહી. મહેતાસાહેબ જેવા વ્યક્તિવિશેષે એની નોંધ લીધી એનો ગૌરવપ્રદ આનંદ મને એ કિશોરવયે થયાની અનુભૂતિ પ્રેરક બની રહી હતી.

૧૯૭૮ થી ૧૯૮૬/૮૭ દરમિયાન મેં મારું પ્રિન્ટિંગ પ્રેસ 'રુચિ પ્રિન્ટર્સ'ના નામે ચલાવ્યું હતું અને મહેતાસાહેબને મારા પિતાશ્રી મારફત જાણ થઈ હશે

એટલે એકવાર અનાયાસ એક સમારંભમાં સાહેબે મને કહ્યું કે 'કાલે તું સોસાયટીની ઑફિસમાં આવજે.' બીજે દિવસે સાહેબને મળ્યો અને એક મૅન્યૂસ્ક્રિપ્ટ આપી કહ્યું, ''આ પુસ્તક તારે છાપવાનું છે.'' સાહેબના શબ્દો એ જ આદેશ માથે ચઢાવી પુસ્તક છાપ્યું. પછી તો બે - ત્રણ પુસ્તકો મેં મુદ્રિત કર્યાં. તું મારા મિત્રનો દીકરો છે... પણ તારામાં તારા પપ્પા જેવી ચીવટાઈ નથી એવો ઠપકો પણ મળ્યો. છતાં વિશ્વાસ કાયમ રહ્યો.

હવે વાત ૧૯૮૩ - ૮૪ની. મેં રવીન્દ્ર પારેખની સાથે ગુજરાતી સાહિત્ય પરિષદનાં અધિવેશનનાં આયોજનની વાતવાતમાં ચર્ચા કરી અને શ્રી ભગવતીકુમાર શર્માજી સામે સુરતમાં અધિવેશનનાં આયોજનનો પ્રસ્તાવ મૂક્યો. શ્રી ભગવતીકુમાર શર્માએ અધિવેશનનાં આયોજનનાં આર્થિક ભારણ અને આયોજનની મુશ્કેલી વિષયક વાતો કરી; આ અઘરું કામ છે. અમે હઠ પકડી કે આર્થિક ભારણ કે અન્ય વિશે ચિંતા છોડી દો. ભગવતીભાઈને શંકાસહ થોડો વિશ્વાસ બેઠો અને મને સંમતિ આપી.

સમગ્ર તૈયારીરૂપે પ્રાથમિક સભા જાણીતા ઉદ્યોગવીર, શ્રેષ્ઠીશ્રી રણછોડદાસ પોપાવાળા સાહેબના સોનીફળિયાના ઘરે મળી. પોપાવાળા સાહેબનો ઉત્સાહ જોઈ ભગવતીભાઈને વિશ્વાસ દૃઢ થતો ગયો. પછી ચુનીલાલ ગાંધી વિદ્યાભવન પર ભગવતીભાઈને સ્કૂટર પર બેસાડી કુંજવિહારી મહેતાસાહેબને મળવા લઈ ગયો. મહેતાસાહેબે સમગ્ર વાતને વધાવી ભગવતીભાઈને બિલકુલ ચિંતા ન કરવાનું આશ્વાસન આપ્યું. સુરત શહેરના અગ્રણી નગરજનોએ આ અધિવેશનમાં જોડાવા જબરદસ્ત ઉત્સાહ બતાવ્યો. પ્રથમ મીટિંગ વિદ્યાભવનમાં જ મળી અને ચાલીસથી પચાસ અગ્રણી નગરજનો ઉપસ્થિત રહ્યાં અને સમિતિ રચાઈ જેમાં મુરબ્બી રણછોડદાસ પોપાવાળા અધ્યક્ષ તરીકે, માનનીય કુંજવિહારી મહેતાસાહેબ કાર્યકારી અધ્યક્ષ તરીકે તથા ચંદ્રકાંત પુરોહિત, ભગવતીકુમાર શર્મા, ધ્રુલતાબહેન પારેખ અને મેં મંત્રી તરીકેની જવાબદારી સહર્ષ સ્વીકારી.

ડિસેમ્બર ૩૦, ૩૧ ૧૯૮૩ અને ૧લી જાન્યુઆરી ૧૯૮૪ના દિવસો દરમિયાન અત્યંત સફળતાપૂર્વક ગુજરાતી સાહિત્ય પરિષદનું રંગેચંગે આયોજન થયું. જાણીતા ચિંતક, સાહિત્યકાર શ્રી યશવંતભાઈ શુક્લ પરિષદના અધ્યક્ષપદે કાર્યભાર સુરતથી સંભાળ્યો. ત્યારે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના આશિષ પણ મળ્યા. ગાંધીબાગની નર્મદની પ્રતિમાથી નર્મદનગર, એમ. ટી. બી. કૉલેજના પટાંગણ સુધી એ એક વિશાળ રેલી - વરઘોડો આજેય સ્મરણમાં છે. મોટી બગીમાં યશવંત શુક્લ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રણછોડદાસ પોપાવાળા અને કુંજવિહારી મહેતાસાહેબ આગવી સાહિત્યિક પ્રતિભા તરીકે સન્માનિત થયાનો અહેસાસ

આજે પણ મને રોમાંચિત કરી દે છે.

સમગ્ર અધિવેશનનું કુનેહભર્યુ, ચીવટાઈભર્યુ અને સૂક્ષ્મ રીતે ગૌરવાન્વિત આયોજનની સફળતાના મુખ્ય શિલ્પી કુંજવિહારી મહેતા અને રણછોડદાસ પોપાવાળા કહી શકાય. અમે, એમની ટીમનાં સભ્યોને માટે જીવનભરનું એક સંભારણું બની રહ્યું છે.

૨૦૧૯માં જ્યારે ગુજરાતી સાહિત્ય પરિષદનાં તત્કાલીન પ્રમુખશ્રી પદ્મશ્રી ડૉ. સિતાંશુ યશશ્ચંદ્રએ ૧૫૦મા ગાંધીવર્ષને અનુલક્ષીને ગાંધીવિચાર પર સમગ્ર જ્ઞાનસત્ર સુરતમાં આયોજિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે મેં કે. સી. મહેતાના પ્રજ્ઞાવાન દીકરા કશ્યપ મહેતાને ફોન કરી કહ્યું, ''દોસ્ત, તારા પપ્પા સાથે મેં પરિષદનાં અધિવેશનનું આયોજન વિચાર્યું હતું, અને કર્યું. હવે, તારા જ કાર્યકારી અધ્યક્ષપદે મારે જ્ઞાનસત્રના આયોજનમાં ફરી એકવાર કામ કરવું છે.''

કશ્યપ મહેતાનો ઉત્સાહપૂર્વકનો સકારાત્મક હકાર સમગ્ર જ્ઞાનસત્ર સફળ બનશે જ એવો વિશ્વાસ મને તત્કાળ થઈ ગયો અને એ જ્ઞાનસત્ર સમગ્ર પરિષદ માટે સ્મરણીય બની રહ્યું.

હજી સ્મરણોમાં મુરબ્બી પૂજ્યશ્રી કુંજવિહારી મહેતાસાહેબ સાથેની વાતો જીવંત છે.

મુ. મહેતાસાહેબ જેવા કુશળ આયોજક, પ્રશાસક અને બુદ્ધિગમ્ય અભિગમ સાથે કાર્યયોજન કરનારા દીર્ઘદૃષ્ટા અન્ય હશે, પણ કુંજવિહારી મહેતા મારે માટે એકમેવ જ છે.




'ગુજરાતમિત્ર' કાર્યાલયમાં લઘુબંધુ શ્રી કૃષ્ણકાંત દ્વારા અભિવાદન

## ૩૧

# વહીવટ અને શિક્ષણનો સુમેળ

**નરેશ કાપડિયા**
મંત્રી, આચાર્યશ્રી કે. સી. મહેતા શતાબ્દીપર્વ સમિતિ

એક સદભાવી, નખશિખ સજ્જન અને અત્યંત મૃદુભાષી નરેશભાઇ લોકલાડીલા છે. એમની વિધ વિધ પ્રવૃત્તિઓને કારણે એ હંમેશાં ડિમાન્ડમાં રહે છે. કોઈ સાહિત્યિક કાર્યક્રમ હોય, ફિલ્મી સંગીત હોય, ક્વિઝ હોય, નાટક હોય, કાવ્ય હોય, સ્પર્ધા હોય, ટીવી શો હોય, વીડિઓ કોન્ફરન્સ હોય કે પછી કાવ્ય સંમેલન; નરેશભાઈ અચૂક જોવા મળે જ મળે. સૌના માનીતા નરેશભાઈએ ક્યારેય કોઈને કોઈ કામની ના પાડી હોય એવું બન્યું નથી. નરેશભાઈએ મહેતાસાહેબ સાથે પણ અનેક કાર્યોમાં ઊલટભેર કામ કર્યું હતું અને મહેતાસાહેબને પણ નરેશભાઈ માટે એક ખાસ સોફ્ટકોર્નર હતો.

વિખ્યાત શિક્ષણવિદ્‌, વિચારક, ઉત્તમ વહીવટકાર અને કટાર લેખક કુંજવિહારી ચુનીલાલ મહેતાના જન્મશતાબ્દી પર્વ નિમિત્તે તેમનાં જીવન અને કવન અંગે વિગતે જાણવાની તક મળી.

શ્રી કુંજવિહારી મહેતાનો જન્મ ૧૪ જુલાઈ, ૧૯૨૩ના રોજ નવસારીમાં થયો હતો. તેઓ મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી અને અંગ્રેજી વિષય સાથે ૧૯૪૫માં એમ. એ. થયા હતા. શ્રી કે. સી. મહેતા ૧૯૪૬ થી ૧૯૮૩ સુધી સુરતની પ્રતિષ્ઠિત એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતના વ્યાખ્યાતા હતા. તેમાં ૧૯૭૦ થી ૧૯૮૩ દરમિયાન તેઓ કૉલેજના આચાર્યપદે હતા.

તેઓ એક ઉત્તમ અધ્યાપક હતા. તેમનો વિદ્યાર્થી અને અધ્યાપકનો ભાવાત્મક સંબંધ ખૂબ સારો હતો. તેમના વિદ્યાર્થીઓ યાદ કરે છે કે તેમના વિચારોમાં સ્પષ્ટતા, સ્વચ્છ અવાજ અને મધુર તથા આકર્ષક વ્યક્તિત્વને કારણે તેઓ વિદ્યાર્થીપ્રિય અધ્યાપક બન્યા હતા. તેઓ એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના આચાર્ય પદે આવ્યા અને એમની વહીવટદાર તરીકેની શક્તિઓ સોળે કળાએ ખીલી ઊઠી હતી. સૌના કામ કરવાં, વખત આવે ત્યારે કડવા થઈને પણ નિર્ણય લઈને તેનો અમલ કરવો - આવા ગુણોને લીધે તેઓ સફળ આચાર્ય બન્યા હતા. રિસેસને વખતે અચૂક કૉમનરૂમમાં આવીને બધાં સાથે ચા પીવાનો એમનો આગ્રહ એમને પ્રોફેસર પ્રિય આચાર્ય પણ બનાવી ગયો. તેઓ પીએચ.ડી.ના યુનિવર્સિટી માન્ય ગાઈડ હતા.

૧૯૬૧થી મૃત્યુપર્યંત તેઓ સુરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના માનદમંત્રી હતા. તેમના અનેક ગુણો થકી જ તેઓ અનેક કૉલેજો અને સ્કૂલોનું સંચાલન કરનાર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રી પદેથી ખૂબ સારાં કામ કરી શક્યા હતા. સોસાયટીના વહીવટમાં અને વિકાસમાં એમનું પ્રદાન અધઝાઝેરું ગણાય એવું છે. તો ૧૯૮૩ થી મૃત્યુપર્યંત તેઓ ચુનીલાલ ગાંધી વિદ્યાભવનના માનદ ડાયરેક્ટર હતા.

આચાર્ય કે. સી. મહેતાએ શિક્ષણક્ષેત્રે યુનિવર્સિટી કક્ષાએ વિવિધ હોદ્દા પર રહી કાર્ય કર્યું હતું જેમાં ૧૯૬૦-૬૫ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદની સેનેટના સભ્ય રહ્યા હતા. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત બન્યા બાદ તેઓ ૧૯૬૭ થી ૮૩ સુધી સેનેટ સભ્ય, ૧૯૭૧ થી ૭૩ દરમિયાન સિન્ડીકેટ સભ્ય અને આર્ટ્સ ફેકલ્ટીના ડીન, ૧૯૭૬ થી ૭૯ દરમિયાન એકેડેમિક કાઉન્સિલના સભ્ય અને બોર્ડ ઑફ સ્ટડીઝના સભ્ય રહ્યા હતા. તે ઉપરાંત તેઓ ૧૯૭૨ થી ૭૭ સુધી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરની સેનેટના સભ્ય અને પી. ટી. મહિલા કૉલેજ, સુરતની સલાહકાર સમિતિના સભ્ય રહ્યા હતા.

પોતાના કાર્યકાળ દરમિયાન મહેતાસાહેબ સરકાર અને જાહેર જીવનમાં વિવિધ રીતે સેવા આપતા રહ્યા હતા, જેમાં ૧૯૫૭ - ૫૯ દરમિયાન મુંબઈ રાજ્ય નાટ્ય સલાહકાર સમિતિના સભ્ય, ૧૯૭૫-૭૭ દરમિયાન ગુજરાત

રાજ્ય પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ સમિતિના સભ્ય, ૧૯૭૮માં ટેલિફોન સલાહકાર સમિતિના સભ્ય અને ૧૯૭૮ના વર્ષે શહેર સંકલન સમિતિના સભ્ય રૂપે નોંધનીય કાર્ય કર્યું હતું.

મહેતાસાહેબે સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઘણું પ્રદાન કર્યું છે, જેમાં 'ગુજરાતમિત્ર' દૈનિકમાં તેમની 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'ની સાપ્તાહિક કટાર મુખ્ય છે. એ કટાર ખૂબ લોકપ્રિય નીવડી હતી, જેણે શિક્ષણ અને સમાજ સુધારણાનું કાર્ય કર્યું હતું. કૉલેજ અને યુનિવર્સિટીના તેમના બહોળા અનુભવના નિચોડ રૂપે એમણે શિક્ષણના અનેક પ્રશ્નો એ કટારમાં છેડ્યા હતા. વિચારોમાં સ્પષ્ટતા, પ્રવાહી ગુજરાતી ગદ્ય અને પ્રશ્નોનું મુદ્દાસર ને ઉચ્ચાગ્રહવાળા નિરૂપણે તેઓ ક્યારેક વિવાદમાં પણ ઘસડાતા છતાં બિલકુલ સ્વસ્થ રહીને પ્રશ્નો ચલાવતા રહ્યા. આ કાર્ય તેમણે જીવનપર્યંત કર્યું હતું.

તે ઉપરાંત ૧૯૮૩-૮૫ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદ વહીવટી સમિતિના સભ્ય, ૧૯૮૩ થી ૮૬ દરમિયાન સુરત સિટીઝન કાઉન્સિલના પ્રમુખ, નર્મદ સાહિત્ય સભાની કારોબારી સમિતિના જીવનપર્યંત સભ્ય, ઓજસ્ ચૅરિટેબલ ટ્રસ્ટના જીવનપર્યંત મંત્રી અને શિશુ સહાય ટ્રસ્ટના આજીવન પ્રમુખપદનો સમાવેશ કરી શકાય.

શ્રી કે. સી. મહેતાનું સાહિત્યિક પ્રદાન પણ નોંધનીય છે. તેમનું 'સાહિત્યરંગ' પુસ્તક ૧૯૫૭માં મુંબઈ રાજ્ય દ્વારા પુરસ્કૃત થયું હતું. તો તેમનું 'અનુબોધ' પુસ્તક ૧૯૮૩માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઈનામપાત્ર બન્યું હતું. તેમનાં સાહિત્યસ્વરૂપો, ત્રણ વિવેચનો, કાન્હડદે પ્રબંધ જેવાં સાહિત્યિક પુસ્તકો છે. તેમણે ભાષાંતર દ્વારા 'ઊંડાં અંધારેથી' અને 'ભારત અને અખંડ જગત' પુસ્તકો આપ્યાં, તો અન્ય સાથે મળીને તેમણે 'ગદ્યરંગ', 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ',ગુજરાતી જોડણીકોશ જેવાં મૂલ્યવાન પુસ્તકો આપ્યાં.

તેઓ જેમની સાથે રહ્યા તે સૌના ઉત્થાન માટે કારણભૂત બન્યા. કોઈને પણ મદદ કરવી એ તેમનો સ્વભાવ રહ્યો. તેમના સમાજ અને પરિવારમાં તેને કારણે તેઓ હંમેશાં માનવંત રહ્યા. તેમના સુપુત્ર કશ્યપ મહેતા ઈલેક્ટ્રીકલ એન્જિનિયર બન્યા અને જીવનમાં ખૂબ સફળ થયા છે, તેમનું પણ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પૂર્વ અધ્યક્ષરૂપે બહુમૂલું પ્રદાન રહ્યું છે. મહેતાસાહેબનાં સુપુત્રી ડૉ. સ્વાતિ મહેતાએ ગુજરાતી અને અંગ્રેજીનું અધ્યાપન એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં અને સર કે. પી. કૉમર્સ કૉલેજમાં કર્યું અને તેમની નિવૃત્તિમાં સાહિત્યિક પ્રવૃત્તિ કરે છે.

આ ભાઈ-બહેને પિતાજીનો સાહિત્યિક વારસો સમાજ સાથે વહેંચવાના રૂપે મહેતાસાહેબની કટાર માટે લખાયેલાં લેખોમાંથી પસંદ કરેલા લેખોને સંપાદિત

કરીને 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' બે ભાગમાં અને તેમનાં સાહિત્યિક લેખોનું સંપાદન 'સાહિત્યકુંજ' રૂપે તૈયાર કર્યાં અને તેમના પરિવારના અનુદાનથી ચુનીલાલ ગાંધી વિદ્યાભવનને પ્રકાશિત કર્યાં છે.

તા. ૩૦ જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ મહેતાસાહેબે આ જગતમાંથી સરળ વિદાય લીધી ત્યારે તેમની વય ૭૧ વર્ષની હતી. તેમની સાથે શિક્ષણ, વહીવટ અને સાલસતાનો એક આખો સમયખંડ ભૂતકાળ બની ગયો હતો.

એમની સ્મૃતિમાં એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજે તેમના સભાખંડને 'કે. સી. મહેતા સેમિનાર હૉલ' નામાધિકરણ કર્યું છે.

૧૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ મહેતાસાહેબના શતાબ્દી વર્ષ આરંભ થયો. તેમના સાથીઓ, પ્રશંસકો માટે તેમની સ્મૃતિ સ્મરણ માટેનો આ ઉત્સવ 'આચાર્યશ્રી કે. સી. મહેતા શતાબ્દીપર્વ સમિતિ' દ્વારા ૨૦૨૨-૨૩ દરમિયાન ઉજવાયો અને મહેતાસાહેબના પ્રદાનની સ્મૃતિઓ વાગોળી, અત્યારના સમાજ અને નવી પેઢીને પરિચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

આ પ્રસંગે મહેતાસાહેબની સ્મૃતિ સચવાય એવો આ ગ્રંથ તૈયાર થાય છે એ ગૌરવની બાબત છે.



યુનિવર્સિટી ખેલકૂદ મહોત્સવ

૩૨

# એમ.ટી.બી. કૉલેજ મારી કર્મભૂમિ

**પ્રા. ડૉ. ભાવના જે. ચાંપાનેરી**
અધ્યક્ષ - સંસ્કૃત વિભાગ, એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત

એમ. ટી. બી. કોલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપિકા અને થોડો સમય કાર્યકારી આચાર્યા તરીકે પણ સેવા આપી.

મારો બધો જ અભ્યાસ મારી જન્મભૂમિ વલસાડમાં; બી. એ. અને એમ. એ. શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજમાં, બી. એડ્. શ્રી રંગ મહાવિદ્યાલય, બીલીમોરા. ત્યારે બી. એડ્.નો અભ્યાસ એક જ વર્ષનો હતો. મોટાભાગનો અભ્યાસક્રમ પૂરો થવા આવ્યો હતો. આ સમય દરમિયાન એમ. ટી. બી. કૉલેજમાં વ્યાખ્યાતા માટેની એક સાથે મનોવિજ્ઞાન, હિન્દી અને સંસ્કૃત વિષયોમાં જગ્યા ભરવાની ન્યૂઝપેપરમાં જાહેરાત આવી હતી. ૧૧ જાન્યુઆરી ૧૯૯૩ના રોજ સંસ્કૃત અને હિન્દી વિષયના ઇન્ટર્વ્યૂ હતા. જેમાં સંસ્કૃત વિષયમાં વ્યાખ્યાતા તરીકે મારી પસંદગી થઈ. આદરણીય ડૉ. વી. સી. પટેલ સાહેબના માર્ગદર્શનને કારણે હું ૨૮ જાન્યુઆરી ૧૯૯૩ના રોજ એમ. ટી. બી. કૉલેજમાં આવી. ત્યારથી આજપર્યંત એમ. ટી. બી. કૉલેજ મારી કર્મભૂમિ બની રહી છે.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીમાં ડૉ. વી. સી. પટેલ સાહેબે મંત્રીશ્રી કે. સી. મહેતાસાહેબ સાથે મુલાકાત કરાવી. તેમણે મને વ્યાખ્યાતા તરીકે હાજર થવાનો નિમણૂકપત્ર અને શુભેચ્છા પાઠવી. એ દિવસે પ્રત્યક્ષ દર્શન થયા હતા. દર્શન થયા એટલા માટે કહ્યું કે એમના વિશે જે વાંચેલું, સાંભળેલું તેનો અનુભવ મને ટૂંક જ સમયમાં થયો હતો.

કૉલેજમાં અધ્યાપક રજિસ્ટરમાં ૩૨મા ક્રમ પર સહી કરી એટલે મારી આગળ ૩૧ અનુભવી પ્રોફેસર હતા. કૉલેજમાં અર્થશાસ્ત્ર વિભાગના કાર્યકારી આચાર્ય પ્રો. પી. સી. જોષી સાહેબ હતા. સંસ્કૃત વિભાગમાં અધ્યક્ષ ડૉ. અરવિંદભાઈ જોષી, ડૉ. વી. સી. પટેલ, પ્રો. વત્સલાબહેન પાઠક, પ્રા. શિલ્પા ભટ્ટ હતાં. અધ્યાપક સ્ટાફ સાક્ષાત્ વિદ્વાનોની સભામંડળી હતી. દરેક વિષયના અધ્યાપકને દરેક વિષયનું ઊંડું જ્ઞાન હતું. મારા સંશોધનના કાર્ય માટે ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. વિજયભાઈ શાસ્ત્રીએ ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવન તજ્જ્ઞ ડૉ. વિજયભાઈ પંડ્યા સાહેબનો મારા પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે નિર્દેશ કરી મારી કારકિર્દીને નવો જ વળાંક આપ્યો હતો. આ વસ્તુ એમ. ટી. બી. કૉલેજમાં મેં અનુભવી હતી. મને એ જ વર્ષે એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર તરીકેની કામગીરી સોંપવામાં આવી અને પ્રો. જે. યુ. ઠાકર, ડૉ. પાડવી સાહેબ, પ્રો. ચૌહાણ સાહેબ સાથે કામ કરવાનો અવસર મળ્યો. મહેતાસાહેબ કૉલેજમાં અવારનવાર આવતા. કૉલેજ પરિવાર સાથે તેમનો ખૂબ જ મૈત્રીપૂર્વક વ્યવહાર હતો, સમગ્ર પ્રવૃત્તિમાં તેમનું માર્ગદર્શન પણ અવશ્ય લેવાતું.

હું કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાઈ ત્યારે મારો બી. એડ્.નો મોટાભાગનો અભ્યાસક્રમ પૂરો થયો હતો. માત્ર વાર્ષિક પરીક્ષા આપવાની બાકી હતી. બી. એડ્.ની ડિગ્રી મળે એવી લાલચ તો હતી જ. સંજોગોવશાત્ માર્ચમાં લેવાતી વાર્ષિક પરીક્ષા ઍપ્રિલ મહિનામાં લેવાશે એવી જાહેરાત થઈ. મારાથી પણ બી. એડ્.ની પરીક્ષા આપી શકાય એવો સમય હતો એટલે મારી લાગણી ડૉ. અરવિંદભાઈ જોષીને જણાવી એમની સાથે હું કાર્યકારી આચાર્ય પ્રો. પી. સી. જોષી સાહેબ પાસે ગઈ ત્યારે મારી નોકરીના માંડ બે મહિના પણ પૂરા થયા ન હતા. તેમણે મને મહેતાસાહેબને મળવાનું કહ્યું. મારા અધ્યક્ષ અને આચાર્યશ્રીને વાંધો નથી એ તો મને ખ્યાલ આવી ગયો. હિંમત ભેગી કરી મહેતાસાહેબને મળવા ગઈ. તેઓ નિયમિતતાના આગ્રહી, સ્વભાવે કડક એટલે ડર હતો પણ મને બી. એડ્.ની ડિગ્રીની લાલચ હતી. હું ગઈ, વાત કરી તેમણે મને સ્પષ્ટ કહ્યું, ''કૉલેજના વ્યાખ્યાતા માટે બી. એડ્.ની જરૂર નથી.'' હું થાંભલાની જેમ ઊભી રહી. તેમણે મારા મનની વાત જાણી લીધી; મિશ્ર લાગણી સાથે નિયમો

જણાવવાનું શરૂ કર્યું.

''તમારા વિભાગની મંજૂરી લેવી પડશે. તમને મળે એવી કોઈ રજા નથી. રજા મળે તો 'લીવ વિધાઉટ પે' આવી રજા જોખમવાળી છે, જેને કારણે ભવિષ્યમાં કેમ્પસ સિનિયૉરિટીનો લાભ પણ જઈ શકે બેટા.

તારી ખૂબ લાંબી મંજિલ છે. આમ તો તારો વિચાર પણ સરાહનીય છે. બધું અનુકૂળ હોય તો વિચાર કરી શકાય.'' મને આનંદ એ વાતનો હતો કે મને રજા મળી. મહેતાસાહેબ સાથેનો મારો આ પ્રત્યક્ષ અનુભવનો પ્રસંગ પહેલો અને છેલ્લો બની રહ્યો. જે મારા મન પર તેમના પિતાતુલ્ય લાગણીસભર સ્વભાવની અમીટ છાપ છોડી ગયો. આજે હું પોતાને એમ.એ., બી.એડ્., પીએચ.ડી. કહી શકું છું એ મહેતાસાહેબને કારણે.

આજે આ વાતને ત્રીસ વર્ષ પૂરા થાય છે. મારી કારકિર્દીમાં કાર્યકારી આચાર્યના સમયગાળા દરમિયાન શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ. ટી. બી. કૉલેજમાં આચાર્યશ્રી કુંજવિહારી મહેતાસાહેબના જન્મશતાબ્દી વર્ષ (૧૯૨૩ થી ૨૦૨૩)નો ઉત્સવ ઊજવવાનો નિર્ણય લેવામાં આવ્યો જે મારા માટે આનંદનો અવસર બની રહ્યો. આચાર્યશ્રી કે. સી. મહેતા જન્મ શતાબ્દી પર્વનો આરંભ એમ. ટી. બી. કૉલેજના આચાર્યશ્રી કે. સી. મહેતા સેમિનાર હૉલમાં ૧૪ જુલાઈ, ૨૦૨૨ 'મહેતાસાહેબ અને હું' થી થયો. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય તરીકે મારે આભારવિધિ કરવાની હતી ત્યારે એમની સાથે પ્રત્યક્ષ અનુભવેલો પ્રસંગ કહેવાની તક મને આયોજકોએ આપી તેનો આભાર સાથે આનંદ છે.

योगः कर्मसु कौशलम् । એ મંત્ર જીવનારું વ્યક્તિત્વ ધરાવનાર મહેતાસાહેબનાં કાર્યોને પુનઃ જાણવાનો લહાવો મળ્યો. કેટલીક ઘટનાઓ તો પ્રથમ વખત જ મને સાંભળવા અને જાણવા મળી. નવી પેઢીના વિદ્યાર્થીઓ માટે આત્મનિર્ભય આચાર્યશ્રી કે. સી. મહેતાના વ્યક્તિત્વની ઓળખ અને સાહસના પ્રસંગના સંદેશાઓ પ્રેરણાદાયક બની રહેશે. પ્રેરણામૂર્તિ મહેતાસાહેબને નતમસ્તક પ્રણામ.

## ૩૩

# સૌના હૃદયકુંજમાં વિહાર કરનાર મહેતાસાહેબ...

ડૉ. જયા યોગેશ હલાટવાળા

અધ્યાપક, આચાર્ય તથા સમાજ સેવિકા એવાં જયાબહેનના નામથી સૌ પરિચિત છે. મહેતાસાહેબના વિદ્યાર્થિની જયાબહેને પ્રેરણાત્મક પુસ્તકો, નિબંધ સંગ્રહ પ્રકાશિત કર્યાં છે. નિયમિતરૂપે ચર્ચાપત્રો પણ લખે છે.

મહેતાસાહેબ એટલે બહુમુખી શક્તિના સ્વામી. એમની સૂઝ, એમની વિદ્વત્તા, એમની ધારદાર કલમ, એમની સ્પષ્ટ અને હિંમતથી સભરવાણી, એમની પરોપકારવૃત્તિ, એમની કર્તવ્યનિષ્ઠા, એમની ખુમારી, એમનો સદ્ભાવ, એમનું માર્ગદર્શન... શું કહેવું? કંઈકેટલીય કુશળતા એમનામાં કુદરતે જાણે ઠાંસી ઠાંસીને ભરેલી હતી. હજારો વ્યક્તિઓને કરેલી એમની કૂણી સહાયની અનુભૂતિ મને અને મારી બહેનને પણ પ્રાપ્ત થઈ હતી.

આ લેખ લખવા બેઠી તો વર્ષો પહેલાં એમ.ટી.બી. કૉલેજની વિદ્યાર્થિની 'જયા શિંદે' યાદ આવી ગઈ. કૉલેજની વિદ્યાકીય સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી 'જયા શિંદે' સતત ત્રણ વર્ષ એલ. આર.ની જવાબદારી સ્વીકારતી 'જયા શિંદે' અને આ જયા શિંદે એટલે હું પોતે. મારા પિતા ત્યારે 'ઈન્ટર્કૉમ'ના નાના વ્યવસાય સાથે જોડાયેલા હતા. એ સંદર્ભે મારા પિતા મહેતાસાહેબના પરિચયમાં આવેલા. અમારી આર્થિક સ્થિતિ તે સમયે બહુ સારી નહીં. મારું બારમાં ધોરણનું રિઝલ્ટ આવ્યું અને માર્ગદર્શન લેવા માટે મારા પિતા તેમને મળવા મને લઈ ગયેલા. ખૂબ સારા માર્ક્સ ધરાવતી મારી માર્કશીટ જોઈ એમણે તરત જ અભિપ્રાય આપ્યો કે એમ.ટી.બી.માં ઍડમિશન લઈ લો. (તર્કશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરે વિષયમાં સૌથી વધારે માર્ક્સ મેળવવા બદલ મને પુરસ્કાર મળેલા. વળી, નૅશનલ સ્કૉલરશિપ પણ મળી હતી.) ઈશ્વરનો સંકેત અને કુદરતની પ્રેરણા થકી જાણે મહેતાસાહેબને અમારા માટે એક લાગણી અને અનુભૂતિનો તંતુ જોડાઈ ગયેલો. પછી તો કૉલેજમાં પ્રવેશ થઈ ગયો. કૉલેજમાં હું નવીસવી, જો કે મિશ્ર લાગણીના ભાવો સાથે દિવસો વીતવા લાગ્યા. એક દિવસ આશ્ચર્યની એક વાત બની. મહેતાસાહેબના 'પ્યૂનઅંકલ' મને વૉટરકૂલર પાસે શોધવા આવ્યા. તેમના દ્વારા મને જાણવા મળ્યું કે 'ઈન્ટરકૉમ'ના કામ સંદર્ભે મારા પપ્પાને કંઈક કહેવડાવવાનું હતું, એટલે મહેતાસાહેબે પોતાના 'પ્યૂન'ને

કહ્યું હતું, ''જયા શિંદેને બોલાવી લાવ.'' પ્યૂનઅંકલે પૂછ્યું હતું, ''ક્યાં મળશે?'' એમણે ખૂબ જ સહજતાથી કહ્યું હતું કે 'જા' અત્યારે એ વૉટરકૂલર પાસે હશે, આ વાતની જ્યારે મને જાણ થઈ ત્યારે મને ખૂબ હસવું આવ્યું, પણ સાથે સાથે ખૂબ આશ્ચર્ય થયું. એમ. ટી. બી. કૉલેજના એક - એક વિદ્યાર્થી - વિદ્યાર્થિની કયા સમયે ક્યાં હોય છે, શું કરે છે, ક્યાં ફરે છે, ક્યાં એમની બેઠક છે તેની બારીકાઈથી નોંધ મહેતાસાહેબ પાસે રહેતી. વિદ્યાર્થીઓ પ્રત્યેની તેમની આ પ્રકારની લાગણીસભર કાળજી ઊડીને આંખે વળગે એવી હતી. એમની પાસે કોઈ લખાણ લઈ જવું હોય તો બહુ વિચારી, મઠારીને લઈ જવું પડતું. લખાણમાં ખોટી જોડણી તો તરત જ તેમના ધ્યાને આવી જાય. કોઈ કાર્યક્રમની આમંત્રણ પત્રિકા હોય કે લગ્નની કંકોત્રી. ખોટી જોડણી તરફ તેઓ અચૂક ધ્યાન દોરે. આમ, માતૃભાષા પ્રત્યેનો તેમનો પ્રેમ હંમેશાં છલકતો દેખાતો. મને અને મારી બહેનને દીકરી ગણતા એટલે તેમણે અમને કહી રાખ્યું હતું કે 'મારી ઑફિસમાં કોઈપણ બેઠું હોય તમારે અંદર આવી જવાનું.' સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી તરીકે ઊંચા પદ પર બિરાજમાન હોવા છતાં તેમની આ સરળતા હૃદયને સ્પર્શી જતી. જ્યારે આ વાત તેમણે કરી હતી ત્યારે આંખોમાં પાણી ભરાઈ આવેલાં અને હૃદય અહોભાવથી તેમની સામે ઝૂકી ગયેલું. વધારે ખુશીની વાત તો એ હતી કે મારું ઘર ઘણું દૂર હોવા છતાં તેઓ ઠાકોરસાહેબ સાથે મારું ઘર શોધતા શોધતા મારા લગ્નમાં મને આશીર્વાદ આપવા આવેલા. (ત્યારે જી.પી.એસ. - ગૂગલ મૅપનો જમાનો નહિ) ત્યારબાદ મારી દીકરીના જન્મ પછી તેને પણ રમાડવા આવેલા. મને જૉબ પણ એમના થકી મળેલી. જૉબ પછીના પહેલા પગારમાંથી એક બૉલપેન ખરીદીને હું મહેતાસાહેબને ભેટ આપવા માટે તેમની ઑફિસ પર ગઈ હતી. તેઓ કોઈનું કંઈ લેતા નહિ, પણ મેં તેમને કહ્યું 'બહુ જ નજીવી કિંમતની છે અલબત્ત, દીકરીએ પિતા માટે લીધી છે એટલે આમ જોઈએ તો મૂલ્યવાન છે અને હું લાગણીથી લાવી છું.' મહેતાસાહેબે કહ્યું હતું કે મને 'પેન' સંદર્ભે નહિ, પણ એ વાતનો ખૂબ આનંદ છે કે તારામાં કૃતજ્ઞતાનો ગુણ છે. બાકી આજના જમાનામાં કોઈના માટે કંઈ પણ કરે પણ તે વ્યક્તિ ભૂલી જતી હોય છે. (વર્ષો પહેલાનું આ નિરીક્ષણ શું આજે પણ પ્રસ્તુત નથી?) મહેતાસાહેબ સાથેના આવાં જ કંઈ કેટલાંય સંસ્મરણો આજે તાજાં થઈ ગયાં! હૃદયને વલોવી નાખે એવી ૧૯૯૪ની એ ૩૦મી જાન્યુઆરી હું ક્યારેય ભૂલી નહિ શકું. એમના ઉપકારો મારા હૃદયમાં હંમેશાં માટે અંકાઈ ગયા છે. હું સદાય એમની ઋણી રહીશ. સૌના હૃદયકુંજમાં વિહાર કરનાર આદરણીય કુંજવિહારી મહેતાસાહેબને શતઃ શતઃ વંદન. એમની શતાબ્દી વર્ષની ઉજવણીનો પવિત્ર વિચાર કરનાર અને એમાં યોગદાન આપનાર સૌ કોઈને હું દિલથી અભિનંદન આપું છું.

## ૩૪

# પૂજ્યશ્રી મહેતાસાહેબ - 'ગુરુદેવ'ના સ્મરણમાં...

**સરોજ મિસ્ત્રી તિજોરીવાળા**

એમ. ટી. બી. કોલેજમાં મહેતાસાહેબનાં વિદ્યાર્થિની અને કોલેજના ગુજરાતી સાહિત્યમંડળનાં મંત્રી.

પ્રથમ ગુરુદેવને શત શત નમન!

સર, માટે ઘણું બધું લખાઈ ચૂક્યું છે અને લખાઈ રહ્યું છે જેમ સાગરમાં વરસતાં વરસાદથી જેમ એક પાણીનું ટીપું પડે અને સાગરમાં ભળી જાય, એ જ રીતે એક નાનો પ્રયત્ન અહીં કરી રહી છું.

આ પ્રસંગ સાલ ૧૯૭૭નો છે. એ સમયે હું ટી. વાય. બી.એ.માં હતી અને મંત્રી હતી. તો બી. એ.ના છેલ્લા વર્ષમાં પિક્નિકમાં જવાનો એવો એક ઉત્સાહ રહેતો તો એ વર્ષે (૧) ડાંગના આદિવાસી જંગલમાં કે (૨) સાપુતારા એમ બે જગ્યા નક્કી કરી.

સરે, કહ્યું - કે 'ડાંગના આદિવાસી જંગલ'માં જઈશું. આ વાત બધા જ વિદ્યાર્થીઓને જણાવી. પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓ ''સાપુતારા'' જવું છે એમ કહ્યું. આખરે ''સાપુતારા'' જવાનું નક્કી કર્યું અને દિવસ પણ નક્કી થઈ ગયો. આ પિક્નિકની બધી યોજનાની તૈયારી મારે કરવાની હતી એમાં મારી સહધ્યાયીનો પણ સાથ હતો.

આ પ્રસંગને લગતી એક વાત છે તે હું અહીં રજૂ કરું છું.

અમે સવારે ૭ વાગ્યે બસમાં નીકળી ૧૨ વાગ્યા સુધીમાં સાપુતારા પહોંચી ગયાં. સાથે જમ્યાં, રમ્યાં, ખૂબ જ મજા કરી. પછી બધાંએ કહ્યું - 'બોટિંગ કરવું છે.' સરે, પહેલા 'ના' પાડી. 'બોટિંગ ન થાય.' પરંતુ થોડી આજીજી કરતાં સર માની ગયા. સાથે પ્રો. વિજય શાસ્ત્રી સર, પ્રો. પરમાર સર પણ હતા. બોટિંગમાં પણ બધાંએ ખૂબ જ મજા કરી. બધાંને આખી પિક્નિક દરમિયાન ખૂબ જ મજા આવી તેનો સંતોષ એમનાં મુખ પર દેખાતો હતો. સાંજે ૭-૩૦ વાગ્યે સુરત પરત

આવી ગયાં.

હવે જે મારા માટે અગત્યની વાત છે જે આજ દિવસ સુધી ભૂલી નથી તે નીચે રજૂ કરું છું.

આ પિકનિકનો બધો ખર્ચ મારા હસ્તક હતો. (૧) બસનું ભાડું (૨) નાસ્તો (૩) બપોરનું જમણ (૪) સાંજનો નાસ્તો વગેરે વગેરે.. મેં વિગતવાર એક એક આઇટમનો હિસાબ - નામ બધું જ વ્યવસ્થિત પેપર તૈયાર કર્યું હતું.

આ પ્રસંગે પૂ. મમ્મીજીને યાદ ન કરું તો, હું કૃતજ્ઞ મારી જાતને શું કહી શકું! કારણ મેં એમના હાથની રસોઈ ખાધી છે જેનો સ્વાદ આજ સુધી ભૂલી નથી. આ પાવન પ્રસંગે શત શત નમન!

હવે સ્વાતિ માટે કહું તો અમે ''બાવાજી હાઈસ્કૂલ''માં ધોરણ ૯થી સાથે હતાં. ૯માં ધોરણમાં એ નવસારીથી આવી હતી ત્યારથી અમારી જે દોસ્તી થઈ એ આજ દિન સુધી અકબંધ છે અને બહેન+પણી - જેમાં પહેલો શબ્દ છે એની ખૂબ જ નજીક છીએ. અમે એમ. એ. સુધી સાથે જ હતાં. હા, એણે અંગ્રેજી લીધું અને હું ગુજરાતીની સ્ટૂડન્ટ. બી.એ.માં ગુજરાતી - સાયકોલૉજી - સાયકોલૉજીની સર પ્રો. જરીવાલા અને એમ. એ.માં ગુજરાતી - સંસ્કૃત. આ પ્રસંગે બધા જ ગુરુજનો યાદ આવી ગયાં. સૌને મારાં શત શત નમન.

કંઈક ભૂલ થઈ હોય કે વધુ પડતું બોલી હોઉં તો માફ કરજો. એક ભૂતપૂર્વ વિદ્યાર્થિની...!!!

## ૩૫

# ગત સમય કેરા સ્મરણમાં

**સ્વાતિ મહેતા**

મારા પપ્પાજી વિશે લખવાને માટે આજે આ કલમ ઉપાડી છે, ત્યારે પપ્પાજી આજે અમારી સાથે નથી એ ખ્યાલ માત્રથી મન ઉદાસ થઇ જાય છે. એક ચિરાડો મન ઉપર લીલો થાય છે.

આ લખું છું ત્યારે ઘણીબધી સ્મૃતિઓ સ્મૃતિપટ પર ઊપસે છે. આ સ્મરણયાત્રા મને દૂર-સુદૂરના મારા બાળપણના દિવસોની, એ ઘર-નવસારીમાં, મોટી પંડ્યા ખડકીમાં, જ્યાં અમે રહેતાં હતાં ત્યાં લઈ જાય છે. નવ ઓરડાના એ વિશાળ ઘરના માળ ઉપર અમે, હું - મારો ભાઈ કશ્યપ, મારી મમ્મી તથા મોટી બા (મારાં દાદીમા) રહેતાં હતાં. પપ્પાજી દર શનિવારે સુરતથી આવતા. શુક્રવારની સાંજથી એક હવા ઘરમાં બંધાવા માંડતી તે શનિવારની સાંજ પડવાની! શનિવારે જરાતરા અંધારું થાય એટલે હું ઘરની પાછલી અગાશીમાં ટીંગાઈ - ટીંગાઈને ગોલવાડ ગેટની દિશામાં જોયા કરતી ને પપ્પાજીની રાહ જોતી. વલસાડ લોકલમાં પપ્પાજી આવતા. સમયનું ભાન મારાં બાળમનને હતું નહીં. એમ કરતાં કરતાં સાચે જ ગાડી આવવાનો સમય થાય ને ઘરનાં બધાં જ વારાફરતી બારીએ ડોકિયાં કર્યા કરે, ને જેવા ગોલવાડ ગેટના વળાંક પર પપ્પાજી આવતા દેખાય તેવા અમે બે ભાઈ-બહેન આખા ઘરમાં દોડાદોડ કરી મૂકીએ. અમારા બેમાંથી એકાદ જણ દાદરની સાથે દીવાલની ઓથે પપ્પાજીને ડરાવવા છુપાઈ જતું તો એક જણ આંખ મીંચીને હીંચકા પર સૂઈ જવાનો ઢોંગ કરતું. પપ્પાજી જેવા ઉપર ચઢે તેવા 'હાઉ' કરીને ડરાવવાનો પ્રયત્ન કરતું, ને બીજાને સૂતેલા જુએ એટલે તરત જ પપ્પાજી "શું થયું છે?" કેમ સૂતા છે? એમ કરીને ચિંતાતુર થઈને કપાળ પર હાથ મૂકે એટલે અમારી બનાવટ પકડાઈ જાય, ને પપ્પાજી ગજવામાંથી પાર્લેની ગોળ

કાણાંવાળી પીપરમીંટ 'લાલ જોઈએ કે લીલી?' એમ પૂછીને આપતા. સોમથી શુક્રમાં પાંચ દિવસમાં એક પોસ્ટકાર્ડ ને એક ચિઠ્ઠીથી અમારી સાથે પપ્પાજી સંપર્ક જાળવી રાખતા. અમારા સૌની ખબર અંતર માટે ખૂબ આતુર રહેતા.

નવસારીની ટાટા ગર્લ્સ હાઈસ્કૂલમાં નવમા ધોરણ સુધી મેં અભ્યાસ કર્યો. મારો ભાઈ કશ્યપ ત્યાંની બનાતવાલા હાઈસ્કૂલમાં ભણતો. અમે બંને જણાં ત્યાંની લાયન્સ ક્લબ તરફથી યોજાતી વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેતાં. અમે પપ્પાજી પાસે અમારું લખાણ લખાવતાં. પપ્પાજી અમને બંને જણને જુદા જુદા કવરમાં લખાણ લખીને નવસારીના એક ભાઈશ્રી બચુભાઈ વાજા સાથે મોકલતા.

દિવસો આમ વત્સલ પિતા અને માતાની તથા જેમની અમને સૌને ખૂબ હૂંફ હતી, એવાં મોટીબાની છત્રછાયામાં પસાર થતાં હતાં, ને એક દિવસ અણધાર્યા સાવ - અચાનક અમે અમારી "મોટી બા"ને ગુમાવી દીધાં - ૧૯૬૮ના સમયગાળાની આ વાત છે. ને નવસારીનું ઘર બંધ કરીને અમે પપ્પાજી સાથે સુરત આવ્યાં. પપ્પાજીના જીવનમાંથી આમ અચાનક બાનું ચાલ્યા જવું ભારે આઘાતજનક હતું. ત્યાર પછી ઘણીવખત પપ્પાજીને હીંચકા પર બેઠા બેઠા (એમનું લખવા વાંચવાનું કામ હીંચકે જ ચાલતું) આ કાવ્યપંક્તિ બોલતા સાંભળ્યા છે.

'વીંધીને વનપંખિણી શિશુ કને પાછી વળે નીડ પે
ને ધેય વળંત વ્હાલ કરવા વાડે વસ્યા વત્સને;
કિન્તુ તું ગઈ ત્યાંથી ના જ જનની અદ્યાપિ પાછી ફરી
કે જાતાં ગયું જ જવાઈ પણ ના આ વાટ પાછી મળી.''

એ જ રીતે ઘણી વખત ન્હાનાલાલની 'પિતૃતર્પણ'ની કાવ્યપંક્તિ :

''બાર વર્ષો થયાં તાત! મૃત્યુના પડદા નમ્યે,
હજીયે ચક્ષુમાં ત્હોયે પ્રવેશો પૂર્વના રમે.''

આમ કરતાં કરતાં લગભગ આખું કાવ્ય મોઢે બોલી જાય. (ઘણાં બધાં ગુજરાતી - અંગ્રેજી કાવ્યો એમને કંઠસ્થ હતાં.) ને એમ ભૂતકાળનાં સ્મરણોની ગઠડી ખૂલી જાય, અને પપ્પાજી પોતાના બાળપણના દિવસોની વાત અમને કરતા! માત્ર ૨૧ વર્ષની વયે પિતાજીની છત્રછાયા ગુમાવી. પોતે ઘરની જવાબદારી કેવી રીતે ઉપાડી, નવસારીની મફતલાલ મિલમાં, નવસારીની હાઈસ્કૂલમાં નોકરી કરી તે, તથા ચૌદ વર્ષની ઉંમરે કૉલેજમાં દાખલ થઈ પ્રમાણમાં પોતાના કરતાં મોટા સહધ્યાયીઓ સાથે કામ પાડતાં શીખીને એક અજબ પ્રકારનું આત્મબળ એમણે કેવી રીતે કેળવ્યું તે વાત દોહરાવતા. કોઈ પણ પરિસ્થિતિ સામે ટકી રહેવાનું આત્મબળ, ખુમારી માથું ઊંચું રાખવાનું ને ન્યાય માટે લડી લેવાના પાઠ એમણે અમને બંને ભાઈ-બહેનોને શીખવ્યાં. જૂઠું કદી

બોલવું નહીં ને પ્રત્યેક વ્યવહારમાં પ્રમાણિકતા રાખવી, કોઈને છેતરવા નહીં ને પોતે છેતરાવું નહીં એવું એ સ્પષ્ટપણે માનતા. કોઈ હિસાબમાં જો હું છેતરાઈને આવું તો મને કહેતા "આપણને બાઘા કોઈ કેવી રીતે બનાવી જાય? છાશમાં માખણ જાય અને આપણે ફૂવડ કહેવાઈએ એવું ન થવું જોઈએ." પપ્પાજી પોતે બિલકુલ નિર્ભીક દિલથી ખૂબ જ ઉદાર હતા. સામાને માફ કરી દેવાની ક્ષમતા એમનામાં હતી. જીવનના પદાર્થ પાઠ એમની પાસે અમે શીખ્યાં.

નિશાળનું શિક્ષણ પૂરું કરીને, હું એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં દાખલ થઈ, ત્યારે બધા મને 'કે. સી. મહેતાની' દીકરી તરીકે ઓળખે. સાથે ભણનારા જાતજાતના સવાલ પૂછે. જેવા કે "તારા પપ્પાજી તારી સાથે વાત કરે કે! તમે પિક્ચર જોવા જાઓ કે? પછી તને તો વાંચવું જ નહીં પડતું હોય, તને તો પેપર મળી જ જતાં હશે!" આવા આવા ચિત્ર-વિચિત્ર સવાલોની ફરિયાદ હું ઘરે આવીને કરું ત્યારે પપ્પાજી કહેતા "આપણાં મા-બાપ પસંદ કરવાનું આપણાં હાથમાં નથી હોતું, જા, તારાથી તારાં મા-બાપ પસંદ થતાં હોય તો કરી લે! આમ રડમસ થઈને ઘરે શું આવે છે? હસતાં હસતાં જવાબ આપીયે, હાજરજવાબીપણું તો એવું રાખીયે કે સામો માણસ ફરી સવાલ ન કરે! પત્થરને પણ લાત મારીને રસ્તો કરવાની હિંમત કેળવો. મેં ફૂલ ઉગાડ્યાં છે કાંટા નહીં." આવું એ કહેતા.

ઘરમાં અનેક જુદા જુદા સ્તરના માણસોની અવરજવર રહેતી. કોઈકવાર કોઈની સાથે ઓળખાણ કરાવતા કે "આ મારી દીકરી... ત્યારે આવા વત્સલ પિતા મેળવવા બદલ ખૂબ ગર્વ થતો ને એમના ચહેરા ઉપર પણ અમારે માટેનો ગર્વનો ભાવ વંચાતો. જો મને કોઈ વરદાન માંગવાનું કહે તો હું આવતા જન્મે પણ આ જ મમ્મી અને આ જ પપ્પાજી માંગું!

આજે અમે જે કંઈ છીએ તે અમારા પપ્પાજીને લીધે જ તો છીએ! તો સામે પક્ષે અમારા સ્કૂલના શિક્ષણમાં પાયાનાં વર્ષોમાં સંસ્કારના સિંચનમાં મારી મમ્મીનો ફાળો પણ બહુ મોટો છે. નાનામાં નાની બાબતમાં ધ્યાન આપવાનું. કોઈપણ બાબતને ઝીણવટપૂર્વક જોવાનો સ્વભાવ મારાં મમ્મી અને પપ્પાજી બંનેનો. આથી જો કોઈ ઉતાવળે, પપ્પાજીના શબ્દોમાં કહું તો 'લબેદિયા' (વેઠ) રીતે કરું તો પપ્પાજીનો ઠપકો સાંભળવો પડતો. ઠપકા કે નારાજગી માટે એમની આંખના ડોળા જ પર્યાપ્ત હતા. ગુસ્સો વ્યક્ત કરવા શબ્દોનો ઉપયોગ ભાગ્યે જ કરતા. જો કે એમને ગુસ્સે કે નારાજ કરવાનો પ્રસંગ જ ઊભો ન થાય એવો અમારો પ્રયત્ન રહેતો. શિસ્તના કડક આગ્રહી પપ્પાજી ક્યારેય શિસ્તપાલન માટે જડ નહોતા. કુટુંબના બધાં બાળકો ભેગાં થાય ત્યારે બાળકોની સાથે બાળકો જેવા બની ઘરમાં સંતાકૂકડી તથા ક્રિકેટ રમતા. (મારા ભત્રીજા હર્ષ સાથે આ બે રમત રમવાનો નિત્યક્રમ હતો એમનો).

આજે જ્યારે પપ્પાજી નથી ત્યારે એમના ન હોવાનો અહેસાસ મનને સતત પીડે છે. કપરી પળોમાં 'હું બેઠો છું ને'! એમ કહેવાવાળું કોઈ નથી. પોતે ખૂબ જ નિયમિત. દરરોજ સવારે આઠ વાગ્યે રેડિયો પર સમાચાર આવે તેની સાથે એમની દાઢી કરવાનું કામ શરૂ થાય. એમની સાથે અમારે પણ નિયમિત રહેવું જોઈએ એવું એ માનતા પણ એમનો દુરાગ્રહ નહોતો. બાંધછોડ કરવી એમના કૌટુંબિક જીવનમાં, એમના સ્વભાવનું બહુ મોટું જમા પાસું હતું જે બહુ ઓછા માણસોમાં હોય છે. ઘણીવાર પપ્પાજી આ સંદર્ભમાં કહેતા -

'કમ ખાના ઔર ગમ ખાના, શક્કર નમક મત ખાના'

અમારા ભાઈ-બહેનોમાંથી જો કોઈ બહાર જાય તો 'ક્યાં જઈએ છીએ! પાછા ક્યારે આવીશું તે વ્યવસ્થિત કહીને જ જવાનું (પપ્પાજી પોતે પણ બહાર જાય તો બધી જ વિગત બરાબર કહીને જ જાય) જતી વખતે 'વેળાસર આવી રહેજો' એમ કહીને ઓટલા ઉપર અચૂક આવે. ધારેલા સમય કરતાં જો અમને આવતાં મોડું થાય તો પપ્પાજી ઓટલા ઉપર ઊભા રહીને રાહ જોયા કરે. ને તે દિવસે, ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૪ની સવારે મને પણ દસ વાગ્યે કહ્યું 'સમયસર આવી રહેજે મોડું ન કરતી, મારી પાછળ પાછળ ઓટલા ઉપર પણ આવ્યા ને તે દિવસે હું તો સમયસર આવી ગઈ હતી પણ મારી રાહ જોવા ઓટલા ઉપર પપ્પાજી નહોતા ઊભા!!''

## ૩૬

# મંત્રો જપું છું પિતૃજાપના

**કશ્યપ મહેતા**

આજે મારે પુત્ર તરીકે પિતાશ્રીની મધુર સ્મૃતિઓને સંભારવાની છે. સહેજે કવિ ન્હાનાલાલની પ્રસિદ્ધ પંક્તિઓ યાદ આવી જાય છે.

વસન્તે ને વસન્તે જ બોલે છે બોલ કોકિલા
આત્મામાં એમ બોલે છે વસન્તે આપની લીલા.
આંબાની ડાળ મ્હોરી, ને આત્માયે મુજ મ્હોરિયો,
ગાય છે સાધુ ને સંતો હરિની રસહોરીઓ.
હું તો લઈ આ વીણા સ્મરું છું ગુણ આપના
પુણ્યશ્લોક પિતા, મંત્રો જપું છું પિતૃજાપના.

૧૯૯૪ જાન્યુઆરી ૩૦મી તારીખ. રવિવાર હતો. બીજા દિવસે અમેરિકાથી મારા બિઝનેસ ગેસ્ટ આવવાના હતા એની તૈયારી કરવા હું મારી ઑફિસે હતો. ત્યાં જ મારી મમ્મીનો ફોન આવ્યો, 'ઘરે જલ્દી આવ, પપ્પાજીની તબિયત બગડી છે.' હું બનતી ત્વરાએ ઘરે પહોંચ્યો ત્યારે પપ્પાજી જમીન પર સૂતેલા હતા. મને ડૉક્ટર કાઝીને ફોન કરવા કહ્યું. મને નંબર ખબર નહોતી એટલે એમણે કહ્યું કે ૬૬૫ પછી ૮૧૧ બોલી શક્યા નહીં. આ જ એમના છેલ્લા શબ્દો. અમારે માથે તો જાણે આભ તૂટી પડ્યું. ક્યારેય પપ્પાજી વગરના જીવનની કલ્પના જ નહોતી. એનું કારણ એમનું સ્વાસ્થ્ય. ક્યારેય કોઈ પણ કારણે એમને પથારીમાં માંદગીને કારણે સૂતેલા જોયા નથી. ક્યારેય તાવ, માથુ દુઃખવું જેવી સામાન્ય બીમારીઓ પણ એમને ગ્રસતી નહીં.

નિયમિતતા અને શિસ્ત એમના જીવનનું સૌથી મોટું પાસું. સૂવાનો, ઊઠવાનો, જમવાનો સમય બધું સમયપત્રક પ્રમાણે. કોઈ અન્ય કારણોસર

આગળ પાછળ થાય તો વાત જુદી. સવારે આઠમાં પાંચ મિનિટે રેડિયો સિલોન પર સાઈગલનું ગીત આવવાનું હોય ત્યારે અમારા ઘરનો જૂનો વાલ્વવાળો રેડિયો (જે એમની પહેલી કમાણીમાંથી એમણે વસાવેલો) તે ચાલુ કરે. હીંચકા પર બેઠા હોય અને હાથમાં એમનું કાંડા ઘડિયાળ પકડ્યું હોય. ૮-૦૦ વાગે 'લોમા ટાઈમ' અવાજ આવે એટલે કાંડા ઘડિયાળ અને સામે ભીંત ઘડિયાળનો સમય મેળવે. એને તરત ઑલ ઇન્ડિયા રેડિયો પર અંગ્રેજીના સમાચારનો અવાજ આવે. 'ધિસ ઇઝ ઑલ ઇન્ડિયા રેડિયો, ગિવિંગ યૂ ધ ન્યૂઝ'. ન્યૂઝ રીડરો જ્યૂથિકા રૉય અને મેલવિલ ડિ'મેલો એમના પસંદગીના. આ એમનો નિત્યક્રમ. પછી મુલાકાતીઓ અને ટેલિફોનનો દોર ચાલુ થાય. કેટલાક નિયમિત મુલાકાતીઓ પણ હતા. અઠવાડિયે એકવાર જરૂર આવે. ઉપરાંત પ્રવેશવાંચ્છુઓ, શાળાના આચાર્ય, શિક્ષકો અને મદદની આશાએ, ફી માફી માટે આવનારાઓનો પ્રવાહ ચાલુ રહેતો. ગમે એટલો વ્યસ્ત કાર્યક્રમ હોય તો પણ તમામને કાળજીપૂર્વક સાંભળતા અને પ્રત્યુત્તર આપતા. આ બધા મુલાકાતીઓને દીવાન ખંડમાં સાંભળતા હોય ત્યારે અમારો નાનકડો હર્ષ અઢી કે ત્રણ વર્ષનો; એમના ખોળામાં બેસી જતો એમની સાથે ધમાલ મસ્તી કરતો પણ ક્યારેય એ અકળાતા નહીં. ઘણીવાર અમે કહેતા કે આ બધા મુલાકાતીઓને તમારી ઑફિસે બોલાવો તો? તેઓ હંમેશાં કહેતા કે કોઈ બિચારું આશા સાથે ક્યાંક ક્યાંકથી આવ્યું હોય અને હું થોડો સમય સાંભળું પણ નહીં એ મારા સ્વભાવમાં નથી.

કંઈકેટલાય મદદ વાંચ્છુઓને એમણે ધીરજપૂર્વક સાંભળ્યા છે અને શક્ય તેટલી મદદ આજીવન કરતાં રહ્યા. ક્યારેક પોતાની પાસેથી અને તો ક્યારેક કોઈ અન્ય શ્રેષ્ઠી પાસે કે ટ્રસ્ટમાંથી મદદ કરતા. કંઈકેટલાય જરૂરિયાતમંદોને અભ્યાસ માટે મદદ કરી હશે. એમના અવસાન પછી બે ત્રણ દિવસે એકદમ સામાન્ય લાગતા એક મુસ્લિમ વૃદ્ધ ઘરે આવે છે અને ફોટા સામે જોઈને ચોધાર આંસુએ રડવા માંડે છે. કહે કે સગરામપરામાં રસ્તા પર શરબતની લારી ચલાવું છું. સાહેબ મને અવારનવાર મદદ કરતાં. થોડા દિવસ પહેલાં તો મારે ઘરે આવેલા. મારું ઘર પડી ગયેલું તે સાહેબે મદદ કરી તો રિપેર થયું એટલે હું સાહેબને ઘરે લઈ ગયેલો. એમના એક સહાધ્યાયી જેમનો દીકરો પ્રખ્યાત શાળામાં આચાર્ય પણ બાપને ઘરડાં ઘરમાં રહેવાની સગવડ કરી આપેલી. એ સજ્જન કેટલીયે વાર ઘરે આવીને પચાસ રૂપિયા જેવી રકમ હાથખર્ચી માટે લઈ જતા. આવી તો લાંબી યાદી છે.

મારો શાળાનો અભ્યાસ નવસારીમાં. ૧૯૬૭માં એસ. એસ. સી. પાસ કરી પી. ટી. સાયન્સ કૉલેજમાં પ્રવેશ લીધો. મારા દાદીમા જેમને અમે મોટીબા કહેતાં તે નવસારી રહે. એટલે શનિવારે સાંજની લોકલમાં નવસારી જતા અને રવિવારે રાત્રે ફ્લાઈંગમાં પાછા આવતાં. સ્ટેશનથી નાનપરા પોલીસ ચોકી સુધીના બસના

પાંચ પૈસા અને જો ટીમલિયાવાડ ઊતરો તો ૧૦ પૈસા બસની ટિકિટ. પાંચ પૈસા બચાવવા પોલીસ ચોકી ઉતરી જતા અને ધોબી શેરીમાંથી ઘર સુધી ચાલી કાઢતા. રસ્તામાં શ્રી પ્રવીણ ખાટીવાલાનું ઘર આવે. તે વખતે પ્રવીણભાઈ સ્ટ્રીટ લાઈટના અજવાળે અભ્યાસ કરતા. મારા પિતાશ્રીએ અંગત રસ લઈને એમને પ્રોત્સાહન આપ્યું. ટી. ઍન્ડ ટી. વી. સ્કૂલમાંથી એસ. એસ. સી. પાસ કરી એમ. એસ. યુનિવર્સિટીમાંથી બી. ઇ. કર્યું ત્યાં સુધી જરૂરી સહાય કરી. પછી તો પ્રવીણભાઈનો સિતારો ચમક્યો. અમેરિકા ગયા અને શ્રીદેવી એમના પર અત્યંત પ્રસન્ન થયાં. વર્ષો બાદ અમેરિકાથી આવે છે અને પપ્પાને મળી ટી. ઍન્ડ ટી. વી. સ્કૂલ માટે રૂા. ૧૧,૦૦,૦૦૦ નું દાન આપી જાય છે. એ જમાનામાં અગિયાર લાખ ખૂબ મોટી રકમ ગણાતી.

અત્યંત સામાન્ય પરિસ્થિતિમાંથી કૌટુંબિક જવાબદારી નિભાવતા અભ્યાસ કર્યો. સ્વમહેનતથી પગભર થયા. કરકસર - કંજૂસાઈ નહીં - એમને સ્વભાવગત હતી. જ્યાં પૈસો બચતો હોય ત્યાં અચૂક બચાવવો અને પોતાની જાત માટે તો ખાસ. રિક્ષા તો ક્યારેય નહીં. બસનો ઉપયોગ પણ ઓછામાં ઓછો કરતા. નાનપરાના ઘરેથી સુરત રેલવે સ્ટેશન સુધી સાંજે ટ્રેન પકડવા ચાલતા તો કેટલીય વાર ગયા છે તેઓ! એ જ રીતે નવસારી સ્ટેશનથી ફુવારાના બસ સ્ટેન્ડના પાંચ પૈસા અને ગોલવાડ ગેટ ઊતરો તો દસ પૈસા. અમે ફુવારા સ્ટૅન્ડ પર ઊતરી જતાં. અમારું ઘર ગોલવાડ ગેટ પર હતું. કૉલેજના આચાર્ય તરીકે એમનો ભારે કડપ જગ જાણીતો છે. શિસ્તના અત્યંત આગ્રહી અને એ જ શિસ્ત ઘરમાં પણ થોડી મૃદુ સ્વરૂપે પ્રગટ થતી. એમની પ્રતિભા જ એવી હતી કે તમે અસંમત હો તો પણ અસંમતિ દર્શાવવાની હિંમત નહોતી થતી. પરંતુ ક્યારેક એવો પ્રસંગ બને જેમાં તમે ભિન્ન મત દર્શાવો તો એઓ મુક્ત મને વિચારતા અને સ્વીકારતા પણ. એક પ્રસંગે કોઈ કામ માટે એમણે વહેલી સવારે ફ્લાઈંગમાં જવાનું હતું અને સોસાયટીની ગાડી મંગાવી હતી પરંતુ સમયસર ગાડી આવી નહીં. એમનો સ્વભાવ જરા અધીરો કહી શકાય એવો એટલે રાહ જોવાની અકળામણ થાય. હું એમને મૂકી આવ્યો. પાછળથી એ ડ્રાઈવર પર નારાજ થયા. ડ્રાઈવર કહે સાહેબ, ઉઠાયું નહિ. ધીરે રહીને મેં દલીલ કરી કે ફ્લાઈંગમાં જવા માટે ચાર વાગ્યે ઊઠવું પડે આ ગરીબ માણસ પાસે ઍલાર્મ તો ક્યાંથી હોય? એક પણ શબ્દ બોલ્યા નહીં પરંતુ બીજા દિવસે પેલા ડ્રાઈવરને એક ઍલાર્મ અપાવી દીધું. એમના સ્વભાવમાં અનિર્ણયતાને સ્થાન જ નહોતું. કોઈ પ્રશ્ન આવે ત્યારે એનો ત્વરિત નિર્ણય અને અમલ એ જ એમનો સ્વભાવ. કદાચ સોસાયટીના સંચાલનમાં સફળતાનું શ્રેય એમની આ નિર્ણય શક્તિને આપવું પડે.

એમની એક આગવી વિચારસરણી હતી. એમને પરવા નહોતી કે બધાં

એમની સાથે જોડાય અને ટોળું બને એવી એમને ક્યારેય અપેક્ષા નહોતી. એમના વિચારો દાયકાઓ પછીના ભવિષ્યને પ્રતિબિંબિત કરતા હતા. ૧૯૮૯માં એમણે એમની કૉલમ 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'માં ગુજરાતમાં ટેક્નોલૉજી અને તબીબી યુનિવર્સિટી ચાલુ કરવી જોઈએ એમ લખેલું અને આપણી સરકારે ૨૦૦૬માં ગુજરાત ટેક્નોલૉજી યુનિવર્સિટી જી.ટી.યુ. શરૂ કરી.

એમના લખાણો ઇશ્યૂ બેઝ્ડ હતાં. હંમેશાં વિરોધ પક્ષની જેમ વિરોધ કરવાની વૃત્તિ ક્યારેય નહોતી. સારી વસ્તુઓને એમણે મુક્ત મને બિરદાવી પણ છે. સમાજના શિક્ષણ અને સંસ્કારિતા ઊર્ધ્વક કાર્યોને એમણે એમની કૉલમના માધ્યમથી લોકો સુધી પહોંચાડ્યાં છે અને બિરદાવ્યાં છે. સામે છેડે એમના વિચારો નીડરપણે પ્રગટ કરવામાં ક્યારેય કચાશ છોડી નથી અને ચમરબંધી સામે લખ્યું છે. એમનાં લખાણો મર્યાદાશીલ પરંતુ કોઈનીય શેહશરમ રાખતાં નહિ.

યુવાન વયે 'પ્રતાપ' દૈનિકમાં પ્રગટ થતી એમની કૉલમમાં એકવાર કનૈયાલાલ મુનશીની એમણે કરેલી ટીકા ગુજરાતી સાહિત્યના ૧૯૫૫ના અધિવેશન માટે કરેલી. એ સમયે એમની વય માત્ર ૩૨ વર્ષની. ગુજરાતી સાહિત્યમાં પા પા પગલી માંડનાર માટે ધુરંધર મુનશીની ટીકા ખુલ્લેઆમ કરવી; એને માટે હિંમત જોઈએ.

નિર્ભિકતા એમનો આગવો ગુણ હતો. જે વિદ્યાર્થીઓના ટોળાનો સામનો કરવા પૂરતાં સીમિત નહોતો. એકવાર નવસારીમાં અમારા ઘરની સામે રસ્તા પર બે ટોળાં વચ્ચે છુટ્ટા હાથની મારામારી થતી હતી. જે એમણે પહેલા માળની બારીમાંથી જોયું. એક ક્ષણના પણ વિલંબ વગર એ નીચે ઊતર્યા અને ટોળાની વચ્ચે જઈને બધાને છૂટા પાડ્યા. એ કોઈ કસરતબાજ ન હતા પણ એ એકવડિયા બાંધામાં માનસિક નિર્ભિકતા ભારોભાર હતી.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનામાં એમનું બહુ મોટું યોગદાન હતું. શ્રી ચંદ્રવદન શાહની પ્રથમ કુલપતિ તરીકે નિમણૂક થાય એ માટે પણ એમણે વકીલાત કરેલી. એકવાર કોંગ્રેસી ધારાસભ્ય શ્રી સી. ડી. પટેલ એમને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદની ઑફર લઈને આવેલા જેનો એમણે સવિનય અસ્વીકાર કરેલો. ૧૯૬૭માં હું એચ. એસ. સી.ની પરીક્ષા નવસારી કેન્દ્રમાં આપવાનો હતો અને મારા પિતાશ્રીને સુરત કેન્દ્રના મુખ્ય નિયામકની નિમણૂક આવી. નિયમ પ્રમાણે આ પ્રતિબંધિત હતું. એટલે એમણે એસ. એસ. સી. બોર્ડને હકીકતની જાણ કરી નિમણૂકનો અસ્વીકાર કર્યો. એસ. એસ. સી. બોર્ડે અપવાદ ગણી એ નિમણૂક ચાલુ રાખી. આવું એમનું સ્ટેટસ હતું. એમના પર બે વ્યક્તિઓનો અત્યંત પ્રભાવ હતો. એમાં પ્રથમ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી. તેમણે તેમના ઘડતરમાં અને કારકિર્દીમાં અત્યંત મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ત્રિવેદી સાહેબનું પહેલું દર્શન એમને ૧૯૩૮ના માર્ચ માસમાં થયેલું. મારા પિતાશ્રી નવસારીથી મૅટ્રિકની પરીક્ષા આપવા આવેલા. એમ. ટી. બી.માં પરીક્ષા ખંડમાં ત્રિવેદી સાહેબ સિનિયર સુપરવાઈઝર તરીકે નિરીક્ષણ માટે નીકળેલા. મારા પિતાશ્રીની ઉંમર અને કદ બંને નાના અને એ જમાનામાં નાની વયે મૅટ્રિકની પરીક્ષા પાસ કરનાર જવલ્લેજ કોઈ હતા. એટલે ત્રિવેદી સાહેબને આશ્ચર્ય થયું. મારા પિતાશ્રી લખે છે. "ત્રિવેદી સાહેબ બેઠક પાસે આવી ઊભા રહી, ખભા પર હાથ મૂકી ઉંમર, ક્યાંથી આવો છો વગેરે પૂછ્યું એ આજે પણ એવું જ યાદ છે. ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહીં કે ખભે મુકાયેલો આ હાથ ગુજરાતના એક ઉત્તમ પંડિત, વિચારક અને વિવેચકનો છે અને આ હાથની છત્રછાયા હેઠળ અને તેમના સાંનિધ્યે જીવનના ઉત્તમ વર્ષો વિતાવવાનો લાભ મળવાનો છે."

મારા પિતાશ્રી એમ. એ.ની પરીક્ષા એમ. ટી. બી. કૉલેજમાં આપતા હતા. સુપરવાઈઝર તરીકે ત્રિવેદી સાહેબ. એમને પરીક્ષામાં બેઠેલા જોયા અને પૂછ્યું કે "મહેતા, કાલે તમારી સોસાયટીમાં ઈન્ટર્વ્યૂમાં નહીં આવ્યા?" મારા પિતાશ્રીએ કે. પી. કૉમર્સ કૉલેજમાં પાર્ટટાઈમ લેક્ચરરની જગ્યા માટે અરજી કરી હતી. એમણે કહ્યું કે, "સાહેબ, મને તો કોઈ પત્ર મળ્યો નથી." એ જમાનામાં સોસાયટીમાંથી ઈન્ટર્વ્યૂ માટે પોસ્ટકાર્ડ લખાતો. ત્રિવેદી સાહેબે ફરી ઈન્ટર્વ્યૂ કઢાવ્યા અને એમને કે. પી. કૉમર્સ કૉલેજમાં અંગ્રેજીના પાર્ટ ટાઈમ વ્યાખ્યાતા તરીકે રૂપિયા ૭૫ના પગારે નોકરી મળી.

ત્રિવેદી સાહેબ એમને કુંજભાઈ કહેતા અને અવારનવાર નાની ચબરખીઓ પર નોંધ મોકલતા, પુસ્તકો મોકલતા. મોટાભાગની વસ્તુઓ બહેન સ્વાતિએ અત્યંત જતનથી જાળવી રાખી છે. ત્રિવેદી સાહેબ સાથે ૧૯૩૯થી બંધાયેલો સંબંધ કૌટુંબિક બની રહ્યો. આજીવન એમને પિતાતુલ્ય માનતા. એમના અવસાનથી એમને અત્યંત આઘાત લાગેલો. એમના લેખમાં એમણે લખ્યું છે, "સાચા અર્થમાં પૂરેપૂરા પંડિત, અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસથી સંમાર્જિત થયેલી વિદ્વતાથી શોભતા શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના અવસાનથી ગુજરાતે બહુમુખી પ્રતિભાવાળા, સહૃદયી, શ્રુત, શીલ અને પ્રજ્ઞાથી બ્રાહ્મણત્વને દિપાવનાર તપઃપૂત ગુમાવ્યા છે. સત્ય ગરવો, રમણીયતાનો ઉપાસક અને ગુજરાતી વાંગ્મય અવતાર સમો એમનો પુરુષાર્થ ચિરંજીવ રહેશે.

બીજી વ્યક્તિ તે ડૉ. આર. કે. દેસાઈ. ૧૯૬૫થી શરૂ થયેલી એમની મૈત્રી આજીવન દિનપ્રતિદિન પ્રગાઢ થતી ગઈ. બંને વચ્ચે ભારે પ્રકૃતિભેદ. ડૉક્ટર આર કે ધીરગંભીર, પપ્પાજી મુખર, વસ્તુ-વ્યક્તિ પ્રત્યે ડૉક્ટરના પ્રતિભાવ ઠાવકા જ્યારે એમના ઝડપી અને જલદ, આર. કે. વિવાદને ટાળનાર, જ્યારે એમની પ્રકૃતિ વિવાદમાં કૂદી પડવાની, છતાં એમનું મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

બંને કાંઠા છલકાવતું સતત વહેતું જ રહ્યું. એમની મૈત્રી ધીરે ધીરે બુદ્ધિમતી બની બંધુત્વમાં પરિણમી. ડૉ. આર. કે. એક બહુશ્રુત ઉપરાંત સાહિત્યના પણ ઉપાસક હતા. વાત વાતમાં શેક્સપિયર-શૅલિ ટાંકતા. પરદેશ જતા ત્યારે ત્યાંથી અચૂક પત્રો લખતા. લીલી કે જાંબલી રંગની પેનથી અત્યંત સુંદર અક્ષરથી મળેલા પત્રોમાંના કેટલાક હજીય સાચવ્યા છે.

સોસાયટી કાર્યાલયમાં અનેકાનેક વ્યક્તિઓ વિવિધ કામો માટે એમને મળવા આવતા. એકવાર એક સજ્જન એમને મળવા આવ્યા સાથે જૂનાં પુસ્તકો ભરેલો થેલો હતો. કહે કે સાહેબ આ બધાં જૂનાં પુસ્તકો મને કોઈ કામનાં નથી પરંતુ આપને કદાચ કોઈ કામ આવશે માની લઈ આવ્યો છું. એમણે ઉપર ઉપરથી જોયું તો તેમાં એક અમૂલ્ય ખજાનો હતો. નર્મદની હસ્તલિખિત ડાયરીઓ હતી. એમના મિત્ર ડૉ. રમેશભાઈ શુક્લને બોલાવ્યા અને એ થેલો એમને સુપરત કર્યો. આ ઘટના કદાચ વીસ જાન્યુઆરી આસપાસની છે. ત્રીસમીએ એમનું અવસાન થયું. ડૉ. રમેશભાઈ શુક્લએ એ ખજાનામાંથી કવિ નર્મદ વિશે સત્તર જેટલાં પુસ્તકો પ્રકાશિત કર્યાં.

એમ. ટી. બી. કૉલેજ અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી એમનો આત્મા હતા. એમની રગેરગમાં સોસાયટી હંમેશા વસતી. રાત દિવસ જોયા વગર એમણે નિઃસ્વાર્થ સેવા આપી છે. એક વાર રાત્રે ૨ વાગ્યાની આસપાસ ફોન આવ્યો કે કૅમ્પસ પર ખૂન થયું છે. ક્ષણનો પણ વિચાર કર્યા વગર રાત્રે ૨ વાગ્યે સાઇકલ પર કૅમ્પસ પર પહોંચી ગયા. સોસાયટીના મુખ્યદ્વાર પછી બીજો ગેટ પહેલાં નહોતો. પ્રવેશ નિયંત્રિત કરવા બીજો ગેટ મુકાયો જેનો વિદ્યાર્થીઓએ ભારે વિરોધ કર્યો. પરંતુ એકલે હાથે એમણે એ આંદોલનને નિષ્ફળ બનાવ્યું અને વિદ્યાર્થીઓને સમજાવી લીધા.

એમ.ટી.બી. કૉલેજનો કૉમન રૂમ એમની પ્રિય બેઠક. શહેરમાં આવતા મોટાભાગના સાહિત્યકારો એમ. ટી. બી. કૉલેજના કૉમન રૂમમાં આવતા. અમારું ઘર વિવિધ પ્રકારની વ્યક્તિઓ માટેનું એક તીર્થસ્થાન. વેળા-કવેળા અનેક લોકો કામ માટે અથવા ફક્ત એમને મળવા આવતાં. સહાય માટે આવતા લોકો ઉપરાંત સાહિત્યકારો, તબીબો, ઈજનેરો, અધિકારીઓ કોઈ કામે અથવા ફક્ત એમને મળવા આવતા. કસ્તૂરભાઈ લાલભાઈનાં પુત્રવધૂ શ્રીમતી વિમળાબહેન લાલભાઈ સુરત આવે ત્યારે અચૂક મળવા આવતાં.

એકવાર સુરત મહાનગરપાલિકાના સિટી ઈજનેર શ્રી પુરુષોત્તમ પરમાર સાહેબ સવારના પહોરમાં ઘરે આવ્યા. કહે કે સાહેબ અમને ઈંગ્લૅન્ડના એક રિસર્ચ સ્કૉલરનો પત્ર આવ્યો છે. એ સુરત ઉપર સંશોધન કરે છે. એણે સુરત શહેરના સત્તાવીર જેટલી ઐતિહાસિક સ્થળોની યાદી મોકલી છે જેની એણે

મુલાકાત લેવી છે. અમારી પાસે અડધા ઉપરાંત સ્થળોની કોઈ માહિતી નથી. આપ કોઈ મદદ કરી શકો? સાહેબે તરત જ કૉલેજના ઇતિહાસ વિભાગના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. મેઘાણી સાહેબનો સંપર્ક કરાવી આપ્યો અને એમની સમસ્યાનો ઉકેલ આવી ગયો.

વહેમ, અંધશ્રધ્ધા અને જ્યોતિષશાસ્ત્રમાં ક્યારેય વિશ્વાસ નહીં રાખતા. સુરતમાં સત્ય શોધક સભા ચાલુ કરાવનાર મહેતાસાહેબ હતા. ઈશ્વર પ્રત્યે અનુપમ શ્રદ્ધા. ક્વચિત મંદિરે પણ જતા. નવસારીમાં હોય ત્યારે રણછોડજીના મંદિરે અવશ્ય સાંજે જતા પણ તીર્થયાત્રાએ કદી નહીં. કર્મના સિદ્ધાંતને વરેલા અને આરામ જેવા શબ્દ જેમના શબ્દકોશમાં જ ન હતો એવા કર્મવીરની વિદાયના ૨૯ વર્ષો વીતી ગયાં.

હંમેશની જેમ સૂર્ય ઊગે છે, ઋતુચક્ર પણ અહર્નિશ ચાલે છે, શીતળ વાયુ પણ વાય છે, અને રંગબેરંગી ફૂલો પર મધુકરનો ગુંજારવ પણ છે. સમગ્ર સૃષ્ટિ ચૈતન્યથી ભરી પડી છે. પરંતુ આખું ચિત્ર નિઃશબ્દ છે કારણ આપણા સ્વજન આપણી વચ્ચે નથી.

શ્રી જયંત પાઠકની એક કાવ્ય પંક્તિ ટાંકવાનું રોકી શકતો નથી.

માંગ માંગ માંગે તે આપું, કહેતા આવ્યા તમે
તો લ્યો માંગી જોઈએ અમે,
બાવળ ડાળે હીંચકા ખાતા સુઘરીઓના માળા,
ગૂંથતાં ગૂંથતાં ખરી પડેલાં કૈં તરણાંને
પવન ચોરી ચાલ્યા
ખોવાયેલ એ તરણાં અમને પાછાં લાવી આપો.

## એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજને કે.સી. મહેતા માટે હંમેશા ગૌરવ રહેશે

એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ ગુજરાતની પ્રસિદ્ધ કૉલેજ જ્યાં અધ્યાપકો - વિદ્યાર્થીઓની આગવી પરંપરા રહી. અહીં સાહિત્ય અને સંસ્કારોનું સિંચન થતું રહ્યું છે. ઉચ્ચ શૈક્ષણિક જવાબદારીમાં એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજનું ઉચ્ચ સ્થાન, ઈ.સ.૧૯૧૮ થી ઉચ્ચકોટિના અધ્યાપકોની શૈક્ષણિક સફર અને શહેરના વિવિધ ક્ષેત્રોમાં યોગદાનથી આચાર્યો - અધ્યાપકોનાં નામો વિદ્યાજગતમાં ગૌરવશાળી બન્યા છે તેવા આત્મીયતાનો અનુભવ થાય તેવું વ્યક્તિત્વ ધરાવતા કે.સી. મહેતા સાહેબ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા.

શ્રી કુંજવિહારી મહેતાનો જન્મ ૧૪ જુલાઈ, ૧૯૨૩ના રોજ નવસારીમાં થયો હતો. તેઓ મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી અને અંગ્રેજી વિષય સાથે ૧૯૪૫માં એમ.એ. થયા હતા. ૧૯૪૬ થી ૧૯૮૩ સુધી સુરતની પ્રતિષ્ઠિત એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતના વ્યાખ્યાતા હતા. તેમાં ૧૯૭૦ થી ૧૯૮૩ દરમિયાન તેઓ કૉલેજના આચાર્યપદે હતા. તેઓ એક ઉત્તમ અધ્યાપક હતા. તેમનો વિદ્યાર્થી અને અધ્યાપકનો ભાવાત્મક સંબંધ ખુબ સારો હતો. તેઓ એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજના આચાર્ય પદે આવ્યાં અને એમની વહીવટદાર તરીકેની શક્તિઓ સોળે કળાએ ખિલી ઊઠી હતી. સૌના કામ કરવા, વખત આવે ત્યારે કડવા થઈને પણ નિર્ણય લઈને તેનો અમલ કરવો - આવા ગુણોને લીધે તેઓ સફળ આચાર્ય બન્યા હતા. રીસેસને વખતે અચૂક કોમનરૂમમાં આવીને બધાં સાથે ચા પીવાનો એમનો આગ્રહ એમને પ્રોફેસર પ્રિય આચાર્ય પણ બનાવી ગયો. તેઓ પીએચ.ડી. ના યુનિવર્સિટી માન્ય ગાઈડ હતા.

૧૯૬૧થી આજીવન તેઓ સુરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના માનદ્ મંત્રી હતા. તેમના અનેક ગુણો થકી જ તેઓ અનેક કૉલેજો અને સ્કૂલોનું સંચાલન કરનાર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રી પદેથી ખૂબ સારા કામ કરી શક્યા હતા. સોસાયટીના વહીવટમાં અને વિકાસમાં એમનું પ્રદાન અધઝાઝેરું ગણાય એવું છે. તો ૧૯૮૩થી તેઓ ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના માનદ્ ડાયરેક્ટર હતા.

મહેતા સાહેબે સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઘણું પ્રદાન કર્યું છે, જેમાં 'ગુજરાતમિત્ર' દૈનિકમાં તેમની 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'ની સાપ્તાહિક કટાર મુખ્ય છે. એ કટાર ખૂબ લોકપ્રિય નીવડી હતી શિક્ષણ અને સમાજ સુધારણાનું કાર્ય કર્યું હતું. કૉલેજ અને યુનિવર્સિટીના તેમના બહોળા અનુભવના નિચોડરૂપે એમણે શિક્ષણના અનેક પ્રશ્નો એ કટારમાં છેડ્યા હતા; વિચારોમાં સ્પષ્ટતા, પ્રવાહી ગુજરાતી ગદ્ય અને પ્રશ્નોનું મુદ્દાસરને ઉચ્ચાગ્રહવાળા નિરૂપણે તેઓ ક્યારેક વિવાદમાં પણ ઘસડાતા છતાં બિલકુલ સ્વચ્છ રહીને પ્રશ્નો ચલાવતા જ રહ્યા, આ કાર્ય તેમણે જીવનપર્યંત કર્યું હતું.

તેઓનું સાહિત્યિક પ્રદાન પણ નોંધનીય છે. તેમનું 'સાહિત્યરંગ' પુસ્તક ૧૯૫૭માં મુંબઈ રાજ્ય દ્વારા પુરસ્કૃત થયું હતું. તો તેમનું 'અનુબોધ' પુસ્તક ૧૯૮૩માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઈનામપાત્ર બન્યું હતું. તેમના સાહિત્યસ્વરૂપો, ત્રણ વિવેચનો, કાન્હાડે પ્રબંધ જેવાં સાહિત્યિક પુસ્તકો છે. તેમણે ભાષાંતર દ્વારા 'ઊંડા અંધારેથી' અને 'ભારત અને અખંડ જગત' પુસ્તકો આપ્યાં, તો અન્ય સાથે મળીને તેમણે 'ગદ્યરંગ', 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ', 'ગુજરાતી જોડણીકોષ' જેવાં મૂલ્યવાન પુસ્તકો આપ્યાં.

તેઓ જેમની સાથે રહ્યાં તે સૌના ઉત્થાન માટે કારણભૂત બન્યા. કોઈને પણ મદદ કરવી એ તેમનો સ્વભાવ રહ્યો. તેમના સમાજ અને પરિવારમાં તેને કારણે તેઓ હંમેશા માનવંત રહ્યા.

તા.૩૦ જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ મહેતા સાહેબે આ જગતમાંથી સરળ વિદાય લીધી ત્યારે તેમની વય ૭૧ વર્ષની હતી. તેમની સાથે શિક્ષણ, વહીવટ અને સાલસતાનો એક આખો સમયખંડ ભૂતકાળ બની ગયો હતો.

એમની સ્મૃતિમાં એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજે તેમના સભાખંડને 'કે.સી. મહેતા સેમિનાર હોલ' નામાધિકરણ કર્યું છે. ૧૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ મહેતા સાહેબના શતાબ્દી વર્ષ આરંભ થયો. તેમના સાથીઓ, પ્રશંસકો માટે તેમની સ્મૃતિ સ્મરણ માટેનો આ ઉત્સવ 'આચાર્યશ્રી કે.સી. મહેતા શતાબ્દીપર્વ સમિતિ' દ્વારા ૨૦૨૨-૨૩ દરમિયાન ઉજવાયું અને મહેતા સાહેબના પ્રદાનની સ્મૃતિઓ વાગોળી, અત્યારના સમાજ અને નવી પેઢીને પરિચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

એક વ્યક્તિની કાર્યકુશળતા અને પ્રતિબદ્ધતાથી શિક્ષણ અને સમાજના ઉમદા કાર્યો કેટલા સુંદર થઈ શકે તે મહેતા સાહેબના કાર્યકાળથી તાદર્શ થયું છે. એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનો પરિવાર અને શહેરના અનેક પ્રશંસકોએ વર્ષ દરમિયાન સહકાર આપી કે.સી. મહેતા સાહેબ માટે સહાનુભૂતિ પ્રદર્શિત કરી શતાબ્દી પર્વને યાદગાર બનાવ્યો.

આ શતાબ્દી પ્રસંગે મહેતા સાહેબની સ્મૃતિ સચવાય તેવો ગ્રંથ તૈયાર થાય છે એ ગૌરવની બાબત છે.

ડૉ. મુકેશ જે. પટેલ
ઈન્ચાર્જ આચાર્ય, એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત